M. S. UNIVERSITY OF BARODA

Chap-5

# ૫

## નવી કેળવણી : પાઠયક્રમ, શિક્ષણ પદ્ધતિઓ અને પરીક્ષણ

### ૫.૧ પ્રારંભિક

ઓગણીસમી સદીના ત્રીજા દાયકામાં ગુજરાતમાં બ્રિટિશ પદ્ધતિની કેળવણીનો પાયો નંખાયો, ત્યારે પરંપરાગત ગામઠી શિક્ષણ-પ્રથાની સ્થિતિ કેવી હતી, એની વિસ્તૃત ચર્ચા ત્રીજા પ્રકરણમાં કરવામાં આવી છે. એમાં જોયું તેમ, એનો ઉદ્દેશ વેપારવણજ માં ઉપયોગી થાય તેવા કેટલાંક પાયાનાં કૌશલ્યોની ખિલવણી પૂરતો સંકુચિત બની રહયો હતો. સ્વાભાવિક રીતે જ આવા સંકુચિત ઉદ્દેશની એના શિક્ષણક્રમ, શિક્ષણપદ્ધતિઓ, શિક્ષકોની યોગ્યતા વગેરે પર વિપરીત અસર થવા પામી હતી. સંક્ષેપમાં કહીએ તો ઓગણીસમી સદીના પ્રારંભકાળે, ગુજરાતમાં લોકશિક્ષણની આ વ્યાપક પ્રણાલી એટલી બધી અવતીર્ણ થઇ ગઇ હતી કે તેને 'કેળવણી' એવા નામાભિધાન વડે નવાજી શકાય કે કેમ, એ અંગેય કેટલાક વિદ્વાનો શંકા સેવતા.

ગુજરાતમાં પ્રવર્તમાન લોકશિક્ષણની આવી પશ્ચાદ્ભૂમાં બ્રિટિશ કેળવણીનાં મૂળ નંખાયાં. ત્રીજા પ્રકરણમાં જોયું તેમ, ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં, ગુજરાતનું ધાર્મિક-સામાજિક પર્યાવરણ એકંદરે આ નવી કેળવણીના વિકાસ માટે પ્રતિકૂળ હતું. પરંતુ ધીમે ધીમે નવી કેળવણી સ્વયં, ઉક્ત ધાર્મિક-સામાજિક પર્યાવરણને પલટવાનું મહત્ત્વનું પ્રેરક બળ બની રહી. ફલતઃ ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં નવી કેળવણીના

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

વિકાસ માટેની સાનુકૂળ ભૂમિકા ઝડપથી સર્જાતી ગઇ અને એનો વિકાસ અને વિસ્તાર થતો રહ્યો. નવી કેળવણીની લોકપ્રિયતા વધતાં, સધાતા એના ઝડપી વિસ્તાર સામે ટકવું ગામઠી શિક્ષણ માટે મુશ્કેલ બન્યું. એની બુનિયાદ હચમચી ગઇ. પરિણામે, ધીમે ધીમે એ કાલગ્રસ્ત થતી ગઇ. પરંતુ આગળ જોયું તેમ સમગ્ર અધ્યેયકાલ દરમ્યાન, ગુજરાતમાં પરંપરાગત એવી આ દેશીશિક્ષણ પ્રથા મરતાં મરતાંય જીવતી હતી. અધ્યેયકાલ દરમ્યાન, એના ઉદ્દેશો, પાઠયક્રમ, શિક્ષણપદ્ધતિઓ વગેરે કેવાં રહયાં એની વિશદ ચર્ચા પ્રકરણ ત્રીજામાં કરી છે.

આ અગાઉ જોઇ ગયા તેમ, નવી કેળવણીનો પ્રારંભ પ્રથમ બ્રિટિશ શાસન હેઠળના ગુજરાતમાં થયો. પરંતુ ધીમે ધીમે દેશી રાજ્યોએ પણ એને અપનાવી લીધી. પ્રકરણ ત્રીજામાં જોઇ ગયા બાદ તેમ પ્રારંભથી જ આ નવી કેળવણીને વ્યવસ્થિત ધોરણ પર મૂકવાના સંનિષ્ઠ અને સહૃદય પ્રયત્નો થયા હોઇ જેમ જેમ તેનો વ્યાપક સ્વીકાર થતો ગયો તેમ તેમ ગુજરાતમાં શિક્ષણ વિષયક એકરૂપતા પ્રવર્તવા લાગી.

> "હોપ સાહેબ, પ્રાણલાલ મથુરદાસ અને મોહનલાલ રણછોડદાસ, કવિ દલપતરામ, મહીપતરામ રૂપરામ, કવિ નર્મદ વગેરેએ મળી નવી વાચનમાળાની સાત ચોપડીઓ, વ્યાકરણ, લેખાવલી, ભૂગોળવિદ્યા, ખગોળવિદ્યા, ઇતિહાસ વગેરે ચોપડીઓ તૈયાર કરી.......બધી શાળાઓમાં નિયમિત વર્ગોમાં આ જ ચોપડીઓનું નિયમિત રીતે અધ્યયન તથા તે અધ્યયનની જ નિયમિત રીતે સામયિક પરીક્ષાઓ શરૂ થતાં આખા (ગુજરાત) પ્રાંતમાં તમામ બાળકોને એકધારી કેળવણી મળવા લાગી."[૧]

પોતાના વિસ્તારોમાં કેળવણીના આયોજન, નિયંત્રણ અને નિર્દેશનની જવાબદારી અને સત્તા દેશી રાજ્યોને હસ્તક હતી એ સાચું, પરંતુ આગળ જોયું તેમ, દેશી રાજ્યોમાં પણ બ્રિટિશ સત્તાનો પગપેસારો વધતો જતો હતો અને બદલાયેલા સંજોગોમાં નવી કેળવણી લોકપ્રિય બનતી જતી હતી. ફલતઃ દેશી રાજ્યોમાં પણ કેળવણીની નવી તરાહ સમગ્રતયા સ્વીકારાઇ અને પ્રાથમિકથી માંડી ઉચ્ચ કેળવણી સુધીના તમામ શિક્ષણનો વિકાસ સારાય ગુજરાતમાં સમાન ધોરણે થવા લાગ્યો. દેશી રાજ્યોમાં ઊભી થયેલી માધ્યમિક અને ઉચ્ચ કેળવણીની સંસ્થાઓ પરીક્ષાની બાબતમાં મુંબઇ વિશ્વવિદ્યાલય સાથે

M. S. UNIVERSITY OF BARODA



જોડાયેલી હોઇ, આખા ગુજરાતમાં કેળવણીના તમામ સ્તરે સમાન શિક્ષણક્રમ, શિક્ષણ-પદ્ધતિઓ, ને પરીક્ષણવ્યવસ્થા વગેરે અસ્તિત્વમાં આવ્યાં. પ્રસ્તુત પ્રકરણમાં કેળવણીના વિવિધ સ્તરે (અધ્યયકાળમાં,) ગુજરાતમાં પ્રવર્તમાન ઉકત પાઠયક્રમો, શિક્ષણપદ્ધતિઓ, પરીક્ષણવ્યવસ્થા આદિની મીમાંસા ચરિત-સાહિત્યને આધારે કરીશું.

## ૫.૨ નવી કેળવણીની શિક્ષણતરાહનો વિકાસ °

ચરિતસાહિત્યને આધારે નવી કેળવણીપ્રથાના પાઠયક્રમ, શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો તથા પરીક્ષણવ્યવસ્થા વગેરેની સમીક્ષા કરતાં પહેલાં એનું માળખું સમજી લેવું આવશ્યક બને છે.

મુંબઇ હિંદ નિશાળ તથા પુસ્તક મંડળી (૧૮૨૦-૧૮૪૦) અને કેળવણી બોર્ડ (૧૮૪૦-૧૮૫૪) દ્વારા પ્રારંભમાં દેશીજનોના શિક્ષણ માટે શરૂ કરવામાં આવેલી શાળાઓ, આજની પ્રાથમિક-માધ્યમિક શાળાઓ કરતાં જુદા સ્વરૂપની હતી. એ શાળાઓનો મુખ્ય ઉદ્દેશ દેશીજનોમાં પશ્ચિમના વિજ્ઞાન અને સાહિત્યનો પ્રસાર કરવાનો હતો. આમ કરવામાં જે શાળાઓ અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરતી, તે શાળાઓ 'અંગ્રેજી નિશાળો' તરીકે ઓળખાતી અને જે શાળાઓમાં અર્વાચીન ભારતીય ભાષાનો ઉપયોગ થતો તે 'દેશી નિશાળો' (વર્નેકયુલર સ્કૂલ્સ) તરીકે ઓળખાતી. બીજા શબ્દોમાં કહીએ તો આ બન્ને પ્રકારની શાળાઓનો પાઠયક્રમ એક સરખો જ હતો, પરંતુ એમની વચ્ચેનો મુખ્ય તફાવત શિક્ષણના માધ્યમ તરીકે વપરાતી બોધભાષાને લગતો હતો. કેળવણી-ખાતાની રચના થતા સુધી આમ, પ્રાથમિક-માધ્યમિક શાળાઓના શિક્ષણક્રમ વચ્ચે જે વિભાજક-રેખા આજે જોવા મળે છે, તેવી દોરાઇ ન હતી. મુંબઇ હિંદ નિશાળ તથા પુસ્તક મંડળી અને કેળવણી બોર્ડ મુખ્યત્વે અર્વાચીન ભારતીય ભાષાઓ મારફત પશ્ચિમના વિજ્ઞાન અને સાહિત્યનો દેશીજનોમાં ફેલાવો કરવાની નીતિ સ્વીકારેલી હોઇ, એમનું વલણ વિશેષત: વર્નેકયુલર શાળાઓ સ્થાપવા પ્રતિ વિશેષ ઢળેલું. પરંતુ કેળવણી-ખાતાની રચના (ઇ.સ.૧૮૫૪) પછી એ નીતિ પડતી મૂકવામાં આવી અને અંગ્રેજી શાળાઓ અને કોલેજોની સંખ્યા વધારી પશ્ચિમના વિજ્ઞાન અને સાહિત્યનો પ્રસાર, મુખ્યત્વે એમની મારફત

---

° પ્રસ્તુત મુદ્દાનું નિરૂપણ નિમ્નદર્શિત સંદર્ભગ્રંથને આધારે કરવામાં આવ્યું છે:
Government of Bombay : A Review of Education in Bombay State, Poona, 1958 (pp. 114-16; 153-161)

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

કરવાનું ઠરાવવામાં આવ્યું. ફલતઃ 'દેશી નિશાળો' કે 'વર્નેકયુલર સ્કૂલો'ને મુખ્યત્વે અંગ્રેજી શાળાઓમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવાની 'હળવી' કામગીરી સોંપવામાં આવી. કેળવણી-ખાતાએ સ્વીકારેલી આ નવી નીતિને લીધે વર્નેકયુલર શાળાઓના શિક્ષણક્રમને સરળ બનાવવાની હિલચાલ શરૂ થઇ. ઇ.સ. ૧૮૬૫-૬૬માં એમાં વાચન-લેખન-ગણનને લગતી પ્રાથમિક બાબતોનો જ સમાવેશ કરી, એને ચાર વર્ષ પૂરતો મર્યાદિત કરી દેવામાં આવ્યો. પ્રાથમિક-માધ્યમિક શાળાઓ વચ્ચેની વિભાજક રેખા સાચા અર્થમાં હવે દોરાવા લાગી.

પરંતુ વર્નેકયુલર શાળાઓના શિક્ષણક્રમના આવા અતિસરલીકરણ પછી તરત જ એક નવો પ્રશ્ન ઊભો થયો. અંગ્રેજી ન જાણતા હોવા છતાં, જેમનું સામાન્યજ્ઞાન, પ્રાથમિક વાચન-લેખન-ગણન કરતાં વધારે હોય, એવા કાર્યકારી ગણની દિનપ્રતિદિન સરકારને વધારેને વધારે જરૂર પડવા લાગી. તેથી પ્રાથમિક શાળાઓના શિક્ષણક્રમને સુધારવાની અને તેમાં કેટલાંક વધુ ધોરણો ઉમેરવાની જરૂર જણાવા લાગી. તદનુસાર, ૧૮૬૭-૬૮માં પ્રાથમિક શાળાઓના શિક્ષણક્રમમાં એક વર્ષ ઉમેરી તેને પાંચ વર્ષનો કરવામાં આવ્યો અને ૧૮૭૦-૭૧માં પુનઃ એમાં એક વર્ષ ઉમેરી એને છ વર્ષનો બનાવવામાં આવ્યો. આ વ્યવસ્થા હેઠળ જે વિદ્યાર્થીઓ અંગ્રેજી શીખવા ઇચ્છતા હોય તે, ચાર ધોરણોને અંતે અંગ્રેજી શાળાઓમાં પ્રવેશ મેળવી શકે અને ન ઇચ્છતા હોય તે પ્રાથમિક શાળાઓમાં જ છ ધોરણ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે એવો પ્રબંધ હતો.

પ્રાથમિક શાળાઓના શિક્ષણક્રમના વિસ્તૃતીકરણનો આ પ્રવાહ આગળ ઉપર પણ ચાલુ જ રહ્યો. નાની વયે બાળકોના શિક્ષણનો પ્રારંભ થઇ શકે, એ ઉદ્દેશથી ઇ.સ. ૧૮૮૭-૮૮માં એમાં નિમ્ન સ્તરે 'બાલવર્ગ'નો એક વર્ષનો શિક્ષણક્રમ ઉમેરાયો. ઇ.સ. ૧૯૦૧-૦૨માં એમાં સાતમું ધોરણ પણ ઉમેરવામાં આવ્યું અને આ રીતે પ્રાથમિક શાળાઓનો શિક્ષણક્રમ કુલ આઠ વર્ષનો કરવામાં આવ્યો.

આગળ જોઇ ગયા તેમ, કેળવણી-ખાતાની રચના થતા સુધી વર્નેકયુલર સ્કૂલ્સ અને અંગ્રેજી શાળાઓના શિક્ષણક્રમ વચ્ચે બોધભાષાના તફાવત સિવાય કોઇ વિભાજક રેખા દોરાઇ ન હતી. ઇ.સ. ૧૮૫૫ પછી, શિક્ષણનિયામક હાવર્ડ (૧૮૫૬-૬૫), ગ્રાંટ (૧૮૬૫-૬૮) અને પીલે (૧૮૬૯-૭૪) એ કેટલાક સુધારાઓ કરી, માધ્યમિક શિક્ષણનું સંઘટિત માળખું ઉપસાવ્યું. આ દિશામાં સૌ પ્રથમ મહત્ત્વનું પગલું ઇ.સ. ૧૮૫૯માં

M. S. UNIVERSITY OF BARODA


લેવાયું. એ વર્ષમાં મુંબઇ વિશ્વવિદ્યાલયે તેની મેટ્રિકયુલેશનની પરીક્ષા લેવાનો પ્રારંભ કર્યો. વાસ્તવમાં, એ વિશ્વવિદ્યાલય માટેની પ્રાવેશિક પરીક્ષા હતી. પરંતુ અન્ય વિકલ્પના અભાવે તે સ્વાભાવિક રીતે જ અંગ્રેજી નિશાળો માટેની શાળાંત પરીક્ષા પણ બની ગઇ. મેટ્રિકયુલેશનની પરીક્ષાના પ્રારંભ પૂર્વે કોલેજો તેમની સ્વતંત્ર પ્રવેશ પરીક્ષાઓ યોજી એમાં ઉત્તીર્ણ થનારાઓને કોલેજમાં પ્રવેશ આપતી. મેટ્રિકયુલેશનની પરીક્ષાનો પ્રારંભ થયા પછી પણ છેક ઇ.સ. ૧૮૬૫-૬૬ સુધી કોલેજો આવી પરીક્ષાઓ યોજતી રહી એટલે ત્યાં સુધી મેટ્રિકયુલેશનની પરીક્ષા કે કોલેજની પ્રાવેશિક પરીક્ષામાં ઉત્તીર્ણ થનારાઓને કોલેજમાં પ્રવેશ મળતો રહયો. એ વર્ષમાં ગ્રાન્ટે કોલેજોની પ્રાવેશિક પરીક્ષાઓ રદ કરાવી અને મેટ્રિકયુલેશનમાં સફળ થનારાઓને જ કોલેજોમાં પ્રવેશ આપવાની નીતિ દાખલ કરી. ત્યારથી મેટ્રિકયુલેશનની પરીક્ષા (૧) અંગ્રેજી શાળાઓની અંતિમ પરીક્ષા તરીકેની (૨) વિશ્વવિદ્યાલયની પ્રાવેશિક પરીક્ષા તરીકેની અને (૩) શાલેયશિક્ષણ અને ઉચ્ચશિક્ષણ વચ્ચેની વિભાજક રેખા તરીકેની કામગીરી બજાવતી થઇ.


આમ, મેટ્રિકયુલેશનની પરીક્ષાના પ્રારંભ બાદ, માધ્યમિક શિક્ષણની અંતિમ મર્યાદા તો નિશ્ચિત થઇ, પરંતુ એમાં પ્રવેશ માટેની નિશ્ચિત મર્યાદા આંકી વર્નેકયુલર શાળાઓ સાથે, એનું સાતત્ય જાળવવાનું કામ બાકી જ હતું. હાવર્ડે એ માટે પ્રયત્ન કર્યો, પરંતુ એને સફળતા મળી નહીં. ગ્રાન્ટે આ માટે વર્નેકયુલર શાળાઓના ચોથા ધોરણના શિક્ષણક્રમને આવરી લેતી પરીક્ષા યોજવાનું સૂચવ્યું હતું. પરંતુ પીલેએ વર્નેકયુલર શાળાના ચોથા ધોરણમાં ઉત્તીર્ણ થયા સિવાયના કોઇ પણ વિદ્યાર્થીને અંગ્રેજી શાળામાં પ્રવેશ મળે નહિ, એવી જોગવાઇ કરતો ધારો ઇ.સ. ૧૮૭૦-૭૧માં પસાર કરાવી, અંગ્રેજી શાળાઓમાં પ્રવેશ માટેની લઘુતમ મર્યાદા પણ મુકરર કરી દીધી. આમ, ૧૮૭૦-૭૧માં શિક્ષણની સામાન્ય તરાહમાં માધ્યમિક *શાળાનું* સ્થાન મુકરર થયું.

અંગ્રેજી શાળાઓના શિક્ષણક્રમના પુનર્ગઠનની એક વધુ મહત્વની જરૂરિયાત તેના શિક્ષણક્રમને નિશ્ચિત સંખ્યાના ધોરણોમાં વિભાજિત કરવાની હતી. ઇ.સ. ૧૮૬૫-૬૬માં ગ્રાન્ટે પ્રથમ અનુદાન સંહિતા (ગ્રાન્ટ-ઇન-એઇડ કોડ) પ્રસિદ્ધ કરી ત્યારે, તેણે અંગ્રેજી શાળાઓના શિક્ષણક્રમનાં કુલ છ ધોરણો મુકરર કર્યા, જેનો અંતિમ વર્ષનો શિક્ષણક્રમ મેટ્રિકયુલેશનની પરીક્ષાના શિક્ષણક્રમની સમકક્ષ હતો. ઇ.સ. ૧૮૭૦-૭૧માં પીલેએ તેમાં એક વર્ષનો ઉમેરો કરી એ શિક્ષણક્રમને સાત વર્ષનો બનાવ્યો. આમ અંગ્રેજી શાળાઓનો

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

ચાર્ટ નં. ૬

# • ગુજરાતમાં ૧૮૭૦-૭૧ માં કેળવણીનું માળખું •



શિક્ષણક્રમ કુલ સાત વર્ષનો થયો. એ પૈકી ધોરણ ૧-૩ મિડલસ્કૂલ - ધોરણો અને ધોરણ ૪-૭ હાઇસ્કૂલ - ધોરણો તરીકે ગણાવા લાગ્યાં. ઇ.સ. ૧૮૭૦-૭૧માં અસ્તિત્વમાં આવેલી આ વ્યવસ્થા છેક સ્વાતંત્ર્યપ્રાપ્તિ સુધી યથાવત્ ટકી રહી.

અંગ્રેજી શાળાઓના શિક્ષણક્રમના પુનર્ગઠનની ચર્ચા કરતાં, અધ્યેયકાલ દરમ્યાન જુદા જુદા વિસ્તારો અને વિદ્યાર્થી-જૂથોની જરૂરિયાતોને પહોંચી વળવા ઊભી કરવામાં આવેલી ત્રણ પ્રકારની શાળાઓનો ઉલ્લેખ પણ કરવો ઘટે. આ ત્રણ પ્રકારની શાળાઓ તે (૧) હાઇસ્કૂલો (૨) પ્રથમ કક્ષા (ફર્સ્ટ ગ્રેડ)ની ઍંગ્લો-વર્નાકયુલર શાળાઓ અને (૩) દ્વિતીય કક્ષા (સેકન્ડ ગ્રેડ)ની ઍંગ્લો-વર્નાકયુલર શાળાઓ.

ઇ.સ. ૧૮૫૫ પહેલાં અંગ્રેજી શીખવતી શાળાઓ માટે 'હાઇસ્કૂલ' એવો શબ્દ-પ્રયોગ પ્રચલિત ન હતો. ઇ.સ. ૧૮૫૪ના વુડના ખરીતામાં પણ એનો નિર્દેશ થયો નહોતો. સૌ પ્રથમ હાવર્ડે 'મેટ્રિકયુલેશન સુધીનું શિક્ષણ આપતી અંગ્રેજી શાળાઓ માટે' હાઇસ્કૂલ શબ્દ પ્રચલિત કર્યો. હાવર્ડની એવી મુરાદ હતી કે આ હાઇસ્કૂલો ઇંગ્લૅંડની ગ્રામર સ્કૂલો જેવી બની રહે. એ ઇચ્છતા હતા કે હાઇસ્કૂલો માત્ર મેટ્રિકયુલેશનની પરીક્ષા માટે જ વિદ્યાર્થીઓને તૈયાર કરીને બેસી નહીં રહેતાં, પ્રશિષ્ટ વિદ્યાકીય પ્રણાલિકાઓ પણ ઊભી કરે. કમભાગ્યે એમની મુરાદ બર ન આવી અને હાઇસ્કૂલોનું લક્ષ મુખ્યત્વે વિદ્યાર્થીઓને અંગ્રેજીનું સઘન શિક્ષણ આપી તેમને મેટ્રિકયુલેશનની પરીક્ષા માટે તૈયાર કરવા પૂરતું જ મર્યાદિત રહ્યું. હાઇસ્કૂલોમાં બોધભાષા તરીકે અંગ્રેજીનો ઉપયોગ થતો અને આગળ જણાવ્યું તેમ તેનો શિક્ષણક્રમ ચાર વર્ષનો (ધોરણ ચારથી સાત) હતો.

જે શાળાઓમાં મેટ્રિકયુલેશન સુધીનો સમગ્ર પાઠયક્રમ શીખવવાનો પ્રબંધ નહોતો, એવી શાળાઓ "સૂપીરિઅર ઍંગ્લો-વર્નૅકયુલર સ્કૂલ્સ" તરીકે અથવા 'ફર્સ્ટ ગ્રેડ એ. વી. સ્કૂલ્સ' તરીકે ઓળખાતી. આવી શાળાઓનો મુખ્ય ઉદ્દેશ કારકુનો તૈયાર કરવાનો હતો. ગ્રાન્ટે આવી શાળાઓના શિક્ષણક્રમને હાઇસ્કૂલોના પાંચ ધોરણો સુધી વિસ્તૃત કર્યો હતો. આ શાળાઓ બે પ્રકારની કામગીરી બજાવતી. (૧) સરકારી નોકરીઓ માટે કારકુનો તૈયાર કરવાની અને (૨) હાઇસ્કૂલ-પ્રવેશ માટે વિદ્યાર્થીઓને સજ્જ કરવાની. આવી શાળાઓમાં પ્રથમ અંગ્રેજીને એક વિષય તરીકે સ્થાન મળતું અને પછી તેનો બોધભાષા તરીકેય ઉપયોગ થતો. પરંતુ અંગ્રેજીનો બોધભાષા તરીકે ઉપયોગ

M. S. UNIVERSITY OF BARODA



કયા ધોરણથી કરવો તે નિશ્ચિત નહોતું. પરિણામે, એ અંગેનો નિર્ણય આવી શાળાઓના આચાર્યોએ વ્યક્તિગત રીતે લેવાનો રહેતો.

જે એંગ્લો-વર્નેક્યુલર શાળાઓમાં અંગ્રેજી શાળાનાં પ્રથમ ત્રણ ધોરણોનું શિક્ષણ આપવાનો પ્રબંધ થયો, એવી શાળાઓ પ્રારંભમાં 'ઇન્ફીરિઅર એંગ્લો-વર્નેક્યુલર સ્કૂલ્સ' તરીકે અને તત્પશ્ચાત્ 'સેકન્ડ-ગ્રેડ એંગ્લોવર્નેક્યુલર સ્કૂલ્સ' તરીકે ઓળખાવા લાગી. આવી શાળાઓ પણ બે પ્રકારની હતી. (૧) અંગ્રેજી ધોરણ ૧-૩નું શિક્ષણ આપતી સ્વતંત્ર સંસ્થાઓ અને (૨) ઉપલાં ધોરણોમાં સ્વૈચ્છિક ધોરણે અંગ્રેજી શીખવવાનો પ્રબંધ ધરાવતી પ્રાથમિક - વર્નેક્યુલર શાળાઓ. પ્રથમ પ્રકારની એંગ્લો-વર્નેક્યુલર શાળાઓનો પ્રમુખ ઉદ્દેશ મુખ્યત્વે હાઇસ્કૂલ-પ્રવેશ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવાનો હતો. તેથી તેને 'હાઇસ્કૂલ ફીડર્સ' કે તેની ઉપશાખાઓ તરીકે પણ ઓળખવામાં આવતી. બીજા પ્રકારની શાળાઓનું પ્રમુખ ધ્યેય વર્નેક્યુલર પાઠયક્રમ શીખવવાનું હતું, પરંતુ જે વિદ્યાર્થીઓ ઇચ્છે તેમને માટે આવી શાળાઓ ઉપલાં ધોરણોમાં અંગ્રેજી શીખવવાનો પ્રબંધ પણ કરતી. આવી શાળાઓ પ્રથમ સતારા જિલ્લામાં શરૂ કરવામાં આવેલી અને તે ખૂબ લોકપ્રિય બનેલી; પરંતુ કેળવણી-ખાતાને એની કાર્યક્ષમતાથી અસંતોષ રહેતો. આ પ્રકારની શાળાઓમાં ઉપલા વર્ગોમાં અંગ્રેજી શીખનારાઓની અલ્પ સંખ્યા, અંગ્રેજીના નિષ્ણાત શિક્ષકનો અભાવ, પ્રારંભથી જ અવૈજ્ઞાનિક પદ્ધતિએ આપવામાં આવતું અંગ્રેજીનું અધકચરું જ્ઞાન વગેરે ઉણપો ખાતાને વાંધાજનક લાગેલી. તેથી ગ્રાન્ટે આ શાળાઓ પર આકરી ફી લાદી. એની સામે વિરોધ થયો. પરંતુ કેળવણીખાતુ મક્કમ રહ્યું. પીલેએ આવી શાળાઓ શરૂ કરવા અંગે કેટલીક આકરી શરતો લાદી જેવી કે, કેળવણી ખાતાને એની સ્થિરતાની ખાતરી થાય, અંગ્રેજીનો સારો શિક્ષક ઉપલબ્ધ હોય, અને અંગ્રેજી શીખવા ઇચ્છતા વિદ્યાર્થીઓ અંગ્રેજીના શિક્ષકના પગાર જેટલુ શિક્ષણશુલ્ક આપવા તૈયાર થાય તો જ આવી શાળાઓ શરૂ કરવા દેવી. આવી આકરી શરતો છતાંય આવી શાળાઓ સફળ ન થઇ શકી.

અધ્યેયકાલના ઉત્તરાર્ધ (૧૮૭૫-૧૯૨૦)માં સામાન્ય શિક્ષણના ઉપર્યુક્ત બાહ્ય માળખામાં કોઇ મૂળભૂત ફેરફારો થયા નહોતા, પરંતુ એના માટે વપરાતા કેટલાક પારિભાષિક શબ્દોમાં થોડા ફેરફારો થવા પામ્યા હતા. ઇ.સ.૧૮૮૨ના ભારતીય શિક્ષણ પંચે 'પ્રાથમિક' અને 'માધ્યમિક' એવી સંજ્ઞાઓ પ્રચલિત કરી. ફલતઃ

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

'વર્નેક્યુલર સ્કૂલ્સ' અને 'વર્નેક્યુલર એજ્યુકેશન' અનુક્રમે 'પ્રાથમિક શાળાઓ' અને 'પ્રાથમિક શિક્ષણ' તરીકે ઓળખાતાં થયાં. એજ રીતે અંગ્રેજી શાળાઓ અને અંગ્રેજી શિક્ષણ માટે હવે, અનુક્રમે 'માધ્યમિક શાળાઓ' અને 'માધ્યમિક શિક્ષણ' એવા શબ્દપ્રયોગો પ્રચલિત થયા. 'ફર્સ્ટ ગ્રેડ એંગ્લોવર્નેક્યુલર સ્કૂલ્સ' અને 'સેકન્ડ ગ્રેડએંગ્લોવર્નેક્યુલર સ્કૂલ્સ' વચ્ચેના ભેદો હવે દૂર કરવામાં આવ્યા અને મેટ્રિક્યુલેશન સુધીનું શિક્ષણ નહીં આપતી તમામ શાળાઓ 'મિડલ સ્કૂલ તરીકે ઓળખાવા લાગી. પ્રાથમિક શાળાઓમાં ઉપલાં ધોરણોના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજીના શિક્ષણની પ્રબંધ કરી તેને 'સેકન્ડ ગ્રેડ એંગ્લોવર્નેક્યુલર સ્કૂલ'માં ફેરવવાની જૂની પધ્ધતિ નાકામિયાબ જણાતાં, તે પડતી મૂકવામાં આવી. હવે, અંગ્રેજી ધોરણ ૧-૩ નું શિક્ષણ આપતી મિડલ સ્કૂલો સ્વતંત્ર સંસ્થાઓ તરીકે વિકસવા લાગી. હવે, માધ્યમિક શાળાઓના ધોરણ ૧-૩માં અંગ્રેજીને એક વિષય તરીકે જ દાખલ કરવાની અને ધોરણ ૪-૭માં એને શિક્ષણનું માધ્યમ બનાવવાની નીતિ સાર્વત્રિક બની. અલબત્ત, વિશિષ્ટ કારણસર અંગ્રેજી ભાષાને પ્રારંભથી જ માધ્યમ તરીકે અપનાવનાર શાળાઓ આમાં અપવાદ હતી. હાઇસ્કૂલોમાં અંગ્રેજી ધોરણ ૪-૭નું શિક્ષણ આપવાની જૂની નીતિ પડતી મૂકવામાં આવી અને બધી જ શાળાઓ અંગ્રેજી ધોરણ ૧-૭નું શિક્ષણ આપવા લાગી.

ઇ.સ. ૧૮૭૦-૭૧થી વર્નેક્યુલર સ્કૂલનાં ચાર ધોરણ પસાર કરનારને જ ઉપર દર્શાવ્યું તેમ મિડલ સ્કૂલના પહેલા ધોરણમાં પ્રવેશ મળતો. વળી, વર્નેક્યુલર સ્કૂલના પાંચમા, છઠ્ઠા અને સાતમા ધોરણમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીનું જ્ઞાન સંતોષકારક છે, એવી ખાતરી થતાં એમને મિડલ સ્કૂલમાં અનુક્રમે બીજા અને ત્રીજા ધોરણમાં તથા હાઇસ્કૂલના ચોથા ધોરણમાં પ્રવેશ આપવામાં આવતો. મેટ્રિક્યુલેશન પછીનો સ્નાતક કક્ષા સુધીનો શિક્ષણક્રમ પ્રારંભના થોડા કાલનો અપવાદ બાદ કરતાં ચાર વર્ષનો હતો. આ રીતે સ્નાતક કક્ષા સુધી, ૭ -- ૪ -- ૪ અથવા ૪ --૩ --૪--૪ મળીને કુલ ૧૫ વર્ષની સામાન્ય શિક્ષણની તરાહ અધ્યેયકાલ દરમ્યાન વિકસવા પામી હતી.

ઉપર દર્શાવ્યું તેમ, મેટ્રિક્યુલેશનની પરીક્ષા સુધીનો શિક્ષણક્રમ સામાન્ય રીતે

૧૫ વર્ષનો હોવા છતાં દરેક વિદ્યાર્થીને એ શિક્ષણક્રમમાંથી પસાર થતાં ૧૫ વર્ષ જ લાગે એવું નહોતું. ખાસ કરીને તેજસ્વી વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક અને માધ્યમિક ઉભય સ્તરે એક જ વર્ષમાં બે કે તેથી વધારે શ્રેણીઓનો શિક્ષણક્રમ પૂરો કરવાનો અવકાશ નવી શિક્ષણપ્રથામાં પ્રારંભથી જ રાખવામાં આવ્યો હતો. આ હકીકતનું સમર્થન કરતા સંખ્યાબંધ કિસ્સાઓ ચરિત્ર-સાહિત્યમાં નોંધાયા છે. અમુક શ્રેણીમાં અનુત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓ પણ, એક વર્ષમાં બે શ્રેણીઓના શિક્ષણક્રમની પરીક્ષા પસાર કરી વર્ષ બચાવી લેતા હોવાનાં પ્રમાણો પણ ચરિત્ર-સાહિત્યમાંથી ઉપલબ્ધ થાય છે. જગજીવનદાસ દયાળજી મોદી (૧૮૭૫-૧૯૫૪)ના પ્રાથમિક શિક્ષણનો ઉલ્લેખ કરતાં ચરિત લેખક જણાવે છે કે "નાનપણથી જ એમની મેધાશક્તિ એટલી તેજ હતી કે, એમણે પ્રથમનાં ત્રણ ધોરણ એક જ વર્ષે પસાર કરેલાં, અને ૧૦ વર્ષની ઉમ્મરે તો ફાઇનલ સુધીનો અભ્યાસ કરીને, વધુ અભ્યાસ માટે તેઓ વડોદરા આવતા રહેલા."[૨] નંદશંકર તુળજાશંકર મહેતા (૧૮૩૫-૧૯૦૫) પણ એક જ વર્ષમાં 'ત્રણ ધોરણ કુદાવી ગયેલા' અને તેથી અંગ્રેજી શાળાના મુખ્ય અધ્યાપક ગ્રીન તેમના પર 'બહુ પક્ષપાત' રાખતા, એવી નોંધ એમના જીવન-ચરિત્રમાં લેવાઇ છે.[3] કનૈયાલાલ માણેકલાલ મુનશી (૧૮૮૭-૧૯૭૧ ) પણ એમની આત્મકથા 'અડધે રસ્તે'[o] માં નોંધે છે કે " આજની સૂરતની સાર્વજનિક તે વખતે ઢીંગલી સ્કૂલને નામે વિખ્યાત હતી. ત્યાં ચૂનીલાલ માસ્તરના હાથ નીચે, દોઢ વર્ષમાં પહેલાં ત્રણ સ્ટાન્ડર્ડ મેં કુદાવ્યાં હતાં. પછી ભરૂચની હાઇસ્કૂલમાં દાખલ થયો."[૪] આમ મિડલ સ્કૂલનો શિક્ષણક્રમ કેટલાક તેજસ્વી વિદ્યાર્થીઓ દોઢેક વર્ષમાં જ પૂર્ણ કરતા. અંબુભાઇ બાલકૃષ્ણ પુરાણી (જ. ૧૮૯૬) એ એમની 'તેજસ્વી બુદ્ધિ'ને લીધે 'અંગ્રેજી ચાર ધોરણોનો અભ્યાસ વડીલબંધુ શ્રી છોટુભાઇની 'નિગેબાની' નીચે ઘર આગળ પૂરો કરી લઇને' સયાજી હાઇસ્કૂલમાં પાંચમી અંગ્રેજીમાં પ્રવેશ મેળવ્યો હોવાનો ઉલ્લેખ એમની ષષ્ટિપૂર્તિ પ્રસંગે પ્રસિદ્ધ થયેલા 'અભિનંદન ગ્રંથ'માં કરવામાં આવ્યો છે.[૫] એક જ વર્ષમાં બે કે ત્રણ શ્રેણીઓ પસાર કરી શકાતી હોવાની હકીકતનો ચરિત્રસાહિત્યમાં અન્યત્ર પણ ઘણી જગાએ ઉલ્લેખ થયો છે. અલબત્ત, આવી ઘટનાઓ અપવાદરૂપ જ લેખી શકાય. સામાન્ય વિદ્યાર્થીઓ માટે તો ઉપર્યુક્ત ૧૫ વર્ષની શિક્ષણ તરાહ પ્રચલિત હતી.

-------------

o કૃતિ પ્રકાશન વર્ષ : ઈ.સ. ૧૯૪૩

M. S. UNIVERSITY OF BARODA



પ્રસ્તુત પ્રકરણમાં સામાન્ય શિક્ષણના વિવિધ સ્તરે અધ્યેયકાલ દરમિયાન પ્રચલિત બનેલાં પાઠયક્રમ અને પાઠયપુસ્તકો, શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો તથા પરીક્ષણ વ્યવસ્થાની સમીક્ષા ચરિત્રસાહિત્યને આધારે કરીશું. સરળતા ખાતર આ પ્રત્યેક અધ્યયન મુદ્દાની ચર્ચા (૧) પ્રાથમિક શિક્ષણ સ્તર, (૨) માધ્યમિક શિક્ષણ સ્તર અને (૩) ઉચ્ચ શિક્ષણ સ્તર એવા ત્રણ વિભાગોમાં કરીશું. અહીં પ્રાથમિક શિક્ષણ સ્તર હેઠળ ધોરણ એકથી સાત સુધીનાં કે તેથી ઓછાં ધોરણોના શિક્ષણનો પ્રબંધ કરતી અને અંગ્રેજી નહીં શીખવતી શાળાઓ, એવો અર્થ ઉદ્દિષ્ટ છે. માધ્યમિક શિક્ષણ સ્તરમાં અંગ્રેજી સહિત શ્રેણી પાંચમીથી સાતમી સુધીનું શિક્ષણ આપતી એંગ્લોવર્નેકયુલર શાળાઓ કે મિડલ સ્કૂલો તથા અંગ્રેજી ધોરણ ચોથાથી મેટ્રિકયુલેશન સુધીનું શિક્ષણ આપતી હાઇસ્કૂલોનો સમાવેશ થાય છે. મિડલ-સ્કૂલો બહુધા હાઇસ્કૂલો સાથે જોડાયેલી હોવાથી અને ઉપર્યુકત અધ્યયન મુદ્દાઓ પરત્વે તે ઉભયમાં ઘણું સામ્ય હોવાથી, એ બન્નેનો સમાવેશ એક જ સ્તર હેઠળ કરવામાં આવ્યો છે. ઉચ્ચ શિક્ષણ સ્તરની સંસ્થાઓમાં વિનયન અને વિજ્ઞાનનું શિક્ષણ આપતી સામાન્ય કોલેજોનો સમાવેશ થાય છે. ધંધાકીય શિક્ષણ આપતી સંસ્થાઓ તથા પ્રજાના ખાસ વર્ગ (બહેરામૂંગા વિદ્યાર્થીઓ માટેની શાળાઓ, રાજકુમારોને શિક્ષણ આપતી સંસ્થાઓ વગેરે) માટે સ્થપાયેલી શિક્ષણ સંસ્થાઓનો સમાવેશ પ્રસ્તુત પ્રકરણમાં કરવામાં આવ્યો નથી એ લક્ષમાં રાખવું ઘટે.

## ૫.૩ પાઠયક્રમ અને પાઠયપુસ્તકો :

અ. પ્રાથમિક શિક્ષણસ્તર : ગુજરાતમાં નવી પદ્ધતિની પ્રાથમિક શાળાઓની સ્થાપનાનો પ્રારંભ, ઇ.સ. ૧૮૨૬માં, મુંબઇ હિંદ નિશાળ તથા પુસ્તક મંડળી (૧૮૨૦-૧૮૪૦)ના ઉપક્રમે થયો, એની નોંધ અગાઉ લેવામાં આવી છે. આ મંડળીએ ગુજરાતમાં નવી પદ્ધતિની શાળાઓની સ્થાપનાને વેગ આપ્યો એટલું જ નહિ, પરંતુ શિક્ષકતાલીમ અને પાઠયપુસ્તકો તેમજ શિક્ષણ સાધનોના નિર્માણની જવાબદારી પણ ઉપાડી. એ વખતે ગુજરાતમાં અસ્તિત્વ ધરાવતી ગામઠી શાળાઓમાં નિશ્ચિત પાઠયક્રમ કે પાઠયપુસ્તકો નહોતાં અને બધું જ મુખપાઠથી શીખવાતું. એ હકીકતનો ઉલ્લેખ પૂર્વે થઇ ગયો છે. ઉકત મંડળીએ સહુ પ્રથમવાર નિશ્ચિત શિક્ષણક્રમ પ્રમાણેનાં શૈક્ષણિક સાધનો અને પુસ્તકો તૈયાર કર્યાં. એ શિક્ષણક્રમ કેવો હતો એની ઝાંખી મોહનલાલ રણછોડભાઇ

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

ઝવેરી (જ.૧૮૨૮)નો આત્મકથામાંથી થાય છે. ચરિતનાયકે મુંબઇ હિંદ નિશાળ તથા પુસ્તક મંડળીનાં ધોરણો અનુસાર વેજલપુરમાં સ્થપાયેલી પ્રાથમિક શાળામાં, ઇ.સ. ૧૮૩૪થી ઇ.સ. ૧૮૪૦ સુધી અભ્યાસ કર્યો હતો. તેઓ પ્રત્યેક વર્ગના પોતાના શિક્ષણક્રમની વિગતો નીચે પ્રમાણે રજૂ કરે છે :

> "તે વખતે સરકારી નિશાળ શહેરમાં આવ્યાને આઠ જ વર્ષ થયાં હતાં. પ્રથમ વર્ણમાળા શીખવતા એટલે અ° આ આદિ સોળ સ્વર અને ક ખ આદિ છત્રીસ વ્યંજનથી આરંભ થતો........ઘણી ગમત સાથે બાવન અક્ષર આવડયા એટલે મહેતાજીએ અમારા વર્ગની પરીક્ષા લઇ મને ઉપલા વર્ગમાં મુકયો. ત્યાં બારાખડી શીખવાની આવી. છત્રીસ વ્યંજનની બારાખડી શીખી પરીક્ષા આપી હું ઉપલા વર્ગમાં ચડયો એટલે જોડાક્ષર, પછી એકાક્ષરી, બે અક્ષરના, ત્રણ અક્ષરના એવા સાત અક્ષરના શબ્દો લગી ભણવાનું કામ ચાલ્યું. સાત અક્ષરના શબ્દો વાંચતાં લખતાં શીખવ્યા પછી શબ્દોના અર્થો શીખવાતા, આવી રીતે વર્ણમાળા પુરી થાય એટલે ચોપડી લેવાનો વખત નિશાળીઆને આવતો - તે ચોપડીનું નામ લીપીધારા - જે બધા વર્ણો તથા શબ્દો મોટા કાગળો પર છાપેલા હતા તે બધા ઝીણે અક્ષરે ચોપડીમાં છાપેલા ને તેની સાથે કેટલીક નાની નાની વાર્તાઓ હતી તે વાંચતાં શીખવું પડતું. સારી વાંચનશકિત આવવાને નાના છોકરાને બે વરસ લાગે."[૬]

અહીં ચરિત્રલેખકે છત્રીસ વ્યંજનો અને સોળ સ્વરો મળી બાવન અક્ષરો, બારાક્ષરી અને સાત અક્ષરના શબ્દો શીખ્યા બાદ, ઉપલા વર્ગોમાં બઢતી મળવાનો જે નિર્દેશ કર્યો છે, તેમાં કોઇ ક્રમિક શિક્ષણશ્રેણી કે ધોરણનો અર્થ સૂચિત થતો નથી. લેખક સ્વયં એ શિક્ષણક્રમ પૂર્ણ કરતાં બે વર્ષ લાગતાં હોવાનો ઉલ્લેખ કરે છે, એના પરથી એમ કહી શકાય કે વર્ગ શબ્દ અહીં 'વિવિધ કક્ષાની શિક્ષણસિદ્ધિ ધરાવતાં બાળકોનાં જૂથ'નું સૂચન કરે છે. વળી, પ્રથમ વર્ષ દરમ્યાન માત્ર બાવન વર્ણો જ શીખવાના હશે, બીજા વર્ષ દરમ્યાન માત્ર બારાક્ષરી જ શીખવાતી હશે, ત્રીજા વર્ષ દરમ્યાન માત્ર સાત અક્ષરવાળા શબ્દો જ શીખવાતા હશે અને ત્યારબાદ પુસ્તકવાચન શરૂ થતું હશે, એમ

---

° અધોરેખિત વર્ણો દેવનાગરી લિપિમાં મુદ્રિત થયેલા છે.

માનવું સયુક્તિક પણ ન ગણાય. આના પરથી એટલું ફલિત થાય છે કે સ્વરવ્યંજનો, બારાક્ષરી અને સાત અક્ષરોવાળા શબ્દોનો અભ્યાસ પૂર્ણ થતાં પુસ્તકવાચન શરૂ કરવામાં આવતું હશે અને બાળકો સામાન્ય રીતે પ્રારંભિક બે વર્ષ દરમ્યાન સારી એવી વાચન-ક્ષમતા પ્રાપ્ત કરી લેતાં હશે.

ઉપર્યુક્ત ચરિતનાયક પોતાની આત્મકથામાં આગળ ઉપર ગુજરાતી સાથે બાળબોધ અથવા દેવનાગરી લિપિનો પણ શિક્ષણક્રમમાં સમાવેશ થતો હોવાનો ઉલ્લેખ કરે છે.[7] એ બન્ને લિપિનું શિક્ષણ એક સાથે જ અપાતું એમ પણ સંદર્ભ પરથી ફલિત થાય છે.

આંક તથા ગણિતના શિક્ષણક્રમ અંગે એ જ ચરિતનાયક દર્શાવે છે કે એ શાળાઓમાં "આંક વધારે ચાલતા નહીં, કારણ તે વખતે એવો રીવાજ ચાલુ હતો કે આંક ઘાતો ગુજરાતી ગામઠી નિશાળે ભણીને વિદ્યાર્થીઓ આવતા. માટે મહેતાજી આંક પર ઘણું જ થોડું લક્ષ આપી સંખ્યા પરિમાણું ચલાવતા - આંકને વાસ્તે ઘેરથી ભણી ગયાની ચીઠી લાવે એટલે મહેતાજી સંતોષ પામે."[8] આંક તથા નામું ગામઠી નિશાળોમાં સારું શીખવાતું અને વાચન તથા લેખન સરકારી નિશાળોમાં સારું શીખવાતું હોવાની લોકમાન્યતાની નોંધ આ અગાઉ પણ લેવાઇ ગઇ છે. તદનુસાર પ્રાયઃ મોટા ભાગનાં બાળકો, ગામઠી શાળાઓમાં બેએક વર્ષ ગાળે તે પછી તેમને સરકારી શાળાઓમાં દાખલ કરાવવાનું તેમના વાલીઓનું વલણ રહેતું હશે એમ કહી શકાય. પરંતુ જે બાળકો સીધાં જ સરકારી શાળાઓમાં પ્રવેશતાં તેમને ગણિતનો પાઠયક્રમ કઠિન જણાતો. આ સંદર્ભમાં ઉક્ત શાળામાં સીધો જ પ્રવેશ કરનાર મોહનલાલ રણછોડભાઇ ઝવેરી નોંધે છે કે "મેં આરંભે ગામઠી નિશાળે ન ભણતાં મારી કેળવણીની શરૂઆત સરકારી નિશાળે કરી હતી. સંખ્યા પરિમાણ શીખ્યો. સરવાળા - બાદબાકી તો સહેલાં પડયાં પણ ગુણાકાર ભાગાકારમાં વધારે મુશ્કેલ લાગ્યું."[9] આગળ જતાં લેખક ગણિતના અભ્યાસક્રમની વિશેષ વિગતો નીચે મુજબ આપે છે :

> "ગણીત વરગમાં પૂર્ણાંક અપૂર્ણાંક, વર્ગમૂળ, ઘનમૂળ, પલ્યાળું, ઇષ્ટરાશી વગેરે પુરૂં થયું. એ પછી બીજગણીત, ત્રિકોણમિતિ, કર્તવ્યભૂમિતિ, લાગ્રતમ ક્ષેત્રફળ, ઘનફળ લગી, શિક્ષામાળા બીજા ભાગમાંથી શીખ્યો.........એ વખતે ગણીતનાં પુસ્તકો જર્વીસ સાહેબનાં કરેલાં શિક્ષામાળા પહેલો, તેમાં પૂર્ણાંક તેમ અપૂર્ણાંક. ભાગ બીજો, એમાં બીજગણિત, ભૂમિતિ, લાગ્રતમ,

સંગતીકરણ સીધી લીટી, ત્રિકોણમિતિ, ક્ષેત્રફળ, ઘનફળ, કર્તવ્યભૂમિતિ, એમાં ઇજનેરી કામના નકશા જમીન માપવી વગેરે બાબતો હતી."[50]

ગણિતશાસ્ત્રના શિક્ષણક્રમની ઉપર્યુક્ત વિગતોનો ઉલ્લેખ અર્વાચીન ગુજરાતની કેળવણીના પિતા રણછોડદાસ ગીરધરભાઈ (૧૮૦૩-૧૮૭૩)--જેમણે મુંબઇ હિંદ નિશાળ તથા પુસ્તક મંડળીના પુસ્તકો અને શિક્ષણ સાધનો તૈયાર કરવામાં અગ્રભાગ ભજવેલો -ના જીવનચરિત્રમાં પણ થયો છે. નંદશંકર તુળજાશંકર મહેતાના પ્રાથમિક શિક્ષણના સંદર્ભમાં ચરિતલેખક ગણિતનો ઉપર્યુક્ત શિક્ષણક્રમ ઇ.સ. ૧૯૧૬ (કૃતિ પ્રકાશન વર્ષ)ના અરસાના મેટ્રિકયુલેશનના શિક્ષણક્રમ કરતાં પણ ચઢિયાતો હોવાનું નોંધે છે.[51] એ જ અરસામાં શિક્ષણ પામેલા નવલરામ લક્ષ્મીરામ (૧૮૩૬-૧૮૮૮)ના જીવનચરિત્રના લેખક ગોવર્ધનરામ ચરિતનાયક નવલરામ ગણિતશાસ્ત્રમાં વિદ્યાકાળ દરમ્યાન પ્રવીણ હતા એમ દર્શાવી, ગણિતશાસ્ત્રના ઉપર્યુક્ત શિક્ષણક્રમની ઉચ્ચતાનું સમર્થન નીચેના શબ્દોમાં કરે છે :

"તે પ્રસંગે ગુજરાતી નિશાળોમાં કેટલોક અભ્યાસ આજની° અંગ્રેજી સ્કૂલો કરતાં વધારે થતો;.........આજ પાઠશાળાઓમાંથી પણ ગણિત દુનિયાદારીમાં નિરુપયોગી ગણી કાઢી નખાવવા પ્રયત્ન થાય છે. પાઠશાળાઓમાં ઘણા વિષયો હોવાથી કિયો વિષય કાઢી નાખવો એ પ્રશ્નને અંગે આ પ્રયત્ન યોગ્ય હોય પરંતુ દુનિયાદારીમાં, તેમ ઇતર વિદ્યાઓના અભ્યાસમાં સ્પષ્ટ એકાગ્રશકિતવાળા આગ્રહી અને સૂક્ષ્મ મગજની ખપ હોય તો નાનાં બાળકોને કેળવણીની ઉંમર ઉપર ચડતાં જ ભૂગોળનાં અર્થહીન નામો, ઇતિહાસની તારીખોના આંકડા વગેરે ગોખાવી કાયર અને નિઃસત્ત્વ કરી દેવામાં કાળક્ષેપ થાય છે અને શિક્ષણ લેવા લાયક વિષયો શિક્ષકો શીખવી શકતા નથી, તેને ઠેકાણે તેવે પ્રસંગે વધારે ગણિતનો સ્વાદ આપવામાં આવે તો ઉપયોગી થાય. એના દૃષ્ટાંતમાં નવલરામ, દુર્ગારામ અને એમના સમયના બીજા અનેક ગૃહસ્થોની શકિત અનેકધા જોવામાં આવી છે, અને તેમાં કેટલાક તો એવા છે કે બેકન બર્ક કે શેકસ્પિયર તેમણે સ્વપ્નામાં પણ વાંચ્યા નથી."[52]

આગળ જણાવ્યું તેમ કેળવણી-ખાતાની રચના થતા સુધી પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓ વચ્ચેના શિક્ષણક્રમમાં કોઇ મહત્ત્વનો તફાવત નહોતો. ફલતઃ

---

° કૃતિ પ્રકાશન વર્ષ : ઇ.સ. ૧૮૮૮

પ્રાથમિક શાળાઓ માટેનો શિક્ષણક્રમ ઉચ્ચકક્ષાનો રહ્યો હતો. ગોવર્ધનરામ ગણિતશાસ્ત્રના ઉપર્યુક્ત ઉચ્ચશિક્ષણક્રમનું સમર્થન કરે છે, એ જોતાં એમ લાગે છે કે એવા ઉચ્ચશિક્ષણક્રમનું સમર્થન કરનારો એક વિદ્વાન વર્ગ પણ અધ્યેયકાલ દરમ્યાન હતો. ગણિતશાસ્ત્રના અધ્યયન દ્વારા મનની કેટલીક શક્તિઓનો વિકાસ થતો હોવાથી અને એનો અભ્યાસ અન્ય વિદ્યાઓની પ્રાપ્તિમાં પણ ઉપકારક બનતો હોવાથી, પ્રાથમિક સ્તરે ગણિતશાસ્ત્રના ઉચ્ચ અભ્યાસક્રમે ઇતિહાસ અને ભૂગોળ જેવા વિષયોની અપેક્ષાએ મહત્ત્વનું સ્થાન મળવું જોઈએ, એવી માન્યતા ધરાવતો હતો. પરંતુ શિક્ષણક્રમની કઠિનતા કે ગહનતા એ જ એની સફળતાની પારાશીશી નથી. એની ~~[illegible]~~ રચનામાં વિદ્યાર્થીઓની કક્ષાને પણ લક્ષમાં લેવી જોઈએ. વાસ્તવમાં મુંબઇ હિંદ નિશાળ તથા પુસ્તક મંડળી અને કેળવણી બોર્ડના વખતમાં વિદ્યાર્થીઓની કક્ષાને લક્ષમાં રાખી એમના માટે ક્રમિક વિકાસ પામતો શિક્ષણક્રમ રચવાની દિશામાં ઝાઝી પ્રગતિ થઇ નહોતી એની અત્રે નોંધ લેવી રહી.

વર્ણમાળા, લીપીધારા અને ગણિતશાસ્ત્ર માટે શિક્ષણમાળા - ભાગ : ૧-૨ ઉપરાંત પ્રાથમિક શાળાઓ માટે 'મુંબઇ હિંદ નિશાળ તથા પુસ્તક મંડળી' એ તૈયાર કરાવેલી પાઠયસામગ્રીમાં "બોધવાચન, ડાડસ્લીની વાતો, ઇસપનીતિ કથાઓ, બાળમિત્ર, પંચોપાખ્યાન, ભૂગોળ-ખગોળ વિદ્યાના ઉદ્દેશ લાભ ને સંતોષ" વગેરેનો પણ સમાવેશ થાય છે.[૫૩] એ પુસ્તકો તેમજ વ્યાકરણનું શિક્ષણ પોતાને પ્રાથમિક શાળાના અધ્યયનકાળ દરમ્યાન મળ્યું હોવાની નોંધ મોહનલાલ રણછોડભાઇ ઝવેરીએ પોતાની આત્મકથામાં લીધી છે.[૫૪] એના પરથી ગુજરાતી ભાષા-સાહિત્ય અને વ્યાકરણને પણ પ્રાથમિક શાળાના અભ્યાસક્રમમાં સ્થાન મળ્યું હતું, એમ સિદ્ધ થાય છે. નર્મદ (૧૮૩૩-૧૮૮૬)ના જીવનચરિત્ર 'કવિ જીવન'માં નછલરામ નોંધે છે કે "ગુજરાતી કેળવણી તે વેળા મળી શકે તેટલી બધી જ કવિએ પ્રાપ્ત કરી હતી, અને આ યાદ રાખવું જરૂરનું છે કે તે વેળાની કેળવણીમાં હાલ° મળે છે તે કરતાં ગુજરાતી ભાષાનું જ્ઞાન ઘણું જ વધારે મળતું."[૫૫] અલબત્ત, નવલરામ નોંધે છે તેમ, પ્રારંભમાં ગુજરાતી કવિતાને એમાં સ્થાન મળ્યું નહોતું. કવિતાનો સમાવેશ તો સહુ પ્રથમ ૧૮૫૮માં રચાયેલી 'સરકારી પુસ્તક સમિતિ'એ તૈયાર કરેલી, હોપ વાચનમાળાઓમાં થયેલો જોવા મળે છે.

---

○ કૃતિ પ્રકાશન વર્ષ : ઈ.સ. ૧૮૮૭

ભૂગોળ જેવા વૈજ્ઞાનિક વિષયને પણ પ્રારંભથી જ અભ્યાસક્રમમાં સ્થાન મળ્યું હતું એમ 'મુંબઈ હિંદ નિશાળ તથા પુસ્તક મંડળીએ' પ્રસિદ્ધ કરેલાં પુસ્તકોનાં ઉપર્યુક્ત નામો જોતાં જણાય છે. ઈતિહાસનો સમાવેશ પણ ઉક્ત અભ્યાસક્રમમાં થઈ જતો હતો એવો સંકેત આશારામ દલીચંદ શાહ (૧૮૪૨-૧૯૨૫)ના જીવનચરિત્રમાંથી પ્રાપ્ત થાય છે.[૬૬] બોધવચન, ડાડ્સ્લીની વાતો, ઈસપનીતિ કથાઓ, પંચોપાખ્યાન આદિ પુસ્તકોને વાચન અનુલેખન આદિ માટે અભ્યાસક્રમમાં સ્થાન મળ્યું હોવા છતાંયે એના દ્વારા નીતિના પાઠો શીખવવાનો અભ્યાસક્રમ-નિર્માતાઓનો આશય હોય તો ના ન કહી શકાય. ડાડ્સ્લીની વાતો, ઈસપનીતિ કથાઓ આદિને શિક્ષણક્રમમાં સમાવિષ્ટ કરવા પાછળ કેળવણીને અપાતા પશ્ચિમ તરફના ઝોકનો નિર્દેશ પ્રાપ્ત થાય છે.

આમ 'મુંબઈ હિંદ નિશાળ તથા પુસ્તક મંડળી'ના ઉપક્રમે શરૂ થયેલી પ્રાથમિક શાળાઓમાં પ્રારંભથી જ ભાષા, ગણિતશાસ્ત્ર, ભૂગોળ-ખગોળ, ઈતિહાસ વગેરે વિષયોનો સુયોજિત શિક્ષણક્રમ અમલમાં આવ્યો હતો. અલબત્ત, એમાં શારીરિક શિક્ષણ, ચિત્રકલા વગેરે જેવા મહત્ત્વપૂર્ણ વિષયોને સ્થાન પ્રાપ્ત થયું નહોતું, પરંતુ ગુજરાતમાં વ્યવસ્થિત શિક્ષણક્રમ ધરાવતી ધોરણસરની કેળવણીનો પ્રારંભ સરકારી નિશાળોમાં અમલમાં આવેલા ઉપર્યુક્ત શિક્ષણક્રમથી થયો, એમ જરૂર કહી શકાય. આ શિક્ષણક્રમના પ્રવેશથી ગુજરાતમાં શિક્ષણ વિષયક એકરૂપતા સ્થપાવા લાગી. આશારામ દલીચંદ શાહ (૧૮૪૨-૧૯૨૧)ના જીવનચરિત્રના લેખક પૂર્વે નોંધ્યું છે તેમ હોપ વાચનમાળાઓ નામે જાણીતી બનેલી વાચનમાળાઓના પ્રવેશ પછી આવી એકરૂપતા આવી હોવાનો નિર્દેશ કરે છે. પરંતુ આવી એકરૂપતા વસ્તુતઃ 'મુંબઈ હિંદ નિશાળ તથા પુસ્તક મંડળી' (૧૮૨૦-૧૮૪૦)ના સમયથી જ સ્થપાવા લાગી હતી. હોપ વાચનમાળા રચનાર સમિતિની રચના તો છેક ૧૮૫૮માં કેળવણીખાતાના નિર્માણ પછી થયેલી. ઉક્ત કૃતિના ચરિતનાયક અને લેખક સૌરાષ્ટ્રના વતની છે અને સૌરાષ્ટ્રમાં નવી પદ્ધતિની નિશાળોનો પ્રારંભ ગુજરાતના અન્ય વિસ્તારોને મુકાબલે મોડો થયો હોવાનાં પ્રમાણો ચરિત-સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. એ જોતાં સૌરાષ્ટ્ર પૂરતો, શૈક્ષણિક એકરૂપતા સ્થપાવા અંગેનો લેખકે કરેલો કાલનિર્દેશ યથાર્થ છે.

ઈ.સ. ૧૮૪૦ થી ૧૮૫૪ સુધી મુંબઈ ઈલાકાના શૈક્ષણિક પ્રશાસનનો દોર કેળવણી માટેની સમિતિ (બોર્ડ ઑફ એજ્યુકેશન)ના હાથમાં રહ્યો, એની નોંધ પ્રકરણ

ત્રીજામાં લેવાઇ છે. કેળવણી સમિતિના વહીવટ દરમ્યાન પ્રાથમિક શાળાઓ માટેના ઉપર્યુક્ત શિક્ષણક્રમમાં કોઇ નોંધનીય પરિવર્તનો થયાં હોવાના પુરાવા ઉપલબ્ધ થતા નથી. બોર્ડનું ધ્યાન મહદ્અંશે શાળાઓના વિસ્તરણ પર કેન્દ્રિત થયું હતું; એમ જણાય છે. બોર્ડના વખતમાં પુસ્તકો રચનારને ઉત્તેજન મળવા લાગ્યું, એટલે ઇતિહાસ, ભૂગોળ, વ્યાકરણ વગેરેનાં નવાં નવાં પુસ્તકો રચાવા લાગ્યાં અને કેળવણીનો પ્રચાર વધવા લાગ્યો, એવો ઉલ્લેખ રણછોડદાસ ગીરધરભાઇના જીવનચરિત્રમાંથી પ્રાપ્ત થાય છે.[૧૭] આમ બોર્ડના સમયમાં ખાનગી સાહસનો પણ પાઠયપુસ્તક પ્રકાશન ક્ષેત્રે પ્રવેશ થયો.

ઉપર્યુક્ત પાઠયક્રમમાં નોંધનીય ફેરફાર સૌ પ્રથમ ઇ.સ. ૧૮૫૮-૫૯માં થયો. ઇ.સ. ૧૮૫૪માં કેળવણી ખાતાની રચના થઇ અને એ ખાતાના અધિકારીઓને અનુભવી નિષ્ણાતો પાસે તૈયાર કરાવેલાં, ક્રમિક વિકાસ પામતા પાઠયક્રમને આવરી લેતાં પાઠય-પુસ્તકો વિદ્યાર્થીઓના હાથમાં મૂકવાની તીવ્ર આવશ્યકતાની પ્રતીતિ થઇ. વિશેષતઃ માતૃભાષાના અભ્યાસક્રમનું પુનર્નિર્માણ એમને ખૂબ આવશ્યક જણાયું, તેથી શ્રેણી પહેલીથી સાતમી સુધી ક્રમિક વિકાસ પામતી વાચનમાળાઓના નિર્માણ માટે ઇ.સ.૧૮૫૮માં સરકાર તરફથી "પુસ્તક સમિતિ"ની રચના કરવામાં આવી.[૧૮] ઇ.સ.૧૮૫૮-૫૯ના વર્ષમાં વાચનમાળાઓ તૈયાર થતાં, નિશાળોમાં ચાલતી કેટલીક જૂની ચોપડીઓ અમુક દૂષણોને લીધે રદ કરવામાં આવેલી.[૧૯] એ સમયના કેળવણી ખાતાના ઇન્સ્પેકટર ટી.સી. હોપે એ વાચનમાળાઓની સંરચનામાં અગ્રિમ ભાગભજવ્યો હોવાથી પાછળથી તે 'હોપ વાચનમાળા' નામે પ્રસિદ્ધ થઇ હતી.

ઉક્ત વાચનમાળાઓની કેટલીક વિશિષ્ટતાઓ એ જમાનાના એક વિદ્યાર્થી અને પાછળથી શિક્ષક એવા છોટાલાલ નરભેરામ ભટ્ટ (૧૮૫૦-૧૯૩૭) પોતાની આત્મકથામાં આ પ્રમાણે દર્શાવે છે :

> "મારો અભ્યાસ નીચલા વર્ગોમાં ચાલતો હતો અને હું બોધકથાના વર્ગમાં હતો, તે વખતે નવી હોપવાચનમાળા ટાઇપથી છાપેલી બહાર પડી. હોપ સાહેબ તે વખતે મુંબઇ ઇલાકાના ઉત્તર વિભાગમાં એજ્યુ. ઇન્સ્પેકટર હતા. તેમની દેખરેખ નીચે રા. સા. મહીપતરામ, કવિ દલપતરામ, શાસ્ત્રી વ્રજલાલ, મહેતાજી દુર્ગાશંકર, એક ઉર્દુ જાણનારા મુનશી વગેરેની એક કમિટિ નીમાઇ હતી અને તેમણે અમુક પાઠો તૈયાર કરી તેમને ક્રમવાર

ગોઠવી વાચનમાળા તૈયાર કરવાની હતી. શબ્દોની જોડણી કેવી રાખવી તે વિષે પણ વાટાઘાટ કરી નિયમો ઠરાવ્યા હતા અને તે જ પ્રમાણે વાચનમાળાની જોડણી રખાઇ હતી. ભાષા લોકોમાં પ્રચલિત હોય તેવી તથા કડી પ્રાંતથી તે નવસારી પ્રાંત સુધી અને પંચમહાલથી તે દ્વારકા સુધી લોકોમાં સાધારણ લાગે તેવી વાપરવામાં આવી હતી. આ વાચનમાળા -માં વિશેષ ખુબી એ કરવામાં આવી હતી કે નીરસ એવા મૂળાક્ષરો શીખવવાની કડાકૂટમાંથી વિદ્યાર્થીઓ બચી જાય અને શરૂઆતથી જ અર્થવાળાં ઉચ્ચારણોથી બાળકો ગમ્મત સાથે વાંચવા લખવા શીખી જાય. વળી વાચનપાઠો એવી રીતે ગોઠવવામાં આવ્યા હતા કે પહેલી ચોપડીના છેલ્લા પાઠમાં અને બીજી ચોપડીના પહેલા પાઠમાં કઇ અંતર દેખાય નહિ, બીજીના છેલ્લા પાઠ સાથે ત્રીજીનો પહેલો પાઠ મળતો આવે, અને એજ રીતે ઉત્તરોત્તર ભાષાની પ્રૌઢી વધતી જાય. વળી બાળકોને પ્રિય લાગે એવાં ચિત્રો ઠામઠામ મૂકવામાં આવ્યાં હતાં, તથા બાળકોને યોગ્ય એવી ચઢતી શ્રેણીની કવિતાઓ પણ કવિ દલપતરામ પાસે રચાવી મૂકી હતી. બહુધા પ્રત્યેક પુસ્તકની શરૂઆત કવિતાથી થતી."[20]

ઉપર્યુકત સંદર્ભ પરથી વાચનમાળાના રચયિતાઓએ ઉકત પાઠયક્રમને સંગીન અને સમૃદ્ધ બનાવવામાં રાખેલી કાળજીનાં દર્શન થાય છે. એની નીચેની વિશિષ્ટતાઓ ખાસ ધ્યાન ખેંચે છે :

૧. શ્રેણી પહેલીથી સાતમી સુધીની વાચનમાળાઓમાં ક્રમિક વિકાસ દર્શાવતો, પાઠયક્રમ
૧. રજૂ થયો હતો. વિવિધ શ્રેણીઓના શિક્ષણક્રમની રજૂઆતમાં સળંગસૂત્રતા અને સાતત્ય જળવાયાં હતાં.

૨. વાચનમાળાની ભાષા બહુજનભોગ્ય હતી, અર્થાત્ તે શિષ્ટભાષા હતી અને એની પ્રૌઢી ઉત્તરોત્તર વિકાસ સાધતી હતી. એમાં જોડણીશુદ્ધિ પરત્વે પણ પૂરતું ધ્યાન અપાયું હતું.

૩. ભાષાશિક્ષણના મનોવૈજ્ઞાનિક ક્રમ અનુસાર એની રચના થઇ હતી. વિશેષત: વાચનમાળાનો પહેલો ભાગ બાળકો રમતાં રમતાં ભાષા શીખે, એ દૃષ્ટિએ યોજાયો હતો. એ વાચનમાળાના નિર્માણમાં સહભાગી બનેલા મોહનલાલ રણછોડભાઇ ઝવેરી,

પહેલા ધોરણની વાચનમાળામાં સૌ પ્રથમ વાર જ વિશિષ્ટ રીતે રજૂ થયેલા પાઠયક્રમનો ઉલ્લેખ નીચે પ્રમાણે કરે છે :

"ફકત પેહેલી ચોપડી તૈયાર કરવાને મહીપતરામ અને હોપ સાહેબ, એમને અઢી માસ કરતાં ઓછી મુદત લાગી નહોતી, એવી મતલબથી એ ચોપડી રચી છે કે, બાવન અક્ષરો અ થી જ્ઞ સુધી આવે ને તેની સાથે બારાખડી ને જોડાક્ષરીની સમજ પણ આવી જાય કે નાનાં બાળકોને વર્ણમાળા શીખવાને જે નીરસ શ્રમ લેવો પડે છે તે ન લેવો પડે: એ વાત ધ્યાનમાં રાખીને વાકયો તથા શબ્દો ગોઠવ્યાં છે. વર્ણો, બારાખડી ને જોડાક્ષરો શીખતાં નાનાં છોકરાંને ત્રણ ચાર માસ લાગે છે, તે કષ્ટ દૂર કરી અર્થસહિત વાંચન શીખે તો તેથી બાળકોને આનંદ થાય, ને વળી આંખની સાથે અકકલ પણ કેળવાય, એવી મતલબ એ પેહેલી ચોપડીમાં રાખેલી હતી."[21]

સમકાલીન ગામઠી શાળાઓમાં વર્ણમાળા અને બારાક્ષરી શીખવવાની જે અર્થહીન અને નીરસ પધ્ધતિ પ્રચલિત હતી, તેમાં 'મુંબઈ હિંદ નિશાળ તથા પુસ્તક મંડળી'એ તૈયાર કરાવેલા છાપેલા અક્ષરોવાળા ચાર્ટ સહિત શીખવવાની પધ્ધતિથી સહેજ સુધારો થયો હતો. પરંતુ 'પુસ્તક સમિતિ'ની મુરાદ તો એથી ય આગળ વધીને, મનોવૈજ્ઞાનિક રીતે ભાષાશિક્ષણનો પ્રારંભ થાય એવો પાઠયક્રમ અને પાઠયપુસ્તક શાળાઓમાં દાખલ કરવાની હતી. કમભાગ્યે જૂની ઘરેડથી ટેવાયેલા શિક્ષકો અને જનતા એ સમજી શકી નહીં અને પરંપરાગત પધ્ધતિ પ્રમાણે જ શીખવવાનું ચાલુ રહ્યું.[22]

૪. બાળકોની કક્ષાને લક્ષમાં રાખીને ખાસ તૈયાર કરાવવામાં આવેલી કવિતાઓ પણ વાચનમાળાઓમાં સ્થાન પામી હતી. કવિતાઓને વાચનમાળામાં સહુ પ્રથમ વાર જ સ્થાન મળ્યું હતું એવી નોંધ અત્રે લેવી ઘટે.

૫. ઉકત વાચનમાળાના ગધપાઠોની રજૂઆતમાં પણ વૈવિધ્ય અને ક્રમિકતા જળવાયાં હતાં :

"દરેક પુસ્તકમાં વિધાર્થીઓની સમજશકિત ઉપર આધાર રાખીને વિવિધ વિષયોના પાઠોની રચના કરવામાં આવી હતી, તથા તે પાઠો યોગ્ય અનુક્રમમાં ગોઠવવામાં આવ્યા હતા. નીતિ, સામાન્યજ્ઞાન, ભાષા

(વ્યાકરણ પિંગળ, ઇ.) ઇતિહાસ, ભૂગોળ, પદાર્થવિજ્ઞાન, શારીર, એવા અનેક વિષયોના પાઠો શીખનારને રસિક લાગે એવી ભાષા અને શૈલીમાં ક્રમવાર ગોઠવવામાં આવ્યા હતા."[૨૩]

૬. વાચનમાળાનાં પુસ્તકોમાં વિદ્યાર્થીઓને રસ પડે એવાં ચિત્રો પણ પૂરતા પ્રમાણમાં મૂકવામાં આવ્યાં હતાં.

હોપવાચનમાળાઓમાં રજૂ થયેલા પાઠયક્રમની અને પાઠયપુસ્તકોની આવી કેટલીક વિશિષ્ટતાઓ હતી.

ઉપર્યુકત વિશેષતાઓ સાથે વખત જતાં તેની કેટલીક મર્યાદાઓ પણ જાહેર ચર્ચાનો વિષય બની હતી. આ મર્યાદાઓને સામાન્ય રીતે બે ભાગમાં વહેંચી શકાય (૧) જોડણી દોષો અને (૨) વસ્તુગત મર્યાદાઓ.

ઉપર જોયું તેમ 'પુસ્તક સમિતિ'એ વાચનમાળાની જોડણી અંગે અમુક નિયમો ઠરાવી એને અનુસરવાનું ધોરણ સ્વીકાર્યું હતું, છતાં એ પુસ્તકોની જોડણીમાં ઘણી વિસંગતિઓ રહેવા પામી હતી. એ જાહેરમાં આવતાં ઇ.સ. ૧૮૬૮માં એના પુનર્મુદ્રણ વખતે જોડણીના નિયમોની પુનર્વિચારણા કરી, જૂની આવૃત્તિઓમાં રહી ગયેલા દોષો સુધારવા અંગે સરકારે ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેકટર ટી. સી. હોપ, મોહનલાલ રણછોડદાસ, મહીપતરામ રૂપરામ, નંદશંકર તુળજાશંકર, દુર્ગારામ મહેતાજી, દલપતરામ, નર્મદ અને શાસ્ત્રી વ્રજલાલ કાળીદાસની બનેલી એક સમિતિની રચના કરેલી.[૨૪] એ યાદ રાખવું ઘટે કે આ સમિતિમાં કેળવણી-ખાતાના અધિકારીઓ, જાણીતા શિક્ષકો, તથા વિદ્વાનોનો સમાવેશ થયો હતો. સમિતિએ જોડણી અંગે નવેસરથી જે નિયમો ઘડયા તે અનુસાર નવી આવૃત્તિઓમાં જોડણી રાખવામાં આવી. પરંતુ જોડણી અંગેના, ટી. સી. હોપ અને એમના સહકાર્યકરોની બનેલી સમિતિએ સ્વીકારેલા નિયમો પણ સર્વમાન્ય ન બન્યા, તેથી ઇ.સ. ૧૮૭૨માં એ વખતના મુંબઇ પ્રાંતના ઉત્તર વિભાગના કેળવણી-ખાતાના ઇન્સ્પેકટર બુલરે નવલરામને 'શાળાપત્ર'માં શુદ્ધિપત્રક પ્રસિદ્ધ કરવાનો આદેશ આપ્યો હતો.[૨૫] આમ એ વાચનમાળાની જોડણી અંગેના મતમતાંતર ઘણા લાંબા વખત સુધી ચાલ્યાં હતાં. ગૂજરાત વિદ્યાપીઠે 'સામાન્ય રીતે સ્વીકારાયેલા' અમુક સિદ્ધાંતોને આધારે 'જોડણીકોશ' નામનો શબ્દકોશ પ્રસિદ્ધ કર્યો અને મુંબઇ સરકારે એમાં નક્કી કરેલી જોડણીને અનુસરે એવાં જ પુસ્તકોને પાઠયપુસ્તકો તરીકે સ્વીકૃતિ આપવાનો હુકમ

ઇ.સ. ૧૯૪૦માં બહાર પાડયો, ત્યાં સુધી આવાં મતમતાંતરો ચાલુ જ રહયાં હતાં એની નોંધ અત્રે લેવી ઘટે.[૨૬]

હોપવાચનમાળાની બીજી મર્યાદા ઉપર જણાવ્યું તેમ વિષયવસ્તુને લગતી હતી. એમાં રજૂ કરેલી કેટલીક પાઠયસામગ્રી મનોવિજ્ઞાન અને દેશકાલની દૃષ્ટિએ યોગ્ય નહોતી, એવો અભિપ્રાય દર્શાવતાં કેટલાંક પ્રમાણો ચરિતસાહિત્ય અને સમકાલીન ચરિતેતરસાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે, ઉ.ત. છઠ્ઠા ધોરણની વાચનમાળામાં રજૂ કરવામાં આવેલી મરણનો ભય દર્શાવતી નીચેની કવિતા કુમળી વયના બાળકોના પાઠયક્રમમાંથી કાઢી નાખવી જોઇએ, એમ પ્રાણલાલ કીરપારામ દેસાઇ (જ. ૧૮૮૨) ને ઇ.સ. ૧૯૦૪માં તે શીખવવાનો પ્રસંગ પડતાં જણાયેલું.[૨૭]

"જીવને શ્વાસ તણી સંગાઇ
ઘરમાં ઘડી ન રાખે ભાઇ
x x x
પ્રાણીઆ ભજી લેને કિરતાર
આ તો સ્વપ્નું છે સંસાર
ધન-દોલતને માલ ખજાનો
પુત્રને પરિવાર,
તે તો તજી તમે જાશો એકલા
ખા શો જમના માર". વગેરે.

આ સિવાય પણ વાંચનમાળાની કેટલીક પાઠયસામગ્રી બાલ્યભોગ નહીં હોવાનાં મંતવ્યો પ્રાપ્ત થાય છે.

આચાર્યશ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવ એ જ અરસામાં હોપવાચનમાળાની પ્રમુખ ક્ષતિઓનું દિગ્દર્શન 'વસંત'માં નીચેના શબ્દોમાં કરે છે. એના પરથી પાઠયસામગ્રીની અપૂર્ણતાનાં ચિત્રો સૂચિત થાય છે.

"સામાન્ય રીતે બોલીએ તો હોપવાંચનમાળામાં (૧) ધાર્મિક જ્ઞાન, (૨) સ્વદેશાભિમાન અને સ્વદેશભકિત, (૩) પરાક્રમ ઉત્સાહ આદિ વીર્યવાનસદ્ગુણોના દષ્ટાંતરૂપ જીવનચરિત્રો, (૪) સહૃદયતા કેળવે એવાં કાવ્યો અને કાવ્યલક્ષણના નિયમ અને (૫) યોગ્ય ભાષાશૈલી

વગેરે બાબત સંબંધે ઘણી ખામીઓ છે."[૨૮]

"હોપ વાચનમાળાના પાઠો એ બાળકોની બુદ્ધિને માટે માતાના દૂધ સમાન છે, અને એમાં કોઇ પ્રકારનો રોગ નિર્બળતા યા અપૂર્ણતા એ આવતા જમાનાનું માનસિક ખમીર દૂષિત કરવામાં કારણભૂત થશે" એમ દર્શાવી, આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ પૂર્વોકત પ્રત્યેક ખામીઓનું સંક્ષેપમાં દિગ્દર્શન કરી, એને સુધારવા માટેના સૂચનો પણ કરે છે. સરકારે ઇ.સ. ૧૯૦૩માં હોપવાચનમાળાની સુધારણા માટે રચેલી સમિતિના સંદર્ભમાં આચાર્યશ્રીએ 'વસંત'માં એ ચર્ચા કરી છે.

હોપવાચનમાળાની વિશિષ્ટતાઓ અને મર્યાદાઓ વિષેની ઉપર્યુકત ચર્ચામાંથી બે હકીકતો વેધક રીતે સ્પષ્ટ થાય છે, જે નીચે પ્રમાણે છે :

(૧) અધ્યેયકાલ દરમ્યાન વિદ્યાર્થીઓની કેળવણીમાં સારાં પાઠયપુસ્તકોના મહત્ત્વ વિશે સરકાર અને જનતા ઉભય પક્ષે ઉત્તરોત્તર જાગૃતિ વધતી જતી હતી અને,

(૨) સરકાર પક્ષે સારાં પાઠયપુસ્તકો તૈયાર કરાવવાના અને તેની મર્યાદાઓ સ્પષ્ટ થતી જાય તેમ તેમ, તેને સુધારતા રહેવાના પ્રયત્નો થતા રહેતા હતા.

પ્રાથમિક શાળાઓના શિક્ષણક્રમમાં, 'મુંબઇ હિંદ નિશાળ તથા પુસ્તક મંડળી'ના વહીવટ દરમ્યાન, શારીરિક શિક્ષણને સ્થાન મળ્યું નહોતું એની નોંધ આગળ લેવાઇ છે. પરંતુ કેળવણી-ખાતાની રચના થયા પછી એતદ્વિષયક શિક્ષણક્રમને શાળાઓમાં સ્થાન મળ્યું હશે, એમ દર્શાવતો સંદર્ભ રમણલાલ વસંતલાલ દેસાઇ (૧૮૯૨-૧૯૫૫)ની આત્મકથામાંથી પ્રાપ્ત થાય છે. એનો નિર્દેશ કરતાં ચરિતનાયક જણાવે છે કે "માસ્તર જાતે કસરત કરતા અને અમને કરાવતા. કવાયત કે ડ્રિલ ત્યારે ન હતી, દંડબેઠક અને કુસ્તી ખરાં"[૨૯] એ જ ચરિતનાયક આગળ જતાં એ જમાનાનું જનમાનસ પણ રમત આદિ બાબતોને પ્રતિકૂળ હતું એમ દર્શાવતાં નોંધે છે કે "એ સમયમાં રમત એ વડીલોનો પ્રિય વ્યવસાય તો નહોતો જ. રમતને અને ભણતરને તો બને જ નહિ એવી તે યુગની માન્યતા (હતી)......"[30] આ સંદર્ભો પરથી ઓગણીસમી સદીના અંતિમ દાયકાઓમાં કસરતને પ્રાથમિક શાળાઓના શિક્ષણક્રમમાં ગૌણ સ્થાન મળ્યું હશે, એમ કહી શકાય.

'મુંબઇહિંદ નિશાળ તથા પુસ્તક મંડળી'ના સમયમાં ચિત્રકલાના વિષયનો પણ અભ્યાસક્રમમાં સમાવેશ થતો નહોતો. શારીરિક શિક્ષણની જેમ એને અભ્યાસક્રમમાં

અધ્યેયકાલ દરમ્યાન સ્થાન હતું કે કેમ એનું નિર્ધારણ કરવા પૂરતાં પ્રમાણો ઉપલબ્ધ થતાં નથી. એ અંગેનો એક માત્ર નિર્દેશ કલાગુરુ રવિશંકર રાવળ (જ. ૧૮૯૨)ના આત્મકથાનકના પહેલા ખંડમાંથી મળે છે. સુમારે સન ૧૮૯૫-૯૬માં રાજકોટની ટ્રેઇનિંગ કોલેજની પ્રેક્ટિસિંગ સ્કૂલમાં એમણે શિક્ષકોને ચિત્રો દોરતા જોયેલા. એનો નિર્દેશ કરતાં તેઓ નોંધે છે કે "શિક્ષકોના ઓરડાઓમાં ફરતાંફરતાં મેં કેટલાકને રંગથી ભાતભાતનાં ચિત્રો કરતા જોયા. માનું છું કે તે વખતના ચિત્રગુરુ ઉસમાન જમાલ શિક્ષકોને ત્યાં ચિત્રકામ શીખવતા હશે."[31] પ્રાથમિક શિક્ષકો માટેનાં પ્રશિક્ષણ વિદ્યાલયોના શિક્ષણક્રમમાં ચિત્રકામને સ્થાન મળ્યું હોય, તો પ્રાથમિક શાળાઓમાં પણ તેને સ્થાન મળ્યું હોવાની કે નજીકના ભવિષ્યમાં મળનાર હોવાની સંભવિતતા નકારી શકાય નહિ.

ઓગણીસમી સદીના અંતિમ દાયકાના પ્રાથમિક શિક્ષણનાં સંસ્મરણો આલેખતાં રમણલાલ વસંતલાલ દેસાઇ એમની આત્મકથામાં નોંધે છે કે "તે સમયની પ્રાથમિક શાળાઓમાં આજની° માફક માટીના ગોળા બનાવી કે કાગળની કાપલીઓ કાપી હાથને સ્થિર બનાવવાનું શિક્ષણ સ્વીકાર પામ્યું ન હતું."[32] એના પરથી જણાય છે કે ઓગણીસમી સદીના અંત સુધી પૂંઠાકામ, માટીકામ જેવા ક્રિયાત્મક વિષયોને શિક્ષણક્રમમાં ખસૂસ સ્થાન નહોતું.

વીસમી સદીના પ્રારંભિક દાયકાઓમાં સુરતની છઠ્ઠા નંબરની નિશાળમાં અભ્યાસ કરતા ચન્દ્રવદન મહેતા (જ. ૧૯૦૧) એમની આત્મકથાના પ્રથમ ખંડમાં આ સ્તરના શિક્ષણક્રમની ઔપચારિકતા અને જડતા પર પ્રકાશ ફેંકે એવો એક રસપ્રદ કિસ્સો નીચે પ્રમાણે નોંધે છે :

> "અમારી એ છઠ્ઠા નંબરની નિશાળ નીચે મોટી વિશાળ પરશાળ હતી. .......
> ......ત્યાં એક બીજા માસ્તર હતા. નામે છબિલદાસ, જાતે શ્રાવક, સ્વભાવે જરા દયાળુ. તે એક દિવસ હેડમાસ્તરને મહામહેનતે સમજાવી આખી નિશાળને છેલ્લા કલાકમાં હાથી જોવા લઇ ગયા! ઘેર મામાજી કહેતા કે નિશાળના ઇતિહાસમાં એ અભૂતપૂર્વ બનાવ હતો. અસલ તો એમ કોઇ લઇ જાયજ નહિ - લઇ જવાય જ નહિ !"[33]


-----------

° પ્રકાશન વર્ષ : ઇ.સ. ૧૯૫૦.

ચાર્ટ નં. ૭

# ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણનો વિકાસ

(૧૮૫૮ - ૧૯૨૧)



હાથી જોવા જતાં છબીલદાસ માસ્તરે ઘાંટા પાડી પાડીને વિદ્યાર્થીઓને આપેલી જાતજાતની સૂચનાઓ, લોકોની કુતૂહલપૂર્ણ પૃચ્છા અને એ 'અભૂતપૂર્વ' ઘટના બનતાં ગાજી ઊઠેલા આખાય ગોપીપુરાનો ઉલ્લેખ ચરિતનાયકે આગળ જતાં કર્યો છે.[34] શિક્ષકોની કેળવણી વિષયક સંકલ્પના અને સમજ સહિત શિક્ષણક્રમની સંકુચિતતા પર આવી ઘટનાઓ વેધક પ્રકાશ ફેંકે છે.

આમ, અનેક મર્યાદાઓ હોવા છતાંય પ્રાથમિક શાળાઓને ક્રમિક વિકાસ પામતો સુઆયોજિત શિક્ષણક્રમ હતો, અને એ માટે મુકરર પાઠ્યપુસ્તકો પણ હતાં. અલબત્ત, અધ્યેયકાલ દરમ્યાન આ શિક્ષણક્રમ બહુધા વિષયકેન્દ્રી હતો અને બાળકોનો સર્વાંગીણ વિકાસ સાધે એ દૃષ્ટિએ તેનું આયોજન થયું નહોતું. એનાથી સમાજનો વિર્ધ્યુર્ગ અસંતુષ્ટ હતો અને એની ટીકાઓ પણ કરતો. પરંતુ ગામઠી શાળાઓના પૂર્વદર્શિત શિક્ષણક્રમ કરતાં તે ઘણી બધી બાબતોમાં ચડિયાતો હતો. બ્રિટિશ પદ્ધતિની શાળાઓ અને શિક્ષણનાં લોકપ્રિયતા અને વિકાસનું આ પણ એક કારણ હતું.

બ. <u>માધ્યમિક શિક્ષણસ્તર</u>: અધ્યેયકાલ દરમ્યાન ગુજરાતમાં અંગ્રેજી વિષયના અપવાદને બાદ કરતાં, એંગ્લોવર્નેક્યુલર કે મિડલસ્કૂલોનો શિક્ષણક્રમ અને પ્રાથમિક શાળાઓનાં છેલ્લાં ત્રણ ધોરણોનો અભ્યાસક્રમ એકરૂપ હતો, એની નોંધ પૂર્વે લેવાઇ ગઇ છે. પ્રાથમિક શાળાઓની પાંચમી, છઠ્ઠી અને સાતમી શ્રેણીનો અભ્યાસક્રમ મિડલસ્કૂલોમાં અનુક્રમે અંગ્રેજી પહેલી, બીજી અને ત્રીજી શ્રેણીમાં શીખવાતો. ચરિત્રસાહિત્યમાંથી ઉપલબ્ધ થતાં પ્રમાણોને આધારે પ્રાથમિક શાળાઓમાં શીખવાતા અભ્યાસક્રમની ચર્ચા અગાઉ થઇ ગઇ હોવાથી, અત્રે એનું પુનરાવર્તન અનુપયુક્ત લેખાય. એંગ્લોવર્નાક્યુલર કે મિડલસ્કુલોના માત્ર અંગ્રેજી વિષયને લગતા જે સંદર્ભો ચરિત્રસાહિત્યમાંથી મળે છે, તેને અવલંબીને મિડલ-સ્કુલોનો અંગ્રેજીનો શિક્ષણક્રમ કેવો હતો તે વિચારીશું. તદુપરાંત પ્રાથમિક શાળાઓ કરતાં આ શિક્ષણક્રમ જ્યાં જુદો પડતો હશે ત્યાં એની નોંધ લઇશું.

રવિશંકર રાવળ એમની આત્મકથાના પહેલા ખંડમાં એમના પિતાશ્રી મહાશંકરના શિક્ષણની વિગતો આપે છે. એના પરથી સુમારે ઇ.સ. ૧૮૮૦ના અરસામાં મિડલસ્કુલોના પહેલા ધોરણમાં પ્રાઇમર અને બીજા ધોરણમાં હાવર્ડની સેકન્ડ બુકનો બીજો ભાગ તથા પાઠમાળાનો પહેલો ભાગ શીખવાતો એવો સંકેત મળે છે.[35] એના પરથી એમ કહી શકાય કે પ્રારંભમાં પ્રાઇમર દ્વારા અમુક શબ્દભંડોળ અને વાક્યરચનાઓ શીખવ્યા પછી, બીજા

ધોરણમાં વ્યાકરણનું ઔપચારિક શિક્ષણ પણ શરૂ થતું હશે. રવિશંકર રાવળ ચાલુ સદીના પ્રથમ દાયકા દરમ્યાનના, પોતાના મિડલસ્કૂલ શિક્ષણની વિગતો પણ એમની આત્મકથામાં આપે છે. એમાં દર્શાવ્યા મુજબ "ત્રીજીઅંગ્રેજીમાં પાઠમાળા ભાગ બીજો અને એક અંગ્રેજી વાચનમાળા" દ્વારા એમને અંગ્રેજી શીખવાનું હતું અને "એમાં કવિ કાઉપરની 'વિન્ટર ઇવનિંગ' (શિયાળુ સાંજ) અંગ્રેજી કવિતાનો પરિચય કરવાનો હતો."[36] એ જ આત્મકથાના લેખક અંગ્રેજી ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓ પાસે અંગ્રેજીની કેવી સિદ્ધિ અપેક્ષિત હતી, એ દર્શાવતાં લખે છે કે "પાઠોનું અંગ્રેજી વાંચતાં આવડે, તેના પરથી તરજુમો કરતાં આવડે, સ્પેલિંગની ભૂલ વગરનું ડિક્ટેશન લખતાં આવડે અને એ જ પ્રમાણે કવિતાનો અર્થ કરતાં આવડે એટલે ચાલ્યું પણ અંગ્રેજીમાં વાત કરી ના શકીએ."[37] મિડલસ્કૂલના ત્રણ ધોરણોમાં મળતું અંગ્રેજીનું આટલું જ્ઞાન સંગીન ગણાય. એટલું જ્ઞાન ધરાવનાર વિદ્યાર્થીઓને અંગ્રેજી ધોરણ ચોથાથી હાઇસ્કૂલોમાં શરૂ થતા અંગ્રેજી માધ્યમ વિશે ભાગ્યે જ કોઇ ફરિયાદ રહેલી હશે.

પ્રાથમિક શિક્ષણ સ્તરના પાઠયક્રમની ચર્ચા કરતાં એ કક્ષાનું શિક્ષણ આપતી શાળાઓમાં ચિત્રકલાનું શિક્ષણ આપવામાં આવતું હશે કે કેમ એ અંગે કોઇ ચોકકસ નિર્ણય પર આવવાનું શકય બન્યું નહોતું. પરંતુ મિડલસ્કૂલમાં ચિત્રકલાને સ્થાન મળ્યું હોવાનાં પ્રમાણો પ્રાપ્ત થાય છે. અલબત્ત, આ પ્રમાણો ચાલુ સદીના પ્રારંભિક દાયકાઓનાં છે. રવિશંકર રાવળ એમના 'આત્મકથાનક'ના પહેલા ખંડમાં ભાવનગરની એંગ્લોવર્નાકયુલર શાળામાં બીજા ધોરણમાં પ્રવેશ મેળવ્યાનો ઉલ્લેખ કરીને લખે છે કે, "અહીં પહેલી જ વાર જાણ્યું કે અઠવાડિયામાં એક વાર ડ્રોઇંગનો એક કલાક આવે છે. તે વખતે વર્ગ-શિક્ષકો લાયબ્રેરીમાં જઇ છાપાં વાંચતા હોય કે ઝોકાં ખાતા હોય."[38] આગળ જતાં ચરિતનાયક એમની શાળામાં ડ્રોઇંગના વર્ગો શરૂ થયા હોવાનું એ પહેલું જ વર્ષ હતું એમ દર્શાવે છે.[39] એના પરથી જણાય છે કે ચિત્રકામનો મિડલસ્કૂલોમાં ચાલુ સદીના પ્રથમ દાયકામાં પ્રવેશ થવો હોવો જોઇએ. એ જ ચરિતનાયક આગળ જતાં લખે છે કે, "કેટલાક છોકરાઓને ડ્રોઇંગનો સમય મઝા માણવાનો હતો. તે વિષય પરીક્ષા માટે નહોતો છતાં જેવાં તેવાં કાગળ, પેન્સિલરબર લઇ બેસતાં, કારણ કે તેના માર્ક નંબર લેવામાં કામ લાગતા."[40] એ જોતાં ચિત્રકલાને શિક્ષણક્રમમાં ગૌણસ્થાન ઓગણીસમી સદીના પ્રારંભમાં મળ્યું, એમ માનવાને કારણ મળે છે. રમણલાલ વસંતલાલ દેસાઇની

આત્મકથામાંથી પણ, ચિત્રકામ સહિત વ્યાયામ અને અક્ષરલેખનને એ અરસામાં મિડલ-સ્કૂલના શિક્ષણક્રમમાં ગૌણ સ્થાન પ્રાપ્ત થયું હોવાનો નિર્દેશ પ્રાપ્ત થાય છે :

> "વ્યાયામ ચિત્રકામ અને અક્ષરલેખન એ ત્રણે અભ્યાસ ઉપરાંતના વિશિષ્ટ વિષયો અમને ત્યારે શિખવાતા. એમને અભ્યાસના વિભાગ કહેવા હોય તો પણ હરકત નથી. પરંતુ એ ત્રણે વિષયોની પરીક્ષા થતી હતી તે નામની જ, અને મુખ્ય પરીક્ષાને ઓછામાં ઓછી અસર કરે એવી. મોટે ભાગે એમાં સોએ સો. ટકા સફળ પરિણામ આવતું."[૪૧]

મિડલ-સ્કૂલ કક્ષાએ વ્યાયામને પણ વીસમી સદીના પ્રારંભમાં ગૌણ સ્થાન મળ્યું હોવાનું ઉપર્યુક્ત સંદર્ભમાંથી ફલિત થાય છે. પ્રાથમિક શાળાઓમાં પણ એની એ જ પરિસ્થિતિ હતી, જેની નોંધ આગળ લેવાઇ ગઇ છે. એ સાથે રમતો અંગે એ જમાનાનું જનમાનસ કેવું હતું એનો પણ ઉલ્લેખ કર્યો છે. રવિશંકર રાવળ પણ પોતાના મિડલ-સ્કૂલ શિક્ષણનાં વર્ષોને યાદ કરતાં, વીસમી સદીના પ્રારંભિક દાયકાઓમાં, બાળકોની રમતો અંગે વડીલો અને શિક્ષકોના વિચારો કેવા પ્રતિકૂળ હતા તે દર્શાવે છે :

> "બાળકોને રમતો માટે સગવડવાળી જગ્યા અને સમય તથા સાધનો આપવા જોઇએ એવો વિચાર આજે° પ્રચાર પામ્યો છે, પણ તે વખતે તો માબાપો, શિક્ષકો અને પાડોશીઓની ધમકીઓ વચ્ચે આ રમતપ્રકારો ચાલતા, એટલે સાથે સાથે ખાનગી ટોળીઓ, ગુંડાગીરી વગેરેનો ફાલ નીકળતો. દાવ આપવાનો વખત આવે ત્યારે ઉલાળિયો કરીને નાસી જવાનું સૂત્ર શહેરની ઘણી ટોળીઓના કેપ્ટનોએ સ્વીકાર્યું હતું. તેમાં મારામારીઓ પણ થતી."[૪૨]

ભાવનગરના સંદર્ભમાં દર્શાવવામાં આવેલા ઉપર્યુક્ત વિચારો અને એના ફલસ્વરૂપે પાંગરતી પેઢીમાં ફેલાતાં દૂષણો ગુજરાતના અન્ય વિસ્તારોને પણ સમાન રીતે લાગુ પડે છે. વાસ્તવમાં એ જમાનાના વડીલો અને શિક્ષકોએ બાળકોની પ્રકૃતિ અને એની જરૂરિયાતો તથા એ સંતોષવાના માર્ગો વિશે ઘણું ઓછું વિચાર્યું હતું. પરિણામે રમતો દ્વારા જે સદ્ગુણો પ્રગટવા જોઇએ તેને બદલે ઘણીવાર એ માટેના પૂરતા પ્રબંધ અને માર્ગદર્શનને અભાવે બાળકો કેટલાક દુર્ગુણોનો ભોગ બનતાં.

---

° કૃતિ પ્રકાશન વર્ષ : ૧૯૬૭

તળ ગુજરાતમાં અંગ્રેજી શાળાઓની સ્થાપનાનો પ્રારંભ ઇ.સ. ૧૮૪૨માં બોર્ડ ઓફ એજયુકેશનના વહીવટ દરમ્યાન થયો, એની નોંધ અગાઉ લેવામાં આવી છે. આવી સૌ પ્રથમ શાળા ઇ.સ. ૧૮૪૨માં સૂરત ખાતે સ્થપાઇ, પછી ધીમે ધીમે અમદાવાદ, વડોદરા, રાજકોટ, વગેરે જેવાં શહેરોમાં તેની સ્થાપના થવા લાગી. એ પહેલાં મુંબઇ ખાતે એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટયૂટમાં અંગ્રેજી શિક્ષણનો પ્રારંભ થઇ ચૂકયો હતો.

નર્મદ એના 'સ્વાત્મચરિત્ર'માં મુંબઇ ખાતેની એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટયૂટમાં પોતે મેળવેલા અંગ્રેજી શિક્ષણની વિગતો આપે છે. એના પરથી આ શાળાઓનો શિક્ષણક્રમ પ્રારંભમાં કેવો હતો તેની ઝાંખી થાય છે.

> "સને ૧૮૪૫ની ૬ઠ્ઠી જાનેવારીએ હું મારી ૧૧ વરસ ને ૪ મહિનાની ઉમ્મરે અંગ્રેજી સ્કૂલમાં દાખલ થયો. પ્હેલવ્હેલો મ્હારો માસ્તર શેખ મહંમદ નામે હતો...........એણે મને મેકલકની ફર્સ્ટ રીડિંગ બુકો વરસ દહાડા સુધી શિખાવ્યાં કીધી. પછી થર્ડરીડિંગ, મોરલકલાસ બુક, સીરિઝ આવ લેસન્સ, કોર્સ આવ રીડિંગ અને જિયોગ્રફીની ચોપડી વગેરે બમનજી પેસ્તનજી માસ્તર, જે હાલ વિલાયતમાં છે, તેણે શિખવી. .........મિ. ગ્રેહામ આલજિબ્રા ને જિયામેટ્રી ચલાવતો અને મિ. રીડ ટેલર્સ એનશિયટ તથા મોડરન હિસ્ટરી, માર્શમન્સ ઇંડિયા, પોએટ્રી ને કોમ્પોઝિશન ચલાવતો."[43]

નર્મદના સમયની માધ્યમિક શાળાઓમાં આમ અંગ્રેજી, બીજગણિત-ભૂમિતિ, ભૂગોળ, નીતિકથાઓ વગેરે વિષયોને શિક્ષણક્રમમાં સ્થાન મળ્યું હતું. નર્મદ આગળ જતાં ઇતિહાસનો પણ અભ્યાસક્રમમાં સમાવેશ થયો હોવાનો નિર્દેશ કરે છે. માતૃભાષા, વ્યાયામ, ચિત્રકલા વગેરે જેવા વિષયોને અંગ્રેજી કેળવણીના પ્રારંભમાં શિક્ષણક્રમમાં સ્થાન મળ્યું નહોતું, એ હકીકતની નોંધ અત્રે લેવી ઘટે. નર્મદની ઉપર્યુકત રજૂઆત પરથી અંગ્રેજી નિશાળોનાં બધા વિષયોના પાઠયપુસ્તકો અંગ્રેજીમાં હતાં અને શિક્ષણની બોધભાષા પણ અંગ્રેજીજ હતી એ પણ તરી આવે છે. નર્મદ ઉકત શિક્ષણક્રમ પરત્વે પોતાના વિદ્યાર્થી તરીકેના પ્રતિભાવો નીચેના શબ્દોમાં રજૂ કરે છે :

> "જયારે હું ઉપર કહેલી ચોપડીઓ શિખતો ત્યારે દેશનાં વર્ણન, કુદરતી દેખાવોનાં વર્ણન અને કવિતા વાંચતાં મને એક જુદી જ રીતનો આનંદ

થતો. તે દેશો કેવા હશે, ત્યાંની રમતોની કેવી મઝા હશે, પોએટ્રીના તર્કનો આનંદ મ્હારાં પોતાના તર્કનાં બિડાયલાં કમળને લાગતો, જો કે તે દિલમાં ઘણી વાર સુધી રહેતો નહીં. કેમ કે બાળપણમાં અનુભવ નહીં. આહા જ્યારે હું ટેલરની એનશંટ હિસ્ટરી શિખતો ત્યારે ઇજિપસ્યિન લોકોની રીતભાતનાં વર્ણન, ત્યાંની પિરમિડ, ત્યાંની નાઇલ વગેરેનાં વર્ણનથી ખરેખર મને કેવો આનંદ થતો ! "[૪૪]

અલબત્ત, ઉપર્યુકત અનુભવ એ નર્મદનો અંગત અનુભવ છે એમ છતાંય એના પરથી શિક્ષણક્રમમાં પ્રારંભથી જ વિદ્યાર્થીઓની કુતૂહલવૃત્તિને જાગૃત કરી એમને આનંદ આપે એવી કેટલીક બાબતોનો સમાવેશ થયો હતો, એમ કહી શકાય. અંગ્રેજી કવિતા કદાચ વિદ્યાર્થીઓની કક્ષા કરતાં વધારે ઊંચા પ્રકારની રહેતી હશે, એમ કહેવાનું પણ ઉપર્યુકત સંદર્ભના આધારે પ્રાપ્ત થાય છે.

'કવિજીવન' (નર્મદચરિત્ર)માં નવલરામ ચરિતનાયક નર્મદના સમયની માધ્યમિક શાળાઓના શિક્ષણક્રમની તુલના, એ કૃતિના પ્રકાશન (ઇ.સ.૧૮૮૭) સમયની માધ્યમિક શાળાઓના શિક્ષણક્રમ સાથે કરે છે. એના પરથી માધ્યમિક શિક્ષણ સ્તરના પ્રારંભિક શિક્ષણક્રમનો અને એમાં લગભગ સાડાચાર-પાંચ દાયકા દરમ્યાન થયેલા મહત્ત્વના ફેરફારોનો તાદૃશ ચિતાર પ્રાપ્ત થાય છે :

"અંગ્રેજી સ્કૂલોનું આથી કાંઇ તે વેળા જૂદું જ સ્વરૂપ હતું. એ સ્કૂલોમાં પાંચ વર્ષ ભણ્યા પછી જે જ્ઞાન મળતું તે હાલના મેટ્રિકયુલેટેડના જેટલું કુલ સરવાળે ગણાય, પણ એ બે જ્ઞાનની જાતિમાં બહુ ફેર છે. તે વેળા કરતાં હાલ અક્ષર, ઉચ્ચાર અને અનુલેખન ઉપર બહુ જ વધારે ધ્યાન અપાય છે. હાલ ચોથા ધોરણવાળા અક્ષર લખે છે તેવા તે વેળા કોલેજમાં જનારા પણ ભાગ્યે જ લખતા, અને વખતે તે જોડણીની પણ મોટી ભૂલો કરતા. એના બદલામાં ગણિતજ્ઞાન તે વેળાનું વધારે હતું. વર્ગસમીકરણ અને ભૂમિતિના છ સ્કંધ મનોયત્ન સહ તો બધી જ સ્કૂલોમાં શીખવાતા, અને સુરત જેવીમાં તો ગણિત શૂન્યલબ્ધિ પર્યંત ચાલતું જે હાલ એમ.એ.ના જ અભ્યાસમાં છે. ઇતિહાસ હિંદુસ્તાન અને ઇંગ્લાંડનો લગભગ હાલના જેટલો શિખવાતો, પણ જગતના પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસનાં ટેલરકૃત

બે મોટાં પુસ્તકો વધારામાં ખગોળાદિક વિદ્યાઓ હાલના કરતાં વિગત ભાગે થોડી અને સિદ્ધાંત ભાગે વધારે શિખવાતી. કોઈ કોઈ ઠેકાણે અર્થવિદ્યા પણ ચાલતી...... વળી, તે વેળાના અભ્યાસક્રમમાં અંગ્રેજી વાંચનની ચોપડીઓ હાલ કરતાં થોડી આવતી. અંગ્રેજી ગદ્ય કે પદ્યના શિષ્ટ ગ્રંથો તે વેળા સ્કૂલમાં ચાલતા નહિ. અગર જો હાલ ફાયદો જ કરે છે કે કેમ તે શક પડતું છે, કારણ કે બહુધા તો છોકરાની જ્ઞાનશકિતની ઉપરાંતના જ હોય છે, અને સાક્ષરત્વની કેળવણીમાં એ અવશ્યનું છે કે જે પુસ્તકો વાંચવા તે વેઠ દાખલ તૈયાર કરવાનાં નહિ, પણ સરળતાથી સમજાઈ જઈ રસ ઉપજાવે એવાં જોઈએ. બીજું, તે વેળા ઉપલા વર્ગ સિવાય ગુજરાતીનો અંગ્રેજીમાં તરજુમો કરાવતા નહિ, પણ અંગ્રેજીનું ગુજરાતીમાં શબ્દશઃ ભાષાંતર કરાવવા ઉપર જ મુખ્ય લક્ષ રહેતું. આ કારણથી અંગ્રેજી ભાષા સમજવાની શકિત સારી આવતી બલ્કે હાલ કરતાં કંઈક વધારે, પણ તે બોલવા લખવાનું સામર્થ્ય હાલ કરતાં થોડું."[૪૫]

નવલરામ (૧૮૩૬-૧૮૮૮) નર્મદ (૧૮૩૩-૧૮૮૬)ના સમકાલીન હતા, તેથી એ બન્નેએ એકસરખું શિક્ષણ પ્રાપ્ત કરેલું. વળી, એક શિક્ષણકાર હોવાથી નવલરામ આજીવન, શિક્ષણ વિષયક પ્રશ્નો અને પ્રવાહોના અભ્યાસી રહયા હતા, એટલે માધ્યમિક સ્તરની કેળવણીના પ્રારંભથી માંડી, સાડાચાર-પાંચ દાયકા દરમ્યાન તેમાં થયેલા મહત્ત્વના ફેરફારો વિશેનું નવલરામનું ઉપર્યુકત નિરીક્ષણ ખૂબ જ મહત્ત્વનું અને શ્રદ્ધેય ગણી શકાય. એના પરથી, ઉકત સમયગાળા દરમ્યાન માધ્યમિક શિક્ષણક્રમમાં આવેલાં મહત્ત્વનાં સંચલનો નીચે જેવાં જણાય છે.

૧. માધ્યમિક કેળવણીના પ્રારંભ સમયનો ઇતિહાસ, ગણિત વગેરે જેવા વિષયોનો શિક્ષણક્રમ ખૂબ ઊંડાણલક્ષી હતો. કદાચ તે એ સ્તરના વિદ્યાર્થીઓની કક્ષા બહારનો હતો. પરંતુ ધીમે ધીમે તેને સરળ બનાવવા તરફ કેળવણી-ખાતાનું વલણ ઢળતું જતું હતું.

૨. આ સ્તરે અંગ્રેજી ભાષાના શિક્ષણનું મહત્ત્વ વધતું જતું હતું. એનો શિક્ષણક્રમ દિન પ્રતિદિન વિસ્તીર્ણ અને નિઃસ્તીર્ણ બનાવવા તરફ કેળવણી ખાતાનો ઝોક

રહ્યો હોય એમ જણાય છે. વિશેષત: અંગ્રેજી ભાષા જાણનારા ગૌણ કક્ષાના અધિકારીઓની જરૂરિયાત સંતોષવાનો પ્રધાન ઉદ્દેશ તેની પાછળ રહ્યો હશે એમ કહેવાનું પ્રાપ્ત થાય છે. અંગ્રેજી ભાષા-સાહિત્યના પાઠયક્રમને ઉત્તરોત્તર માધ્યમિક અને ઉચ્ચ સ્તરની કેળવણીમાં એટલું બધું મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું કે વખત જતાં કેળવણી મેળવવી એટલે અંગ્રેજી ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરવું એવી માન્યતા સામાન્ય જનતામાં જોર પકડતી ગઈ.[૪૬] માધ્યમિક સ્તરના શિક્ષણક્રમમાં એક વિદેશી ભાષાની પ્રશિષ્ટ કૃતિઓનો સમાવેશ વિદ્યાર્થીઓની કક્ષા બહારનો હોઈ અતિમહત્ત્વાકાંક્ષી હતો, એમ પણ આના પરથી જણાય છે.

૩. નવલરામે તેમના ઉપર્યુકત નિરીક્ષણમાં ગુજરાતી ભાષા-સાહિત્યને માધ્યમિક સ્તરના શિક્ષણક્રમમાં કેવું અને કેટલું સ્થાન મળ્યું હતું એનો નિર્દેશ કર્યો નથી. હકીકતમાં, અંગ્રેજી કેળવણીનો પ્રારંભ થયા પછી ઘણા વખત સુધી, માધ્યમિક અને ઉચ્ચશિક્ષણના સ્તરે એકંદરે માતૃભાષાની ઉપેક્ષા થઈ છે. 'વીરનર્મદ'ના રચયિતા જણાવે છે તેમ એ સમયે ગુજરાતી ભાષાને તો કોઈ અભ્યાસપાત્ર જ ગણતું નહોતું.[૪૭] બ્રિટિશ કેળવણીના પ્રારંભ સમયે ગુજરાતી ભાષામાં સમૃધ્ધ ગધસાહિત્યનું સર્જન થયું નહોતું એ હકીકત છે. એનું સર્જન તો પશ્ચિમના શિક્ષણ અને સાહિત્યની અસર હેઠળ થયું. આમ છતાંય એ સમયે ગુજરાત પાસે મધ્યકાલીન પધસાહિત્યનો સમૃધ્ધ વારસો મોજૂદ હતો. પરંતુ એને એતદ્કાલીન શિક્ષણક્રમમાં સ્થાન અપાયું નહોતું. પશ્ચિમના જ્ઞાન, વિજ્ઞાન અને સાહિત્યને કેન્દ્રમાં રાખીને કંડારાયેલી શિક્ષણ યોજનામાં સામાન્ય રીતે પૌર્વાત્ય સાહિત્ય અને સંસ્કૃતિની અવહેલના જ થાય એ સમજી શકાય એમ છે.

૪. માધ્યમિક સ્તરના શિક્ષણક્રમમાં પણ વ્યાયામ, ચિત્રકલા આદિ વિષયોને ઘણા વખત સુધી સ્થાન મળ્યું હોય એમ જણાતું નથી. નવલરામે એના વિશે મૌન સેવ્યું છે. અન્ય ચરિતસાહિત્યમાંથી પણ પ્રારંભમાં એ વિષયોનો સમાવેશ શિક્ષણ-ક્રમમાં થયો હોય એવો નિર્દેશો પ્રાપ્ત થતા નથી. ઓગણીસમી સદીના છેલ્લા બે દાયકાઓ દરમ્યાન આ સ્તરના શિક્ષણક્રમમાં એ વિષયોને ગૌણ સ્થાન મળ્યું હોવાના ઉલ્લેખો અધ્યિતન સાહિત્યમાંથી મળે છે. એના પરથી આ સ્તરનો શિક્ષણક્રમ પણ બહુધા વિષયકેન્દ્રી જ રહ્યો હતો એમ માનવાને આધાર મળે છે.

સ્વાભાવિક રીતે જ આવો શિક્ષણક્રમ વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસ માટે અસમર્થ નીવડે એ સમજી શકાય એમ છે.

૫. આ સ્તરના શિક્ષણક્રમમાં ધર્મનીતિ આદિ વિષયક બાબતોને પ્રારંભમાં શિક્ષણક્રમમાં કેવું સ્થાન હતું એનો ઉલ્લેખ પણ નવલરામ કરે છે :

"અંગ્રેજી કે ગુજરાતી તે સમયની કેળવણી વિષે આ વાત પણ નોંધવા જોગ છે. એ બન્ને વાચનમાળાઓ સામાન્ય કે વ્યવહારી જ્ઞાનથી રહિત, પણ ધર્મનીતિ બોધક વાર્તા કે વિવેચનોથી જ ભરપૂર હોવાને લીધે બાળકોની ઉચ્ચ લાગણીઓ બહુ કેળવાતી, અને તે ધર્મ, નીતિ, તથા દેશસુધારાના ઉત્સાહી થઇ નીકળતા."[૪૮]

દેશસુધારાના કે સમાજસુધારણાના પ્રશ્નને લાગેવળગે છે ત્યાં સુધી નવલરામનું ઉપર્યુક્ત અવલોકન બિનવિવાદાસ્પદ ગણાય, પરંતુ ધર્મનીતિ સંબંધી બાબતોને પાઠ્યક્રમમાં સ્થાન મળ્યું હોવાનો અને એથી વિદ્યાર્થીઓની એતદ્વિષયક લાગણીઓ સારી રીતે કેળવાતી હોવાનો એમનો અભિપ્રાય થોડી સ્પષ્ટતા માગી લે છે. બ્રિટિશ કેળવણીના નિર્માતાઓએ અપનાવેલી 'ધાર્મિક તટસ્થતા'ની નીતિ તો જાણીતી છે. વાસ્તવમાં સમગ્ર બ્રિટિશ કેળવણી વિદ્યાર્થીઓમાં ધર્મશ્રદ્ધાનો હ્રાસ કરવામાં નિમિત્ત બની છે, એવા નિર્દેશો શ્રીમદ્ રાજચંદ્ર[૪૯] (૧૮૬૮-૧૯૦૧), ભાઇલાલભાઇ ધાભાઇ પટેલ[૫૦] (૧૮૮૮-૧૯૭૦ ) વગેરેનાં જીવનચરિત્રોમાંથી પ્રાપ્ત થાય છે. ફલતઃ એ ચારિત્ર્યઘડતરનું ધ્યેય સિદ્ધ કરવામાં નિષ્ફળ પુરવાર થઇ હોવાની માન્યતાનો નિર્દેશ આ અગાઉ કરવામાં આવ્યો છે.

માધ્યમિક સ્તરના વિદ્યાર્થીઓ માટેની વાચનમાળામાં સમાવિષ્ટ કરવામાં આવતા ધર્મનીતિ વિષયક પાઠોનું સ્વરૂપ કેવું હતું અને એની વિદ્યાર્થીઓના માનસ પર કેવી અસરો થતી તેનો આબેહૂબ ખ્યાલ નીચેના સંદર્ભ પરથી મળી રહે છે :

"એક હડકાયા કૂતરાને સામે આવતો જોઇ સાઇમને પોતાનો હાથ તેના મોંમાં ઘાલી કૂતરાને પકડયો અને અનેક લોકોને તેનો ભોગ થતા બચાવ્યા તે વાત હું હજી ભૂલ્યો નથી. આપણા દેશમાં તો ધર્મના ધજાગરા નીચે વસતા સમાજોએ હડકવાથી માણસોને નજર આગળ મરવા દીધા છે, બીજા ત્રાસ ચાલવા દીધા છે, જાનવરોને માટે માણસોના ભોગ આપ્યા છે. પરદેશગમનની આડખીલીઓ, બાળલગ્નો, વિધવાવિડંબન, કજોડાં,

અનારોગ્ય; વ્યર્થવરાઓ અને મૃત્યુભોજનો જેવાં અનિષ્ટો સામે ઝૂઝનારા સત્યનિષ્ઠો કેટલા પાકયા ? જયારે ઈંગ્લેંડ જેવા નાના દેશે દરેક ક્ષેત્રે સ્વાર્પણવીરોએ જીવનભરના જંગ ખેલી સ્ત્રી પારતંત્ર્ય, ગુલામી મજૂરીના કેર વગેરે સામે વિજય ફરકાવ્યા છે."[૫૧]

રવિશંકર રાવળે માધ્યમિક સ્તરના વિદ્યાર્થીઓના શિક્ષણક્રમમાં સ્થાન પામેલી ઓરીએન્ટલ સીરીઝના ચોથા ભાગમાં સમાવિષ્ટ 'સાઈમન એન્ડ ધી મેડ ડોગ'નો પાઠ શીખ્યા બાદ એમના મનમા ઉદ્‌ભવેલા વિચારો ઉપર્યુકત કિસ્સામાં વર્ણવ્યા છે. ધર્મનીતિ વિષયક આવા પાઠોને શિક્ષણક્રમમાં સ્થાન આપવા પાછળ વિદ્યાર્થીઓને પશ્ચિમને રંગે રંગવાનો ઉદ્દેશ હોય એમ જણાય છે. નવલરામ કહે છે તેમ, વિદ્યાર્થીઓની ધર્મનીતિ વિષયક લાગણી કેળવવાનો કેવળ પ્રમાણિક ઉદ્દેશ શિક્ષણક્રમ ઘડવા પાછળ અંતર્નિહિત હોત તો પ્રાચીન - મધ્યકાલીન ભારતના અનેક નરવીરોની ગૌરવવંતી સ્વાર્પણ કથાઓને પણ એમાં સ્થાન મળ્યું જ હોત !

ચરિત્તસાહિત્યને આધારે, માધ્યમિક સ્તરના શિક્ષણક્રમમાં પાછળથી થયેલા કેટલાક મહત્ત્વના ફેરફારો નીચે પ્રમાણે હતા, એમ જણાય છે :

૧. અંગ્રેજી ચોથા ધોરણથી, પૂર્વની પ્રશિષ્ટ ભાષાઓ - સંસ્કૃત અને ફારસી - ને શિક્ષણક્રમમાં સ્થાન પ્રાપ્ત થયું, એ એક મહત્ત્વનો ફેરફાર હતો. આ ભાષાઓને ગોવર્ધનરામ ત્રિપાઠી (૧૮૫૫-૧૯૦૭)ના માધ્યમિક શિક્ષણકાળ (૧૮૬૬-૧૮૭૧) દરમ્યાન એમાં સ્થાન મળ્યું હોવાનો નિર્દેશ એમના જીવનચરિત્રમાં થયો છે.[૫૨] કેટલીક શાળાઓમાં સંસ્કૃત કે ફારસી ઉપરાંત ફ્રેંચ ભાષા પસંદ કરવાનો પણ વિદ્યાર્થીને વિકલ્પ મળતો હતો. અલબત્ત, એનો આધાર મુખ્યત્વે શાળાની અનુકૂળતા પર રહેતો.[૫૩] આ કક્ષાએ વૈકલ્પિક ભાષાની પસંદગી અંગે વિદ્યાર્થીઓને ઘણી મૂંઝવણ રહેતી અને તે અંગે એમને શાળા તરફથી કે અન્યથા કોઈ વૈજ્ઞાનિક માર્ગદર્શન મળતું નહીં, એ હકીકતનો ઉલ્લેખ પણ કેટલાક લેખકોએ પોતાના આત્મવૃત્તાંતોમાં ભારપૂર્વક કર્યો છે. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી (જ. ૧૮૬૮) એમનાં 'સંસ્મરણો'માં એતદ્વિષયક નિર્દેશ નીચે પ્રમાણે કરે છે :

"ચોથા ધોરણમાં હાઈસ્કૂલમાં દાખલ થતાં મારે બીજી ભાષા તરીકે કઈ ભાષા પસંદ કરવી એ પ્રશ્ન ઊભો થયો. મારે ફારસી લેવું એમ મારા

મોટાભાઇએ ઠેરવ્યું. તેના કારણમાં તેમણે એમ કહ્યું : હું (મોતીલાલ) સંસ્કૃત જાણું છું તો આપણા કુટુંબમાં તે સિવાય બીજી ભાષા જાણનાર જોઇએ માટે તું ફારસી શીખ. મને એમની એ વિચાર ગમ્યો નહિ અને હમણાં સહેજસાજ નહિ જેવું સંસ્કૃત જાણું છું, તે સિવાય સંસ્કૃતના પરિચયથી હું વંચિત રહી ગયો. બાકી જેટલા આગ્રહથી મેં ફારસીનો અભ્યાસ કર્યો તેટલા આગ્રહથી હું સંસ્કૃતનો કરત એવી મારી ખાતરી છે."[૫૪]

સુમંત મહેતા (૧૮૭૭-૧૯૬૮) પણ પોતાની આત્મકથામાં બીજી ભાષા તરીકે એમણે ફારસીની પસંદગી શા માટે કરી હશે એ આજે કહી શકે તેમ નથી એમ દર્શાવે છે.[૫૫] ગાંધીજી (૧૮૬૯-૧૯૪૮) પણ 'સંસ્કૃતના વિષયમાં બધું ગોખવાનું' હોવાની માન્યતાને કારણે અને 'સંસ્કૃત શિક્ષક બહુ સખત' હોવાને લીધે અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં આવ્યા પછીય ફારસી લેવા લોભાયેલા અને 'સંસ્કૃતશિક્ષકના પ્રેમની અવગણના નહીં કરી શકવાથી' પુનઃ સંસ્કૃતના વર્ગો ભરતા થયેલા એવો ઉલ્લેખ એમની આત્મકથામાં કરે છે.[૫૬] રમણલાલ વસંતલાલ દેસાઇ પણ 'સંસ્કૃત શીખવું હોય તો પાછળથી ય શીખી શકાય', પરંતુ 'ફારસી તો શાળામાં જ શીખી શકાય' એવી માન્યતાથી પ્રેરાઇને અંગ્રેજી ચોથા ધોરણમાં એમણે ફારસી વિષય પસંદ કરેલો એમ જણાવે છે.[૫૭] ટૂંકમાં વૈકલ્પિક વિષયપસંદગીના આ નિર્ણાયક તબક્કે વિદ્યાર્થીઓ સ્પષ્ટ માર્ગદર્શનને અભાવે ઘણી મુશ્કેલી અનુભવતા. સંસ્કૃત ભાષા અઘરી હોવાની અને ફારસી સરળ હોવાની બિનવૈજ્ઞાનિક માન્યતાને કારણે ઘણા વિદ્યાર્થીઓ સંસ્કૃતના અભ્યાસથી વંચિત રહેતા હોવાનું અને પાછળથી એમાંથી નિપજતો પરિતાપ અનુભવતા હોવાનું પણ આમાંથી ફલિત થાય છે. આના પરથી ફારસી લેનારા હિંદુ વિદ્યાર્થીઓનું પ્રમાણ પણ ઘણું મોટું રહેતું એમ લાગે છે.

૨. અંગ્રેજી કેળવણીના પ્રારંભ સમયે હાઇસ્કૂલ કક્ષાના શિક્ષણક્રમમાં માતૃભાષાના શિક્ષણની ઉપેક્ષા થઇ હોવાની નોંધ અગાઉ લેવામાં આવી છે. ગોવર્ધનરામનાં હાઇસ્કૂલ શિક્ષણનાં વર્ષો (૧૮૬૬-૧૮૭૧) દરમ્યાન એ સમયની મેટ્રિકયુલેશનની પરીક્ષામાં ગુજરાતી ભાષા ફરજિયાત હોવાનો ઉલ્લેખ થયો છે.[૫૮] પરંતુ અધ્યેય-કાલના અંત સુધી અંગ્રેજી, સંસ્કૃત કે ફારસીને શિક્ષણક્રમમાં જે મહત્ત્વ આપવામાં

આવતું, તે માતૃભાષાને નહોતું મળ્યું, એ હકીકત છે. આગળ જતાં ઉક્ત પરીક્ષામાં માતૃભાષાને પરીક્ષાના વિષય તરીકે પણ સ્થાન રહ્યું ન હોવાના ઉલ્લેખો ચરિત્રસાહિત્યમાંથી મળે છે. કરુણાશંકર કુબેરજી ભટ્ટ (૧૮૭૩-૧૯૪૩) ઇ.સ.૧૯૦૮ થી ઇ.સ. ૧૯૧૫ દરમ્યાન પેટલાદની હાઇસ્કૂલના શિક્ષક હતા. એ સમય દરમ્યાન હાઇસ્કૂલ કક્ષાના શિક્ષણક્રમમાં માતૃભાષાના શિક્ષણક્રમનું સ્થાન અને એના શિક્ષણ પ્રત્યે શિક્ષકોનાં વલણો કેવાં હતાં, એની નોંધ એમના જીવનચરિત્રમાં આ પ્રમાણે લેવાઇ છે.

"આ સ્થળે એ જાણી લેવાની જરૂર છે કે અમારા વખતમાં બધા વિષયો અંગ્રેજી મારફત શિખવાતા હોવા છતાં, સર્વત્ર અંગ્રેજીનું પ્રભુત્વ હોવા છતાં, અને ગુજરાતી મેટ્રિકમાં પરીક્ષાનો વિષય ન હોવા છતાં - બીજી શાળાઓમાં તો ગુજરાતી શીખવવા પ્રત્યે ભાગ્યે જ કોઇ ધ્યાન આપતું - પેટલાદ હાઇસ્કૂલના વિદ્યાર્થીઓને ખાસ કરીને હોશિયાર વિદ્યાર્થીઓને - (કરુણાશંકર ભટ્ટના સાહિત્યપ્રેમ અને એ વિષય શીખવવાની શૈલીને કારણે) ગુજરાતીના વિષયમાં એટલો રસ પડતો કે તેઓ અંગ્રેજી તેમજ બીજા વિષયો કરતાં ગુજરાતીના અભ્યાસ પાછળ પોતાનો વધુ સમય ગાળતા. આ વાત હેડમાસ્તરને તેમજ બીજા શિક્ષકોને પસંદ પડતી નહિ અને આ વિદ્યાર્થીઓને તેઓ ઘણી વાર ઠપકો પણ આપતા."[૫૯]

આમ માતૃભાષાને શિક્ષણક્રમમાં અધ્યેયકાલના અંત સુધી ગૌણ દરજ્જાનું સ્થાન પ્રાપ્ત થયું હતુ અને એના અધ્યયન પાછળ સમય વ્યતીત કરતા વિદ્યાર્થીઓને બહુધા નિરુત્સાહિત કરવામાં આવતા એમ કહેવાને આધાર મળી રહે છે.

૩. માધ્યમિક કક્ષાના શિક્ષણક્રમમાં આગળ જતાં શારીરિક કેળવણીને મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત થયું હોય એમ જણાય છે. ગાંધીજી, રવિશંકર રાવળ તથા ચન્દ્રવદન મહેતાની આત્મકથાઓમાંથી આ હકીકતોનો નિર્દેશ મળે છે. ઉક્ત ત્રણેય આત્મ-કથાઓમાં ક્રિકેટમાં જોડાનારને કસરતમાંથી મુક્તિ મળતી હોવાનો ઉલ્લેખ પણ થયો છે. વળી, એમાં દેશી રમતોને સ્થાન મળ્યું હોય એવો નિર્દેશ પણ મળતો નથી. એમાં પણ અંગ્રેજી કેળવણી દ્વારા ભારતીય યુવકોના પશ્ચિમીકરણ તરફનો ઝોક જોવા મળે છે.

માધ્યમિક શાળાઓમાં શારીરિક શિક્ષણ આપનારા શિક્ષકો મોટે ભાગે બિનતાલીમી હતા અને તેથી વિદ્યાર્થીઓને કસરત અને ક્રિકેટની બાબતમાં વૈજ્ઞાનિક માર્ગદર્શન ભાગ્યે જ મળતું. આ કક્ષાએ પદ્ધતિસર શારીરિક શિક્ષણ દાખલ કરવા માટે શિક્ષકોને તાલીમ આપવા સૌ પ્રથમ ઇ.સ. ૧૯૧૩માં પૂનામાં એક વર્ગ ઉઘાડવામાં આવેલો એવો નિર્દેશ પ્રાણલાલ કીરપારામ દેસાઇના જીવનચરિત્રમાં થયો છે.[૬૦] ટૂંકમાં અધ્યેયકાલના ઉત્તરાર્ધમાં શારીરિક કેળવણીને માધ્યમિક સ્તરની શિક્ષણ સંસ્થાઓના શિક્ષણક્રમમાં ફરજિયાત વિષયનું સ્થાન મળવા છતાં એતદ્ વિષયક સંગીન શિક્ષણાનુભવો પૂરા પાડવાનું શકય બન્યું નહોતું એમ કહી શકાય.

૪. માધ્યમિક શાળાઓમાં વીસમી સદીના પ્રથમ દાયકામાં ચિત્રકલાના શિક્ષણને પાઠયક્રમમાં સ્થાન મળી ચૂકયું હોવાના નિર્દેશ રવિશંકર રાવળ તથા ઇન્દુલાલ યાજ્ઞિક (૧૮૯૨-૧૯૭૨)ની આત્મકથાઓમાંથી પ્રાપ્ત થાય છે. મિડલસ્કૂલ કક્ષાએ પણ આ જ અરસામાં ચિત્રકલાના શિક્ષણને પાઠયક્રમમાં સ્થાન પ્રાપ્ત થયું હતું એવી નોંધ તો આગળ લેવાઇ ગઇ છે.

અંગ્રેજી શાળાઓની સ્થાપના સમયના એના પ્રારંભિક શિક્ષણક્રમમાં અધ્યેયકાલના અંત સુધીમાં આમ કેટલાંક ઇષ્ટ પરિવર્તનો થતાં રહયાં હતાં, જેમ કે ગણિત જેવા વિષયોમાં વિદ્યાર્થીઓની કક્ષાને અનુરૂપ એવું પાઠયક્રમનું સરળીકરણ, પૂર્વના ભાષાસાહિત્યને એમાં અપાયેલું સ્થાન, શારીરિક કેળવણી, ચિત્રકલા આદિ વિષયોને એમાં પ્રાપ્ત થતું જતું મહત્ત્વ વગેરે. પરંતુ એની સમગ્ર ઝોક એકંદરે વિષયકેન્દ્રી જ હતો. ચંદ્રવદન મહેતા એમના હાઇસ્કૂલ શિક્ષણના સંદર્ભમાં ચાલુ સદીના પ્રારંભકાળ દરમ્યાનના આ સ્તબકના શિક્ષણક્રમના આવા વિષયકેન્દ્રી ઝોકની માર્મિક ટકોર નીચેના શબ્દોમાં કરે છે:

> "મને બરોબર યાદ છે. તે વખતે એક નેલ્સન કે એવી કોઇ 'રીડર' અંગ્રેજીમાં ચાલતી. એમાં જાપાનના 'કાઇટફલાઈંગ'નો પાઠ અમને ભણાવતા. એ વિષે એસે (નિબંધ) પણ લખાવતા. મૂઆ એ ભણાવનારાઓ ! ઘરઆંગણે ઉત્તરાયણ ઊજવવા ન દે અને જાપાનની મોટી મોટી વાતો અંગ્રેજીમાં પઢાવે ! ખરેખર ચાલુ સદીના પ્રારંભકાળનું ભણતર તો એક ફારસ સમાન જ હતું."[૬૧]

અધ્યેયકાલ દરમ્યાન માધ્યમિક સ્તરના શિક્ષણક્રમનો વિકાસ જોતાં જણાય છે કે, કેળવણી ખાતાની રચના પછી એને સંગીન ધોરણ પર મૂકવાના કેટલાક સંનિષ્ઠ પ્રયત્નો થયા હતા. વિશેષત: વિદ્યાર્થીઓની કક્ષાને લક્ષમાં રાખીને એનું સરળીકરણ કરવા તરફ લક્ષ અપાતું થયું હતું. વળી, એમાં પૂર્વની ભાષા-સંસ્કૃતિને સ્થાન આપવાનો પ્રયત્ન પણ થયો હતો. આમ છતાં એમાં વિશેષ વર્ચસ્વ તો શાસકોની ભાષા-સંસ્કૃતિનું જ હતું, એ હકીકત છે. અધ્યેયકાલના અંતિમ દાયકાઓમાં શારીરિક કેળવણી, ચિત્રકલા વગેરે જેવા વિષયોનો શિક્ષણક્રમમાં પ્રવેશ થયો હતો ખરો પરંતુ શિક્ષણક્રમનો આખો પિંડ મુખ્યત્વે માનસિક વિકાસને કેન્દ્રમાં રાખીને બંધાતો જતો હતો. ફલત: એવા વિષયોને શિક્ષણક્રમમાં ગૌણ દરજ્જો જ મળ્યો હતો. સરકારી નોકરીઓ માટે કારકુનો તૈયાર કરવાની દૃષ્ટિને લક્ષમાં રાખીને રચાતા શિક્ષણક્રમમાં, વિદ્યાર્થીઓનો સર્વાંગીણ વિકાસ સાધે એવી બાબતોને મહત્ત્વનું સ્થાન ન જ મળે એ એ તો દેખીતું છે.

બોર્ડ ઓફ એજ્યુકેશન (૧૮૪૦-૧૮૫૪)ના વખતમાં પાઠ્યપુસ્તક પ્રકાશન ક્ષેત્રે ખાનગી સાહસને ઉત્તેજન આપવામાં આવ્યું અને કેળવણી ખાતાના નિર્માણ પછી (ઇ.સ. ૧૮૫૪) પછી પાઠ્યપુસ્તકો તરીકે અને ઇતર શાલેય ઉપયોગ માટે, ખાનગી સાહસ તરફથી આવતાં પુસ્તકોની ચકાસણી કરી એને માન્યતા આપવા માટે 'પુસ્તક પરીક્ષક સમિતિ'ની પણ રચના કરવામાં આવી એ હકીકતનો ઉલ્લેખ આગળ થઇ ગયો છે. પાઠ્યપુસ્તકો તરીકે ખાનગી સાહસ દ્વારા નિર્મિત પુસ્તકોને માન્યતા આપવાનું ધોરણ સ્વીકારતાં વિવિધ શાળાઓમાં ભિન્ન ભિન્ન પાઠ્યપુસ્તકો ચાલતાં હોવાના ઉલ્લેખો પણ ચરિત્રસાહિત્યમાંથી મળે છે. વળી, સ્થળાંતરના કિસ્સાઓમાં એને લીધે વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓનો નિર્દેશ પણ કનૈયાલાલ મુનશી, મોરારજી દેસાઇ (જ. ૧૮૯૬) વગેરેની આત્મકથાઓમાં થયો છે.

બોર્ડ ઓફ એજ્યુકેશન દ્વારા પ્રણીત ખાનગી સાહસ દ્વારા પુસ્તક નિર્માણની ઉપર્યુક્ત નીતિને કારણે પુસ્તકલેખન અને પ્રકાશનમાં પ્રવેશેલા વ્યાપારીકરણનો નિર્દેશ 'ઉત્તર નર્મદ ચરિત્ર'માં થયો છે. એના પરથી ગુજરાતી પુસ્તકોની ગુણવત્તામાં થયેલા સંભવિત હ્રાસનો નિર્દેશ મળે છે. નર્મદ પોતાનું એતદ્‌વિષયક અવલોકન નીચેના શબ્દોમાં રજૂ કરે છે :

"બોર્ડ ઓફ એજ્યુકેશન' થયા પછી, ગુજરાતિ ભાષાનો શોધ કરવાને ઇંગ્રેજી

૩૬ ભણનારા વિદ્વાન એટલા તો થૈ પડયા છે, કે જાંણિયે મારવાડમાંથિ હજારો ટીડ ઊડીનેં ગુજરાતના ખેતરમાં બેઠાં દાણા ખાયા જ કરે છે. ..........અને જેંમ બોર્ડ નીશાળીયા અને મેતાજિ પરીક્ષા લે છે, તેંમ જ જો ગુજરાતિ ભાષાના વિદ્વાનની પરીક્ષા લે તો ખરેખરા વિદ્વાન કોક જ નીકલી શકે જેંની ઉંમર ગુજરાતી ભાષાના શોધમાં વીતી હસ્યે. પણ બાળપણાથી ઇંગ્રેજી ભણ્યા છે તેમાં આ દીવસ સુધિ એ કે નીકળસ્યે નહી, નેં કોય છેય નહી. એ મુખ્ય કારણ બોર્ડ સમઝવું જોઇયેં."[૬૨]

નર્મદ પોતાના એક કાવ્યમાં પણ બોર્ડની ઉપર્યુકત નીતિને લીધે 'મિથ્યા વિદ્યાભિમાની' પુસ્તકરચયિતાઓ દ્વારા શાલેય પુસ્તક નિર્માણ ક્ષેત્રે પ્રવેશેલા ઉપર્યુકત સડાનો નિર્દેશ કરી, માત્ર વિત્તપ્રાપ્તિ અર્થે જ પુસ્તકો રચતા વિદ્વાનોને ચીમકી પણ આપે છે. બાળકોના હિત ખાતર આ લોકનો નહિ તો પરલોકનો ડર રાખીને પણ કવિ એમને હલકી કોટિનાં પુસ્તકો રચી 'ધર્મભ્રષ્ટ' નહીં થવાની સલાહ નીચેના શબ્દોમાં આપે છે :


"અંગરેજી વિદ્યા અંગ, તેજી થઇ જનમથી,
ગુજરાતિ જરા શિખિ, લીધું દ્રવ્ય દીનમાં,
રાજીયા અમલ લઇ, છાજીયા હાજીયા તઈ,
ગાજીયા ગ્રંથો બનાવા, સંગ તેવા હીનમાં,
ભાષાનો પ્રકાશ કેવો, વાસ કેવો પાસ કેવો,
જાણે નહિ, તાંણે ગ્રહી, મૂરખ આકીનમાં,
આંધળો કાણાને દુઝે, કાણાને ન કાંઇ સૂઝે,
હૈયામાં ન બૂઝે ઝુઝે, સૂરતાના ચીનમાં,
..... ..... .....
હાથમાં લઇને શોટી વાતો તું કરી મોટી,
બાળકોનેં કાજ કાજ કોટી ચોટી નથી ચિત્તમાં,
ધરમથી થયો ભ્રષ્ટ જાસ્યે યાંધી થાસ્યે નષ્ટ,
પામીસ પરમ કષ્ટ રાખી હેત વિત્તમાં,
ઇયી તો થયો છે પોલો, તાં નથી બાપનો ખોળો,

ચાર્ટ નં. ૮


# • ગુજરાતમાં માધ્યમિક શિક્ષણનો વિકાસ •

(૧૯૦૦ - ૧૯૨૧)


૧૯૦૦ - ૧૯૦૧





૧૯૨૦ - ૧૯૨૧




શાળાઓ




૧૯૦૦ - ૧૯૦૧




૧૯૨૦ - ૧૯૨૧

વિદ્યાર્થીઓ

લાગસ્યે જમની ગોળી કો શીલા અંકીતમાં,
તારે કાજયે કહ્યું મેં તો હજી જો તું છાનો રે તો,
નથી તારું નામ લેતો કહ્યું એ તો પ્રીતમાં."[63]

૬. ઉચ્ચશિક્ષણસ્તર : ઇ.સ. ૧૮૫૪ના સર ચાર્લ્સ વુડના ખરીતાની એક મહત્ત્વની ભલામણ મુંબઇ, મદ્રાસ અને કલકત્તા ખાતે વિશ્વ વિદ્યાલયોની સ્થાપના કરવાને લગતી હતી જેનો નિર્દેશ આ પહેલાં કરવામાં આવ્યો છે. તદનુસાર શાહી ધારાસભાએ, ઇ. સ. ૧૮૫૭માં એક ખાસ અધિનિયમ દ્વારા મુંબઇ વિશ્વવિદ્યાલયની સ્થાપનાની ઉદ્દ્ઘોષણા કરી. આ વિશ્વવિદ્યાલયની રચના મુખ્યત્વે તત્કાલીન લંડનના વિશ્વવિદ્યાલયના બંધારણ અનુસાર કરવામાં આવી હોવાથી એનુ સ્વરૂપ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને જોડાણ આપતા વિશ્વવિદ્યાલયનું રહ્યું. અધ્યેયકાલ દરમ્યાન, ગુજરાત મુંબઇ પ્રાંતનો એક ભાગ હોવાથી, એના ઉચ્ચશિક્ષણનાં નિયોજન, નિર્દેશન અને નિયંત્રણનાં સૂત્રો પણ મુંબઇ વિશ્વ-વિદ્યાલયને હસ્તક રહયાં. આ સ્તરના શિક્ષણક્રમને પણ એ હકીકત સમાનપણે લાગુ પડે છે.

અધ્યેયકાલ દરમ્યાન, તળ ગુજરાતમાં અસ્તિત્વમાં આવેલી સર્વ પ્રથમ ઉચ્ચશિક્ષણની સંસ્થા તે અમદાવાદની ગુજરાત કોલેજ. એને ઇ.સ. ૧૮૭૯માં મુંબઇ વિશ્વવિદ્યાલય સાથે જોડાણ મળ્યું. ત્યારપછી, ઇ.સ. ૧૮૮૨માં વડોદરાની કોલેજે પણ એ વિશ્વ-વિદ્યાલય સાથે જોડાણ પ્રાપ્ત કર્યું. સૌરાષ્ટ્ર ખાતેની સર્વ પ્રથમ અને ગુજરાત ખાતેની ત્રીજી કોલેજની સ્થાપના ઇ.સ. ૧૮૮૫માં ભાવનગર ખાતે થઇ. આમ ઓગણીસમી સદીના અંત સુધીમાં તળ ગુજરાતમાં ઉચ્ચશિક્ષણની ત્રણ સંસ્થાઓ હતી. ઇ.સ. ૧૯૦૧માં જૂનાગઢ ખાતે બહાઉદ્દીન કોલેજ અને ઇ.સ. ૧૯૧૮માં સુરત ખાતે એમ. ટી. બી. કોલેજની સ્થાપના થતાં અધ્યેયકાલના અંત સુધીમાં ગુજરાત ખાતે ઉચ્ચ શિક્ષણની કુલ પાંચ સંસ્થાઓ સ્થપાઇ ચૂકી હતી. આ બધી સંસ્થાઓ, મુંબઇ વિશ્વવિદ્યાલય સાથે સંલગ્ન હોવાથી એના શિક્ષણક્રમ એકરૂપ હતા.

અધ્યેયકાલ દરમ્યાન મુંબઇની એલ્ફિન્સ્ટન કોલેજ અને પૂનાની ફર્ગ્યુસન કોલેજનું શિક્ષણ ઉત્કૃષ્ટ ગણાતું અને ગુજરાતમાં તેની સારી પ્રતિષ્ઠા હતી. ફલતઃ સમગ્ર અધ્યેયકાલ દરમ્યાન આ કોલેજો પણ ગુજરાતી યુવકોનાં શિક્ષણ-કેન્દ્રો બની રહેલી એ સિવાય મુંબઇની વિલ્સન અને સેંટ ઝેવિયર્સ કોલેજોમાં પણ ઘણા ગુજરાતી યુવકોએ શિક્ષણ

પ્રાપ્ત કરેલું. કેટલાક ગુજરાતીઓએ ઉપર્યુકત કૉલેજોમાં અધ્યાપક તરીકે પણ કામ કરેલું. એમની આત્મકથાઓ અને જીવનચરિત્રો પરથી, મુંબઇ વિશ્વવિદ્યાલયના અધ્યેયકાલ દરમ્યાનના શિક્ષણક્રમની કેટલીક હકીકતો સાંપડે છે.

મુંબઇ વિશ્વવિદ્યાલયની સ્થાપના તો ઇ.સ. ૧૮૫૭માં થઇ, પરંતુ તે પહેલાં મુંબઇ ખાતે ઉચ્ચ શિક્ષણનો પ્રારંભ થઇ ચૂકયો હતો, એની પણ અત્રે નોંધ લેવી ઘટે. જેના નેતૃત્વ હેઠળ 'મુંબઇ નેટિવ એજ્યુકેશન સોસાયટી'ની પ્રવૃત્તિઓનો વિકાસ અને વિસ્તાર થયો, એવા ઉદારચરિત સજ્જન લૉર્ડ એલ્ફિન્સ્ટન ઇ.સ.૧૮૨૭માં સોસાયટીમાંથી નિવૃત્ત થતાં એમના પ્રત્યેની શુભ ભાવનાથી પ્રેરાઇને દેશીજનોએ એમની સ્મૃતિ કાયમ રાખવા એક મોટું ફંડ એકત્ર કરેલું. એમાંથી ઇ.સ. ૧૮૩૫માં એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટયુશનની સ્થાપના કંપની સરકારની સંમતિ પ્રાપ્ત થતાં થયેલી. આગળ જતાં એમાં ઉચ્ચકેળવણી આપવાનો પ્રબંધ થયો હતો. મુંબઇ વિશ્વવિદ્યાલયની સ્થાપના થતાં એનો 'પ્રેઝિડન્સી કૉલેજ' તરીકે વિકાસ થયો.

એલ્ફિન્સ્ટન કૉલેજના શિક્ષણક્રમમાં પ્રારંભમાં કયા કયા વિષયોનો સમાવેશ થયેલો તેનો નિર્દેશ મોહનલાલ રણછોડદાસ ઝવેરીના 'આત્મકથન'માં નીચે પ્રમાણે જોવા મળે છે :

> "એ રીતે કૉલેજમાં કુલ ત્રણ વરસ ને અગીઆર માસ મેં અભ્યાસ કર્યો, તે દરમ્યાન મારા ઘણા શિક્ષકો થઇ ગયા. લીટરેચર ને પોલીટીકલ ઇકોનોમી શીખવવામાં બે જણા વારાફરતી થયા. પ્રોફેસર હારકનેસ પ્રોફેસર ગ્રીન (મારા સુરતના હેડમાસ્તર), ગણિત વિષય ને ખગોળ-વિદ્યાના શીક્ષક પ્રોફેસર ઓરલીબાર - ત્યારપછી પ્રોફેસર પાટનને પ્રોફેસર મેકડૂગલ ને છેલ્લે દાદાભાઇ નવરોજી , ઇતિહાસ ભૂગોળ શીખવનારમાં પ્રોફેસર હૅન્ડરસન ને પ્રોફેસર રીડ, ને રસાયનશાસ્ત્ર તથા વનસ્પતિશાસ્ત્ર શીખવનાર પ્રથમ મી. બેલ અને પછી ડાકટર ઝીરો. સંસ્કૃત ફારસી વગેરે કલાસીકલ ભાષાના શીક્ષક કૉલેજમાં ન હોવાથી પહેલા વર્ગની નોરમલ સ્કોલરશીપ મેળવવામાં હું કે મારા સોબતીઓ.............વગેરે કોઇ પણ ફત્તેહમંદ થયા નહીં."[૬૪]

મોહનલાલ ઝવેરીએ ઇ.સ. ૧૮૪૫ થી ઇ.સ. ૧૮૫૦ દરમ્યાન એલ્ફિન્સ્ટન

કૉલેજમાં અભ્યાસ કરેલો.[65] એટલે અત્રે રજૂ કરેલો ઉપર્યુક્ત સંદર્ભ મુંબઈ વિશ્વ-વિદ્યાલયની સ્થાપના થતા પહેલાના ઉચ્ચકેળવણીના શિક્ષણક્રમનો નિર્દેશ કરે છે. એના પરથી જણાય છે કે ઉચ્ચકેળવણીનો શિક્ષણક્રમ એકંદરે ચાર વર્ષનો હતો અને એમાં ઘણા વિષયોનો સમાવેશ થતો હતો. વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય આદિનું સંમિશ્રિત શિક્ષણ ત્યારે અપાતું અને વિવિધ વિદ્યાશાખાઓના શિક્ષણક્રમ વચ્ચે ચુસ્ત ભેદરેખાઓ ત્યારે દોરાઈ ન હતી. ઇ.સ. ૧૮૫૦ના જુનમાં એ કૉલેજમાં દાખલ થનાર નર્મદ પણ પ્રથમ વર્ષ દરમ્યાન ગણિત, ત્રિકોણમિતિ, રસાયણશાસ્ત્ર, પોલીટીકલ ઇકોનોમી, લૉજીક આદિ વિષયોનો શિક્ષણક્રમમાં સમાવેશ થતો હોવાનો નિર્દેશ કરે છે.[66]

ઉપર્યુક્ત કાલખંડના શિક્ષણક્રમની બીજીય એક વિશેષતા નોંધપાત્ર છે. તે સમયે શિક્ષણક્રમની વહેંચણી આજની જેમ પ્રિ.યુનિવર્સિટી વર્ષ, પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષ એ રીતે ચાર વર્ષોના નિયતકાલમાં થઇ નહોતી. પરંતુ ચાર કક્ષાની શિષ્યવૃત્તિઓના વર્ગોમાં થઈ હતી. એ હકીકતનો ઉલ્લેખ કરતાં નર્મદ જણાવે છે કે, "હમારી વખતમાં કૉલેજમાં ચાર પંક્તિની સ્કાલરશીપ હતી - કલેર દસ રૂપિયાની, ઉવેસ્ટ પંદરની, સેકંડ નારમલ વીસની અને ફર્સ્ટ નારમલ ત્રીસ રૂપિયાની."[67] કૉલેજની પ્રવેશક પરીક્ષામાં પસાર થનારને રૂપિયા દસની શિષ્યવૃત્તિ મળતી અને તેને 'કલેર સ્કૉલર'ના વર્ગમાં પ્રવેશ મળતો. મોહનલાલ ઝવેરી અને નર્મદ બન્નેએ અનુક્રમે ઇ.સ. ૧૮૪૫ અને ઇ.સ. ૧૮૫૦માં 'કલેર'ની ઉમેદવારી કરી એમાં સફળતા પ્રાપ્ત કરી 'કલેર' શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરેલી. વિદ્યાર્થીને આપવામાં આવતા પ્રમાણપત્રોમાં પણ એણે ઉપર્યુક્ત શિષ્યવૃત્તિઓમાં પ્રાપ્ત કરેલી સિદ્ધિનો નિર્દેશ કરવામાં આવતો.[68] વળી, વિદ્યાર્થી પોતાની ક્ષમતા અનુસાર સામાન્ય રીતે વર્ષમાં બે વાર યોજાતી ઉપલા-ક્રમની પરીક્ષા પસાર કરી બઢતી મેળવી શકતો. મોહનલાલ ઝવેરીના 'આત્મકથન'માં એનો પણ ઉલ્લેખ થયો છે. રૂપિયા દસની 'કલેર સ્કૉલરશીપ' પ્રાપ્ત કર્યા પછી તેમણે મેળવેલી ઉત્તરોત્તર બઢતીનો નિર્દેશ કરતાં તેઓ નીચે પ્રમાણે નોંધ લે છે :

> "સ્કૉલરશીપ રૂ.૧૦ના પગારની દોઢ વરસ સુધી ચાલી, અને તા.૧લી જાનેવારી ૧૮૪૭થી મને વેસ્ટ સ્કૉલરશીપ રૂ.૧૫/-ના પગારની મળી. હું સને ૧૮૪૬માં એ સ્કૉલરશીપની પરીક્ષામાં પાસ થયો. ત્યાર પછી એ જ વરસના જુન માસમાં મેં નૉરમલ સ્કૉલરશીપની પરીક્ષા

M. S. UNIVERSITY OF BARODA



આપી ને તેમાં પાસ થયો એટલે રૂ.૨૦ના પગારની સેકંડકલાસ નોરમલ સ્કોલરશીપ મળી. તે સને ૧૮૫૦ના મેની આખર લગી ચાલી. તા.૧લી જુન ૧૮૫૦થી એલ્ફીન્સ્ટન ઇસ્ટીટયુશનમાં આસીસ્ટંટ માસ્તરની જગા રૂ.૪૦ના પગારથી મળી."[૬૯]

ઉપર્યુકત સંદર્ભ પરથી એમ ફલિત થાય છે કે દરેક વિદ્યાર્થી માટે અમુક કક્ષાના વર્ગમાં, નિશ્ચિતકાલ પસાર કરવો જરૂરી નહોતો. વર્ષમાં બે વખત લેવાતી વિવિધ કક્ષાની શિષ્યવૃત્તિ-પરીક્ષા આપી તેમાં સફળતા પ્રાપ્ત કરતાં તે ઉપલા વર્ગમાં બઢતીને પાત્ર ગણાતો.

એક વખત સ્કોલરશીપ મેળવ્યા પછી અભ્યાસ છોડી દઇ પુન: એજ વર્ગમાં પ્રવેશ ઇચ્છતા વિદ્યાર્થીને 'પેઇંગ સ્ટુડંટ' તરીકે નિયત ફી લઇ પ્રવેશ આપવામાં આવતો પરંતુ ઉપલા વર્ગની શિષ્યવૃત્તિ પરીક્ષા પસાર કરતાં એને ફી આપવાની રહેતી નહીં.[૭૦]

નર્મદ પોતાની આત્મકથામાં દર્શાવે છે કે ઇ.સ. ૧૮૫૦માં પોતે પરીક્ષામાં સામેલ થયો ત્યારે "કલેરની ઉમેદવારીમાં ઘણા જણા હતા તેમાં અગિયાર જણ પાસ થયા."[૭૧] એ ઉપરાંત મોહનલાલ ઝવેરી પણ પહેલા વર્ગની નોરમલ પરીક્ષાઓ લેવા "ડાૅ. વિલસન જેવા કાબેલ પુરૂષો કોલેજમાં આવતા. તેની પરીક્ષામાં કોઇ પણ ઉમેદવાર કાચા અભ્યાસી હોવાથી પાસ થતા નહીં" એમ નોંધે છે. એના પરથી જણાય છે કે પરીક્ષકોની પરીક્ષ્યો પાસેની અપેક્ષાઓ ઘણી ઊંચી હતી. ફલત: ચારેય શિષ્ય-વૃત્તિઓનો ઉકત શિક્ષણક્રમ સઘન અને સંગીન હશે, એમ માનવાને આધાર પ્રાપ્ત થાય છે.

આમ, એલ્ફિન્સ્ટન કોલેજનો પ્રારંભિક શિક્ષણક્રમ ઉચ્ચ કોટિનો હતો પરંતુ હજુ એમાં અર્વાચીન ભારતીય ભાષાઓને સ્થાન મળ્યું નહોતું એ હકીકતની નોંધ લેવી રહી. સંસ્કૃત, ફારસી જેવી પ્રશિષ્ટ ભાષાઓને શિક્ષણક્રમમાં સ્થાન મળવા છતાં એ ભાષા શીખવનાર શિક્ષકોને અભાવે વિદ્યાર્થીઓને ખાનગી ધોરણે શાસ્ત્રીઓ કે મુનશીઓ પાસે એ ભાષાઓ શીખવા જવાનું રહેતું.[૭૨]

એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટયુટનો ઉચ્ચશિક્ષણનો ઉપર્યુકત શિક્ષણક્રમ મુંબઇ વિશ્વવિદ્યાલયની સ્થાપના (ઇ.સ.૧૮૫૭) થતા સુધી અમલમાં રહયો. મુંબઇ વિશ્વવિદ્યાલયની સ્થાપના થયા બાદ ઉચ્ચ શિક્ષણ આપતી કોલેજોએ એની સાથે જોડાણ મેળવ્યું અને બધેજ એક સરખો શિક્ષણક્રમ અમલમાં આવ્યો.

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

M. S. UNIVERSITY OF BARODA



કાલક્રમની દૃષ્ટિએ, મુંબઇ વિશ્વવિદ્યાલયના શિક્ષણક્રમનો સૌ પ્રથમ નિર્દેશ 'શ્રીયુત ગોવર્ધનરામ'માંથી પ્રાપ્ત થાય છે. ગોવર્ધનરામ, ઇ.સ. ૧૮૭૨માં એલ્ફિન્સ્ટન કોલેજમાં દાખલ થયા તે વખતે, મુંબઇ વિશ્વવિદ્યાલયનો શિક્ષણક્રમ કેવા પ્રકારનો હતો એ હકીકતનો નિર્દેશ એમના જીવનચરિત્રમાં આ પ્રમાણે થયો છે :

> "તે વખતે કોલેજનો શિક્ષણક્રમ હાલની પેઠે ચાર વર્ષનો નહોતો પણ ફકત ત્રણ વર્ષનો હતો, તેમ કોલેજમાં ગયા પછી બે જ પરીક્ષા દોઢ દોઢ વર્ષે આપવાની હતી - પહેલી એફ.ઇ.એ.ની અને બીજી બી.એ.ની. આ પરીક્ષામાં પાસ થનારા વિદ્યાર્થીઓના હાલની પેઠે ત્રણ વર્ગ પાડવામાં આવતા નહિ, પરંતુ પહેલો વર્ગ અને બીજો વર્ગ એમ બે વર્ગ પાડવામાં આવતાં. ........... આ સિવાય એલ્ફિન્સ્ટન કોલેજમાં બહારના - ઇતર - વાચનની એક જુદી પરીક્ષા લેવાતી. તેને માટે યુનિવર્સિટીએ નહિ નીમેલા છતાં સાહિત્યમાં ઉત્તમ ગણાતા એવા ગ્રન્થો પસંદ કરવામાં આવતા. આ પરીક્ષામાં જે વિદ્યાર્થીઓની ઇચ્છા હોય તેઓ જ બેસતા, બધાને ફરજિયાત બેસવાનું ન હતું. એમાં ઊંચે નંબરે પાસ થનારને ઇનામ કે શિષ્યવૃત્તિ આપવામાં આવતાં. ગોવર્ધનરામ આ પરીક્ષામાં ખાસ કરીને સારે નંબરે પાસ થતા"[૭૩]

મુંબઇ વિશ્વવિદ્યાલયના સ્નાતક કક્ષાના, બે પરીક્ષાઓ ધરાવતા આ ત્રિવાર્ષિક શિક્ષણક્રમની સાથે તેની ઇતરવાચનની પરીક્ષાની પણ ખાસ નોંધ લેવી ઘટે. પૂર્વ અને પશ્ચિમના શિષ્ટ સર્જનાત્મક અને ચિંતનાત્મક ગ્રંથોનું પર્યેષક બુદ્ધિથી અવલોકન કરી, ગુજરાતના સાહિત્ય અને સંસાર-સુધારાના ક્ષેત્રોને નવી દૃષ્ટિ અને નવાં મૂલ્યો બક્ષી ઉભયક્ષેત્રે નવી કેડી પાડનાર, પંડિત યુગના સમર્થ સારસ્વતોની મહામૂલી ભેટ ગુજરાતને ચરણે ધરવામાં વિશ્વવિદ્યાલયના સમગ્ર શિક્ષણક્રમ સાથે ઉકત ઇતરવાચનની પરીક્ષાઓ પણ નિમિત્ત બની હશે, એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

ગોવર્ધનરામના કોલેજ શિક્ષણનો ઉલ્લેખ કરતાં, ચરિતલેખક એ સમયના શિક્ષણક્રમ વિશે કેટલીક સંગીન વિગતો પણ આપે છે :

> "ગોવર્ધનરામને કોલેજમાં નીચેનાં પુસ્તકો શીખવાનાં હતાં. જોન્સનની 'લાઇવ્ઝ ઓફ ધી પોએટ્સ', સર વોલ્ટર સ્કોટની રસભરી નવલકથા 'ટેલિસ્માન',

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

કવિવર મિલ્ટનનું 'પેરેડાઇઝ લૉસ્ટ' ભાગ ૫-૬, ટૅામ્સનની 'સીઝન્સ', મહાન વિચારક બેકનનું 'એડવાન્સમેન્ટ ઑફ લર્નિંગ', એડિસનના સુંદર 'એસેઝ' સ્પેન્સરની 'ફેરી કવીન', અને ઈંગ્લૅન્ડના અદ્વિતીય કવિ શેક્સપિયરનાં નાટકો : આટલા પુસ્તકો અંગ્રેજી અભ્યાસ માટે હતાં. સંસ્કૃતમાં નાગાનન્દ, ભર્તૃહરિશતક, હિતોપદેશ, શાકુન્તલ, ઉત્તરરામ-ચરિત, માલતીમાધવ, રામાયણ વગેરે ગ્રન્થો હતા. બી.એ.માં ઐચ્છિક વિષય તરીકે ઇતિહાસ, અર્થશાસ્ત્ર, ન્યાય અને નીતિશાસ્ત્ર એમણે પસંદ કર્યા હતા. તે વખતે ગણિતનો વિષય બી.એ.માં - ફરજિયાત હતો. એકંદર તે વખતનો બી.એ.નો અભ્યાસક્રમ હાલના કરતાં વધારે લાંબો અને વધારે અઘરો હતો એમ ગોવર્ધનરામ પોતે કહેતા."૭૪

બ્રિટિશ શાસકોને, આ દેશના વહીવટમાં મદદગાર થાય તેવા અંગ્રેજી જાણનારા સરકારી કર્મચારીઓ અને અધિકારીઓ મળી રહે એવી દૃષ્ટિને કેન્દ્રમાં રાખીને રચાયેલા શિક્ષણક્રમમાં વિશ્વવિદ્યાલય-સ્તરે પણ અંગ્રેજી ભાષાસાહિત્યનું વિશેષ વર્ચસ્વ હોય એ સમજી શકાય એમ છે. ગોવર્ધનરામના સમયનો ઉપર્યુક્ત શિક્ષણક્રમ જોતાં એમાં અંગ્રેજીને અપાયેલું પ્રભુત્વ, એની રચના પાછળ રહેલી ઉક્ત દૃષ્ટિનું સમર્થન કરે છે. પશ્ચિમની વિદ્યા અને સાહિત્યની સાથે પૌર્વાત્ય વિદ્યાઓ અને ભાષાસાહિત્યનેય ઉચ્ચસ્તરના શિક્ષણક્રમમાં સંગીન સ્થાન મળવું જોઇએ, એવા પ્રબળ બનતા વિચારપ્રવાહની અસર પણ ઉપર્યુક્ત શિક્ષણક્રમમાં જણાઇ આવે છે. ગોવર્ધનરામના હાઇસ્કૂલશિક્ષણનાં વર્ષો (૧૮૬૬-૧૮૭૫) દરમ્યાન માધ્યમિક-સ્તરના શિક્ષણક્રમમાં પણ બીજી ભાષા તરીકે સંસ્કૃત અને ફારસીને પહેલવહેલું સ્થાન મળ્યું હતું એનો ઉલ્લેખ આ અગાઉ કરવામાં આવ્યો છે. એ જોતાં ઉચ્ચસ્તરના શિક્ષણક્રમમાં પણ એ વિષયોને ઇ.સ. ૧૮૭૦ના અરસામાં સ્થાન પ્રાપ્ત થયું હશે, એવું અનુમાન થઇ શકે. માતૃભાષા- ગુજરાતીને હજુ આ સ્તરના શિક્ષણક્રમમાં ફરજિયાત કે વૈકલ્પિક એવું કોઇ સ્થાન પ્રાપ્ત થયું નથી એવી નોંધ લેવી રહી.

ગોવર્ધનરામના સમયનો ઉપર્યુક્ત શિક્ષણક્રમ જોતાં સ્નાતક કક્ષાએ ઐચ્છિક વિષયો લેવાની પરિપાટી સ્થપાઇ ચૂકી હોવાનો નિર્દેશ મળે છે, પરંતુ એ સમયે એક મુખ્ય

અને એક ગૌણ એમ બે વિષયોને બદલે વધારે વિષયો પસંદ કરવાના હતા એમ પણ જણાય છે. વળી, ગણિતનો બી.એ.ના શિક્ષણક્રમમાં ફરજિયાત વિષય તરીકે થતો સમાવેશ વિજ્ઞાન, વિનયન અને વાણિજ્ય આદિ વિદ્યાશાખાઓના શિક્ષણક્રમમાં ચુસ્ત ભેદરેખા ન હોવાનું સૂચવે છે. ઉક્ત શિક્ષણક્રમમાં સમાવિષ્ટ વિષયો અને ગ્રંથો જોતાં તેની સમૃદ્ધિનો પણ અણસાર મળે છે. ગોવર્ધનરામ કહે છે, તેમ તે લાંબો અને અઘરો હતો એમ પણ કહેવાનું પ્રાપ્ત થાય છે.

ગોવર્ધનરામના સમયના મુંબઈ વિશ્વવિદ્યાલયના સ્નાતક કક્ષાના ઉપર્યુક્ત શિક્ષણક્રમની કેટલીક જોગવાઈઓ અધ્યેયકાલ પર્યંત (ઈ.સ. ૧૯૨૦) ચાલુ રહી હોવાનાં તો કેટલીકમાં ફેરફાર થયો હોવાનાં પ્રમાણો ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. નીચે તેનું સંક્ષેપમાં નિરૂપણ કરવામાં આવ્યું છે :

૧. ગોવર્ધનરામના કૉલેજશિક્ષણકાલ (ઈ.સ.૧૮૭૨-૭૪) પછી સ્નાતક કક્ષાના થયેલો મહત્ત્વનો ફેરફાર તેની કાલમર્યાદાને લગતો છે. ગોવર્ધનરામના ઉપર્યુક્ત શિક્ષણકાલ પછી સ્નાતક કક્ષાના ત્રિવાર્ષિક શિક્ષણક્રમમાં એક વર્ષ ઉમેરી તેને ચતુર્વાર્ષિક બનાવવામાં આવ્યો હોવાનાં સંખ્યાબંધ પ્રમાણો ચરિતસાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. અધ્યિત સાહિત્યમાં આવું સૌ પ્રથમ પ્રમાણ કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનાં 'સંસ્મરણો'માંથી ઉપલબ્ધ થાય છે.[૭૫] તદનુસાર ઈ.સ. ૧૮૮૫ના અરસામાં કે તે પહેલાં સ્નાતક કક્ષાનો ચતુર્વાર્ષિક શિક્ષણક્રમ અમલી બન્યો હશે, એમ કહેવાનું પ્રાપ્ત થાય છે. ઉક્ત સમય પછી કૉલેજશિક્ષણ પ્રાપ્ત કરનારા ચરિતનાયકોએ સ્નાતક કક્ષાની અવધિ ચાર વર્ષની હોવાનું જણાવ્યું છે. એ ચાર વર્ષોમાં પ્રથમ વર્ષ પ્રીવિયસ, દ્વિતીય વર્ષ ઈન્ટર, તૃતીય વર્ષ જુનિયર બી.એ. અને ચતુર્થ વર્ષ સીનિઅર બી.એ.ના વર્ષ તરીકે ઓળખાતું.

૨. ગોવર્ધનરામે બી.એ.માં ઈતિહાસ, અર્થશાસ્ત્ર, ન્યાય અને નીતિશાસ્ત્ર મળી કુલ ચાર વિષયો અધ્યયન માટે પસંદ કરેલા જેનો નિર્દેશ આગળ થઈ ચૂકયો છે. પરંતુ આગળ જતાં આ કક્ષાએ એક મુખ્ય અને એક ગૌણ મળી કુલ બે વિષયોની પસંદગી વિદ્યાર્થીઓ કરી શકે એવો પ્રબંધ થયો હોવાના નિર્દેશો પણ ચરિત્ર-સાહિત્યમાંથી મળે છે. વિજ્ઞાનના સ્નાતક કક્ષાના શિક્ષણક્રમમાં આવો પ્રબંધ ઈ.સ.૧૯૦૯ પછી થયો હશે એવો નિર્દેશ ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર

(૧૮૬૩-૧૯૨૦)ની જીવનકથામાંથી મળે છે.

"મુંબઇ યુનિવર્સિટીની સેનેટે ત્રીજી માર્ચ સને ૧૯૦૯ના રોજ કલા અને વિજ્ઞાનના અભ્યાસક્રમને ઘડવા માટે જે સોળ સભ્યોની સમિતિ નીમી હતી તેમાં ગજ્જર ઉપરાંત પૂનાની ખેતીવાડીની કોલેજના ડૉ. હેરોલ્ડમાન, ઇન્સ્ટિટ્યુટ ઑફ સાયન્સના પ્રિ. આર. પી. પરાંજપે અને ગજ્જરના મિત્ર સર ચીમનલાલ સેતલવડ પણ હતા. આ સમિતિએ બી.એસસી. માટે એક મુખ્ય વિષય અને એક ગૌણ વિષય એમ પ્રથા દાખલ કરી. આ પસંદ કરેલા વિષયો વિદ્યાર્થીએ ઇન્ટર સાયન્સમાં પણ લેવા તે આવશ્યક હતું."[૭૬]

ઉપર્યુક્ત સમિતિએ ત્રીજી ઑગસ્ટ, ૧૯૧૦ના રોજ વિખેરી નાખવામાં આવેલી અને ત્યાર પછી સેનેટે ડૉ. હેરોલ્ડમાન અને ફાધર શાર્પની સમિતિને પ્રથમ વર્ષથી એમ. એસસી. સુધીનો શિક્ષણક્રમ ઘડવાનું કામ સોંપેલું એવો નિર્દેશ પણ ગજ્જરના જીવનચરિત્રમાં થયો છે.[૭૭] આથી પૂર્વોક્ત સમિતિએ સૂચવેલો બી.એસસી. માટેનો એક મુખ્ય અને એક ગૌણ વિષયનો શિક્ષણક્રમ તત્પશ્ચાત્ અધ્યેયકાલ પર્યંત અમલી બન્યો હશે કે કેમ, એ નિશ્ચિત થઇ શકતું નથી. અનુગામી સમિતિએ પૂર્વોક્ત પુરોગામી સમિતિનું સૂચન માન્ય રાખ્યુ પણ હોય અને ન પણ રાખ્યું હોય. પરંતુ વિનયનને લાગેવળગે છે ત્યાં સુધી બી.એ.માં એક મુખ્ય અને એક ગૌણ વિષયો લેવાની પ્રથા ગોવર્ધનરામના કોલેજશિક્ષણકાલ પછી થોડાં વર્ષોમાં જ શરૂ થઇ ગઇ હશે, એમ પ્રાપ્ત પ્રમાણો પરથી જણાય છે. ગોવર્ધનરામના ઉક્ત શિક્ષણકાલ પછી થોડાં વર્ષોમાં (ઇ.સ. ૧૮૭૭) જ એલ્ફિન્સ્ટન કોલેજમાં દાખલ થનાર મણિભાઇ નભુભાઇ ત્રિવેદી (૧૮૫૮-૧૮૯૮) એ ઐચ્છિક વિષયો તરીકે ઇતિહાસ અને રાજનીતિશાસનના વિષયો પસંદ કર્યા હોવાનો ઉલ્લેખ એમના જીવનચરિત્રમાં થયો છે.[૭૮] શારદાબહેન મહેતા (જ. ૧૮૮૨) એ પણ ઇ.સ. ૧૮૯૯માં ઇન્ટરમીડીએટની પરીક્ષા પસાર કરી એ જુનીઅર બી.એ.માં આવ્યાં ત્યારે ઐચ્છિક વિષયો તરીકે એમણે લૉજીક અને મોરલ ફિલૉસોફી લીધાં હોવાનો ઉલ્લેખ એમનાં 'જીવન સંભારણાં'માં કર્યો છે. બી.એ.માં વૈકલ્પિક વિષયો પૈકી કોઇ બે વિષયોની પસંદગીની આ પ્રથાને કેટલાંક અન્ય જીવનચરિત્રો અને આત્મકથાઓનું સમર્થન પણ પ્રાપ્ત થાય છે.

૩. હાલમાં કોલેજશિક્ષણના પ્રારંભથી જ વિનયન અને વિજ્ઞાન માટે જે જુદા જુદા શિક્ષણક્રમો અમલમાં છે, તેવા અધ્યેયકાલ દરમ્યાન નહોતા. ઈન્ટર સુધીનો એટલે કે કોલેજનાં પ્રથમ બે વર્ષનો અભ્યાસક્રમ બધા વિદ્યાર્થીઓ માટે સરખો જ હતો. ઈન્ટરની પરીક્ષા પસાર કર્યા પછી વિદ્યાર્થીઓ બી.એ. કે બી.એસસી. ના શિક્ષણક્રમમાં પોતાની રુચિ અને અનુકૂળતાઓ અનુસાર જોડાતા. ઈન્ટરમીડિયેટ સુધીના શિક્ષણક્રમમાં અંગ્રેજી અને ગણિત જેવા વિષયો ફરજિયાત હતા. ગણિત જેવા વિષયનું આ કક્ષા સુધીનું ફરજિયાતપણું કેટલાય પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પણ વિપરીત સ્થિતિમાં મૂકી દેતું. આ સંદર્ભમાં વીસમી સદીના પહેલા - બીજા દાયકાના સંધિકાળે વડોદરાની કોલેજમાં અભ્યાસ કરતા રમણલાલ વસંતલાલ દેસાઈનાં અનુભવ અને અનુભૂતિ વિચારણા માગી લે છે :

"પહેલા વર્ષની પરીક્ષા યુનિવર્સિટી પરીક્ષા હતી.........બીજા બધા જ વિષયમાં સારા ગુણ આવ્યા છતાં ગણિતના વિષયમાં હું નપાસ થયો ! અને મારું વર્ષ બગડયું. એક વર્ષ હું પાછળ પડયો.

........ .......... .......... .......

"પરંતુ ઈન્ટરમાં પણ સામે ગણિત આવીને ઊભું જ રહ્યું ! બીજગણિત અને ત્રિકોણમિતિ મને ડરાવતાં ત્યાં ખડાં હતાં. એમાં પણ તે જ દશા અનુભવી. અને કોલેજમાં મારાં બે કીંમતી વર્ષોનો ગણિતે ભોગ લીધો.

"બી.એ.માં પણ જો ગણિત ફરજિયાત હોત તો કદાચ હું ગ્રેજ્યુએટ પણ ન થઈ શકયો હોત ! "૭૯

પ્રારંભમાં એલ્ફિન્સ્ટન કોલેજમાં અને પછી ગણિતશાસ્ત્ર તેમજ ભૌતિકશાસ્ત્રમાં નિષ્ફળ જવાને કારણે 'ન છૂટકે' વિલ્સન કોલેજમાં દાખલ થયેલા ચન્દ્રવદન મહેતાને પણ રમણલાલ વસંતલાલ દેસાઈ જેવાં જ સંવેદન અને અનુભવ થાય છે :

"કોલેજનું પહેલું વર્ષ એટલે એ જમાનામાં દાખલા અને ફિઝિક્સ્. બધું આવડે

પણ દાખલા કેમ આવડે ? એમાં અહીં તો વળી એક નવી જાતની ક્રિયાનો સમાવેશ થતો હતો. એને અધ્યાપકો 'ટ્રિગોનોમેટ્રી' કહેતા, અને એની સંજ્ઞા 'આલ્ફા-બીટા'માં થતી ! અધ્યાપક વિલ્કિન્સન....... ઘણો હોશિયાર ગણિતશાસ્ત્રી કહેવાતો, પણ એ આલ્ફા-બીટામાં શું

કહેતો એની મને ત્યારે કશી સમજ પડતી નહિ. અત્યારે પણ એટલો જ શૂન્ય રહ્યો છું. મેથમેટિકસ્નો વિષય જ મારો કાળ. અને એ ન આવડે એટલે ફિઝિકસ્માં પણ ફાંફા !

"પરિણામે કૉલેજના પહેલા વર્ષમાં નાપાસ ! મેથ્સ અને ફિઝિકસ્માં કંઇ પાંચ-સાત માર્ક હતા, એટલે વરસ આખરે બધી ગરમી નીકળી ગઇ!....."૮૦


ચંદ્રવદન મહેતાના સમયમાં ગણિતશાસ્ત્ર કૉલેજના પ્રથમ વર્ષ પૂરતો જ ફરજિયાત વિષય હતો. એમાં જેમ તેમ કરીને પ્રમોશન પ્રાપ્ત કરી, ઇન્ટરના વર્ગમાં આવતાં ગણિતશાસ્ત્રમાંથી છૂટયા બદલ તે જે રાહત અનુભવે છે અને તેની સાથે શિક્ષણક્રમ-નિર્ધારકો પર જે વેધક વ્યંગ કરે છે તેય જોવા-સમજવા જેવો જણાય છે. એ નીચે પ્રમાણે છે :

"ચાલો, હવે જખ મારે છે. લૉજિક, અંગ્રેજી, સંસ્કૃત, એડમિનિસ્ટ્રેશન, હિસ્ટરી.... હા, એ જ ઇતિહાસ, અકબર-ઔરંગઝેબની સરખામણી. ચોથાપાંચમાં ધોરણમાં ભણી પરવારેલા તે. બળ્યા એ કૉર્સના કરાવનારા ! પણ એમાં તો પહોંચી વળીશું. પેલા અ - બ- ક-ના આંકડા, અને એના સ્કવેર, અને પછી કૌંસમાં એના કયૂબ, પાછા કાઢો અને ગુણો અને ભાગો, અને મીન અને કૉમન, ઇકવલ ટુ અને મારપાટુ, તબેલો અને સરવાળે અલ્લાયો ! છૂટયા કોઇ જીવલેણ જકડમાંથી"૮૧


રમણલાલ વસંતલાલ દેસાઇ અને ચન્દ્રવદન મહેતા ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકારો અને પ્રતિભાશાળી પુરુષો ગણાય છે. એમની તેજસ્વિતા વિશે ભાગ્યે જ કોઇ શંકા ઉઠાવે. એવી વ્યકિતઓ માટે ય જો ઉકત શિક્ષણક્રમ અવરોધક નીવડયો હોય તો બીજા ઘણા વિદ્યાર્થીઓની બાબતમાં એમ બન્યું હશે એ ચોકકસ. ચરિત્રસાહિત્યમાં આવી રજૂઆત અન્યત્ર પણ થઇ છે. વસ્તુત: અમુક વિષયોમાં, ઉચ્ચ કક્ષાનો શિક્ષણક્રમ કેટલીક અભિયોગ્યતા ધરાવતા વિદ્યાર્થીઓને જ સાનુકૂળ નીવડે છે. અતિમહત્ત્વાકાંક્ષી શિક્ષણક્રમ તેજસ્વી વિદ્યાર્થીઓની કારકિર્દીને અકાળે મૂરઝાવી દે છે. એવાં કેટલાંક ઉદાહરણો પણ ચરિતસાહિત્યમાં નોંધાયાં છે.

# • ગુજરાતની કૉલેજોમાં વિદ્યાર્થીઓ •

(સને ૧૯૦૧ ને સને ૧૯૨૦)




સને ૧૯૦૧




સને ૧૯૨૦

આમ, કૉલેજસ્તરના શિક્ષણક્રમમાં અર્વાચીનકાલના અંત સુધી વિજ્ઞાન અને વિનયનના વિષયોની ચુસ્ત ભેદરેખા દોરાઇ ન હતી. આ સ્તરે શરૂઆતનો શિક્ષણક્રમ ઉપર જોયું તેમ બન્ને વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓ માટે સમાન હતો. વળી, વિનયનના વિષયો લઇ સ્નાતક થનારા વિદ્યાર્થીઓ વિજ્ઞાનના વિષયો લઇ અનુસ્નાતક પદવી પ્રાપ્ત કરી શકતા અને વિજ્ઞાનના વિષયો લઇ સ્નાતક થનારા વિદ્યાર્થીઓ સાહિત્યાદિ વિષયો લઇ - અનુસ્નાતક પદવી મેળવી શકતા.[82] આવો શાખાભેદ મુંબઇ વિશ્વવિદ્યાલયે છેક ઇ.સ. ૧૯૩૭માં કર્યો એવો ઉલ્લેખ 'વિનાયકની આત્મકથા'માં થયો છે.[83] અર્વાચીનકાલના અંત સુધીમાં માતૃભાષા - ગુજરાતીને ઉચ્ચસ્તરના શિક્ષણક્રમમાં સ્થાન પ્રાપ્ત થયું હોય એવા નિર્દેશો ચરિત્રસાહિત્યમાંથી ઉપલબ્ધ થતા નથી. જયેન્દ્રરાય ભગવાનલાલ દૂરકાલ (જ. ૧૮૮૧)ની, ઇ.સ. ૧૯૨૦માં સુરતની મગનલાલ ઠાકોરદાસ બાળમુકુંદદાસ આર્ટ્સ કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે નિમણૂક થઇ તેના બીજા વર્ષે, 'બી.એ.ના વર્ગમાં ગુજરાતી સાહિત્ય દાખલ થતાં તેઓએ ગુજરાતીના પ્રથમ પ્રાધ્યાપક તરીકે પણ કાર્ય કરવાનું' શરૂ કર્યું હોવાનો ઉલ્લેખ એમના જીવનચરિત્રમાંથી મળે છે.[84] એના પરથી એમ કહી શકાય કે, ઇ.સ. ૧૯૨૦ પછી જ ગુજરાતી ભાષાસાહિત્યને ઉચ્ચસ્તરના શિક્ષણક્રમમાં વૈકલ્પિક વિષય તરીકેનું સ્થાન મળ્યું હતું.

ચરિતસાહિત્યના આધારે, સ્નાતકકક્ષા સુધીના ઉચ્ચશિક્ષણના શિક્ષણક્રમની સમીક્ષા ઉપર કરવામાં આવી. મુંબઇ વિશ્વવિદ્યાલયની સ્થાપના થયા પછી, એ શિક્ષણક્રમને ઉત્તરોત્તર સંગીન બનાવવા માટેના પ્રયત્નો થયા હતા, એમ એના પરથી જણાય છે. અલબત્ત, અર્વાચીનકાલના અંત સુધી વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખીને એનો વિચાર થયો નહોતો એટલું જ નહીં, પણ વિવિધ વિષયો વચ્ચે સમતુલા પણ સ્થપાઇ નહોતી એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

## ૫.૪ શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો :

બ્રિટિશ પદ્ધતિની શિક્ષણવ્યવસ્થામાં, શિક્ષણના વિવિધ સ્તરે અર્વાચીનકાલ દરમ્યાન પ્રવર્તમાન શિક્ષણક્રમ અને તદ્જનિત મંતવ્યોની સમીક્ષા કર્યા પછી, એ પ્રકારની શિક્ષણવ્યવસ્થામાં પ્રચલિત બનેલાં શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોની સમીક્ષા કરીશું. એમ કરતાં અર્વાચીનકાલ દરમ્યાન શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો વિશે પ્રચલિત થયેલી

વિચારસરણીઓની પણ સમાલોચના કરીશું.

ઉપર્યુક્ત ચર્ચાનો પ્રારંભ કરતાં એક મહત્ત્વની હકીકતની નોંધ લેવી જરૂરી બને છે. શિક્ષણ આપવાની રીત કે પધ્ધતિ એ મહદ અંશે વ્યક્તિગત વિષય છે. પ્રત્યેક શિક્ષક તેની આગવી શિક્ષણપધ્ધતિ કે શૈલી ધરાવતો હોય છે, એટલે ભિન્ન ભિન્ન શિક્ષકોની શિક્ષણપધ્ધતિઓમાં કેટલાક વૈયક્તિક તફાવતો તો રહેવાના જ. આમ છતાં શિક્ષણપધ્ધતિઓ અને વ્યવહારો વિશે સ્વીકૃતિ પામેલી અને ક્રિયાન્વિત બનેલી કેટલીક વિચારસરણીઓ અમુક યુગના શિક્ષણવ્યવહારો અને પધ્ધતિઓમાં એક પ્રકારની એકાન્વિતિ પણ આણે છે. આવી એકાન્વિતિને લીધે અમુક કાલખંડમાં પ્રવર્તમાન શિક્ષણપધ્ધતિઓ અને વ્યવહારોમાં કેટલીક વ્યાપક એકરૂપતા પણ જોવા મળે છે. એના પરથી અમુક યુગનાં શિક્ષણ-વ્યવહારો અને શિક્ષણપધ્ધતિઓનાં કેટલાંક વ્યાપક લક્ષણો તારવવાનું શક્ય બને છે.

<u>શિક્ષણપધ્ધતિઓ અને વ્યવહારો વિષયક વિચારસૃષ્ટિ</u> : અધ્યેયકાલ દરમ્યાન શિક્ષણના વિવિધ સ્તરે પ્રવર્તમાન શિક્ષણપધ્ધતિઓ અને વ્યવહારોની સમીક્ષા કરતાં પહેલાં, ચરિતસાહિત્યમાં અભિવ્યક્ત થયેલા એતદ્‌વિષયક વિચારોનું અવલોકન કરીશું.

નવલરામના જીવનચરિત્રમાં શિક્ષણપધ્ધતિઓ અને વ્યવહારો સંબંધી એમની વિચારસરણી કેવી હતી, એનો અછડતો નિર્દેશ થયો છે, એમાં દર્શાવ્યા પ્રમાણે નવલરામ શિક્ષણને "સારું, સરળ અને રસિક કરવા"નો આગ્રહ સેવતા એટલુ જ નહિ, પરંતુ "શિક્ષકોએ ભય કરતાં માયા વડે છોકરાંને વશ કરવા વધારે કાળજી રાખવી જોઇએ" એમ પણ માનતા.[૮૫] એમણે શિક્ષકપ્રશિક્ષક તરીકે આ વિચારોનાં બીજ સુરત, અમદાવાદ અને રાજકોટનાં પ્રાથમિક શિક્ષકો ~~કરતાં~~ માટેનાં અધ્યાપન મંદિરોનાં પ્રશિક્ષણાર્થીઓનાં મનમાં રોપેલાં એટલુ જ નહીં પરંતુ, 'શાળાપત્ર' ધ્વારા ગુજરાતની સમગ્ર શિક્ષક આલમ સુધી એને પહોંચતાં કરેલાં.

નવલરામના ઉપર્યુક્ત વિચારો જોતાં જણાય છે કે એમને મન શીખવવાની પ્રક્રિયા વિદ્યાર્થીઓ પર માહિતીનો બોજ લાદવાની શુષ્ક, યાંત્રિક પ્રક્રિયા નથી, પરંતુ જ્ઞાનવૃધ્ધિનું રસપ્રદ અનુષ્ઠાન છે. એમના મંતવ્ય અનુસાર વિદ્યાર્થીઓ પાઠ્યવસ્તુ અવગત કરે એ માટે શિક્ષકોએ ભય નહીં ફેલાવતાં, પ્રેમથી શીખવવું જોઇએ. નવલરામ "કાન કરતાં પણ આંખની મારફતે બાળકના મનમાં ઉતારવા તરફ વધારે લક્ષ આપવા" અને

M. S. UNIVERSITY OF BARODA



"બધા છોકરા બરાબર સમજે છે કે નહીં, તેની પળેપળ મનમાં ચીવટ રાખવા" પણ શિક્ષકોને અનુરોધ કરે છે.[86] અહીં વિદ્યાર્થીઓની કક્ષાનો ખ્યાલ રાખી શિક્ષણને શક્ય તેટલું મૂર્ત બનાવવા અને એમ કરતાં કરતાં એમની ઈંદ્રિયોને કેળવવા પર નવલરામ ભાર મૂકે છે. વિદ્યાર્થીઓની 'આંખ'નો શિક્ષણાર્થે ઉપયોગ કરવાનો અનુરોધ કરી નવલરામ શિક્ષણ-પધ્ધતિઓમાં શૈક્ષણિક સાધનોના ઉપયોગની અને પ્રત્યક્ષ જ્ઞાનની પ્રતિષ્ઠા કરે છે. નવલરામ વિદ્યાર્થીઓને વધુ પડતુ ગૃહકાર્ય આપવાનો પણ વિરોધ કરતા એ હકીકતનો નિર્દેશ પણ એમના જીવનચરિત્રમાં થયો છે.[87] ઇ.સ. ૧૮૮૨માં પ્રસિધ્ધ થયેલા 'કવિતારૂપ કાઠિયાવાડ ઇલાકાની ભૂગોળ' નામના પુસ્તક સંબંધી 'શાળાપત્ર'માં પ્રગટ થયેલું એમનું ટિપ્પણ, સમકાલીન શિક્ષણસંસ્થાઓમાં સમજવિહીન ગોખણપટ્ટીને આપવામાં આવતા ઉત્તેજન સામે તેમનો કેટલો પ્રબળ વિરોધ હતો, તે વેધક રીતે સ્પષ્ટ કરે છે :

> "આ ગોખણિયા ચોપડીનું મોં જોતાં જ અમને ઘણો કંટાળો ચડયો છે અને વહેમ જાય છે કે આવી ચોપડીઓ આપણી નિશાળોમાં ચાલતી હશે કે શું ? સમજુ મહેતાજીઓને અમારી સખત ભલામણ છે કે તેમણે કયારે પણ આવી ચોપડીઓ નિશાળના કોઇ પણ છોકરાને ખરીદ કરવા દેવી નહિ. ભૂગોળવિદ્યા શીખવવાનો ખરો રસ્તો નકશાથી છે, લંગડીલૂલી કવિતાના રાગડા ગોખાવવાથી નહિ."[88]

'શાળાપત્ર' ધ્વારા નવલરામે, શિક્ષણપધ્ધતિઓ અને વ્યવહારો સહિત સમગ્ર કેળવણી સંબંધી ઘણા ઉન્નત વિચારો સમકાલીન ગુજરાતમાં વહેતા કરેલા. એનું સંપાદન 'નવલગ્રંથાવલિ'ના ત્રીજા ભાગમાં થયું છે. ગોવર્ધનરામ, 'ગમે તે રીતે' શાળામાં દાખલ થઇ ગયેલા શિક્ષકો પાસે નવલગ્રંથાવલિના ત્રીજા ભાગની 'પરીક્ષા આપવાનો' અને 'જેને પોતાનાં બાળકોની ચિંતા છે' એવા વાલીઓને એ વાંચી જવાનો અનુરોધ કરે છે.[89] એના પરથી બાળકો-વિદ્યાર્થીઓ સાથેના વ્યવહારમાં, એમાં વ્યકત થયેલા વિચારોની ઉપયોગિતા સિધ્ધ થાય છે.

ટૂંકમાં નવલરામના શિક્ષણ-પધ્ધતિ અને વ્યવહારો સંબંધી વિચારો એમના જમાના કરતાં ઘણા આગળ વધેલા હતા. આજે વ્યાપક સ્વીકૃતિ પામેલા એતદ્વિષયક કેટલાક વિચારોનાં બીજ આમ અધ્યેયકાલ દરમ્યાન ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં રોપાઇ ચૂકયાં હતાં એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

નવલરામના સમકાલીન નંદશંકરનાં લખાણોમાંથી પણ શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો સંબંધી કેટલાક નૂતન વિચારોનો નિર્દેશ પ્રાપ્ત થાય છે. નંદશંકરે પણ એમની કારકિર્દીની શરૂઆત સુરતની માધ્યમિક શાળાના આચાર્ય તરીકે કરી હતી. ત્યારબાદ ત્યાંના પ્રાથમિક શિક્ષકો માટેના અધ્યાપન મંદિરના પ્રાચાર્ય તરીકે પણ એમણે સેવાઓ આપેલી. એટલે શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો સંબંધી એમના વિચારો પણ નોંધનીય ગણાય.

નંદશંકર બાળકોમાં જિજ્ઞાસા પ્રદીપ્ત કરવાની જરૂરિયાત પર ભાર મૂકતાં જણાવે છે કે "પ્રશ્ન પૂછનાર બાળકને તોડી પાડવું નહિ. અપૃચ્છા એ રોગ, આરોગ્યની હાલત પ્રશ્નપરંપરાથી ઊભરાય છે."[૯૦] અહીં નંદશંકર 'બોલી બોલીને જ શીખવવાની પદ્ધતિ'નો વિરોધ કરતા હોય એમ જણાય છે. 'અપૃચ્છા'ને 'રોગ' ગણનાર નંદશંકરને શિક્ષક અને શિષ્ય વચ્ચે 'પ્રશ્નપરંપરા' દ્વારા દ્વિમુખી વ્યવહાર અભીષ્ટ હોય એમ પણ આના પરથી સિદ્ધ થાય છે.

બાલમાનસ વિશેના અજ્ઞાનને લીધે એમની જરૂરિયાતોની અવહેલના કરતાં એ જમાનામાં વિદ્યાર્થીઓ સાથેના વ્યવહાર અંગે શિક્ષકો અને વાલીઓને ઉદ્દેશીને નંદશંકરે પ્રગટ કરેલા નિમ્ન-દર્શિત વિચારો પણ પ્રાગતિક લેખાય એમ છે :

> "હોશિયાર બાળકનાં વખાણ તેની સમક્ષ કરવાની અંગ્રેજી રીત માન્ય ન કરશો. દેખાવને માટે માત્ર ભાવ ભજવવાની ટેવ બાળકને નહિ પાડવી, તેની સાથે બાળકની અવગણના પણ બીજા દેખતાં ન કરવી. તેને વારે વારે કનડવું, ટોકવું નહિ. ધમકી સારી છે, પણ દાન પેઠે ગુપ્ત રીતે અપાય તો જ. બાળકને મર્યાદિત (લાડ) લડાવવું બૂરું નથી. લાલન થવું જોઇએ, પણ આડાઇને અનિવાર્ય વહેવા ન દેવી. મૂળમાંથી આડો ફાંટો નીકળતો રોકવો,નહિ તો જીવન-વોહ બદલાઇ જશે, ત્યારે તે રોકાશે નહિ."[૯૧]

ઉપર્યુક્ત ઉદ્બોધનમાં નંદશંકર વિદ્યાર્થીઓની પ્રશંસા કરી એમને પ્રોત્સાહન આપવાની જરૂરિયાતનો ઇન્કાર કરતા નથી, પરંતુ નજીવાં કારણોસર વાતવાતમાં વિદ્યાર્થીઓની પ્રશંસા કરવાની અંગ્રેજોની પદ્ધતિ અપનાવવાનો નિષેધ કરે છે. વાસ્તવમાં એમને એ પદ્ધતિની પોકળતા સામે વિરોધ છે, વિદ્યાર્થીઓનાં ઉમદા લક્ષણોની પ્રશંસા

કરી એમને પ્રોત્સાહિત કરવા સામે નહિ. એમણે વિદ્યાર્થીઓમાં રહેલી પરાક્રમવૃત્તિનો એમના શિક્ષણ અને જીવનઘડતરના કાર્યમાં સફળતાપૂર્વક વિનિયોગ કરવાનું સૂચવતાં એમના સ્વમાનના રક્ષણસહિત એમની પ્રશંસા કરવાનો પણ અનુરોધ કર્યો છે :

"બાળકને પરાક્રમી કહેવડાવવાની ઘણી હોંશ હોય છે...........આ ગુણ બાળકના ઉત્કર્ષનું સાધન છે, તેને ખીલવો. મોટાઇના વિચારની સાથ જાતિસન્માન પણ જોડાયેલું છે. તેથી બાળક રડે અથવા તેના બાળક મનને હલકું લાગે, એવું કાંઇ પણ કૃત્ય કરે તો આ જ ગુણને ઉદ્દેશી એની સાથે બોલવામાં આવે તો તે અટકી જશે. બાળક અદેખાઇ કરે, એકલપેટું થાય, લાલચુ બને, અસત્યવાદી થાય, પડયાને પાટુ મારતું થાય, આડે માર્ગે ફાયદો લેવા કોશિશ કરે તો તેની સન્માનવૃત્તિને ઉત્તેજિત કરવી. બહાદુરીનું નામ લેવું કે બાળક શરમિન્દુ થઇ જશે, ખોટાં લાડ ન લડાવશો."[૯૨]

નંદશંકર આમ વિદ્યાર્થીઓમાં રહેલી પરાક્રમ વૃત્તિને લલકારીને એમને પ્રોત્સાહન આપીને, એમની સાથે કામ લેવાનો અનુરોધ કરે છે. એ સાથે એમના સ્વમાનનું રક્ષણ કરી એમની સાથે મર્યાદિત પ્રેમથી કામ લેવાનું પણ સૂચવે છે.

આમ, અત્યારે વ્યાપક સ્વીકૃતિ પામેલા, બાલકેન્દ્રી શિક્ષણ અભિગમનો વૈચારિક પ્રાદુર્ભાવ ગુજરાતમાં કંઇક અંશે અધ્યેયકાલ દરમ્યાન જ થઇ ચૂકયો હતો, એમ કહેવાનું પ્રાપ્ત થાય છે. વિદ્યાથીઓના વ્યકિતત્વના સ્વીકારની એક નવી દિશા એમાં ઉઘડતી જણાય છે. શિક્ષણ પદ્ધતિઓ અને વ્યવહારોને મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ અવલોકવાનો પ્રયત્ન એમાં રહેલો છે.

અહીં યાદ રાખવું ઘટે કે નવલરામે ઇ.સ. ૧૮૭૦ થી ઇ.સ. ૧૮૮૮ સુધી શિક્ષકપ્રશિક્ષક તરીકે કામ કરેલું. એ પહેલાંની એમની કારકિર્દી પણ શિક્ષણકાર્યમાં જ પસાર થયેલી. નંદશંકરે પણ આગળ દર્શાવ્યું છે તેમ કેટલાક સમય સુધી સુરતના અધ્યાપનમંદિરના પ્રાચાર્ય તરીકે સેવાઓ આપેલી. ફળસ્વરૂપે શિક્ષણ પદ્ધતિઓ અને વ્યવહારો વિષયક એ બન્નેના ચિંતન પર મનોવૈજ્ઞાનિક વિચારસરણીનો સ્પષ્ટ પ્રભાવ જોવા મળે છે. પરંતુ શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો વિશેના ઉપર્યુકત વિચારોને અધ્યેયકાલ દરમ્યાન વ્યાપક સ્વીકૃતિ મળી હતી, એમ માનવાને કારણ નથી. ચરિત-

M. S. UNIVERSITY OF BARODA



સાહિત્યમાં, અધ્યેયકાલ દરમ્યાન પ્રવર્તમાન અધ્યાપન પદ્ધતિઓ અને વ્યવહારો સંબંધી થયેલા વાસ્તવિક ઉલ્લેખો પરથી, આ હકીકત વેધક રીતે સ્પષ્ટ થાય છે. એની ચર્ચા આગળ ઉપર કરીશું.

ચરિતસાહિત્યમાંથી, શિક્ષણ પદ્ધતિઓ અને વ્યવહારો સંબંધી ઉપર્યુક્ત વિચારસરણીઓ પૈકીની કેટલીકનો પ્રગટ વિરોધ દર્શાવતાં પ્રમાણો પણ જોવા મળે છે. રમણભાઈ મહીપતરામ નીલકંઠે (૧૮૬૮-૧૯૨૮) પેટલાદના છાત્રાલયના એક વાર્ષિક મહોત્સવ પ્રસંગે યોજાયેલા સમારંભના પ્રમુખપદેથી ઉદ્‌બોધન કરતાં કહેલું કે, "આજકાલ કેળવણી એ બાળબાગ ગણાય છે. (કિંડર ગાર્ટન) એ ભલે ગણાય, પરંતુ બાળકોને બધું સરળ અને ગુલાબની શૈય્યા જેવું ભણતરમાં લગાડયા કરશો તો સંસારમાં તો ફુલે છે ને કાંટાએ છે એનો અનુભવ એને શી રીતે થશે ?"[૯૩]

રમણભાઈના ઉપર્યુક્ત ઉદ્‌બોધનમાં શિક્ષણને સરળ બનાવવાનો સ્પષ્ટ વિરોધ જણાય છે. એમના મંતવ્ય અનુસાર શિક્ષણ પ્રાપ્ત કરતાં બાળકને પરિશ્રમ પડે એ જરૂરી છે, કારણ કે ભવિષ્યમાં એણે સંસારનો દુર્ગમ માર્ગ કાપવાનો છે. એ માટેની સજ્જતા કેળવવા રમણભાઈ સરળ શિક્ષણક્રમ અને શિક્ષણપદ્ધતિઓનો વિરોધ કરે છે.

નવલરામે સમજ વગરની ગોખણપટ્ટીને ઉત્તેજન આપતાં પુસ્તકો અને શિક્ષણ-પદ્ધતિઓનો વિરોધ કર્યો છે, જેનો ઉલ્લેખ અગાઉ થયો છે. પરંતુ રમણલાલ દેસાઈ શિક્ષણમાં કંઠસ્થીકરણનું મહત્ત્વ સ્વીકારતાં એને ઉત્તેજન આપતાં પુસ્તકોને પણ આવકારે છે. એમના પ્રાથમિક શિક્ષણકાલ દરમ્યાન લખાયેલા ગોખણપટ્ટીને ઉત્તેજન આપતા સાહિત્યની તરફદારી તેઓ નીચે પ્રમાણે કરે છે :

> "પાઠ, કવિતાઓના અર્થ અને ઇતિહાસની માર્ગદર્શિકાઓ તે સમયે પણ પ્રસિદ્ધ થતી હતી. એ માર્ગદર્શિકાઓ વધારે માર્ગદર્શક બને એ માટે એના લેખકો રાજાઓની વંશાવળીને કવિતામાં ઉતારતા. વળી -
>
> "જહાંગીર શાહજહાં પછી કપટી ઔરંગઝેબ,
> પરાક્રમી પણ જુલમી ધર્મદ્વેષની એબ.
>
> જેવા દોહરાઓમાં બધા જ રાજવંશો યાદ કરાવવાની કરામતો એ કવિતાઓમાં થતી. લગભગ આજ તો વીસરી ગયો છું, પરંતુ તે સમયે બધી જ કવિતામય વંશાવળીઓ મુખપાઠ કરી, ગાઇ, ઇતિહાસનું મારું

M. S. UNIVERSITY OF BARODA



જ્ઞાન વધારતો ! કવિતા કે ગીતથી યાદદાસ્ત વધારે પકડ મેળવતી હોય તો શા માટે કેળવણીમાં તેમનો ઉપયોગ ન થાય ?"[૯૪]

નવલરામ અને રમણભાઇ દેસાઇ વચ્ચે શિક્ષણપદ્ધતિઓ અને એ માટેના સાધનો સંબંધી જે મતવૈભિન્ય રહ્યું છે, તે એમની કેળવણી વિષયક સંકલ્પનાઓમાં રહેલા મૂળભૂત તફાવતને કારણે છે, એમ કહી શકાય. એક શિક્ષણકારની હેસિયતથી નવલરામ કેળવણીનો ઘણો વ્યાપક અર્થ ઘટાવે છે, જ્યારે રમણભાઇની દૃષ્ટિ પરીક્ષાલક્ષી 'યાદદાસ્ત' પૂરતી જ મર્યાદિત હોય એમ જણાય છે.

અધ્યેયકાલ દરમ્યાન આ રીતે શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો વિશે બે મુખ્ય વિચારપ્રવાહો વહેતા હોય એમ જોવા મળે છે :

(૧) પરંપરાગત કે પ્રણાલીકાગત શિક્ષણપદ્ધતિઓનું સમર્થન કરતો વિચારપ્રવાહ અને

(૨) નૂતન બાલકેન્દ્રી અભિગમ ધરાવતાં શિક્ષણ-પદ્ધતિઓ અને વ્યવહારોનું સમર્થન કરતો વિચારપ્રવાહ. એ પૈકી પ્રથમ વિચારપ્રવાહ બહુધા પરંપરાગત ગામઠી શિક્ષણ વ્યવસ્થામાં પ્રવર્તમાન શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોનું સમર્થન કરે છે, તો નૂતન વિચારપ્રવાહ બાળકોની પ્રકૃતિને લક્ષમાં રાખી તેનો પ્રસન્ન વિકાસ સધાય એવી શિક્ષણ-પદ્ધતિઓ અને વ્યવહારોને પુરસ્કૃત કરે છે. એનાં મૂળ, નવી શિક્ષણ-વ્યવસ્થાઓએ નિર્મેલી પ્રશિક્ષણ સંસ્થાઓના અભ્યાસક્રમમાં હોય એવો સંભવ છે.

અધ્યેયકાલ દરમ્યાન શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો વિશે પ્રવર્તમાન વિચાર-સરણીઓની સમીક્ષા કર્યા પછી શિક્ષણના ભિન્ન ભિન્ન સ્તરે એતદ્‌વિષયક વાસ્તવિક સ્થિતિ કેવી હતી તે જોઇશું.

અ. <u>પ્રાથમિક શિક્ષણસ્તર</u> : અગાઉ જોઇ ગયા તેમ, ચરિતસાહિત્યમાં અભિવ્યક્ત થયેલા શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો સંબંધી વિચારો, મુખ્યત્વે પરંપરાગત કે પ્રણાલીગત શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોનું સમર્થન કરતી વિચારસરણી અને નૂતન બાલકેન્દ્રી અભિગમ ધરાવતી શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોનું સમર્થન કરતી વિચારસરણી, એમ બે મુખ્ય પ્રવાહોમાં વહેંચાઇ જાય છે. વાસ્તવમાં તે અનુક્રમે શિક્ષણ વિશેની પરંપરાગત કે રૂઢિયુસ્ત સંકલ્પના અને આધુનિક બાલકેન્દ્રી સંકલ્પનાનો આવિર્ભાવ છે.

અધ્યેયકાલ દરમ્યાન પ્રાથમિક શિક્ષણ કક્ષાએ પ્રવર્તમાન શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોમાં ઉક્ત બંને વિચારસરણીઓની અસર જોવા મળે, એ સ્વાભાવિક છે. પ્રથમ, આ કક્ષાએ પ્રવર્તમાન નૂતન બાલકેન્દ્રી અભિગમ ધરાવતાં શિક્ષણપદ્ધતિઓ અને

વ્યવહારોનું ચરિતસાહિત્યને આધારે નિરૂપણ કરીશું અને પછી પરંપરાગત કે પ્રણાલીગત શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોનું નિરૂપણ કરીશું. એમ કરતાં એમાં અંતર્નિહિત વિચારસરણીનું અવલોકન પણ કરતા રહીશું.

નૂતન શિક્ષણ-પદ્ધતિ, કેવળ શાબ્દિક શિક્ષણને બદલે વિદ્યાર્થીઓને બહુ ઈંદ્રિય-ગમ્ય સંવેદનો ધ્વારા શીખવવાનો અનુરોધ કરે છે. નવલરામ 'કાન કરતાં આંખની મારફતે' વિદ્યાર્થીઓ પાઠયવસ્તુ અવગત કરે એ વધારે પસંદ કરે છે, જેનો ઉલ્લેખ આગળ થઈ ગયો છે. એમાં દૃશ્યશ્રાવ્ય ઉભય અનુભવો પૂરા પાડવા પર ભાર મૂકાયો છે. બ્રિટિશ પદ્ધતિની પ્રાથમિક શિક્ષણ સંસ્થાઓમાં કેટલાંક આવાં સાધનોનો ઉપયોગ થાય, એના પર ખાસ ભાર મૂકાયો હતો. મુંબઈ હિંદ નિશાળ તથા પુસ્તક મંડળી (૧૮૨૦-૧૮૪૦) એ વર્ણમાળા, બારાક્ષરી, એકાક્ષરીથી સપ્તાક્ષરી શબ્દો, આંક, સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર વગેરે શીખવવા એ માટેના ખાસ છાપેલા ચાર્ટ તૈયાર કરાવ્યા હતા, જે વર્ગ સમક્ષ ટીંગાડી એનું શિક્ષણ આપવામાં આવતું.[૯૫] છોટાલાલ નરભેરામ ભટ્ટે, 'મુંબઈ હિંદ નિશાળ તથા પુસ્તક મંડળી' હસ્તકની મહેમદાવાદની પ્રાથમિક શાળામાં ઉપર્યુકત સાધનો ધ્વારા એમણે પ્રારંભિક શિક્ષણ પ્રાપ્ત કર્યું હોવાની નોંધ એમના આત્મવૃત્તાંતમાં લીધી છે.[૯૬] ઉકત સાધનો ધ્વારા વેજલપુરની શાળામાં પ્રારંભિક શિક્ષણ મેળવનાર, મોહનલાલ રણછોડભાઈ ઝવેરીનું અવલોકન નોંધનીય ગણાય, જે નીચે પ્રમાણે છે :

> "તે વખતે સરકારી નિશાળ શહેરમાં આવ્યાને આઠ જ વર્ષ થયાં હતા. શિક્ષણ પદ્ધતિ ગામઠી નિશાળો કરતાં જુદી હોવાથી લોકને વિચિત્ર લાગતું......પ્રથમ વર્ણમાળા શીખવતા એટલે <u>અ</u>[o] <u>આ</u> આદિ સોળ સ્વર અને <u>ક</u> <u>ખ</u> આદિ છત્રીસ વ્યંજનથી આરંભ થતો. તે શીખવાનાં સાધન ઘણાં સારાં હતાં એટલે મોટા સુશોભિત અક્ષરો કાગળ પર છાપેલા ને તે પાટી પર ચોડેલા વર્ગની સન્મુખ મુકી તે પરથી બોલતાં તથા લખતાં શીક્ષકો શીખવતા."[૯૭]

અત્રે યાદ રહે કે, ગામઠી શાળાઓમાં આવાં કોઈ સાધનો હતાં નહિ અને બધું જ મુખપાઠથી શીખવાતું હતું, જેનો નિર્દેશ આગળ થઈ ચૂકયો છે. ગામઠી શાળાઓની

------------

o અધોરેખિત વર્ણો દેવનાગરી લિપિમાં મુદ્રિત થયેલા છે.

શિક્ષણ પદ્ધતિ સાથે સરકારી પ્રાથમિક શાળાઓની સાધનો સહિત શિક્ષણ આપવાની પદ્ધતિ સરખાવતાં એ સમયનો જનસમાજ નવાઈ પામે અને એને એમાં કશુંક 'વિચિત્ર' જણાય એ સ્વાભાવિક છે.

તાલીમ પામેલા કેટલાક ઉત્સાહી શિક્ષકો સ્વયં પણ, પોતાની શાળાઓ માટે એ જમાનામાં દુષ્પ્રાપ્ય ગણાય એવાં સાધનો તૈયાર કરી-કરાવીને, શિક્ષણકાર્યમાં એનો વિનિયોગ કરતા હશે, એમ માનવાને આધાર પ્રાપ્ત થાય છે. મોહનભાઈ રણછોડલાલ ઝવેરીએ તેમના 'આત્મકથન'માં વેજલપુરની શાળાના શિક્ષકે છેક ઈ.સ. ૧૮૩૭માં, તાલીમ પ્રાપ્ત કરીને આવ્યા પછી બનાવેલાં કેટલાંક સાધનોનો ઉલ્લેખ કર્યો છે, જે નીચે પ્રમાણે છે :

"મારા મહેતાજી મુકુંદરામે પૃથ્વીનો ગોળો તથા સૂર્યમાળા બનાવ્યા હતાં. એ ગોળા ઉપર જમીનને પાણીના તમામ ભાગો ચીત્રેલા હતા, તથા ખંડો, પર્વતો, નદીઓ, અખાત, ભૂશિર વગેરે નકશા પ્રમાણે ચીતરી તે પર નામો લખ્યાં હતાં. વીલાયતી ભૂગોળનો ગોળો આવે છે તે જ નમુના પ્રમાણે કર્યો હતો. એક આંબાના લાકડાના કકડામાંથી મોટો ગોળ દડો ખરાદી પાસે ઉતરાવ્યો. તેનો વ્યાસ આશરે એક ફૂટનો હતો. તે ઉપર કાગળો ચોડીને જાડાં પુઠાં જેવું કરી તેને વચમાંથી કાપી કહાડી બે અર્ધગોળ થયા. તેમાંથી લાકડાંનું ખોખું કહાડી લઈ તેને સાંધી દીધો. તે ઉપર સારા ઝીણા કાગળ ચોટાડી રંગયો ને પછી ખંડ સાગર વગેરેના આકાર પાડી નામ લખ્યાં ને જુદા જુદા રંગ પૂર્યા. એ કારીગરી જોઈ પ્રોફેસર ડાકટર હાર્કનસ સાહેબ જે ગુજરાતની નિશાળોના સુપ્રીન્ટેન્ડન્ટ હતા તેમણે સરકારમાંથી મુકુંદરામ મહેતાજીને રૂા. ૨૫, નું ઈનામ અપાવ્યું હતું. સૂર્યમાળા પણ લોઢાના ભર ને લાકડાના ગોળાથી બનાવી હતી તે વીલાયતી નમુના મુજબની જ હતી."[૯૮]

ઈ.સ. ૧૯૦૫ના અરસામાં સોનગઢની પ્રાથમિક શાળાના આચાર્યને પોતે બનાવી આપેલા પૃથ્વીના ગોળાનો ઉલ્લેખ રવિશંકર રાવળ પોતાની આત્મકથામાં આ રીતે કરે છે :

"સોનગઢની ગુજરાતી શાળાના હેડમાસ્તર ગિરિજાશંકરભાઈ બહુ ઉત્સાહી શિક્ષક હતા. તેમના પુત્ર હરિલાલ મારા મિત્ર થયા તેથી વારંવાર

શાળામાં મને ચિત્ર તેમજ માટીકામના પ્રયોગો કરવાની તક મળી જતી. કાગળના ડૂચા પલાળી, ખાંડીને તેનો માવો કરી આકાર બનાવવાનું હું જાણતો હતો. તે રીતે પૃથ્વીનો ગોળો બનાવી શકાય એ વાત મુ. ગિરિજાશંકરભાઈએ જાણી, એટલે તેમણે શાળાના વિદ્યાર્થીઓ પાસે કાગળ ખંડાવી માવો કરાવી આપ્યો. તેમાં ગુંદરની ચીકાશ નાખી ગોળો બનાવ્યો. એ સુકાયા બાદ તેના પર ચાકના રંગ ચડાવી મેં અક્ષાંશ-રેખાંશ દોર્યા અને પૃથ્વીના ખંડ આલેખી તેમાં જુદા જુદા રંગ ભર્યા, એ સમયમાં શાળા માટે આવી ચીજ અપ્રાપ્ય હતી તે સહેલાઈથી બની શકી તેનો તેમણે ખૂબજ હર્ષ બતાવ્યો."[૯૯]

અલબત્ત, ઉપર્યુક્ત કિસ્સાઓ વ્યકિતગત ગણાય અને તેના પરથી કોઇ સામાન્યીકરણ તારવી શકાય નહિ, એમ છતાંય અધ્યેયકાલ દરમ્યાન શિક્ષકોમાં શિક્ષણસાધનોની ઉપયોગિતા વિશેની જાગૃતિ વધતી જતી હતી અને કેટલાક શિક્ષકો તો ઘણી જહેમત લઇને શિક્ષણસાધનો તૈયાર કરતા-કરાવતા થયા હતા, એમ તો જરૂર કહી શકાય. સંભવત: તાલીમ દ્વારા પ્રાપ્ત થયેલા સંસ્કારોની એ નિષ્પત્તિ હશે. કેળવણી-ખાતાના અધિકારીઓ દ્વારા મળતું પ્રોત્સાહન પણ એમાં મહત્ત્વનો ભાગ ભજવતું હશે, એમ માનવાને પણ આધાર મળી રહે છે.

કેળવણીખાતાએ ઇ.સ. ૧૮૫૮-૫૯ના વર્ષમાં તૈયાર કરાવેલી 'હોપ વાચનમાળા' માં પણ બાલભોગ્ય ચિત્રોનો સમાવેશ કરવામાં આવ્યો હતો એની નોંધ આગળ લેવાઇ ગઇ છે. વળી, એ વાચનમાળાઓ સાથે નિશાળો માટે જિલ્લા, પ્રાંત, ખંડ વગેરેના મોટા નકશા પણ તૈયાર કરાવવામાં આવ્યા હતા.[૧૦૦]

આમ, અધ્યેયકાલ દરમ્યાન વિદ્યાર્થીઓને કેવળ શબ્દો દ્વારા નહીં શીખવતાં, વિવિધ સાધનોના ઉપયોગ દ્વારા શિક્ષણ આપવાનો વિચાર જોર પકડી રહયો હતો. વિદ્યાર્થીઓની એકાધિક ઇંદ્રિયોનો શિક્ષણકાર્યમાં વિનિયોગ કરવાનો તેમજ પાઠયવસ્તુને શકય તેટલું મૂર્ત સ્વરૂપ આપવાનો ખ્યાલ તેની પાછળ અંતર્નિહિત હતો એમ કહી શકાય.

નૂતન શિક્ષણ પદ્ધતિઓમાં, ઇનામો અને બક્ષિસો દ્વારા વિદ્યાર્થીઓને ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે ઉત્પ્રેરણા પૂરી પાડવાની અને તેની વિશેષ યોગ્યતાની કદર કરવાનો વિચાર વ્યાપક સ્વીકૃતિ પામ્યો છે. અલબત્ત, આજે આ વિચાર વિવાદાસ્પદ

ગણાય છે. પરંતુ અધ્યેયકાલ દરમ્યાન તેને વ્યાપક સ્વીકૃતિ પ્રાપ્ત થઇ હતી. નવી પદ્ધતિની નિશાળોની સ્થાપના થઇ ત્યારથી જ વિશેષત: પરીક્ષામાં અગ્રતાક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઇનામ-બક્ષિસો આપવાની પ્રથા વિકાસ પામતી જોવા મળે છે. આવાં ઇનામ-બક્ષિસો આપવાની પ્રથાનો પ્રારંભ અને વિકાસ કેળવણીખાતાના ઇન્સ્પેકટરો દ્વારા થયો હતો. આગળ જતાં વિવિધ જ્ઞાતિ-સંગઠનો, સામાજિક સંસ્થાઓ, સખી ગૃહસ્થો, શિક્ષકો વગેરેએ પણ એ પ્રથાને ખૂબ ઉત્તેજન આપ્યું. વિદ્યાર્થીઓને પુસ્તકો સહિત અન્ય શિક્ષણસાધનો, ગણવેશ વગેરે ચીજવસ્તુ-રૂપે અને રોકડમાં આવાં ઇનામો અને બક્ષિસો અપાતાં હતાં. જેમ જેમ કેળવણીનો વ્યાપ વધતો ગયો, તેમ તેમ એનું મહત્ત્વ સમજાતું ગયું અને ઇનામબક્ષિસો વગેરે દ્વારા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ઉત્પ્રેરણા પૂરી પાડવાનો અને તેમની યોગ્યતાની કદર કરવાનો વિચાર જોર પકડતો ગયો. વિશેષત: અધ્યેયકાલના ઉત્તરાર્ધ (૧૮૭૦-૧૯૨૦)માં આ પ્રથાનો ખૂબ વિકાસ સધાયો હતો. આત્મકથાઓ અને જીવનચરિત્રોમાંથી એતદ્‌વિષયક વિપુલ પ્રમાણો ઉપલબ્ધ થાય છે. સમકાલીન ગામઠી શાળાઓમાં વિદ્યાર્થીઓને ઉત્પ્રેરણા પૂરી પાડવા કે પ્રતિભાશાળી વિદ્યાર્થીઓની યોગ્યતાની કદર કરવા આવો કોઇ પ્રબંધ થયો હોય એમ દર્શાવતું એક પણ પ્રમાણ ચરિતસાહિત્યમાંથી ઉપલબ્ધ થતું નથી. એના પરથી ઉકત પ્રથા બ્રિટિશ પદ્ધતિની કેળવણીની એક વિશિષ્ટ દેણ હતી, એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

શૈક્ષણિક સાધનોનો ઉપયોગ તથા ઇનામબક્ષિસો વગેરેના પ્રબંધ ઉપરાંત અધ્યેયકાલ દરમ્યાન પ્રાથમિક શાળાઓમાં હસ્તી ધરાવતી કેટલીક વિશિષ્ટ શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોનો ઉલ્લેખ પણ ચરિત્રસાહિત્યમાં થયો છે, જેની નોંધ અત્રે લેવી ઘટે. એમાં નીચેનાંનો સમાવેશ થાય છે :

(૧) શિક્ષણકાર્યમાં વડાનિશાળિયા કે મોનીટરની સહાય,

(૨) 'સવાલવારી'ની પદ્ધતિ દ્વારા થતું શિક્ષણકાર્ય અને

(૩) 'વહેલાપહેલી'ની પદ્ધતિ દ્વારા ક્રમનિર્ધારણ વગેરે.

શિક્ષણકાર્યમાં ઉપલા વર્ગોના વિદ્યાર્થીઓની સહાય લેવાની પદ્ધતિ ગુજરાતની ગામઠી શાળાઓમાં પ્રચલિત હતી, એની નોંધ આ પૂર્વે લેવામાં આવી છે. ગામઠી શાળાઓની આ પદ્ધતિને થોડી પરિશુદ્ધ કરી, બ્રિટિશ પદ્ધતિની શિક્ષણવ્યવસ્થાના સંવાહકોએ એને વિવિધ સ્તરની શિક્ષણ સંસ્થાઓમાં અનુસ્યૂત કરી હોય એમ જણાય છે.

વાસ્તવમાં પ્રાથમિક-માધ્યમિક સ્તરની શિક્ષણ સંસ્થાઓમાં 'મોનીટરો' અને કોલેજમાં 'ફેલો'નીમવાની પ્રથા ગામઠી નિશાળોમાં 'વડા નિશાળિયા' નીમવાની પ્રથાનું જ અનુસંધાન હોય એમ જણાય છે.

ઇ.સ. ૧૮૫૨માં રાંદેરની સરકારી ગુજરાતી નિશાળના 'મેહેતાજી' તરીકે નર્મદની નિમણૂક થઇ હતી. ત્યાં 'મોનીટર' એને શિક્ષણાદિ કાર્યમાં શી રીતે સહાયભૂત થતા એની નોંધ એણે પોતાની આત્મકથામાં નીચે પ્રમાણે લીધી છે :

> "ત્રણ ચાર મોટી ઉમરના શ્રીમંતના છોકરાઓ જે પ્હેલા વર્ગના મારા નિશાળિયા હતા તેમનો મારાપર ઘણો ચાહ હતો. તેઓ નિશાળનું કામ ચલાવતા- અકકેક મ્હોલ્લાના છોકરાઓને તેડી લાવનાર અકકેકો છોકરો કરી મુકયો હતો તેથી સ્હવારના° છ વાગામાં નિશાળ ભરાતી ને પ્હેલા વર્ગના તમામ છોકરાઓ બીજા બધા વર્ગમાં માનીટર જતા ને સારી પેઠે શિખવતા. હું નવ વાગતે ઉઠી અકકેક વર્ગમાં ૫-૧૦-૧૫ મીનીટ ગાળતો. ને પછી ૧૦ વાગે બીજા બધા છોકરાઓને રજા આપી પ્હેલા વર્ગનાને શિખવવા બેસતો તે સાડા અગિયાર લગી. પછી તાપીએ ન્હાવા જતો- ત્યાં ત્રણ કલાક પાણીમાં તોફાન કરતો - પછી બે વાગે ઘેર આવી ત્રણ વાગે જમતો. નિશાળ તો બે વાગેથી° જારી થયલી જ હોય- માનીટરો શિખવતા જ હોય. હું જમીને પાછો અકકેક વર્ગમાં બેસતો ને ૪ા વાગતે નિશાળને રજા આપી પ્હેલા વર્ગને ૧ કલ્લાક શિખવતો...
> ... ... ... ..."[૧૦૧]

નર્મદની અનુપસ્થિતિમાં પણ મોનીટરો દ્વારા શાળાનું શિક્ષણકાર્ય નિયમિત રીતે થતું હતું એમ ઉપર્યુકત સંદર્ભ પરથી ફલિત થાય છે. અહીં 'પ્હેલા વર્ગ'નો અર્થ 'ઉપલો વર્ગ' એવો થાય છે. આના પરથી એમ પણ જણાય છે કે શિક્ષકો મુખ્યત્વે ઉપલા વર્ગના વિધાર્થીઓને શિક્ષણ આપવામાં જ ધ્યાન કેન્દ્રિત કરતા અને નિમ્ન વર્ગોના

---

° અધ્યેયકાલ દરમ્યાન પ્રાથમિક શાળાઓ ઘણા વખત સુધી સવાર-સાંજ એમ બે વખત ભરાતી એની નોંધ અત્રે લેવી ઘટે. ચરિત્રસાહિત્યમાં અન્યત્ર અનેક સ્થળે આ પ્રથાનો ઉલ્લેખ થયો છે. ગામઠી શાળાઓની બેવેળાની શાળાપદ્ધતિનું સાતત્ય, આમ પ્રારંભમાં બ્રિટિશ પદ્ધતિની નિશાળોમાં પણ જાળવવામાં આવ્યુ હતું.

વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય બહુધા મોનીટરો જ કરતા. અલબત્ત, શિક્ષકો મોનીટરો દ્વારા થતા કાર્ય પર દેખરેખ રાખતા. આ પ્રથાને લીધે એક શિક્ષકવાળી શાળાના શિક્ષક રજા ઉપર હોય તો પણ શાળાનું શિક્ષણકાર્ય ચાલ્યા કરતું. પરંતુ, મોનીટર કે વડો નિશાળિયો નાનો હોય અને અન્ય વિદ્યાર્થીઓ પર પ્રભાવ ન જમાવી શકયો હોય ત્યારે શિક્ષકની અનુપસ્થિતિમાં શિક્ષણકાર્ય જારી રાખવાનું એના માટે મુશ્કેલ પણ બનતું. રાજકોટ એજન્સીના કેળવણી નિરીક્ષક (૧૯૧૩-૧૯૧૮) તરીકેના પોતાના અનુભવોનું વર્ણન કરતાં બળવંતરાય ઠાકોર (જ. ૧૮૬૯) આવા એક કિસ્સાની નીચે પ્રમાણે નોંધ લે છે :

"આવી ન્હાની શાળાઓમાં મ્હેતાજી એકજ, અને કુટુંબમાં લગ્ન, માંદગી કે બીજી જરૂરતે મદદનીશ ઑફિસરને અને રાજકોટ ઑફિસે એક પત્તુ નાખી દે અને ટુંકી રજા પર ચાલ્યો જાય, તે દરમ્યાન શાળા સોંપાય વડા નિશાળિયાને સૌથી ઉપલા વર્ગનો પ્હેલો નંબર તે આ વડો નિશાળિયો. આ ગામમાં આ મૂછાળા મુસ્લિમોથી એ ન્હાનો ને નબળો તે બીચારો એમને કેવી રીતે દાબમાં રાખે. (?) એક વર્ગમાં જાય ત્યાં બીજા વર્ગનો તોફાની કંઇ બીજું છમકલું કરે. અહીં માસ્તર ચાલી નીકળ્યા તેનીસ સાથે આ વડો નિશાળિયોય આવતો રહયો ઘેર અને રોવા બેઠો. 'એ કાસમ ને આમદ એક ગુસ્તો મારે ને હું તો બેવડ વળી જાઉં ! - એ જ વાતને એ તો વળગી રહયો. એટલે એની મા ત્રીશેક વર્ષની હતી, જુવાન અને હાથેપગે કસાયેલ તે કહે, "હાલ, ભાઈ હાલ, હું ત્હારી હારે આવું છું, તું ભણાવજે, ને હું જોઈ લઇશ કે ત્હને આંગળી અડાડે એવો કોણ મુવો છ !" હું પાછલે પ્હોરે એ નિશાળે જઇ ચડયો ને મ્હે એ બાઇને મ્હેતાજીની ખુર્સીમાં દીઠી."[૫૦૨]

મોનીટર માટે 'વડો નિશાળિયો' એવો શબ્દપ્રયોગ ગામઠી શિક્ષણ પ્રથા સાથેનું તેનું અનુસંધાન સૂચવે છે. એ મોનીટર કે વડાનિશાળિયાનો કેટલાક વિદ્વાનોએ 'શિષ્ય-શિક્ષક' તરીકે પણ ચરિત્રસાહિત્યમાં ઉલ્લેખ કર્યો છે. એમને સરકાર તરફથી મુકરર માસિક દરમાયો અપાતો હોવાનો ઉલ્લેખ પણ ચરિત્રસાહિત્યમાં અનેક સ્થળે થયો છે.

શિક્ષણકાર્યમાં હોશિયાર વિદ્યાર્થીઓની સહાય લેતી મોનીટર નીમવાની પ્રથાના

ગુણદોષની ચર્ચા અત્રે અપ્રસ્તુત ગણાય. પરંતુ ઓછા શિક્ષકો વડે શાળાઓ ચલાવી આર્થિક કરકસર કરવાની વૃત્તિનાં એમાં દર્શન થાય છે. અંગ્રેજ શાસનકર્તાઓ વિશે એમ કહેવાય છે કે, 'તેમણે ભારતમાં શાસકો તરીકે વ્યાપાર કર્યો અને વેપારી તરીકે શાસન કર્યું'. મોનીટરપ્રથામાં એ ઉક્તિનો ઉત્તરાર્ધ ચરિતાર્થ થતો હોય એમ જણાય છે. અલબત્ત, બ્રિટિશ પદ્ધતિની શાળાઓની સ્થાપનાના પ્રારંભિક દાયકાઓમાં, એવી નિશાળો માટે શિક્ષકોની અછત વર્તાતી ત્યારે આ પ્રથાએ શિક્ષણની ઉત્તમ સેવા બજાવી એનો પણ ઇન્કાર થઇ શકે એમ નથી.

અધ્યેયકાલ દરમ્યાન વિવિધ પદ્ધતિઓ દ્વારા રોજબરોજ વિદ્યાર્થીઓનો વર્ગક્રમ મુકરર કરવાની પ્રથા પણ કેટલીક શાળાઓમાં અમલી બની હતી. એ માટે મુખ્યત્વે 'સવાલવારી' કે વિદ્યાર્થીપ્રશ્નોત્તરી અને 'વહેલાપહેલી'ની પદ્ધતિ અપનાવવામાં આવતી. 'સવાલવારી'માં પાછળનો ક્રમ ધરાવતા વિદ્યાર્થીઓ પોતાની આગળનું સ્થાન ધરાવતા વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછી, જો તે ઉત્તર આપવામાં નિષ્ફળ જાય તો તેનું સ્થાન પ્રાપ્ત કરવાને હકદાર ગણાતા. રમણલાલ વસંતલાલ દેસાઇ એ પદ્ધતિનું વર્ણન એમની આત્મકથાના પહેલા ખંડમાં નીચે પ્રમાણે કરે છે :

> "અભ્યાસમાં અશક્તિ દર્શાવનારને ઉપલા નંબરે આવવાની વહેલાપહેલી ઉપરાંતની બીજી તક સવાલવારીની પદ્ધતિમાં પણ મળતી હતી.....છેલ્લા નંબરવાળો વિદ્યાર્થી અટપટો પ્રશ્ન પૂછી પહેલા નંબરવાળાને માત કરી તેને છેલ્લે નંબરે મોકલી પોતે પહેલે નંબરે બેસી શકતો....... .... શાળામાં જવું એ સામાન્યતઃ ટેવ બની જાય છે. એ ટેવ શૈથિલ્ય પણ ઉપજાવે. એમાં વહેલાપહેલી અને સવાલવારીની યોજના ઠીક ઠીક ગરમી ઉપજાવતી, હરીફાઇની ભાવના જગાડતી, અને કોઇને ન આવડે એવી ઝીણી ખૂણે-ખાંચે વેરાયેલી વિગતો ભેગી કરવાની વૃત્તિ જાગ્રત કરતી."[૧૦૩]

'સવાલવારી'ની પદ્ધતિ વિશે ર. વ. દેસાઇએ દર્શાવેલા અભિપ્રાયમાં એની ઉપયોગિતા અને સાર્થકતા દર્શાવાઇ છે. વિદ્યાર્થીઓને અધ્યયનાભિમુખ કરવામાં અને એમના સામાન્ય જ્ઞાનની વૃદ્ધિમાં આ પદ્ધતિ મહત્ત્વનો ભાગ ભજવતી હશે, એમ જરૂર કહી શકાય. ચરિત્રસાહિત્યમાં અન્યત્ર આ પદ્ધતિનો નિર્દેશ થયો નથી એના પરથી

એ અમુક શાળાઓમાં જ પ્રચલિત હશે, એમ માનવું રહે છે.

વિદ્યાર્થીઓના રોજબરોજના વર્ગક્રમનિર્ધારણ માટે અધ્યેયકાલ દરમ્યાન પ્રાથમિકશાળાઓમાં અપનાવવામાં આવતી 'વહેલાપહેલી'ની પદ્ધતિનો ઉલ્લેખ ચરિત્ર-સાહિત્યમાં ઘણે સ્થળે થયેલો છે. એમાં 'વહેલો તે પહેલો' એ ધોરણે જે ક્રમમાં વિદ્યાર્થી શાળામાં આવે તે ક્રમ તેને વર્ગબેઠકમાં મળતો. આ પદ્ધતિનો સમાવેશ વિષય-શિક્ષણની ઔપચારિક પદ્ધતિઓમાં નહીં, પરંતુ વિદ્યાર્થીઓના જીવનઘડતરની પદ્ધતિમાં થાય. વિદ્યાર્થીઓમાં નિયમિતતા, સમયપાલન, ખંત આદિ ગુણોની ખિલવણીમાં આ પદ્ધતિ ખૂબ ઉપયોગી નીવડી હશે એમ જણાય છે. વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસી (૧૮૭૩-૧૯૨૨) ખંભાલીઆ (સૌરાષ્ટ્ર)માં પ્રાથમિક શિક્ષણ લઇ રહ્યા હતા ત્યારે ત્યાંની શાળામાં આ પદ્ધતિ અમલમાં હતી. એમના જીવનચરિત્રમાં એનો ઉલ્લેખ નીચે પ્રમાણે કરવામાં આવ્યો છે :

> "તે દિવસોમાં શાળાનો વખત સવારે ત્રણ કલાક અને બપોરે ત્રણ કલાક એમ રાખવામાં આવતો હતો. ખમ્ભાલીઆની નિશાળ સવારે છ વાગે ઉઘડતી, જે વિદ્યાર્થી નિશાળે વહેલો આવે તેને ઉપરને દરજ્જે બેસવાનું મળે એવો ઠરાવ મહેતાજીએ રાખ્યો હતો. વિઠ્ઠલદાસને અભ્યાસની અને ઉંચો દરજ્જો મેળવવાની કાળજી એટલી બધી તીવ્ર હતી કે સવારે બહુ વહેલા ઉઠી - સાફસુફીનો ક્રમ આટોપી ઘોડા ઉપર બેસી પોતાની નિશાળે સાડાપાંચ વાગે કે કેટલીકવાર પાંચ વાગે અન્ધારામાં તે પહોંચી જતા"[૧૦૪]

પોતાના પ્રાથમિક શિક્ષણ દરમ્યાન આ પદ્ધતિ હેઠળ અગ્રતાક્રમ પ્રાપ્ત કરવા માટે, પોતે કેટલા બધા ઉત્સુક રહેતા એનો ઉલ્લેખ, રમણલાલ વસંતલાલ દેસાઇ પણ પોતાની આત્મકથામાં નીચે પ્રમાણે કરે છે :

> "સવારના સાડા છ વાગે શાળા શરૂ થવાની હોય ત્યારે વિદ્યાર્થીઓ ચાર વાગ્યાથી આવવા માંડી ઉપલા નંબર માટેની તીવ્ર હરીફાઇમાં ઊતરતા. એક પ્રકારનું બાલિશ પ્રામાણિકપણું વિદ્યાર્થીઓએ ખીલવ્યું હતું, જેને લીધે પહેલા આવનારને પહેલો અને બીજા આવનારને બીજો નંબર મેળવવામાં કશી તકરાર થતી નહિ. બીજી કોઇ રીતે ઉપર નંબર ન લાવનારને

આ ઉદાર યોજના ઠીક ઠીક અનુકૂળતા આપતી. હું પણ ઉત્સાહપૂર્વક આ યોજનાનો લાભ લેતો અને વગર વાંચ્યે ઉપલી કક્ષા મેળવવાની તક જતી ન કરવા રાતના બાર વાગ્યાથી ચાર વાગતાં સુધીમાં મારાં દાદીને ઘડી ઘડી જગાડી શાળામાં જવાની ઝંખના અનુભવતો." ૫૦૫

આમ, પ્રાથમિકશાળાઓમાં અધ્યેયકાલ દરમ્યાન વર્ગક્રમ નિશ્ચિત કરવાનો શિરસ્તો પ્રવર્તમાન હતો. એ માટે મુખ્યત્વે 'સવાલવારી' અને 'વહેલાપહેલી'ની પધ્ધતિઓ અપનાવવામાં આવતી. તદુપરાંત કોઇ કોઇ સ્થળે વિદ્યાર્થીઓ ધ્વારા શિક્ષકોને વિવિધ ઘરકામમાં કરવામાં આવતી સહાયને પણ વર્ગક્રમનિર્ધારણમાં લક્ષમાં લેવામાં આવતી.

"ઘરમાં પાણી ભરવાનું બાકી રહ્યું હોય, લૂગડા ધોતાં શિક્ષકની પત્ની થાકી ગયાં હોય, બજારમાંથી ઘી-તેલ કે શાક લાવવાનું હોય, પિયરથી હોડીમાં પધારતાં ગુરુપત્ની સાથેનાં પોટલાં ઘેર પહોંચાડવાનાં હોય : આવાં આવાં કામ પસંદ કરેલા વિદ્યાર્થીઓ કદી કદી કરતા, અને વર્ગમાં પહેલો-બીજો નંબર હક અને અધિકાર સહ મેળવતા" ૫૦૬

કેળવણીને વિશાળ પરિમાણમાં મૂલવીએ અને એને જીવનઘડતરની પ્રક્રિયા ગણીએ તો વર્ગક્રમનિર્ધારણ માટે અપનાવવામાં આવતી ઉપર્યુકત પધ્ધતિઓનો સમાવેશ પણ શિક્ષણપધ્ધતિઓની અંતર્ગત થાય. 'સાવલવારી' કે પ્રશ્નોત્તરી ધ્વારા ક્રમનિર્ધારણ પધ્ધતિને જ્ઞાનવૃધ્ધિ સાથે સીધો નિસ્બત છે, જ્યારે 'વહેલાપહેલી' અને શિક્ષકના ઘરકામ ધ્વારા ક્રમનિર્ધારણને જ્ઞાનવૃધ્ધિ સાથે ઘણો ઓછો સંબંધ છે. પરંતુ વર્ગક્રમ-નિર્ધારણમાં એ ત્રણેય પધ્ધતિઓનું સાપેક્ષ મહત્ત્વ હોવાથી અત્રે તેનો નિર્દેશ કરવામાં આવ્યો છે. આ ત્રણેય પધ્ધતિઓ વિદ્યાર્થીઓના ચારિત્ર્યઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવતી હશે, એમ જણાય છે.

અધ્યેયકાલ દરમ્યાન ઉપર્યુકત પધ્ધતિઓની વ્યાપકતા કેટલી હતી, એનું નિર્ધારણ કરવા અંગેનાં પ્રમાણો ચરિત્ર સાહિત્યમાંથી પ્રાપ્ત થતાં નથી.

અધ્યેયકાલ દરમ્યાન, પ્રાથમિક શિક્ષણ કક્ષાએ પ્રવર્તમાન શિક્ષણ-પધ્ધતિઓ અને વ્યવહારોમાં, અત્યાર સુધી શિક્ષણ સાધનોનો ઉપયોગ, ઇનામ-બક્ષિસો ધ્વારા પૂરી

પાડવામાં આવતી ઉત્પ્રેરણા તથા મોનીટર દ્વારા શિક્ષણ આપવાના ચાલ સહિત કેટલીક વિશિષ્ટ શિક્ષણ પ્રવિધિઓ અને પદ્ધતિઓની ચર્ચા કરી. હવે આ કક્ષાએ વિષયકેન્દ્રી ઝોક દર્શાવતાં શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોની સમીક્ષા કરીશું.

સૌ પ્રથમ અહીં એ નોંધ લેવી જોઇએ કે, નવલરામ અને નંદશંકર દ્વારા શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો સંબંધી પુરસ્કૃત પૂર્વોકત બાલકેન્દ્રી શિક્ષણદર્શન, હજુ ઉદય પામી રહ્યું હતું અને તેનો વ્યાપક સ્વીકાર થયો નહોતો. શિક્ષણક્રમ અને શિક્ષણ-પદ્ધતિઓ મુખ્યત્વે વિષયકેન્દ્રી ઝોક ધરાવતાં હતાં. રમણલાલ વસંતલાલ દેસાઇ નોંધે છે તેમ "એકાએક ગમે તે આંક પૂછવો અને તેનો સાચો જવાબ કરવો એ સ્મરણશકિતને કસનારી પદ્ધતિ" અધ્યેયકાલ દરમ્યાન અમલમાં હતી.[૧૦૭] કનૈયાલાલ માણેકલાલ મુનશી પણ એમણે 'બત્રી એકું બત્રીયાં' તબલાં સાથે ગોખેલા તેની નોંધ એમની આત્મકથામાં લે છે.[૧૦૮] બાળકોને સરળ અને રસમય શિક્ષણ આપવાનો અનુરોધ કરતી બાલકેન્દ્રી શિક્ષણપદ્ધતિઓનો કેટલાક વિદ્વાન પુરુષો દ્વારા પણ વિરોધ થતો, એની નોંધ આગળ લેવાઇ ગઇ છે. ઇતિહાસ અને ભૂગોળ જેવા વિષયોમાં પણ કેવળ યાદદાસ્તને સહાયભૂત થાય એવાં કાવ્યમય પુસ્તકો ત્યારે લખાતાં એનોય નિર્દેશ પૂર્વે થઇ ગયો છે. વિદ્યાર્થીઓની રુચિ, વલણ વગેરે પારખીને શિક્ષણ આપનારા શિક્ષકો ત્યારે વિરલ હતા. વાસ્તવમાં, રવિશંકર રાવળ નોંધે છે તેમ "બાળકોની ઝીણીઝીણી લાગણીઓ પર એ જમાનાના લોકો વિચાર કરતા થયા નહોતા."[૧૦૯] શિક્ષકો પણ એમાં ભાગ્યે જ અપવાદ હોય એ સ્વાભાવિક છે.

શૈક્ષણિક અનાવડત સહિત નાનાંનાનાં સ્ખલનો માટે વિદ્યાર્થીઓને ગામઠી શાળાઓની જેમ આ શાળાઓમાં પણ તરેહ તરેહની શિક્ષાઓ કરવાની પ્રથા ઘણી સામાન્ય હતી. ચંદ્રવદન મહેતા, પ્રાથમિક શિક્ષણ દરમ્યાન પોતાની અનાવડત માટે થયેલી આવી સજાનું વર્ણન નીચે પ્રમાણે કરે છે :

> "બરાબર યાદ નથી પણ આંક જ નહિ આવડયા હોય, તે એક દિવસ, મારો પાંચમે પડેલો મંગળ કાંતો વકરાયો, યા દસમે ધનના ગુરુ સાથે બેઠેલો શનિ અફળાયો ! આંકે ન આવડયા કે ન આવડયાં પલાખાં. બસ. આજ સુધી વાંકા અંગુઠા તો પકડયા જ હતા, પણ આજે તો હદ થઇ. ઝવેર, એક બીજો અને હું, ત્રણ જણને સજા નકકી થઇ. ગળામાં પાટી,

કપાળે શાહીનો ચાંલ્લો ને હાથ માથા પાછળ બાંધી એની બખોલમાં પાટી ભરાવેલી. રડવાનું તો ચાલુ. શરમ તો એવી લાગે, પણ શું થાય ? આવા અવતારે અમારો વરઘોડો વર્ગે વર્ગે ફેરવવામાં આવ્યો. અને સાથે સાથે વડા મહેતાજી સોટી લઇને ચાલે, વર્ગે વર્ગે ભાષણો આપે: 'લેશન નહીં કરે તેની આ વલે થશે'. આ ઉપરાંત સોટીનો માર તે જુદો, કાન ખેંચાય તે નફામાં, ધોલધપ્પા પડે તે વધારામાં"[૧૧૦]

વિદ્યાર્થીઓ પ્રત્યેના શિક્ષકના ઉપર્યુકત વ્યવહારમાં તેમનું બાળમનોવિજ્ઞાન વિશેનું ઘોર અજ્ઞાન પ્રગટ થાય છે. વિદ્યાર્થીઓનું આત્મગૌરવ ઘવાય એવી આ સજાઓ વિદ્યાર્થીઓના માનસ પર વિપરીત અસરો પેદા કરે એ સ્વાભાવિક છે. ચન્દ્રવદન મહેતા પોતાને થયેલી ઉપર્યુકત સજાનો નિર્દેશ કરતાં લખે છે કે "ત્યારથી જ નિશાળ, માસ્તર અને દાખલા, એ ત્રણેને માટે ઇકોતેર પેઢીનું વેર મારા હાડેહાડમાં વ્યાપી અને થીજી રહ્યું."[૧૧૧] બાળપણમાં જ ગણિત વિશે બંધાયેલો આ પૂર્વગ્રહ એમને છેક સુધી નડયો હતો, એમ એમની આત્મકથા પરથી ફલિત થાય છે.

રમણલાલ વસંતલાલ દેસાઇ પણ અધ્યેયકાલપર્યંત પ્રાથમિક શાળાઓમાં અતિ પ્રચલિત સજાઓનું વર્ણન નીચે પ્રમાણે કરે છે :

" 'સોટી વાગે ચમચમ, વિદ્યા આવે ઘમઘમ'નું સૂત્ર તે કાળે અમલમાં હતું જ. દરેક શિક્ષકની પાસે શિષ્યોને નિયમનમાં રાખવા માટે એક એક નેતરની સોટી પણ રહેતી હતી. શિષ્યોમાં બકવાદ કે ગણગણાટ વધી જાય ત્યારે મેજ ઉપર પ્રહાર કરી સહુને ચોંકાવવા માટે સોટીનો ઉપયોગ થતો, ઉપરાંત નકશામાં સ્થળ દેખાડવા માટે પણ સોટી કામ લાગતી. પરંતુ શિષ્યોની અણઆવડત, તોફાન કે શિસ્તભંગના બદલામાં શિક્ષા માટે થતો સોટીનો ઉપયોગ સોટીને શિક્ષણમાં અસરકારક સ્થાન અપાવતો હતો. સામાન્યત: વિવેકી શિક્ષકો હથેલીને જ પ્રહારના સ્થાન તરીકે વાપરતા, પરંતુ કંટાળેલા કે ઝનૂને ચડેલા શિક્ષકો વાંસામાં, પગમાં, બાજુ પર, પીઠ ઉપર જેમ અનુકૂળતા આવે તેમ સોટી ઝૂડયે રાખતા. ભેંકડો તાણી રડવાની નિશાળમાં છૂટ હતી. પરંતુ એ મુકત

રુદનને અટકાવવા માટે થનાર વધારે પ્રહારનો સતત ભય રહેતો, એટલે ભેંકડા લાંબા ચાલી શકતા નહિ. રુદનથી તે યુગના શિક્ષકો ડરતા નહિ."[૧૧૨]

દેસાઈએ સોટી ઉપરાંત ધોલ, ઝાપટ, ચીમટા અને આંકણીનો પણ કદીક કદીક 'શિષ્યોના લાભાર્થે' ઉપયોગ થતો હોવાની નોંધ એમની આત્મકથામાં લીધી છે.[૧૧૩] ચરિતસાહિત્યમાંથી અધ્યેયકાલ દરમ્યાન પ્રાથમિક શાળાઓમાં આવી નાનાવિધ સજાઓ વ્યાપક ધોરણે થતી હોવાનાં વિપુલ પ્રમાણો ઉપલબ્ધ થાય છે.

બ્રિટિશ પદ્ધતિની પ્રાથમિક શાળાઓમાં આમ, અધ્યેયકાલ દરમ્યાન પ્રવર્તમાન શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોમાં સારાંનરસાં ઉભય તત્ત્વોનું મિશ્રણ થયેલું જોવા મળે છે. શિક્ષણ-સાધનોના ઉપયોગ દ્વારા વિષયવસ્તુને સરળ અને મૂર્ત બનાવવાનો વ્યાપક બનતો ચાલ, પરીક્ષામાં અગ્રતાક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની ઇનામ-બક્ષિસો દ્વારા કરવામાં આવતી કદર અને એ દ્વારા પૂરી પડાતી ઉત્પ્રેરણા એ તેનાં સારાં લક્ષણો ગણાય. 'વહેલો તે પહેલો' યા 'વહેલાપહેલીની પદ્ધતિ', વિદ્યાર્થીપ્રશ્નોત્તરી કે 'સવાલવારી' અને શિક્ષકના ઘરકામ દ્વારા વર્ગમાં થતું ક્રમનિર્ધારણ, પણ વિદ્યાર્થીઓમાં કેટલાક ઉમદા ગુણોની ખિલવણીમાં મહત્ત્વનું યોગદાન કરતાં હશે, એમ કહી શકાય. પરંતુ શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોની આ સિદ્ધિઓ અને વિશિષ્ટતાઓ સાથે એની મર્યાદાઓ પણ છતી થયા સિવાય રહેતી નથી. વિષયવસ્તુના કંઠસ્થીકરણ પરનો ઝોક, શૈક્ષણિક શિથિલતાની બાબતમાં કરવામાં આવતી તરેહતરેહની સજાઓ અને કંઈક અંશે 'મોનીટર' દ્વારા શિક્ષણ આપવાની પદ્ધતિ એ એની મર્યાદાઓ ગણાય. સમગ્ર રીતે જોતાં એમ કહી શકાય કે ઉક્ત કાલ દરમ્યાન આ સ્તરે પ્રવર્તમાન શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોમાં જેટલું મહત્ત્વ અને પ્રભુત્વ વિષયવસ્તુનું હતું, તેટલું વિદ્યાર્થીનું નહોતું.

બ. <u>માધ્યમિક શિક્ષણસ્તર</u> :

ગુજરાતમાં માધ્યમિક શિક્ષણ આપતી સૌ પ્રથમ સંસ્થા ઇ.સ. ૧૮૪૨માં સુરત ખાતે સ્થપાઈ, એની નોંધ આ અગાઉ લેવામાં આવી છે. ઇ.સ. ૧૮૪૨ થી ઇ.સ.૧૮૫૫ સુધીમાં, એ ઉપરાંત ગુજરાતમાં અમદાવાદ (૧૮૪૬), ભરૂચ (૧૮૪૯) અને રાજકોટ (૧૮૫૩) ખાતે પણ બોર્ડ ઓફ એજ્યુકેશનના વખતમાં હાઈસ્કૂલ કક્ષાનું

શિક્ષણ આપતી સંસ્થાઓની સ્થાપના થઇ હતી. આમ ઇ.સ. ૧૮૫૪માં કેળવણી ખાતાના હાથમાં વહીવટ આવ્યો ત્યાં સુધી તળ ગુજરાતમાં આ કક્ષાનું શિક્ષણ આપતી માત્ર ચાર સંસ્થાઓ જ હતી.[૧૧૪] ત્યાર પછી ગુજરાતમાં કેળવણી ખાતાને હસ્તક આ સ્તરની શિક્ષણ સંસ્થાઓનું વિસ્તરણ થવા લાગ્યું. ઇ.સ. ૧૮૮૨ના હંટર શિક્ષણ પંચના હેવાલ પછી ખાનગી સાહસનો માધ્યમિક શિક્ષણની સંસ્થાઓના સંચાલનમાં પ્રવેશ થતાં, એનું વિસ્તરણ ઝડપી બન્યું. આમ ગુજરાતમાં માધ્યમિક શિક્ષણ સંસ્થાઓનું વિસ્તરણ મુખ્યત્વે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધની ઘટના છે, એ લક્ષમાં રાખવું ઘટે.

ઉપર્યુક્ત સંસ્થાઓના વિસ્તરણકાલમાં, ગુજરાતમાં શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો વિશે જે વિચારસરણીઓ પ્રવર્તમાન હતી તેની ચર્ચા આગળ થઇ ગઇ છે. પ્રાથમિક સ્તરની શિક્ષણ સંસ્થાઓની જેમ આ સ્તરની શિક્ષણ સંસ્થાઓની શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોના નિર્માણમાં પણ એ મહત્ત્વનો ભાગ ભજવે એ દેખીતુ છે. આથી પ્રાથમિક શિક્ષણ સ્તરની શિક્ષણ સંસ્થાઓની શિક્ષણપદ્ધતિઓ અને શિક્ષણવ્યવહારો સાથે માધ્યમિક શિક્ષણ સ્તરની શિક્ષણસંસ્થાઓની શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોનું કેટલીક બાબતોમાં અનુસંધાન જોવા મળે, એ સ્વાભાવિક છે.

પ્રથમ, શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોમાં ઉભય કક્ષાએ સમાનતા ધરાવતી બાબતો જોઇશું.

શિક્ષણ સાધનો દ્વારા શિક્ષણ આપવાનો મહિમા આ કક્ષાની શિક્ષણ સંસ્થાઓમાં પણ પ્રારંભથી જ સ્વીકારાયો હતો. ભાવનગરની માધ્યમિક શાળા, પ્રયોગશાળા અને ભૂગોળ-ખગોળનાં ઇતર સાધનોની દૃષ્ટિએ સમૃદ્ધ હતી અને તે શાળાના આચાર્ય શિક્ષણ-કાર્યમાં એનો સારીપેઠે વિનિયોગ કરતા. એ હકીકતની નોંધ કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ પોતાનાં 'સંસ્મરણો'માં લીધી છે :

"તે વખતના હાઇસ્કૂલના હેડમાસ્તર મિ. જમશેદજી નવરોજજી ઊનવાળા એમ.એ. હતા.............(એમને) વિજ્ઞાનનો બહુ શોખ. સ્કૂલની વિજ્ઞાનશાળામાં જાતે પ્રયોગ કરે ને છોકરાઓ પાસે કરાવે. પૃથ્વીનો ગોળો પણ પોતે જાતે જ સમજાવે. તે ઉપરાંત આકાશના તારા, ઉપગ્રહો વગેરેનો બારીકાઇથી અભ્યાસ કરાવવા માટે તેમણે રાજ્યને ખરચે એક મોટું કીમતી દૂરબીન મંગાવ્યું હતું અને રાતની વખતે

અમને સૌને પોતાને બંગલે બોલાવી દુરબીન વડે, ચંદ્ર, બૃહસ્પતિ, શની, - તેની પાઘડી સાથે બહુ ઉત્સાહથી બતાવતા. સ્કૂલને અંગે પુસ્તકો યા બીજી જે કોઈ વસ્તુ માગવામાં આવે તે કારભારીઓ મંજૂર કરતા."

ઉપર્યુક્ત શાળાની શૈક્ષણિક સાધનસુવિધાઓ બાબતની સજ્જતા અને શિક્ષણકાર્યમાં તેનો વિનિયોગ, એ વિષયના શિક્ષકના અંગત શોખને આભારી હશે, એમ માનીએ તો પણ રાજ્ય દ્વારા વિના રોકટોક મંજૂર કરવામાં આવતા એ અંગેના ખર્ચ પરથી જણાય છે કે પ્રગતિશીલ દેશી રાજ્યોના વહીવટી તંત્રોએ પણ, શિક્ષણમાં આવા સાધનોના ઉપયોગનું મહત્ત્વ પિછાન્યું હતું અને શાળાઓને સાધનસજ્જ કરવામાં એમને રસ હતો. ઈ.સ. ૧૯૦૩માં, નડિયાદની સરકારી હાઈસ્કૂલમાં ચોથા ધોરણમાં પ્રવેશ મેળવ્યો ત્યારે, પોતાના મન ઉપર એની સાધનસુવિધાઓ જોતાં થયેલી અસરનું નિરૂપણ ઈન્દુલાલ યાજ્ઞિક નીચેના શબ્દોમાં કરે છે :

બીજું વરસ (સન ૧૯૦૩) ઊઘડતાં હું સરકારી હાઈસ્કૂલમાં ચોથા ધોરણમાં દાખલ થયો. મોગલોની જૂની કચેરીનું વિશાળ ચોગાન, પહોળાં પગથિયાવાળું મુખ્ય મકાન, તેના બેઠા ઘાટના વિશાળ ઓસરીવાળા ને પુષ્કળ હવા - ઉજાસવાળા અભ્યાસખંડ, રેતી પાથરીને વ્યાયામનાં અનેક સાધનોથી સુસજ્જ સરસ કસરતશાળા- આ બધું પહેલી જ વાર જોઈને હું ઘણોજ ખુશી થયો."[૧૫૫]

શારીરિક કેળવણીની ઉપેક્ષા થતી એ કાળમાં પણ સરકારી શાળાઓની વ્યાયામ-શાળાઓ, યાજ્ઞિકના ઉપર્યુક્ત અવલોકનમાં દર્શાવ્યા મુજબ સાધનસજ્જ હોય તો અન્ય વિદ્યાકીય વિષયોમાં પણ શિક્ષણસાધનોની દૃષ્ટિએ એ સુસજ્જ હશે, એમ માનવાને કારણ મળે છે. એ જ અરસામાં એવા જ બીજા ઉપેક્ષિત વિષય ચિત્રકામમાં પણ ભાવનગરની શાળામાં ડ્રોઈંગ-બોર્ડો, ટી-સ્ક્વેરો, સેટ-સ્કવેરો, કંપાસ-બોક્સો, પીંછીઓ, વિવિધ રંગો વગેરે જેવાં સાધનો વપરાતાં હોવાનો ઉલ્લેખ રવિશંકર રાવળ પોતાની આત્મકથામાં કરે છે.[૧૧૬]

આ બધાં પ્રમાણો પરથી જણાય છે કે અધ્યેયકાલના ઉત્તરાર્ધમાં, માધ્યમિક શાળાઓમાં વિવિધ વિષયોના શિક્ષણમાં સાધનોનો વપરાશ વધતો જતો હતો.

પ્રાથમિક શિક્ષણસ્તરના તેજસ્વી વિદ્યાર્થીઓને, ઇનામ-બક્ષિસો દ્વારા ઉત્તેજન પૂરી પાડવાની તેમજ તેમની કદર કરવાની ચાલ અધ્યેયકાલ દરમ્યાન વ્યાપક પ્રમાણમાં પ્રચલિત હતી તેની નોંધ આગળ લેવાઇ ગઇ છે. માધ્યમિક સ્તરના વિદ્યાર્થીઓ માટે એવાં ઇનામ અને બક્ષિસો ઉપરાંત છાત્રવૃત્તિઓની જોગવાઇ થતી હોવાનાં પ્રમાણો પણ ચરિત્રસાહિત્યમાંથી મળે છે. રાજકોટની આલ્ફ્રેડ હાઇસ્કૂલમાં અભ્યાસ કરતા કલ્યાણરાય જેઠાભાઇ બક્ષી (૧૮૫૮ - ૧૯૨૨)ને અંગ્રેજી ચોથા ધોરણથી તેમની શૈક્ષણિક તેજસ્વીતાને કારણે માસિક રૂપિયા દસની શિષ્યવૃત્તિ મળતી હોવાનો ઉલ્લેખ એમના જીવનચરિત્રમાં થયો છે.[११७] ભાવનગર, વડોદરા વગેરે જેવાં પ્રગતિશીલ દેશી રાજ્યો તરફથી પણ માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા માટે આવી શિષ્યવૃત્તિઓની જોગવાઇ થતી હોવાનાં પ્રમાણો ઠક્કર-બાપા, સર સયાજીરાવ ગાયકવાડ વગેરેનાં જીવનચરિત્રોમાંથી મળે છે. આવી શિષ્યવૃત્તિઓને કારણે જ આર્થિક દૃષ્ટિએ પછાત પરિવારોમાંથી આવતા કેટલાક વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ જારી રાખવા શકિતમાન બનેલા એવા ઉલ્લેખો પણ ચરિત્રસાહિત્યમાં થયા છે.

પ્રાથમિક સ્તરની શિક્ષણ-સંસ્થાઓમાં 'વડા નિશાળિયા' કે 'મોનીટર'ની સહાય લેવાની પદ્ધતિ અધ્યેયકાલ દરમ્યાન પ્રચલિત હતી, એની નોંધ આગળ લેવાઇ ગઇ છે. માધ્યમિક શિક્ષણની સંસ્થાઓમાં પણ ઉકત પદ્ધતિનો અમલ 'બોર્ડ ઓફ એજ્યુકેશન' (૧૮૪૦-૫૪)ના સમય દરમ્યાન જ એટલે કે લગભગ આ સ્તરની શિક્ષણ-સંસ્થાઓની સ્થાપનાના સમયથી જ શરૂ થયો હોવાનો નિર્દેશ નર્મદની આત્મકથા 'મારી હકીકત'માંથી પ્રાપ્ત થાય છે, જે નીચે પ્રમાણે છે :

> "હું સને ૧૮૫૧ ની ૧૯મી ફેબરવારીએ સુરત આવ્યો..........બીજે કે ચોથે દહાડે સુરતની ઇસ્કુલના વડા ગ્રેહામને મળવા ગયો. ત્યાં મેં પૂછ્યું કે તારા ઉપર મારા સંબંધી વિનાયકરાવ જગન્નાથના કાગળો આવેલા છે ? ત્યારે તે બોલ્યો કે હા પણ બોર્ડનો એવો ઠરાવ છે કે સુરતની જ ઇસ્કોલમાંનાને મોટા પગાર કરી આપવા. તે વખત એવું હતું કે ત્રણ ત્રણ ચચ્ચાર રૂપિયાના માનીટરો કહાડી નાખી મોટા પગારના છ જ માનીટરો રાખવાનો બોર્ડનો હુકમ આવ્યો હતો. હું નાઉમેદ થઇ ગયો."[११८]

નર્મદે મુંબઇની એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટયુટમાં માધ્યમિક શિક્ષણ મેળવેલું, એની નોંધ અત્રે લેવી જોઇએ. સુરતની હાઇસ્કૂલના વિદ્યાર્થી નહીં હોવાનો કારણે એને બોર્ડના ઠરાવ મુજબ મોનીટરનું પદ પ્રાપ્ત ન થયું, એ બતાવે છે કે મોનીટર તરીકે ઘણું કરીને જે તે સંસ્થાના વિદ્યાર્થીઓની જ નિમણૂક થતી. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરે એમના માધ્યમિક શિક્ષણકાળ દરમ્યાન વડા-નિશાળિયા તરીકેની ફરજ બજાવેલી, જેનો નિર્દેશ એમના જીવનચરિત્રમાં નીચે પ્રમાણે થયો છે :

> "તે જાતે શરમાળ પ્રકૃતિના હોવા છતાં તેમને માથે જ્યારે વર્ગના વડા નિશાળિયાની ફરજ બજાવવાની આવી ત્યારે કદમાં પોતાનાથી મોટા અને મજબૂત શરીરના વિદ્યાર્થીઓ ઉપર દૃઢ પણ ન્યાયી રસમથી કામ લીધેલું અને એ રીતે શાળામાં 'એરિસ્ટેડીઝ'નું ઉપનામ મેળવેલું. એરેસ્ટેડીઝ ગ્રીક તત્ત્વવેત્તા હતો અને તે પ્રામાણિકતા, ન્યાયીપણું અને શુદ્ધ બુદ્ધિ માટે પ્રખ્યાત હતો."[૧૧૯]

શિક્ષણકાર્ય ઉપરાંત, ઉકત સંદર્ભ પરથી જણાય છે તેમ, આ કક્ષાએ મોનીટરને શિરે વર્ગશિસ્ત જાળવવાની જવાબદારી પણ રહેતી હશે અને એ માટે વિદ્યાકીય સિદ્ધિ ઉપરાંત એની નિમણૂકમાં બીજી કેટલીક લાક્ષણિકતાઓને પણ લક્ષમાં લેવાતી હશે, એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

આમ, અધ્યેયકાલ દરમ્યાન પ્રાથમિક શિક્ષણ-સ્તરની શાળાઓની જેમ માધ્યમિક-કક્ષાની શિક્ષણસંસ્થાઓમાં પણ શૈક્ષણિક સાધનોના ઉપયોગનું મહત્ત્વ સ્વીકારાયું હતું અને તેનો વપરાશ વધતો જતો હતો. ઇનામ-બક્ષિસો અને શિષ્યવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સિદ્ધિ માટે ઉત્પ્રેરણા પૂરી પાડવામાં આવતી હતી. પગારદાર મોનીટરો નીમવાની અને શિક્ષણકાર્યમાં એમનો સહયોગ લેવાની પ્રથા પણ અમલમાં મૂકાઇ હતી.

કેટલાક ચરિતનાયકોએ પોતાના માધ્યમિક શિક્ષણનાં સંસ્મરણો આલેખતાં પોતાના શિક્ષકોની શીખવવાની વિવિધ રીતોની નોંધ લીધી છે. જીવનચરિત્રોના કેટલાક રચયિતાઓએ પણ ચરિતનાયકોના શિક્ષકોની શીખવવાની રીતનું વર્ણન કર્યું છે. એના પરથી અધ્યેયકાલ દરમ્યાન પ્રવર્તમાન શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો કેવાં હતાં એની કંઇક ઝાંખી થાય છે. પ્રથમ ચરિત્રસાહિત્યને આધારે અધ્યેયકાલ દરમ્યાન

પ્રવર્તમાન ઉમદા શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોનું અવલોકન કરીએ.

નર્મદે ઇ.સ. ૧૮૪૫ થી ઇ.સ. ૧૮૫૧ સુધીના સમયગાળા દરમ્યાન મુંબઇની એલ્ફિન્સ્ટન હાઇસ્કૂલમાં શિક્ષણ પ્રાપ્ત કરેલું. પોતાના ઇતિહાસશિક્ષક બમનજી પેસ્તનજી માસ્તર 'હસાવી રમાડીને સારી પેઠે' શીખવતા હોવાનો ઉલ્લેખ નર્મદ પોતાની આત્મકથામાં કરે છે.[૧૨૦] વળી, અંગ્રેજી, ભૂગોળ આદિ વિષયો શીખવનાર બમનજી પેસ્તનજીની 'શીખવવાની રીત ઘણી સારી હતી અને સ્વભાવ મળતાવડો હતો' એવી નોંધ પણ નર્મદ એની આત્મકથામાં લે છે.[૧૨૧] ચાલુ સદીના બીજા દાયકા દરમ્યાન સૂરતની હાઇસ્કૂલમાં શિક્ષણ પ્રાપ્ત કરનાર ચંદ્રવદન મહેતા એમને અંગ્રેજી અને ઇતિહાસ શીખવનાર માણેકજી પટેલની શિક્ષણપદ્ધતિનું વર્ણન નીચેના શબ્દોમાં કરે છે :

> "ત્યારે નિશાળમાં બે લાયક માસ્તરો હતા. એમાંના એક માણેકજી પટેલ. તાજા જ મુંબઇથી બદલી થઇને આવેલા. પણ આવતાં વાર જ સૌનો ચાહ જીતી લીધો હતો. કદાવર, ભારેખમ ને રમૂજના જાણકાર, એટલે એના કલાસમાં મજા આવતી. એ 'ડોન કવીક્ઝોટ' શીખવે, અને એનો પારસી જબાનમાં તરજુમો કરે, ત્યારે તો પેટ પકડી હસાવે. શૈકો પઞ્ઝા આવે ત્યારે તો એ ખૂબ જ ખીલે. અંગ્રેજી ઉપર સુંદર કાબૂ, અને અઘરા વર્ડ્ઝ તો ચપોચપ લખાવે. ડોનનાં વળી ઠેકાણાં વગરનાં ચિત્રો એ બોર્ડ પર પાડે ત્યારે તો હદ જ થાય ! એ ઇતિહાસ શીખવતાં ત્યાંના રાજારાણીઓની પાર વિનાની ઠેકડી કરતા."[૧૨૨]

આમ, અધ્યેયકાલ દરમ્યાન વિદ્યાર્થીઓને 'ગમ્મત સાથે જ્ઞાન' પીરસનારા કેટલાક શિક્ષકો પણ હતા અને તે વિદ્યાર્થીઆલમમાં ખૂબ લોકપ્રિય બનતા એમ ઉપર્યુકત સંદર્ભોને આધારે સ્પષ્ટ થાય છે. પેસ્તનજી બમનજી માસ્તર અને માણેકજી પટેલ ઉભય પારસી શિક્ષકો હતા. સંભવત: પારસીઓની સાહજિક રમૂજવૃત્તિઓનું પ્રતિબિંબ એમની શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોમાં પણ પડતું હશે, એમ આના પરથી જણાય છે.

વાસ્તવમાં, રમૂજવૃત્તિ એ કુદરતી બક્ષિસ છે અને એનો જયારે શિક્ષણકાર્યમાં વિનિયોગ થાય ત્યારે શિક્ષણ રસપ્રદ અને અસરકારક બને છે. ચાલુ સદીના પ્રારંભિક દાયકાઓમાં વડોદરાની સયાજી હાઇસ્કૂલના આચાર્યપદે બિરાજેલા હીરાલાલ વ્રજલાલ શ્રોફ (૧૮૬૭-૧૯૩૦)ની રમૂજપૂર્વક શીખવવાની શિક્ષણ-પદ્ધતિ કેટલી અસરકારક હતી,

તેનો નિર્દેશ એમના એક વિદ્યાર્થી આ પ્રમાણે કરે છે :

"અમને તેઓ કલાસમાં ગુજરાતી તથા ઈંગ્લીશના પિરિયડો લેતા હતા. તે સમયે તેમની વિનોદપૂર્વક શિખવવાની પદ્ધતિ એટલી સુંદર હતી કે અમને આ પિરિયડો હજુ વધારે વાર ચાલ્યા કરે તો ઘણું સારું એમ લાગતું અને ઊઠવાનું કે કંટાળાનું તો નામ જ ન થાય. સમય ક્યાં ગયો તેની ખબર જ ન પડે. તેમજ જે જે વિષય શિખવે તે જાણે મનમાં દૃઢ થઇ ગયો હોય તે રીતે લાગ્યા કરે. ......તેઓશ્રી પ્રત્યે દરેક વિદ્યાર્થીને અપૂર્વમાન હતું, અને હમેશાં તેમનું ગૌરવ દરેક જણ સાચવતા." ૧૨૩

રમૂજ દ્વારા શિક્ષણ આપવા ઉપરાંત કેટલાક શિક્ષકો પોતપોતાના વિષયના નિષ્ણાત હતા અને એમની શિક્ષણપદ્ધતિઓ રસપ્રદ અને અસરકારક હતી એવી નોંધો ચરિત્રસાહિત્યમાંથી વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. ગત સૈકાના છેલ્લા દાયકાઓ દરમ્યાન ભાવનગરની હાઇસ્કૂલના આચાર્ય જમશેદજી ઊનવાલાના વિવિધ શૈક્ષણિક સાધનોની મદદથી વિદ્યાર્થીઓને સંગીન જ્ઞાન આપતા એની નોંધ આગળ લેવાઇ ગઇ છે. એમની વિધ્વત્તા, પ્રભાવ અને પ્રેમમાંથી નિપજેલી એમની શિક્ષણપદ્ધતિ અને તેની અસરકારકત્તાનું બયાન અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર (૧૮૬૯ - ૧૯૫૧)ના જીવનચરિત્રમાં આ રીતે આપવામાં આવ્યું છે :

"જમશેદજી ઊનવાળા............બધા માણસોમાં અલગ તરી આવતા. વિદ્યાર્થીઓનું એમના પ્રત્યે જબરું આકર્ષણ રહેતું. વિદ્યાર્થીઓ પ્રત્યે તેઓ પ્રેમ પણ બતાવતા અને રુઆબ પણ રાખતા. મેટ્રિકમાં ઘણા વિષયો તો તે જ શીખવતા.........અંગ્રેજીમાં તો તે એકકા જ હતા. ગણિતવિદ્યા, અંકગણિત, બીજગણિત, ભૂમિતિ વગેરે પણ એ શીખવતા. આ ઉપરાંત પ્રાથમિક ખગોળવિદ્યા તથા પ્રાથમિક પદાર્થવિજ્ઞાન પણ એમના વિષય હતા. પોતાના વિષયોને તે એટલા સરળ અને રસમય બનાવતા કે સૌને એમના વર્ગમાં મજા પડતી. ખગોળવિદ્યાનું પ્રત્યક્ષ જ્ઞાન આપવા માટે રાત્રે તેઓ વિદ્યાર્થીઓને ઘેર બોલાવતા અને ત્યાં ઘરની અગાસીમાંથી કે ફળિયામાંથી ટેલિસ્કોપ દ્વારા, તારા, ગ્રહો,

ચંદ્ર વગેરે બતાવતા."[૧૨૪]

અનેક વિષયોના નિષ્ણાત શિક્ષકો સ્વાભાવિક રીતેજ વિદ્યાર્થીઓમાં લોકપ્રિય બને. આવા નિષ્ણાત શિક્ષકો પણ વિદ્યાર્થીઓ આગળ વિષય સુગમ્ય અને રસપ્રદ કરીને રજૂ કરતા, એ હકીકતની અત્રે નોંધ લેવી ઘટે.

અનેક વિષયોના નિષ્ણાત એવા સયાજી હાઈસ્કૂલના આચાર્ય હીરાલાલ વ્રજલાલ શ્રોફની રમૂજપૂર્વક જ્ઞાન આપવાની એમના વિદ્યાર્થીએ વર્ણવેલી પદ્ધતિનો ઉલ્લેખ આગળ કર્યો છે. એમની શિક્ષણપદ્ધતિ વિશે ચરિતલેખકનું અવલોકન પણ નોંધનીય જણાય છે, જે નીચે પ્રમાણે છે :

> "તેઓ વર્ગમાં શીખવવામાં એવા તલ્લીન થઈ જતા અને વિદ્યાર્થીઓ પણ શીખતી વખતે ચિત્રવત્ સ્થિર એકાગ્રચિત્ત બની જતા કે તેમને વખતનું ભાન રહેતું નહિ. તેઓ અનેક દષ્ટાન્તો અને અવતરણો આપીને વિષયને એવી રીતે પ્રતિપાદન કરતા કે તે વિષયનું જ્ઞાન હસ્તામલકવત્ થઈ જતું. ઘણું કરીને તેઓ પોતાનો તાસ છેક છેલ્લો રાખતા, કે જેથી વખત વધારે થઈ જાય તો પણ અડચણ આવે નહિ. શાળા છૂટવાનો ઘંટ વાગી જાય તો પણ વિદ્યાર્થીઓ ઊઠવાની વાત ન કરે, વર્ગમાં શાંતિ જ પથરાઈ રહેલી હોય. આ એમના શિક્ષણનો ચમત્કાર હતો. વિદ્યાર્થીઓ ગમે તેવા અઘરા પ્રશ્નો પૂછે, પણ પોતે સર્વવિદ્યાવિશારદ જેવા હોવાથી સંતોષકારક ખુલાસા આપે, અને વળી પોતે રસિક હોવાથી હાસ્યપૂર્વક રમૂજ કરતા કરતા વાત કરે, એટલે વર્ગમાં આનંદ આનંદ પથરાઈ રહે, ગમે તેવો રખડેલ વિદ્યાર્થી હશે, પણ તે એમના વિષયમાં હાજરી આપ્યા વગર રહે નહિ. આ બધું છતાં એમની શિસ્ત બહુ કડક હતી."[૧૨૫]

જમશેદજી ઊનવાળા, હીરાલાલ વ્રજલાલ શ્રોફ જેવા શિક્ષકો અને એમની શિક્ષણ-પદ્ધતિઓને કેવળ અપવાદરૂપ લેખી શકાય એમ નથી. વાસ્તવમાં, રમણલાલ દલાલ દર્શાવે છે તેમ પંડિત યુગ (૧૮૮૭ - ૧૯૨૦) દરમ્યાન શિક્ષણના ત્રણેય સ્તબકમાં ઊંચી કોટિના વિદ્વાન શિક્ષકો હતા.[૧૨૬] આવા બહુશ્રુત વિદ્વાન શિક્ષકો પોતાના વિષયમાં અસરકારક રસપ્રદ શિક્ષણ આપતા એમ ઉપરનાં પ્રમાણો પરથી સિદ્ધિ થાય છે.

વિદ્વાન હોવા છતાંય તેઓ વિષયને વિદ્યાર્થીઓ સમક્ષ સરળતાપૂર્વક રજૂ કરતા. આ વિદ્વાન શિક્ષકો માટે વિદ્યાર્થીઓ પ્રેમ અને આદર ધરાવે એ સ્વાભાવિક છે. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર પણ ઉપર્યુક્ત કાલમાં વિદ્યમાન એવા પોતાના ભિન્નભિન્ન હાઈસ્કૂલ-શિક્ષકોનાં 'શિક્ષણની કળા', 'શિક્ષણ પદ્ધતિ અને તેની યથાર્થતા', 'શિક્ષણ પાછળના ખંત', 'શીખવવાની ચતુરાઈ', 'વિદ્યાર્થી તરફના સ્નેહ' 'જ્ઞાન' વગેરેની મુક્તકંઠે પ્રશંસા કરે છે.[૧૨૭] મોરારજી દેસાઈ (જ. ૧૮૯૬) પણ વલસાડની હાઈસ્કૂલમાં તે અભ્યાસ કરતા તે દરમ્યાન એમના આચાર્ય 'એટલું બધું ધ્યાનપૂર્વક શીખવતા હતા કે ઘેર ફરીથી વાંચવાની જરૂર જ અમને જણાતી નહીં' અને સંસ્કૃત તેમજ ગણિતના શિક્ષક 'વિદ્યાર્થીઓને સમજ પડે એટલી કાળજી રાખીને શીખવતા હતા અને વિદ્યાર્થીઓના સંપર્કમાં રહી એમનામાં ભારે રસ લેતા' હતા, એવી નોંધ એમની આત્મકથામાં લે છે.[૧૨૮] આ ઉપરાંત રમણલાલ વસંતલાલ દેસાઈ, ઇન્દુલાલ યાજ્ઞિક, ચન્દ્રવદન મહેતા વગેરેએ પણ એમના કેટલાક શિક્ષકોની વિદ્વત્તા, શિક્ષણ-પદ્ધતિ અને તેની અસરકારકતાનો ઉલ્લેખ કર્યો છે.

અધ્યેયકાલ દરમ્યાન, ઉપર દર્શાવેલાં પ્રમાણો પરથી જણાય છે તેમ, કેટલાક શિક્ષકોનો વિષય માટેનો અને વિદ્યાર્થીઓ તરફનો પ્રેમ બહુધા એમની શિક્ષણપદ્ધતિઓને રસપ્રદ અને અસરકારક બનાવતો. એ શિક્ષકોને શિક્ષણપદ્ધતિઓની તાલીમ મળી નહોતી એ હકીકત નોંધપાત્ર છે. વાસ્તવમાં એ જમાનામાં શિક્ષક-તાલીમનું મહત્ત્વ વ્યાપક રીતે સ્વીકારાયું નહોતું. વિષય અને વિદ્યાર્થી ઉભય પ્રત્યેના સાહજિક પ્રેમમાંથી નિપજતી શિક્ષણ-પદ્ધતિઓ અને પ્રશિક્ષણ-સંસ્થાઓમાં અપાતી શાસ્ત્રીય તાલીમમાંથી નિપજતી શિક્ષણપદ્ધતિઓની સાપેક્ષ સાર્થકતા, વિશેનું રમણલાલ વસંતલાલ દેસાઈનું નિમ્નદર્શિત નિરીક્ષણ, અધ્યેયકાલ દરમ્યાન પ્રવર્તમાન શિક્ષણ-પદ્ધતિઓની સંગીનતા પર પ્રકાશ પાથરે છે :

> "શિક્ષણની કળાથી શિક્ષકો ત્યારે અજ્ઞાત જ હતા - એટલે કે કળાની સરકારી છાપથી ! આજના[X] છાપવાળા શિક્ષકો વધારે સારું શીખવતા હોય એવી એકે બાજુથી ખાત્રી થતી ન હોવા છતાં શિક્ષણ વધારે રસમય બને એવું બધું જ કરવાની હું તરફેણ કરું છું. હું ભાર મૂકું છું શિક્ષણને રસમય

-----------

X કૃતિ પ્રકાશન વર્ષ : ઈ.સ. ૧૯૫૦

કરવા ઉપર, નિષ્ણાતો અને શાસ્ત્રજ્ઞો શિક્ષણને રસમય બનાવવાને બદલે તેને ચૂંથી નાખતા હોય એવો મને ભય રહે છે. બાળકો શું શીખે છે એને બદલે શિક્ષકો શિક્ષણની કઇ કઇ સામગ્રી ઘેરથી ભરી લાવ્યા છે તેની હાલ વધારે તપાસ થતી જણાય છે. અનેક પ્રકારની નોંધ શિક્ષક ઘેરથી લખી લાવે, કાળાં પાટિયાં ઉપર 'ચૉક'ના ફાવે તેવાં લીટાં કાઢયા કરે, 'રંગીન પોઇન્ટર'થી નકશાઓને વધારે ઝડપથી ફાડી નાખે એ બધું શાસ્ત્રીય ઢબે ઠીક હશે. વિદ્યાર્થીઓ માગે છે શિક્ષણમાં રસ. એ રસ ઉપજાવતા શિક્ષકો ત્યારે અને આજ પણ ઘણા જ ઓછા હોય ! શિક્ષકને પોતાને પોતાના શિષ્યોમાં અને શિક્ષણના વિષયમાં રસ ન હોય તો ગમે એટલી શાસ્ત્રીયતા પણ શાળા-પાઠશાળાને જડ બનાવી દે છે."[૧૨૯]

ચાલુ સદીના પ્રથમદાયકાની, પોતાની માધ્યમિક શાળાના શિક્ષકોની શિક્ષણ-પધ્ધતિઓના સંદર્ભોમાં રમણલાલ દેસાઇ ઉપર્યુકત નોંધ લે છે. ઉપર્યુકત હીરાલાલ વ્રજલાલ શ્રોફની રસપ્રદ અને સંગીન શિક્ષણપધ્ધતિનું વર્ણન કર્યા બાદ તેમના એક વિદ્યાર્થી નોંધે છે કે "એસ. ટી. સી., બી.ટી. કે એવું કશું યે શિક્ષણશાસ્ત્રનું બહુમાન તેઓએ મેળવ્યું ન હતું, પણ આદર્શ શિક્ષણશાસ્ત્રી, શિક્ષક અને વિદ્વાન વકતા તરીકે અમારા પ્રિન્સિપાલ (હીરાલાલ વ્ર. શ્રોફ) નરકેસરી હતા."[૧૩૦]

શિક્ષકો બે પ્રકારના હોય છે : (૧) જન્મજાત અને (૨) સર્જિત. જન્મજાત શિક્ષકો વિષયનૈપુણ્ય અને બાળકોપ્રત્યેના સાહજિક પ્રેમને લીધે કઠિનતમ વિષયને પણ સરળ અને સ-રસ બનાવી શકે છે. શિક્ષણની કલા આવા શિક્ષકોને સિધ્ધહસ્ત હોય છે. પરંતુ એથી શિક્ષણ-સાધનો ને સામગ્રીનું મહત્ત્વ ઓછું થતું નથી. હા, તેનો કુશળતાપૂર્વક વિનિયોગ ન થાય તો શિક્ષણપ્રક્રિયા આસ્વાદ્ય અને સંગીન ન બને, એ સમજી શકાય એમ છે. જન્મજાત શિક્ષકો શિક્ષણસાધનો અને સામગ્રીનો શિક્ષણકાર્યમાં સહેતુક ઉપયોગ કરે તો એમનું શિક્ષણકાર્ય વધુ દીપી શકે એ પણ એટલું જ સાચું છે. રમણલાલ દેસાઇનો વિરોધ કદાચ શિક્ષણ-સાધનો અને સામગ્રીના ઉપયોગ સામે નહીં, પરંતુ એના જડતા-પૂર્વકના નિરર્થક ઉપયોગ સામે હોય એમ જણાય છે. શિક્ષણશાસ્ત્ર અને શિક્ષણશાસ્ત્રીઓ

શિક્ષણ–સાધનો અને પદ્ધતિઓને જડતાપૂર્વક વળગી રહેવાનો અનુરોધ કરતાં નથી એ અત્રે નોંધવું ઘટે.

અધ્યેયકાલ દરમ્યાન માધ્યમિક શિક્ષણની સંસ્થાઓમાં પ્રવર્તમાન શિક્ષણ-પદ્ધતિઓ અને વ્યવહારોનાં કેટલાંક ઉમદા પાસાંઓની નોંધ લીધા પછી હવે, એતદ્કાલીન શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોનાં, ચરિતસાહિત્યમાં પ્રતિબિંબિત થતાં કેટલાંક નબળાં પાસાંઓનું નિરીક્ષણ કરીશું.

નૂતન શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો, શિક્ષક-શિષ્યની આત્મીયતા પર ભાર મૂકે છે. શિક્ષક સાચા અર્થમાં વિદ્યાર્થીનો મિત્ર, માર્ગદર્શક અને હિતચિંતક બને ત્યારે શિક્ષણપ્રક્રિયા ફળદાયી બને છે, એવું પ્રતિપાદન આજનું શિક્ષણશાસ્ત્ર કરે છે. પરંતુ અધ્યેયકાલ દરમ્યાન જૂજ અપવાદો બાદ કરતા શિક્ષક-શિષ્ય વચ્ચે હંમેશાં એક દીવાલ રહેતી જોવા મળે છે. ચરિતનાયક ફૂલચંદભાઇ (જ. ૧૮૯૫) ઇ.સ. ૧૯૧૬માં વઢવાણ હાઇસ્કૂલમાં શિક્ષક તરીકે નિમાયા એ સમયે પ્રવર્તમાન આવી વિચારસરણીનું અને એને તોડવા એમણે કરેલા પ્રયત્નોનું નિરૂપણ ચરિતલેખક નીચેના શબ્દોમાં કરે છે :

"આ વખતે અંગ્રેજી શિક્ષણનો પ્રભાવ પૂરે પૂરો પડી ચૂકયો હતો. શિક્ષક તો વિદ્યાર્થીથી દૂર ઊંચે આસને, સલામ કરવાને જ સ્થાને બિરાજે એવી માન્યતાઓ એ સમયે પ્રવર્તતી હતી. શિક્ષક ફૂલચંદભાઇએ ઘરેડ તોડી. તેઓ વિદ્યાર્થીઓ સાથે હળવામળવા ને ફરવા જવા લાગ્યા તથા ચર્ચાઓ કરવા લાગ્યા. એમની સાથે વ્યાયામશાળાએ પણ તે જવા લાગ્યા. વાર્તાચીતો અને ચર્ચાઓ દ્વારા તે બાળકોમાં રાષ્ટ્રભાવના અને સાદાઇનાં બીજ રોપવા લાગ્યા. ભવિષ્યમાં ભારત-માતની મુક્તિ અર્થે આપણે અત્યારથી જ ચારિત્ર ઘડીને, બ્રહ્મચર્ય પાળીને તૈયારી કરવાની છે એમ વિદ્યાર્થીઓને વર્ગ લેતાં લેતાં એ સંભળાવ્યા કરતા. સ્વાશ્રયી થવા માટેનો દાખલો પોતે જ ધોકો લઇને કૂવે કપડાં ધોવા જઇને આપ્યો.. ..........એમની આ પ્રવૃત્તિ જોઇએ એક વખત હેડમાસ્તરે ચેતવેલા પણ ખરા કે : 'વિદ્યાર્થીઓ સાથે આ રીતે ભળવું એ સારું નહિ. તમારી એ 'પોઝીશન : મોભો' ન ગણાય.' પણ એમને એવી

'પોઝીશન' વળગી નહોતી."[५३१]

શિક્ષકો સાથેના અનૌપચારિક સંબંધોમાંથી પણ વિદ્યાર્થી ઘણું શીખતો હોય છે, પરંતુ એ ત્યારે જ શકય બને જયારે ઉભય વચ્ચેનું દૂરત્વ ભેદાય. વિશેષત: વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતરમાં ઉભય વચ્ચે સ્થપાતી નિકટતા મહત્ત્વનો ભાગ ભજવે. પરંતુ કારકુનો અને ગૌણ કક્ષાના વહીવટી અધિકારીઓ તૈયાર કરવા માટે રચાયેલી શિક્ષણ-વ્યવસ્થામાં, ચારિત્ર્યઘડતર માટેના શિક્ષકશિષ્ય વચ્ચેના આવા સંબંધો જરૂરી નહોતા. અંગ્રેજી કેળવણી ચારિત્ર્યઘડતરમાં નિષ્ફળ ગઇ. હોવાનુ એક મહત્ત્વનું કારણ શિક્ષક-શિષ્ય વચ્ચેના અનૌપચારિક સંબંધોની તેમાં થયેલી ઘોર અવગણના ગણાય. વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે જયાં કૃત્રિમ શિષ્ટાચારનો પડદો રહેતો હોય ત્યાં કેવળ વિષયોનું જ શિક્ષણ આપી શકાય, જીવનઘડતરની તાલીમ નહીં. અંગ્રેજોના અતડાપણાએ અને અધિકારવૃત્તિએ શિક્ષક-શિષ્ય વચ્ચે આવા સંબંધો ઉપસાવવાની ભૂમિકા સર્જવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હશે એમ કહેવાનું પ્રાપ્ત થાય છે.

આ કક્ષાએ પણ, વિવિધ વિષયોના શિક્ષણમાં વિષયવસ્તુ યંત્રવત્ ગોખવા પર વિશેષ ઝોક આપવામાં આવતો હતો, એમ દર્શાવતાં સંખ્યાબંધ પ્રમાણો ચરિત્રસાહિત્યમાંથી ઉપલબ્ધ થાય છે. કનૈયાલાલ મુનશી ઓગણીસમી અને વીસમી સદીના સંધિકાળમાં ભરૂચની માધ્યમિક શાળામાં શિક્ષણ પ્રાપ્ત કરતા હતા ત્યારે, સંસ્કૃતનો વિષય શીખવવા માટે અપનાવાતી ગોખણપટ્ટીનો એમને કડવો અનુભવ થયેલો, જેની નોંધ એમણે પોતાની આત્મકથામાં નીચેના શબ્દોમાં લીધી છે :

> "ચોથા ધોરણમાં હું બેઠો ત્યારે ભાંડારકરની સંસ્કૃત માર્ગો-પદેશિકાનો પહેલો પાઠ ચાલતો હતો, અને પહેલે જ દિવસે માસ્તરે પહેલા પાઠ નીચે આપેલા ઉપાન્ત્ય આદિ ભયંકર શબ્દોથી ભરપૂર નિયમો ગોખવા આપ્યા. એ ગોખણિયો યુગ હતો. વાકય ન સમજાય તે પરવડે, પણ એક શબ્દ બોલતાં રહી જાય તો સોટીનો ફટકો પડે. મેં માથાફૂટ કરવામાં કસર રાખી નહીં. સંસ્કૃત વ્યાકરણનું રહસ્ય સમજાવવા એક માસ્તર રાખ્યો, गच्छामि[X] गच्छाव : થી આખું ઘર ગજાવ્યું. સંધિના બધા જ નિયમો કડકડાટ ગોખવા માંડયા.

-----------

X અધોરેખિત શબ્દો દેવનાગરી લિપિમાં મુદ્રિત થયા છે.

"આખરે એ બધામાં ચાંચ ન બૂડી તે ન જ બૂડી. પછીનાં વર્ષોમાં તો ભાંડારકરનાં પુસ્તકો ગોખ્યાં, પરીક્ષાઓ આપી, સારા માર્ક મેળવ્યા. પણ પ્રથમ દર્શને ઉદ્‌ભવેલો અણગમો આજ સુધી રહ્યો છે, ને પરિણામે વ્યાકરણ માત્રનું મારું જ્ઞાન નહિ જેવું જ રહી ગયું છે.

"ભાંડારકરની વિદ્વત્તા અગાધ હતી, પણ તેમનું બાલમાનસનું જ્ઞાન અત્યંત પરિમિત હતું. એમની અઘરી રીતથી કેટકેટલાને સંસ્કૃત ભાષા દુર્ગમ થઇ પડી છે."[૬૩૨]

સંસ્કૃતના અધ્યયન-અધ્યાપન અંગે ગાંધીજીનો અનુભવ પણ મુનશીની ઉપર્યુક્ત રજૂઆતનું સમર્થન કરે છે. પોતાને સંસ્કૃત શીખવામાં પડેલી મુશ્કેલી વર્ણવતાં તેઓ લખે છે કે "સંસ્કૃતે મને ભૂમિતિ કરતાં વધારે મુશ્કેલી પાડી. ભૂમિતિમાં ગોખવાનું તો કંઇજ ન મળે, ત્યારે સંસ્કૃતમાં તો મારી દૃષ્ટિએ બધું ગોખવાનું જ રહ્યું. આ વિષય પણ ચોથા ધોરણથી શરૂ થયેલો. છઠ્ઠા ધોરણમાં હું હાર્યો. સંસ્કૃત શિક્ષક બહુ સખત હતા. વિદ્યાર્થીઓને ઘણું શીખવવાનો લોભ રાખતા"[૬૩૩]

રવિશંકર રાવળનો અનુભવ મુનશી અને ગાંધીજીના કરતાં સહેજ જુદો પડે છે. એમને પાંચમી અંગ્રેજીમાં સંસ્કૃત શીખવતા નૃસિંહપ્રસાદ અંજારિયાની સંસ્કૃત શીખવવાની પદ્ધતિનું સમર્થન તેઓ નીચેના શબ્દોમાં કરે છે :

"સંસ્કૃત માર્ગોપદેશિકાનો બીજો ભાગ બહુ અઘરો ગણાતો, તે પણ તેમણે શરૂ કરાવ્યો. તેમની શિક્ષણ-પદ્ધતિ વખણાતી. વિદ્યાર્થીઓ પાસેથી કડકપણે કામ લઇ પાકું કરાવતા. અનિટધાતુઓની ૬૦૨ના જૂથની કારિકાઓ તેમણે ચાલુ પાઠો સાથે રોજની દસ લેખે એવી તો પાકી કરાવી કે આજે પણ મને તે યાદ છે. ચારણી છંદની જેમ અટપટા ધાતુઓની લીટીઓ કડકડાટ બોલી જવાની. તે કહેતા કે શિયાળાની ટાઢ ઉડાડવા આ કારિકાઓ બોલવા માંડો તો ટાઢ ઊડી જાય ! ખરેખર હોઠની ધ્રુજારી અને દાંતની કડકડાટી બોલાવતી આ કારિકાઓમાં એવો જ પ્રભાવ છે ! "[૬૩૪]

વિદ્યાર્થીઓ પાસે કડકાઇથી કામ લઇ એમની પાસે વિષયવસ્તુનું યંત્રવત્

કંઠસ્થીકરણ કરાવવું, એ શિક્ષણની સારી પદ્ધતિ ગણાય નહીં, એ તો દેખીતું છે. સ્વાભાવિક રીતે જ આવી પદ્ધતિ મુનશી કહે છે તેમ શરૂઆતમાં જ વિદ્યાર્થીઓને વિષય તરફ અણગમો પ્રગટાવે અને એની આત્મશ્રદ્ધા ડગાવે. શિક્ષકોની સખ્તાઇને લીધે વિદ્યાર્થીઓ બીકના માર્યા વિષયવસ્તુ ગોખી નાખે એ ખરું, પરંતુ જયાં સુધી સમજ ન વિકસે ત્યાં સુધી એ જ્ઞાન અધૂરું જ ગણાય. વિદ્યાર્થીઓને ભાષાનો પ્રાથમિક પરિચય થાય તે પહેલાં વ્યાકરણ શીખવવાની પદ્ધતિને લીધે મુનશી કહે છે તેમ ઘણા વિદ્યાર્થીઓનું ભાષાનું વ્યાકરણ વિષયક જ્ઞાન ઉપરચોટિયું રહી ગયું હોય એ બનવાજોગ છે.

વિષયવસ્તુના યંત્રવત્ કંઠસ્થીકરણની આ પદ્ધતિ માત્ર સંસ્કૃતના વિષય પૂરતી જ મર્યાદિત નહોતી. કનૈયાલાલ મુનશી, પોતાના હાઇસ્કૂલ શિક્ષણ દરમ્યાન ભૂમિતિ ગોખાવવા પર મૂકવામાં આવતા ભારનો ઉલ્લેખ કરતાં નોંધે છે કે એમના ભૂમિતિશિક્ષક "સ્ટિવન્સની ભૂમિતિમાંથી અક્ષરે અક્ષર બોલાવતા, અને બોલતાં જરા પણ ભૂલ થાય તો છોકરાને ધમકાવી કાઢતા"[135]

ચંદ્રવદન મહેતા ગુજરાતી જેવા વિષયમાં પણ ગોખવા પર મૂકવામાં આવતા ઝોકનો નિર્દેશ એમની આત્મકથામાં કરે છે. સૂરતની સરકારી હાઇસ્કૂલના ચોથા ધોરણમાં નરસિંહરાવનાં 'કુસમમાળા'નાં કાવ્યો શી રીતે શીખવાતાં એ દર્શાવતાં તે લખે છે કે "નરસિંહરાવ કોણ, કયાં રહેતા, એ બધું જાણે મારી બલા; કોઇ અમને તે શીખવાડે પણ નહિ. કવિતા ગોખો. પછી એનો પ્રોઝ ઓર્ડર અને અર્થ. બસ."[136] એ શાળાના એ જ ધોરણમાં, નંદશંકરની 'કરણઘેલો' નામની નવલકથા શીખવાની પોતાની રીતે વર્ણવતાં તે લખે છે કે " 'અરુણે સોનાની ચાવી વડે પૂર્વના દરવાજા ઉઘાડયા' એ વાકય સોંસરું યાદ છે. ઘેર બેઠા આખો કરણ ઘેલો વારંવાર વાંચી જઇએ પણ મારા ઘરથી પાંચ જ મિનિટને છેટે નંદશંકર રહેતા, એનું જ્ઞાન ત્યારે અમને નહોતું."[137]

ગુજરાતીની જેમ ઇતિહાસના શિક્ષણમાં પણ જીવંત શિક્ષણપદ્ધતિઓ અપનાવવાને બદલે બહુધા વિદ્યાર્થીઓ માહિતી ગોખે એના પર વિશેષ ઝોક અપાતો હોવાની નોંધ પણ ચન્દ્રવદન મહેતા પોતાની આત્મકથામાં લે છે :

"પાંચ વરસ આ હાઇસ્કૂલમાં ઇતિહાસ ભણતાં અમે દર સાલ 'અકબરનું રાજય' ગોખી ગયા હતા, ઔરંગઝેબ અને અકબરને સરખાવો : 'કમ્પેર',

એવા એવા સવાલો ઇતિહાસમાં પુછાતાં, પણ કોઇએ એક દિવસ એમ નહિ કહેલું કે અહીં જ બાદશાહ અકબર, આ સામેનો જ કિલ્લો જીતવા આવ્યો હતો, ને પણે - પેલા લકડી પુલ પાસેથી જ ઔરંગઝેબ હજ કરવા ઊપડયો હતો. પહેલો દરિયો ઔરંગઝેબે સુરત આગળ જોયો! "

આમ, અધ્યેયકાલ દરમ્યાન માધ્યમિક શાળાઓમાં અપનાવાતી અધ્યયન-અધ્યાપન-પદ્ધતિઓ બહુધા પુસ્તકપરસ્ત હતી. વિદ્યાર્થીઓ વિષયવસ્તુ સમજે કે ન સમજે, પરંતુ તે એમની જીભની ટેરવે હોવું જોઇએ એવા ખ્યાલ પર તેની રચના થઇ હતી. ફલસ્વરૂપે એ નિષ્પ્રાણ અને જડ બની હતી. પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ પણ ગોખી ગોખીને વિષયવસ્તુ તૈયાર કરતા. આત્મકથાઓ અને જીવનચરિત્રોમાંથી આ હકીકતનું સમર્થન કરતાં ઘણાં પ્રમાણો અન્યત્ર પણ ઉપલબ્ધ થાય છે.

વિદ્યાર્થીઓની ગ્રહણશકિત, અભિરુચિઓ આદિની ઉપેક્ષા કરતી નીરસ અને યાંત્રિક ગોખણપટ્ટી, વિદ્યાર્થીને વિષયનું સંગીન જ્ઞાન આપવાને બદલે વિષય પ્રતિ ઘૃણા પેદા કરતી હશે એમ કહેવાની જરૂર રહેતી નથી.

વિદ્યાર્થીઓના વર્તનમાં શિક્ષકને વર્તાતી અશિસ્ત, એને પ્રશ્નોના ઉત્તરો આપવામાં મળતી નિષ્ફળતા, ગૃહકાર્ય લાવવામાં એણે દાખવેલી બેદરકારી કે એમાં એની રહી ગયેલી ભૂલો વખતે વિષયવસ્તુનો અમુકભાગ અનેકવાર યંત્રવત્ લખી લાવવા માટે આપવામાં આવતો હોવાનો નિર્દેશ પણ ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. નાનાભાઇ ભટ્ટ (જં. ૧૮૮૨) એમના અંગ્રેજી શિક્ષક, ખોટા પડેલા શબ્દોની જોડણી ૧,૦૦૦ વખત લખી લાવવા આપતા અને એમ કરવામાં તેમના એક મિત્ર એમને સહાયભૂત થતા, એવી નોંધ એમના માધ્યમિક શિક્ષણકાલનાં સંસ્મરણોમાં લે છે.[૧૩૮] ઇ.સ. ૧૮૯૬-૯૭માં, મેટ્રિકના વર્ગમાં વડોદરા ખાતે અભ્યાસ કરતા વિદ્યાર્થી વલ્લભભાઇને એમના શિક્ષકે 'એક એકાથી દસ એકા' સુધીના 'પાડા' બસો વખત લખવાની સજા કરેલી એ કિસ્સો તો જાણીતો છે. ભૂલસુધાર કે શિક્ષા માટે અપનાવાતી આવી પ્રવિધિ, વિષય અને શિક્ષક ઉભય પ્રતિ વિદ્યાર્થીઓમાં અણગમો પેદા કરતી હશે, એમ કહી શકાય.

માધ્યમિક શિક્ષણ-સંસ્થાઓમાં અધ્યેયકાલ દરમ્યાન પ્રવર્તમાન શિક્ષણ-પદ્ધતિઓ અને વ્યવહારોની ચર્ચાનું સમાપન કરતાં પહેલાં, એ હકીકતની નોંધ લેવી ઘટે, કે પ્રાથમિક શિક્ષણ સંસ્થાઓમા વર્ગ-શિક્ષક પદ્ધતિ પ્રચલિત હતી જેમાં એક જ શિક્ષક

દ્વારા બધા વિષયનું અધ્યાપનકાર્ય થતું જ્યારે માધ્યમિક શાળાઓમાં વિષયશિક્ષક પદ્ધતિ અમલી બની હતી જેમાં એક જ વર્ગમાં વિવિધ વિષયોનું શિક્ષણકાર્ય જુદા જુદા શિક્ષકોને સોંપાતું. ચરિતસાહિત્યમાંથી આ હકીકતનું સમર્થન કરતા અનેક પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણો ઉપલબ્ધ થાય છે.

આમ, શિક્ષણકાર્યમાં શૈક્ષણિકસાધનોનો વધતો જતો ઉપયોગ, ઇનામો-બક્ષિસો અને શિષ્યવૃત્તિઓ દ્વારા પૂરી પાડવામાં આવતી ઉત્પ્રેરણા વગેરે જેવાં કેટલાંક સારાં તત્ત્વો અધ્યેયકાલ દરમ્યાન માધ્યમિક શિક્ષણ સંસ્થાઓની શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોમાં જોવા મળે છે. વિષય નિષ્ણાત અને વિદ્યાર્થી-પ્રેમી શિક્ષકો, શિક્ષણશાસનની ઉપાધિઓ નહીં ધરાવતા હોવા છતાંય પાઠયવસ્તુને સરળ અને રસપ્રદ રીતે વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરતા ય જોવા મળે છે. પરંતુ શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોના કેન્દ્રમાં તો વિષયની જ પ્રતિષ્ઠા થતી જોવા મળે છે, વિદ્યાર્થીની નહીં. શિક્ષકો અને શિષ્યો વચ્ચે રહેતું અંતર, વિષયવસ્તુના કંઠસ્થીકરણ પર મૂકવામાં આવતો અઘટિત ભાર વગેરે એનાં સૂચક છે. વિદ્યાર્થીઓનો સર્વાંગીણ વિકાસ સાધવામાં ઉક્ત પદ્ધતિઓ દેખીતી રીતે જ નાકામિયાબ રહેતી હશે એમ કહેવાનું રહે છે.

ક. <u>ઉચ્ચ શિક્ષણસ્તર :</u>

કેટલાક આત્મચરિતકારોએ, હાઇસ્કૂલ અને કોલેજનાં શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો વચ્ચે રહેલા પાયાના તફાવતોનો નિર્દેશ પોતાની આત્મકથાઓમાં કર્યો છે. એના પરથી ઉભય સ્તરની શિક્ષણ-સંસ્થાઓની શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો વચ્ચે અધ્યેયકાલ દરમ્યાન પ્રવર્તમાન તફાવતનો ખ્યાલ મળી રહે છે. ઇ.સ. ૧૮૫૦માં મુંબઇની એલ્ફિન્સ્ટન કોલેજમાં દાખલ થનાર નર્મદ, 'કોલેજમાં દાખલ થયા પછી મરજી મુજબ લેસન કરવાનું' તેમજ 'પ્રોફેસરોએ આપેલા લેકચરો સાંભળ્યા કરવાનું' હતું, એની નોંધ પોતાની આત્મકથામાં લે છે.[૧૩૯] ઇ.સ. ૧૯૧૩માં મુંબઇની વિલ્સન કોલેજમાં દાખલ થયેલા મોરારજી દેસાઇ, પોતાના એતદ્‌વિષયક અનુભવને નીચે પ્રમાણે વાચા આપે છે :

"હાઇસ્કૂલમાં શિક્ષકો જે રીતે શીખવતા હતા તે રીતે અભ્યાસ ઘણી સારી રીતે થયો હતો અને પરીક્ષામાં સારી રીતે માર્કસ મેળવતાં કંઇ અડચણ

પડતી ન હતી. કોલેજમાં ગયા પછી નવો અનુભવ થવા માંડયો. કોલેજમાં જે વ્યાખ્યાનો અધ્યાપકો આપતા હતા એનાથી અભ્યાસ કરવાની માર્ગદર્શિકા મળી રહેતી હતી. પણ એ આપમેળે આવડવાની શકયતા દેખાતી ન હતી."[૧૪૦]

ચાલુ સદીના પહેલા-બીજા દાયકામાં વડોદરાની કોલેજમાં અધ્યયન કરતા રમણલાલ વસંતલાલ દેસાઇ, ઉભયસ્તરની શિક્ષણસંસ્થાઓમાં પ્રવર્તમાન એતદ્‌વિષયક તફાવતોનું કંઇક વિસ્તૃત ચિત્ર સ્વાનુભવોને આધારે નીચે પ્રમાણે આલેખે છે :

"ઇંગ્રેજી શિક્ષણમાં હાજરી અવશ્ય પુરાતી. કોલેજના વિદ્યાર્થીઓની હાજરી માત્ર કદી કદી ચોકી પહેરાની તપાસણી જેવી ઉદાર બની જતી. એકાદ પ્રોફેસર કાળજીપૂર્વક હાજરી પૂરે, બીજા પ્રોફેસર બિલકુલ હાજરી લે પણ નહિ, અને ત્રીજા પ્રોફેસર અડધાં નામ બોલી કંટાળી બાકીની હાજરી વગર નામ બોલ્યે પૂરી નાખે. ...........પહેલી ગુજરાતીથી ઇંગ્રેજી મેટ્રિકયુલેશન સુધીનો લાંબો ગાળો શારીરિક શિક્ષાને અપનાવતો ખરો.....પરંતુ કોલેજની કેળવણી વિદ્યાર્થીને મારથી પર બનાવી રહેતી હતી. કોલેજમાં તોફાનો નહોતાં થતાં એમ નહિ, તોફાન થવા છતાં ઉચ્ચ કેળવણીનો શિક્ષાપ્રકાર શરીરનો સ્પર્શ કદીપણ કરતો નહિ. ......."[૧૪૧]

ઉપર્યુકત સંદર્ભો પરથી સ્પષ્ટ થાય છે કે કોલેજોમાં, મુખ્યત્વે વ્યાખ્યાનપદ્ધતિ દ્વારા શિક્ષણકાર્ય કરવામાં આવતું અને વિદ્યાર્થીઓને ગૃહકાર્ય આદિ તૈયાર કરવાની કડાકૂટમાં ઉતરવાનું રહેતું નહીં. પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની જેમ હાજરી અંગેનાં કડક નિયંત્રણો, ઉચ્ચશિક્ષણની સંસ્થાઓમાં નહોતાં. વિદ્યાર્થીઓને વિશેષત: જાતે જ બધા વિષયો તૈયાર કરવાના રહેતા. અલબત્ત, પ્રાધ્યાપકોના વ્યાખ્યાનો એ અંગે માર્ગદર્શક બની રહેતાં. શારીરિક શિક્ષાને આ કક્ષાએ સંપૂર્ણ તિલાંજલિ આપવામાં આવેલી.

રમણલાલ વસંતલાલ દેસાઇ, માંદગી યા અન્ય કારણોસર ગેરહાજર રહેતા શિક્ષકોના તાસમાં પણ વિદ્યાર્થીઓને મળતી મુકિતનો રમૂજી ઉલ્લેખ કરતાં દર્શાવે છે કે "શાળા-હાઇસ્કૂલમાં કદી શિક્ષકો માંદા પડતા જ નહિ- આપણે ગમે એટલું ઇચ્છીએ તોય. અને કદાચ કોઇ શિક્ષક માંદા પડે અગર બીજા કોઇ કારણે ન આવે તો તેમનું

સ્થાન લેનાર કોઇને કોઇ અન્ય શિક્ષક હાજર હોય જ હોય." [૧૪૨] આમ, કૉલેજમાં, ગેરહાજર રહેનાર શિક્ષકોના તાસમાં પણ વિદ્યાર્થીઓને મહદ્અંશે મુક્તિ મળતી આગળજતાં દેસાઇ, સત્રના પ્રારંભના અને અંતના થોડા દિવસો પણ 'માત્ર હાજરી પૂરવા પૂરતા જ મહત્ત્વના' હોવાનો ઉલ્લેખ કરે છે. [૧૪૩]

ઉચ્ચશિક્ષણની સંસ્થાઓમાં અધ્યેયકાલ દરમ્યાન પ્રવર્તમાન ઉપર્યુક્ત શિક્ષણ-પદ્ધતિઓ અને વ્યવહારોને લીધે વિદ્યાર્થીઓ વધુ મોકળાશ અનુભવતા. માધ્યમિક શિક્ષણસંસ્થાઓમાં અનેક પ્રકારનાં નિયંત્રણો અને નિયમનો હેઠળ રૂંધાયેલા એમના વ્યક્તિત્વને, વિકાસ માટેનો અહીં કંઇક વધારે અવકાશ મળતો. ફલત: કૉલેજનો શિક્ષણકાલ એકંદરે એમના માટે રસપ્રદ અને આનંદદાયક બની રહેતો. દેસાઇ આ સંદર્ભમાં નોંધે છે કે "કૉલેજનું આ રસળતું રમણીય જીવન હાજરીને બોજારૂપ બનાવતું નહિ. કૉલેજમાં જવું એમાં મહત્ત્વ ખરું, સાથે સાથે ગમ્મત પણ ખરી ! હાઇસ્કૂલ સુધીનો અભ્યાસક્રમ વેઠરૂપ લાગતો ખરો ! કૉલેજનો અભ્યાસ બાદશાહી અભ્યાસ કહી શકાય." [૧૪૪]

ચરિત્રસાહિત્યને આધારે, પ્રાથમિક - માધ્યમિક શાળાઓ અને કૉલેજોનાં શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોમાં અધ્યેયકાલ દરમ્યાન વર્તાતા કેટલાક મહત્ત્વના તફાવતોની ચર્ચા કરતાં નોંધ્યું હતું તેમ, કૉલેજોમાં મુખ્યત્વે વ્યાખ્યાનપદ્ધતિ દ્વારા શિક્ષણકાર્ય કરવામાં આવતું. આત્મકથાઓ અને જીવનચરિત્રોના કેટલાક લેખકોએ અધ્યેયકાલ દરમ્યાન અધ્યાપનકાર્ય કરતા પ્રાધ્યાપકોની વ્યાખ્યાનપદ્ધતિ વિશેનાં પોતાના નિરીક્ષણો પણ રજૂ કર્યા છે.એના પરથી એની સિદ્ધિ-મર્યાદાઓનું ચિત્ર સાંપડે છે.

ઇ.સ. ૧૮૯૮ થી ઇ.સ. ૧૯૦૧ સુધી અમદાવાદની ગુજરાત કૉલેજમાં શિક્ષણ પ્રાપ્ત કરનાર, પ્રથમ ગુજરાતી સ્નાતિકા શારદાબહેન એમનાં 'જીવન સંભારણાં'માં કેટલાક પ્રાધ્યાપકોની વ્યાખ્યાનશૈલીની નોંધ લે છે. તેમના ઇતિહાસના પ્રાધ્યાપક કાશીરામ સેવકરામ દવેની શિક્ષણશૈલી વિશે તે નોંધે છે કે "જે વખતે ઇતિહાસ શીખવે તે વખતે એમનું લક્ષ માત્ર પોતાના વ્યાખ્યાનમાં જ હોય, બીજો કાંઇ જ વિચાર ન કરે. એક વખત વર્ગની શરૂઆત થઇ તે કલાક પૂરો થયો ત્યાં સુધી ઇતિહાસનો પાઠ એક ક્ષણના પણ વિશ્રામ વગર શીખવી જતા." [૧૪૫] પ્રાધ્યાપક કાશીરામ દવેના અનુગામી ભુલાભાઇની શિક્ષણપદ્ધતિની સફળતાનું રહસ્ય દર્શાવતાં લેખિકા નોંધે છે કે

"(તે) તરતના જ એમ.એ. થયેલા ને મુંબઈના પોલીશવાળા, ઈંગ્રેજી ભાષા ઉપર બહુ જ સારો કાબુ અને ઈતિહાસનું જ્ઞાન પણ સરસ એટલે એમના વ્યાખ્યાન વખતે વિદ્યાર્થીઓ મુગ્ધ થઇ જતા."[૧૪૬] લેખિકાને સંસ્કૃત અને તત્ત્વજ્ઞાન શીખવનાર પ્રાચાર્યશ્રી આનંદશંકર ધ્રુવની શિક્ષણશૈલી વિશેનું એમનું અવલોકન નીચે પ્રમાણે છે :

> "આચાર્ય આનંદશંકરભાઇ અમને સંસ્કૃત શીખવતા અને બી.એ.ના વર્ગમાં ફીલોસોફી પણ શીખવતા. એમની પાસે સંસ્કૃત શીખવાનો એક અમુલ્ય લ્હાવો હતો. ફીલોસોફીના વર્ગમાં એમની સાથે નિકટ સંબંધમાં આવ્યાં પાશ્ચાત્ય તત્વજ્ઞાન અને આપણા તત્ત્વજ્ઞાનનો બન્નેનો એમનો અભ્યાસ બહુ જ ઉંડો અને વિશાળ, એને લીધે બન્ને સરખામણી કરીને તુલનાત્મક શિક્ષણ આપતા. વિષય બહુ ગહન અને મ્હારી ઉંમર ઘણી જ ન્હાની એટલે વિષયનું પૂરું મહત્ત્વ તો સમજાય નહિ. સિદ્ધાંતોનું રહસ્ય પણ જોઇએ એટલું ન સમજાય છતાં એટલું ભાન થાય કે વિશાળ જ્ઞાન સમુદ્રમાં ચંચુપાત કરવા માટે પણ અધિકારની જરૂર છે. હવે એમ કોઇવાર થાય છે કે વચલા ત્રીસ વર્ષ જતા રહે અને ફરી એના એ જ વિષયો એજ ગુરૂવર્યની પાસે શીખ્યા હોઇએ તો કેટલું બધું જ્ઞાન મેળવાય. કમનસીબ એટલું જ કે તે વખતે લાભ ના લીધો. બાકી ગુરૂવરે તો એમનો આત્મા અમારા આગળ ખાલી કર્યો હતો."[૧૪૭]

પંડિતયુગ દરમ્યાન (ઇ.સ.૧૮૮૭-૧૯૨૦) મુંબઇ પ્રાંતની વિવિધ કોલેજોમાં અધ્યાપન-કાર્ય કરતા સમર્થ પ્રાધ્યાપકોની વિદ્વતા વિશે તો કંઇ જ કહેવાનું ન હોય. ચરિત્રસાહિત્યમાં એ પ્રાધ્યાપકોની વિદ્વતા અને બહુશ્રુતતાનો ઠેર ઠેર ઉલ્લેખ થયો છે. એલ્ફિન્સ્ટન કોલેજ (મુંબઇ)ના પ્રાચાર્ય વડ્ઝવર્થ, ફર્ગ્યુસન કોલેજ (પૂના)ના પ્રાચાર્ય સેલ્બી તથા એ કોલેજના ઘણા વિદેશી પ્રાધ્યાપકોનું શિક્ષણકાર્ય ખૂબ વખણાતુ અને તેથી ગુજરાતના વિદ્યાર્થીઓને ત્યાં શિક્ષણ પ્રાપ્ત કરવાનુ આકર્ષણ રહેતું. આ યુગના સમર્થ ગુજરાતી પ્રાધ્યાપકોમાં આનંદશંકર બાપુભાઇ ધ્રુવ ઉપરાંત શ્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા, કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, કેશવહર્ષદ ધ્રુવ, મણિશંકર રત્નજી ભટ્ટ તથા બળવંતરાય કલ્યાણરાય ઠાકોર વગેરેનાં નામો વિશેષ રીતે ઉલ્લેખનીય છે.[૧૪૮] એ

બધા પ્રાધ્યાપકો અગાધ વિદ્વત્તા ધરાવતા હતા અને એમના હાથ નીચે તૈયાર થયેલા નવાગંતુકો પણ પોતપોતાના વિષયના નિષ્ણાત હતા. ચરિતનાયિકા શારદાબહેને એમના પ્રાધ્યાપકોની શિક્ષણશૈલીની સફળતા વર્ણવી છે. તેના મૂળમાં આવી વિદ્વત્તા અને વાક્પાટવ રહેલાં છે, એમ ચોક્કસ કહી શકાય. વળી, એ પ્રાધ્યાપકોની અધ્યયન - અધ્યાપનનિષ્ઠા પણ એમની શિક્ષણપદ્ધતિની સફળતામાં મહત્ત્વનો ભાગ ભજવતી હશે એમ પણ જરૂર કહી શકાય. વિષયવસ્તુનું સંગીનજ્ઞાન એ કોઇ પણ વિષયના શિક્ષણની સફળતાની પહેલી શરત છે. એ શરત જ્યાં પૂરી થતી હોય ત્યાં શિક્ષણની સફળતા માટેની શક્યતાઓ વધારે રહે છે. પરંતુ બીજી મહત્ત્વની શરત વિદ્યાર્થીઓની કક્ષાને લક્ષમાં રાખીને શિક્ષણકાર્ય થાય એ છે. શારદાબહેનના, આચાર્યશ્રી ધ્રુવની શિક્ષણશૈલી વિશેના ટાંચણ પરથી એમ લાગે છે કે, ક્યારેક અતિપાંડિત્ય હેઠળ કેટલાક પ્રાધ્યાપકોનો શિક્ષણવ્યવહાર નિર્જીવ અને યાંત્રિક બની જતો હશે. ઇ.સ. ૧૮૮૭માં ભાવનગરની શામળદાસ કોલેજમાં દાખલ થતાં, ગાંધીજીને થયેલો અનુભવ આ દૃષ્ટિએ વિચારવા જેવો છે. એમની આત્મકથામાં તેઓ નોંધે છે કે "ત્યાં મને કંઇ આવડે નહીં, બધું મુશ્કેલ લાગે, અધ્યાપકોનાં વ્યાખ્યાનોમાં ન પડે રસ ને ન પડે સમજ. આમાં દોષ અધ્યાપકોનો નહોતો, મારી કચાશનો જ હતો. તે કાળના શામળદાસ કોલેજના અધ્યાપકો તો પહેલી પંક્તિના ગણાતા."[૧૪૯] ગુરુજનો પ્રત્યેના સાહજિક આદર અને નમ્રતાને કારણે, શારદાબહેન મહેતા અને ગાંધીજી અધ્યાપકોનાં વ્યાખ્યાનોમાં સમજ નહીં પડવાના કારણ તરીકે પોતાની મર્યાદાઓ આગળ ધરતાં હોય એ પણ બનવા જોગ નથી ?

રમણલાલ વસંતલાલ દેસાઇ રમૂજપૂર્વક છતાં સંગીન શિક્ષણ આપતા વડોદરા કોલેજના એમના અંગ્રેજીના પ્રાધ્યાપકની શિક્ષણપદ્ધતિનો ઉલ્લેખ કરતાં પોતાની આત્મકથામાં જે નોંધ લે છે, તે ઘણી સૂચક છે :

> "હાઇસ્કૂલના હેડમાસ્તર દોરાબજી પટેલ પણ કોલેજમાં અંગ્રેજી શીખવતા- એકાદ બે વરસ માટે. તેમનું શિક્ષણ સરસ હતું, અને શિક્ષણમાં રમૂજનું તત્ત્વ તેઓ એવી સરસ રીતે ઉમેરતા કે તેમના વર્ગમાં જવું એ અમારે મન આનંદનો વિષય હતો. બહુ નવાઇ જેવું એ સત્ય છે કે શિક્ષણને આનંદમાં ફેરવી નાખનાર શિક્ષકો - હાઇસ્કૂલમાં અને કોલેજમાં બન્ને

પારસી હતાં. શિક્ષકો મોટા અને નાના મુખ્યત્વે બે પ્રકારની અસરો ઉપજાવે છે : એકમાથું દુ:ખવાની અને બીજી નિદ્રાની. નિદ્રા ઊંડી જાય અને દુ:ખતું માથું પણ ઊતરી જાય એવું અપૂર્વ શિક્ષણ આપનાર આ બન્ને પારસી ગુરુઓને હું ઘણીવાર યાદ કરું છું. રખે કોઇ એમ માને કે આ બન્ને શિક્ષકો માત્ર હસાવી જાણતા હતા ! નહિ, તેમનું આપેલું શિક્ષણ નક્કર હતું."[૧૫૦]

અધ્યેયકાલ દરમ્યાન વિવિધ વિષયોના શિક્ષણમાં સામાન્ય રીતે વ્યાખ્યાન-પદ્ધતિનો ઉપયોગ થતો. પરંતુ સ્વાભાવિક રીતેજ કેટલાક વિષયોના શિક્ષણમાં વિષયગત ભિન્નતા રહેતી. એ ભિન્નાતની કંઇક ઝાંખી એ અંગે મળતા છૂટાછવાયા સંદર્ભો પરથી થાય છે. મહર્ષિ અરવિંદ (૧૮૭૨-૧૯૫૦) ઇ.સ. ૧૮૯૩ થી ૧૯૦૭ દરમ્યાન વડોદરા રાજયની નોકરીમાં હતા. એ દરમ્યાન કેટલોક વખત એમણે કોલેજમાં પ્રાધ્યાપક તરીકે પણ કામ કરેલું. સાહિત્યશિક્ષણની એમની પદ્ધતિ કંઇક આવી હતી :

"પાઠયપુસ્તકના વિષયમાં વિદ્યાર્થીઓને પ્રવેશ કરાવવા માટે શ્રી અરવિંદ પ્રાસ્તાવિક વ્યાખ્યાનમાળા શરૂઆતમાં આપતા. ત્યાર પછી પાઠય-પુસ્તકનું વાંચન કરતા અને મુશ્કેલ શબ્દો કે વાકયોની સમજૂતી આપવા માટે જરૂરી જણાય ત્યાં અટકતા. છેવટે પાઠયપુસ્તકના વિષય વિષે જુદાંજુદાં દૃષ્ટિબિંદુઓ રજૂ કરે એવાં સામાન્ય વ્યાખ્યાનો આપીને તેઓ સમાપ્ત કરતા."[૧૫૧]

એ જ કોલેજમાં ગણિતનું અધ્યાપનકાર્ય પોતાના વિદ્યાકાલ દરમ્યાન કેવી રીતે થતું એનું ચિત્ર રમણલાલ વ. દેસાઇની આત્મકથામાંથી મળે છે :

"ગણિતના પ્રોફેસર પેન્ડસે............બરાબર એક કલાક સુધી તેઓ પાટિયા પર દાખલાઓ, સિદ્ધાંતો, આકૃતિઓ ઉતારતા અને પછી પોતાના હાથની કનિષ્ટિકા આંગળીથી ઉદ્બોધન કરી વર્ગના ઘણાખરા વિદ્યાર્થીઓને તેઓ અંગ્રેજીમાં પૂછતા : તમને સમજ પડી ?"[૧૫૨]

આગળ જતાં દેસાઇ નોંધે છે કે પેન્ડસે સાહેબને 'ના' કહેવામાં વધારે મુશ્કેલી ઊભી થતી કારણ કે તેઓ સામે જ 'શા માટે સમજાયું નહિ?' એવો 'જબરજસ્ત'

પ્રતિપ્રશ્ન ત્રણચારવાર કરતા.[૧૫૩] અલબત્ત, તેઓ ફરી એક વાર આખો દાખલો બોર્ડ પર ગણી જતા પરંતુ તેની ફલશ્રુતિ કંઇક આવી રહેતી :

> "મોટેભાગે બીજી વારની સમજૂતી પણ હવામાં અધ્ધર જ શબ્દકારે રહેલી હોય, મગજનાં બંધ પડેલાં દ્વાર બીજી વારની સમજૂતીથી ભાગ્યે જ ખુલતાં. છતાં પેન્ડસે સાહેબને હા કહી વિદ્યાર્થી સૌને આગળ વધવાની અનુકૂળતા કરી આપે. પાટિયુ અને ચાક પાછાં જીવંત બની જાય. આખો કલાક એમ ને એમ નીકળી જાય."[૧૫૪]

ઉપર્યુકત સઘળા સંદર્ભો પરથી એવો નિષ્કર્ષ પ્રાપ્ત થાય છે, કે અધ્યેયકાલ દરમ્યાન શિક્ષણવ્યવહાર બહુધા એકમાર્ગી હતો. પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ વચ્ચે આદાનપ્રદાન જવલ્લે જ થતુ અને વિદ્યાથીઓ સામાન્ય રીતે શાંત શ્રોતા બની રહેતા. પ્રાધ્યાપકો ઘણી વાર વિદ્યાર્થીઓ સમજે છે કે નહિ, તેમને વિષયમાં રસ પડે છે કે નહિ, એનો ખ્યાલ રાખ્યા સિવાય વિદ્યાર્થીઓ પર માહિતીનો બોજ ખડકતા. શિક્ષણ-શાસ્ત્રનું એમનું જ્ઞાન ઘણું પાંગળું-નહીંવત્ હતું. અલબત્ત, એમાં અપવાદરૂપ પ્રાધ્યાપકો પણ હતા ખરા. પરંતુ મોટાભાગના પ્રાધ્યાપકોનું લક્ષ્ય વિષય બનતો. વિદ્યાર્થી એમની નજરમથી દૂર સરી જતો. વિષયના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા સાધી પ્રાણવાન શિક્ષણ આપનારા પ્રાધ્યાપકો ઘણા ઓછા હતા. આ સંદર્ભમાં રમણલાલ દેસાઇનાં અવલોકન અને અભિપ્રાય ચિંત્ય ગણાય :

> "પ્રોફેસરો પોતાના વિષયમાં તો નિષ્ણાત હોવા જ જોઇએ. નવી હકીકતો અને સંભાવનાઓનો પરિચય તેમને હોવો જ જોઇએ. આવડત સાથે શિક્ષણ આપવાની પણ શકિત તેમનામાં હોવી જોઇએ. ઘણાય પ્રોફેસરો એ બાબતમાં તદ્દન રેઢિયાળ હોય છે. પોતાના વિષયમાં રસ ન ઉપજાવી શકતો શિક્ષક કે પ્રોફેસર શિક્ષણ માટે તદ્દન નકામો ગણાય. પ્રાથમિક કેળવણી અને માધ્યમિક કેળવણી આપવાની શકિત વધારવા અર્થે શિક્ષકોને તાલીમ આપવા ભગીરથ પ્રયત્નો થાય છે અને શિક્ષકોના જાન ખાઇ જવામાં આવે છે. ઉચ્ચ શિક્ષણમાં શિક્ષણકલા માટે તલપૂર પણ કાળજી કેમ રાખવામાં નહિ આવતી હોય તે હજી ન સમજી શકાય તેવી

ઘટના છે. ............રસભર્યું શિક્ષણ આપનારા શિક્ષકો - પ્રોફેસરો સુદ્ધાં - બહુ વિરલ હોય છે. મારા યુગની એ બૂમ આજ^X પણ ચાલુ છે."[૧૫૫]

કેટલાક પ્રાધ્યાપકો વિદ્યાર્થીઓને નોટ્સ પણ ઉતરાવતા. જે પ્રાધ્યાપકો નોટ્સ ન ઉતરાવતા હોય તેમનાં વ્યાખ્યાનો વિદ્યાર્થીઓ ટપકાવી લેતા અને પછી તે ગોખી મારતા. પ્રાધ્યાપક અરવિંદ એ વિશે આશ્ચર્ય દર્શાવતાં નોંધે છે કે "મને નવાઇ જેવું તો એ લાગ્યુ કે વિદ્યાર્થીઓ ક્લાસમાં બોલતો શબ્દેશબ્દ ઉતારી લેતા અને પછી ગોખી નાખતા'. ઇંગ્લેન્ડમાં એ પ્રમાણે કદી બને જ નહિ !"[૧૫૬] ચન્દ્રવદન મહેતા પણ ગુજરાતીના પ્રાધ્યાપક નરસિંહરાવ એમને 'કંઇ નોંધ પહેલેથી ટપકાવી લાવ્યા હોય તો તે પહેલેથી વાંચી સંભળાવતા યા ઊતરાવતા' હોવાનો નિર્દેશ એમની આત્મકથામાં કરે છે.[૧૫૭] પ્રાધ્યાપક અરવિંદ વડોદરાનાં વિદ્યાર્થીઓ 'મુંબઇના અધ્યાપકોની - પરીક્ષકો હોય તો તો ખાસ કરીને - નોટ્સ મંગાવતા' હોવાનો ઉલ્લેખ પણ કરે છે.[૧૫૮] આ બધા ઉલ્લેખો પરથી, અધ્યેયકાલ દરમ્યાન નોટ્સ ઉતરાવવાની પદ્ધતિ પણ ઠીક ઠીક પ્રચલિત હશે એમ જણાય છે.

નોટ્સ ઉતરાવવાની ઉપર્યુક્ત પદ્ધતિ વિદ્યાર્થીઓને સર્વગ્રાહી દૃષ્ટિથી વિષયનું તલસ્પર્શી અધ્યયન કરતા અટકાવી એને વિષયવસ્તુ કંઠસ્થ કરવા લલચાવતી એવો નિર્દેશ પણ પ્રાધ્યાપક અરવિંદના ઉપર્યુક્ત અવલોકનમાંથી પ્રાપ્ત થાય છે. વિદ્વાન અને નિષ્ઠાવાન પ્રાધ્યાપકો અનેક સંદર્ભોનો ઉપયોગ કરી ગમે તેટલી સર્વાંગસંપૂર્ણ નોટ્સ તૈયાર કરી તેમના વિદ્યાર્થીઓને ઉતરાવતા હોય તો પણ, વિદ્યાર્થીઓને અધ્યયનાભિમુખ કરવાને બદલે તેમને યંત્રવત્ વિષયવસ્તુ ગોખી કાઢવા ઉત્તેજન આપતી હોઇ, તે અધ્યાપનની સારી પદ્ધતિ ગણાય નહિ. એનો જ્યાં અમલ થતો હોય ત્યાં વિદ્યાર્થીઓ વર્ગશિક્ષણમાં પણ ઘણો ઓછો રસ લેતા હશે, એવું અનુમાન પ્રાપ્ત થાય છે. કેટલાક વિદ્યાર્થીઓ હાઇસ્કૂલોના વિદ્યાર્થીઓની જેમ આ કક્ષાએ પણ ગોખી ગોખીને વિષયો તૈયાર કરતા હોવાના ઉલ્લેખો ચરિત્રસાહિત્યમાથી મળે છે.

ઉચ્ચશિક્ષણની સંસ્થાઓમાં, તેજસ્વી સ્નાતક વિદ્યાર્થીઓની 'ફેલો' તરીકે નિમણૂક કરવાની પ્રથા પણ અધ્યેયકાલ દરમ્યાન વ્યાપક બની ચૂકી હતી. સામાન્ય રીતે કોલેજોમાં પોતાના સ્નાતક વિદ્યાર્થીઓને જ 'ફેલો' તરીકે નીમવાની ચાલ હતો, પરંતુ

X કૃતિ પ્રકાશન વર્ષ : ઇ.સ. ૧૯૫૬

કેટલીક કોલેજોમાં અન્ય કોલેજોના તેજસ્વી સ્નાતકોની પણ ફેલો તરીકે નિમણૂક થતી હોવાનાં પ્રમાણો ચરિત્રસાહિત્યમાંથી ઉપલબ્ધ થાય છે. 'ફેલો'ને માસિક રૂપિયા ૫૦ થી ૬૦ જેટલી શિષ્યવૃત્તિ મળતી અને એ પદની પ્રતિષ્ઠા ઘણી હતી.[૧૫૯] આવી શિષ્યવૃત્તિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી-અધ્યાપકને અનુસ્નાતક અભ્યાસ કરવાની સુવિધા મળતી અને તેમણે સામાન્ય રીતે અનુસ્નાતક કક્ષાએ પસંદ કરેલા વિષયોમાં નીચલા વર્ગોના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનું રહેતું.[૧૬૦] કયારેક ફેલોને કોલેજને લગતી બીજી કામગીરીઓ પણ સોંપાતી. અધ્યેયકાલના અંતિમ દાયકામાં વડોદરા કોલેજમાં 'ફેલો'ની કામગીરી બજાવનાર રમણલાલ વસંતલાલ દેસાઇ, એમની આત્મકથામાં ફેલોને સોંપાતી આવી અન્ય કામગીરીનો નિર્દેશ કરે છે :

> "ફેલો તરીકે મારી એક ફરજ એ હતી કે મારે ત્યાં રહેવું અને વિદ્યાર્થીઓ પર સામાન્ય દેખરેખ રાખી રાત્રે નવ વાગ્યે તેમાં રહેતા વિદ્યાર્થીઓની હાજરી રોજ પૂરવી. કોલેજના પ્રથમ વર્ષમાં 'ફેલો'ને કેટલાંક શિક્ષણ વ્યાખ્યાનો આપવાની ફરજમાંથી બેત્રણને મુકત કરવામાં આવ્યા હતા. એટલે પ્રિન્સિપાલ સોંપે એવા નિબંધો જોઇ સુધારવાનું કામ એ બીજી ફરજ."[૧૬૧]

અધ્યિયત ચરિત્રસાહિત્યના કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, બળવંતરાય કલ્યાણરાય ઠાકોર, નાનાભાઇ ભટ્ટ, મોરારજી દેસાઇ, રમણલાલ વસંતલાલ દેસાઇ, ઇન્દુલાલ યાજ્ઞિક વગેરે ચરિતનાયકો એમના ઉચ્ચશિક્ષણકાલ દરમ્યાન અનુક્રમે એલ્ફિન્સ્ટન કોલેજ, મુંબઇ, ફર્ગ્યુસન કોલેજ, પૂના, શામળદાસ કોલેજ, ભાવનગર, વિલ્સન કોલેજ, મુંબઇ, વડોદરા કોલેજ, વડોદરા, અને સેન્ટ ઝેવિયર્સ કોલેજ, મુંબઇમાં ફેલો તરીકે નિમાયા હતા. પરંતુ બ. ક. ઠાકોર અને નાનાભાઇ સિવાય બીજાઓએ શિક્ષણને પોતાનું જીવનકાર્ય બનાવ્યું નહોતું, એ હકીકત ઘણી સૂચક છે. એનાં કારણોની વિસ્તૃત ચર્ચામાં ઉતરવું અત્રે અસ્થાને છે, 'ફેલો' તરીકેની નિમણૂક દ્વારા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને શિક્ષણના વ્યવસાય પ્રતિ અભિમુખ કરવામાં આ પધ્ધતિ બહુ સફળ રહેવા પામી નહોતી એમ આના પરથી જણાય છે.

'ફેલો' નીમવાની ઉપર્યુકત પ્રથા, અધ્યેયકાલ દરમ્યાન તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ વિદ્યાસિધ્ધિ માટે ઉત્પ્રેરણા પૂરી પાડનાર નીવડી હશે એમ જરૂર કહી શકાય.

ઉચ્ચ શિક્ષણસ્તરે અધ્યયકાલ દરમ્યાન પ્રવર્તમાન શિક્ષણપધ્ધતિઓ અને વ્યવહારોનું સમગ્ર રીતે આકલન કરતાં એમ જણાય છે કે આ સ્તરે એતદ્‌વિષયક નિયંત્રણો ઘણાં ઓછાં હોવાથી, વિદ્યાર્થીઓ રાહતનો દમ ખેંચતા. પરંતુ વિવિધ વિષયો અવગત કરવાની જવાબદારી મહદ્અંશે તેમને શિરે જ રહેતી. મોટાભાગનું શિક્ષણકાર્ય વ્યાખ્યાન પધ્ધતિથી થતું. પ્રાધ્યાપકો ઘણું કરીને પોતપોતાના વિષયના તજ્જ્ઞ હતા અને તેમનાં વ્યાખ્યાનો વિધ્વત્તાપૂર્ણ રહેતાં. પરંતુ શિક્ષણની કલા અવગત નહીં થઇ હોવાને કારણે એ કયારેક દુર્બોધ પણ બની જતાં. વિદ્યાર્થીઓને નોટ્સ આપવાની પ્રથા પણ કેટલીક જગાએ અમલમાં હતી અને વિદ્યાર્થીઓને તે વિષયવસ્તુ ગોખી ગોખીને યાદ રાખવા પ્રેરતી. પ્રાધ્યાપકો અને ~~શિક્ષકો~~ વિદ્યાર્થીઓ વચ્ચેનો શિક્ષણવ્યવહાર બહુધા એકમાર્ગી હતો.

## ૫.૫ પરીક્ષણવ્યવસ્થા

નવી શિક્ષણપ્રથામાં વિવિધ કક્ષાએ અમલમાં આવેલાં પાઠયક્રમ અને પાઠયપુસ્તકો તથા શિક્ષણપધ્ધતિઓ અને વ્યવહારોની સમીક્ષા ચરિત્રસાહિત્યને આધારે અત્યાર સુધી કરવામાં આવી. હવે, એ શિક્ષણપ્રથામાં અમલી બનેલી પરીક્ષણવ્યવસ્થા અને તેનાં કેટલાંક પાસાંઓનું નિરૂપણ કરીશું. આ નિરૂપણ ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થતા સંદર્ભો પૂરતું જ મર્યાદિત રાખીશું. પાઠયક્રમ અને પાઠયપુસ્તકો તથા શિક્ષણપધ્ધતિઓ અને વ્યવહારોની જેમ પરીક્ષણવ્યવસ્થાની સમીક્ષા પણ ત્રિવિધ સ્તરે કરીશું.

અ. <u>પ્રાથમિક શિક્ષણસ્તર</u> : પ્રાથમિક શિક્ષણસ્તરની પરીક્ષણ વ્યવસ્થા વિશે, અધ્યયન ચરિત્રસાહિત્યમાંથી ઘણા ઓછા સંદર્ભો પ્રાપ્ત થાય છે. પરંતુ જે અલ્પ ઉલ્લેખો મળે છે, તે અધ્યયકાલ દરમ્યાન એ સ્તરે અમલમાં આવેલી પરીક્ષણવ્યવસ્થાનાં કેટલાંક સારાંનરસાં પાસાંઓ પર મહત્ત્વનો પ્રકાશ પાથરે છે.

નવી શિક્ષણપ્રથાના પ્રારંભિક વર્ષોમાં આ કક્ષાએ પરીક્ષા લેવાનું કાર્ય શાળા-શિક્ષકોને સોંપાયેલું. મોહનલાલ રણછોડભાઇ ઝવેરી, ઇ.સ. ૧૮૩૪થી ઇ.સ. ૧૮૪૦ સુધી વેજલપુરની નિશાળમાં અભ્યાસ કરતા હતા, તે દરમ્યાન એમની પરીક્ષાઓ લઇ ઉત્તરોત્તર એમને ઉપલા વર્ગમાં બઢતી આપવાનું કાર્ય એમના શિક્ષક ~~શ્રી~~ કરતા હતા એ હકીકતનો નિર્દેશ આગળ થઇ ગયો છે. સુમારે ઇ.સ. ૧૮૪૦માં બાલનર્મદની

પરીક્ષા પણ એના મહેતાજીએ લીધી હોવાનો નિર્દેશ એણે પોતાની આત્મકથામાં કર્યો છે. એ પરીક્ષા વિશેનું નર્મદનું સ્મરણ નોંધનીય જણાય છે :

"સુરતમાં દુર્ગારામ મ્હેતાજીવાળી નાણાવટમાં નવલશાના કોઠામાં નિશાળ હતી, ત્યાં મેં જવા માંડયું. તે નિશાળના ભવ્યપણાનું ચિત્ર હજી મારી આંખ આગળ છે. જગા જ કુમળો ડર ઉપજાવતી તો મ્હેતાજી કઠ્ઠણ ડર ઉપજાવતો કેમ ન હોય ? મને મૂળાક્ષર સારા ઉચ્ચારથી બોલતાં આવડે તો પણ મ્હેતાજીને પરીક્ષા આપતાં બ્હીકથી ટ્ ને ઠેકાણે અટ્ મારાથી બોલાઇ જવાય- એટલાં માટે હું મહિનો દહાડો બારાખડીમાં પડી રહ્યો. એક દહાડો દોલતરામ વકીલ જે મારી માની ફોઇના છોકરાના છોકરા થાય તે ઘણા ચીડાયા કે, છોકરો બરાબર ઉચ્ચાર કરે છ ને મ્હેતાજી કેમ પાસ નથી કરતા- ચલ હું આવું છ. પછી તેઓ એક દહાડો મારી સાથે આવ્યા ને મ્હેતાજીએ ટ્ બોલાવ્યો તો તે મારાથી શુદ્ધ બોલાઇ ગયો ને હું પાસ થયો."[૧૬૨]

આવા છૂટાછવાયા નિર્દેશો પરથી કોઇ ચોક્કસ નિષ્કર્ષ તારવવો કઠિન ગણાય. પરંતુ આ રીતે લેવાની મૌખિક પરીક્ષામાં શિક્ષક-વિદ્યાર્થી સંબંધો મહત્ત્વનો ભાગ ભજવતા હશે, એમ કહી શકાય. વળી, શિક્ષકોની પરીક્ષા લેવાની રીત પણ ભિન્ન ભિન્ન અને અશાસ્ત્રીય રહેતી હશે એવું અનુમાન પણ થઇ શકે. વેજલપુરની શાળામાં અભ્યાસ કરનાર મોહનલાલ રણછોડભાઇની આત્મકથા અને એમના સમકાલીનોની આત્મકથાઓ અને જીવનચરિત્રોમાં લેખિત પરીક્ષા યોજાતી હોવાના નિર્દેશો મળતા નથી. એટલે આ પ્રારંભિક પરીક્ષાઓ મુખ્યત્વે મૌખિક સ્વરૂપની જ હશે, એમ માનવાને આધાર પ્રાપ્ત થાય છે. આવી આંતરિક પરીક્ષાઓ માટે કોઇ મુકરર સમય પણ રહેતો નહિ હોય એમ પણ મોહનલાલ રણછોડભાઇ ઝવેરી, નર્મદ વગેરેના શિક્ષકોએ લીધેલી પરીક્ષાઓ સંબંધીના નિર્દેશો પરથી જણાય છે. સામાન્યતયા શિક્ષકો વિદ્યાર્થીઓએ અમુક સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી હોવાનું જણાતાં, ને પરીક્ષાઓ યોજી તેમને બઢતી આપતા હશે. ટૂંકમાં શિક્ષકો દ્વારા લેવાની આવી આંતરિક પરીક્ષાઓ ઘણા પ્રાથમિક સ્વરૂપની હશે, એમ કહી શકાય. પરંતુ એ સાથે તે બાહ્ય પરીક્ષાઓનાં કેટલાંક દૂષણોથી પણ મુક્ત હશે એ પણ એટલું જ સાચું છે.

આમ, પ્રારંભમાં નવી શિક્ષણપ્રથાની પ્રાથમિક શાળાઓની પરીક્ષાઓ લેવાનું કાર્ય મહદ્અંશે શિક્ષકો દ્વારા થતું હતું. પરંતુ ધીમે ધીમે આ પરીક્ષાઓને જાહેર પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, એ તરફ પણ મુંબઇ હિંદ નિશાળ મંડળી તથા તેના અનુગામી કેળવણી બોર્ડના સભ્યોનું લક્ષ હતું. એથી ક્રમશઃ આ નિશાળોના વિદ્યાર્થીઓની પરીક્ષાઓ લેવાનું કાર્ય ઉચ્ચ-કક્ષાના સરકારી અધિકારીઓ દ્વારા થાય, એવો પ્રબંધ કરવામાં આવ્યો. મુંબઇની હાઇકોર્ટના ન્યાયાધીશ સરકીટ પર નીકળે અને આ શાળાઓના વિદ્યાર્થીઓની પરીક્ષા લે, એવો પ્રબંધ કેળવણીખાતાના નિર્માણ પહેલાં કરવામાં આવેલો. એ અંગેનો નિર્દેશ આગળ થઇ ગયો છે. આવી વ્યવસ્થામાં પ્રત્યેક વિદ્યાર્થીની વિદ્યાકીય-સિદ્ધિની સંતોષકારક ચકાસણી ન જ થઇ શકે, એ તો દેખીતુ છે. એ ઊભી કરવા પાછળનો પ્રધાન ઉદ્દેશ ઉપર કહ્યુ તેમ, નવી શિક્ષણપ્રથાની પ્રતિષ્ઠા વધારી એને લોકપ્રિય બનાવવાનો હતો. એમાં વિદ્યાર્થીની વ્યક્તિગત સિદ્ધિ પર નહીં, પરંતુ વર્ગની સામુદાયિક સિદ્ધિ પર જ લક્ષ અપાતું એવો ઉલ્લેખ નવલરામકૃત નર્મદના જીવનચરિત્ર ('કવિજીવન')માંથી પ્રાપ્ત થાય છે.[૧૬૩]

ઇ.સ. ૧૮૬૫ -'૬૬થી શાળાઓને તેના પરિણામો પર અનુદાન આપવાની નીતિ કેળવણીખાતાએ અપનાવી. ફલતઃ અનુદાનની રકમ નિશ્ચિત કરવા, કેળવણી-ખાતાને પરીક્ષણવ્યવસ્થામાં ફેરફાર કરવાની જરૂર લાગી. હવે, દરેક વિદ્યાર્થીની દરેક વિષયની કસોટી લઇને કેળવણીખાતાના નિરીક્ષકોએ અનુદાનની રકમની આકારણી કરવી, એમ નક્કી થયું. આમ કેળવણીખાતાના અધિકારીઓ દ્વારા શાળાઓના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનું મુકરર થતાં શિક્ષકોને પરીક્ષા લેવાની રહી નહીં. સમગ્ર અધ્યેયકાલ દરમ્યાન આ સ્તરની શાળાઓ માટે આવી પરીક્ષણવ્યવસ્થા ચાલુ હતી.[૧૬૪]

કેળવણીખાતાના અધિકારીઓ દ્વારા લેવાતી ઉપર્યુક્ત પરીક્ષાઓ અને તેની સિદ્ધિ-મર્યાદાઓ વિશેના ઝાઝાં પ્રમાણો ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થતાં નથી. પરંતુ એમાં ક્યારેક કેળવણી-નિરીક્ષકોનાં અંગત રાગદ્વેષો ભાગ ભજવતા અને વિદ્યાર્થીઓને શિક્ષકો તેનો ભોગ બનતા એમ કહેવાને આધાર સાંપડે છે. આ અંગેનો એક કિસ્સો છોટાલાલ નરભેરામ ભટ્ટે એમના આત્મવૃત્તાંતમાં નોંધ્યો છે. કેળવણી-ખાતાના અધિકારીઓની કિન્નાખોરી પરીક્ષાને કેવી રીતે ફારસ બનાવી મૂકતી તેનો તાદૃશ ચિતાર એમાંથી મળતો હોવાથી એનું નીચે સંક્ષેપમાં નિરૂપણ કર્યું છે :

ચરિતનાયક છોટાલાલ નરભેરામ ભટ્ટ ઓગણીસમી સદીના સાતમા આઠમા દાયકામાં કેળવણી-ખાતાના શિક્ષક તરીકે ભરૂચ જિલ્લાની શાળાઓમાં અધ્યાપનકાર્ય કરતા. એ દરમ્યાન એક મદદનીશ નાયબ શિક્ષણાધિકારી એમની સખ્તાઇ માટે ખૂબ પંકાયેલા. એમનો રૂઆબ પણ ભારે ! ચરિતનાયકે એમની શાળા-મુલાકાતોને ઉદ્દેશીને એક કાવ્ય લખેલું છે :

"સોરઠી ઘોડી પર સ્વાર થઇ સંચરે,
પેગડુ પાંચ જોજનનું માંડે !"[૧૬૫]

એ અધિકારીની કોઇ ભૂલને લીધે જિલ્લાના શિક્ષકોને શાળાનું 'કન્ટીજન્ટ ભાડુ' પદરના ખર્ચે ભરવું પડેલું. એની વિરુદ્ધ જિલ્લાના શિક્ષકોએ ઉપરી અધિકારીઓ સમક્ષ ઘા નાખેલી. પરિણામે કેળવણી ખાતા તરફથી પેલા મદદનીશ નાયબ શિક્ષણાધિકારીએ શિક્ષકોને બધી રકમ પોતાના ખર્ચે ચૂકવવી એવો હુકમ કરેલો. એ અધિકારીને પોતાની વિરુદ્ધ અરજીઓ કરાવવામાં ચરિતનાયકની સામેલગીરી હતી એમ લાગેલું. પરિણામે એમની ખફગી ચરિતનાયક પર ઉતરેલી :

"તેમને તપાસ કરતાં એમ માલમ પડયું કે મે. ડિરેકટર સાહેબને અરજીઓ કરાવવામાં બુવાના મેહેતાજીની ઉશ્કેરણી હતી. તેથી તેમનો ગુસ્સો મારા પર ઉતર્યો. મને કેજ્યુઅલ રજા પણ મળવી કઠણ થઇ પડી ! સહજ બાબતમાં ઠપકા ભરેલા હુકમો આવવા લાગ્યા. માસિક પત્રકોમાં કાંઇ છેકછાક કે ભૂલ જણાતાં ચાર આના - આઠ આના - કન્ટીજન્ટમાંથી કાપી લેવાના"[૧૬૬]

પેલા અધિકારીની કિન્નાખોરી શિક્ષકથી જ અટકે એમ નહોતી. શિક્ષકને તો પોતાના કરતાં પોતાના વિદ્યાર્થીઓની- એમના ભવિષ્યની વધારે ચિંતા હતી. એનો પડઘો પોતાના કવિમિત્ર ગણપતરામને ઉદ્દેશીને લખેલા એક પત્રમાં અભિવ્યકત થયેલી નીચેની કાવ્યપંકિતઓમાં પડે છે :

"શાળામાં પણ સોળ દૂબળરિ આ બેઠા દિસે બાળકો,
આવી મોસમ મોતના સમ હવે, એકે ન રે'શે ટકયો,
આપે છે ઉપરિ પ્રચંડ અમને જે દંડ અન્યાયથી-
તે સે'તાં પ્રિય મિત્ર ! હામ મનની આ હાથ રે'તી નથી."[૧૬૭]

પરીક્ષા એ શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે 'મોતની મોસમ' બનીને આવી હોવાની શિક્ષકની દહેશત અકારણ પણ નહોતી. 'સાહેબ' પરીક્ષા કરવા આવ્યા "પણ બધા જ નપાસ ! એક એક વર્ગમાં એક એક છોકરો જ પાસ ! "[૬૬૮]

પરીક્ષામાં બાકી રહેલા છઠ્ઠા ધોરણના ત્રણ વિદ્યાર્થીઓને લઇને 'સાહેબ'ના મુકામ પર ચરિતનાયકને પરીક્ષા અપાવવા જવાનું ઠર્યું. ત્યાં 'સાહેબ'ના કારકુને ચરિતનાયકને 'ઉપરી સાથે જૂજ બાબતમાં તકરાર કરવી સારું નહિ' એમ સમજાવી પેલું 'કન્ટીજન્ટ ભાડું' મળી ગયું હોવાની પાવતી લખી આપવા કહ્યું. ચરિતનાયકે તે લખી આપતાં 'સાહેબ'નું વલણ બદલાયું એટલું જ નહીં, પણ શાળાનું પરિણામ પણ બદલાઇ ગયું અને શિક્ષકની પગાર પણ વધી ગયો ! 'સાહેબ' બોલ્યા -"ખડુભાઇ ! એમને (ચરિતનાયકને) નહાવાનું પાણી અપાવો'. નિશાળના મહેતાજીને કહીને ગામમાંથી બે અબોટિયાં મંગાવ્યાં. અમે બે ત્યાં જમ્યા. બધા જમીને બેઠા પછી મારી શાળાનાં ફોર્મ લેઇ શાહીથી આંકડા મૂકી મને કહ્યું કે, "તમારી શાળાનું પરિણામ સંતોષકારક છે. તમને આવતા માસથી ૧૫ + ૭II = ૨૨II પગાર મળશે."[૬૬૯]

આ આખોય કિસ્સો કેળવણીખાતાના અધિકારીઓ દ્વારા લેવાતી પરીક્ષાઓનું એક અનિષ્ટ સૂચવે છે. કયારેક શિક્ષક પ્રત્યેના અધિકારીઓના અંગત રાગદ્વેષનાં ભોગ, બાળકો બનતાં હશે, એમ એના પરથી લાગે છે. સારા શિક્ષકો પણ અધિકારીઓના આવા વલણથી હતોત્સાહ થતા હશે, એમ જણાય છે. આ રીતે કયારેક પરીક્ષાઓની વિશ્વસનીયતા દૂષિત પણ થતી હશે એમ કહી શકાય.

રમણલાલ વસંતલાલ દેસાઇ, એમના વખતમાં પ્રાથમિક સ્તરે યોજાતી પરીક્ષાઓમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા જળવાતી પ્રમાણિકતાનો ઉલ્લેખ એમની આત્મકથામાં કરે છે. આજે પરીક્ષાક્ષેત્રે વ્યાપક બનેલાં ઘણાં અનિષ્ટોનો નિર્દેશ કરી તે એમના જમાનામાં પરીક્ષામાં ચાલતી કેટલીક ગેરરીતિઓનો નિર્દેશ પણ કરે છે :

> "(પરીક્ષાક્ષેત્રે) આજની[X] નીતિકક્ષા વધારે ઊંચી છે એવા ડોળને આપણે ભલે સ્વીકારીએ. મારા પ્રાથમિક કેળવણી યુગમાં કેટલાય શિક્ષકો અને પરીક્ષકોની નૈતિક કડકાઇ જાણીતી હતી. છતાં બાર મહિના શીખવી

-----------

X કૃતિ પ્રકાશન વર્ષ : ઇ.સ. ૧૯૫૦

શીખવી કંટાળી ગયેલા કેટલાક શિક્ષકો પોતાની નીતિભાવનાને સરળ બનાવી પરીક્ષા વખતે શિષ્યોને આછાંપાતળાં સૂચનો કરી તેમને સફળ થવાની તક આપવામાં વાંધો ગણતા નહિ. અમને શિષ્યોને એવા શિક્ષકો બહુ ગમતા. મોટેભાગે ગણિતની પરીક્ષા વખતે આવાં શિક્ષક-સૂચન ઉપયોગી થઇ પડતાં." [૧૭૦]

કેળવણીખાતાના અધિકારીઓની હાજરીમાં યોજાતી ઉપર્યુક્ત પરીક્ષાઓ વખતે શિક્ષકો સૂચન કેવી રીતે કરતા એનું વર્ણન પણ રમણલાલે એમની આત્મકથામાં કર્યું છે અને એ અંગેના પોતાના વિદ્યાર્થી તરીકેના પ્રતિભાવો પણ દર્શાવ્યા છે :

"(શિક્ષક:) 'જુઓ, છોકરાઓ ! પરીક્ષા વખતે હું બહુ જ કડક દેખાઇશ, આંખો કાઢીશ, કદીક ધમકાવીશ; પરંતુ તમારે તો મારા હાથની આંગળીઓ તરફ ધ્યાન રાખવું. પરીક્ષક દાખલાઓ ગણવાના આપશે અને તેઓ બેઠા હશે કે ફરતા હશે, હું પણ મારા બંને હાથ કમર ઉપર પીઠ પાછળ રાખીશ. ચાર આંગળી લંબાવું, એટલે તમારે સમજવું કે એ ભાગાકાર છે, ત્રણ આંગળીઓ દેખો તો જાણજો કે એ ગુણાકાર છે....' આમ કોઇ કોઇ શિક્ષક પરીક્ષામાં બહુ ઉપયોગી ભાગ ભજવતા, અને આમાં કોઇ પણ ગેરવાજબી વર્તન થાય છે એવું અમને લાગતું નહિ. ઊલટું આવી સગવડ ન આપતા શિક્ષકો પ્રત્યે અમને જરા રોષ ચડતો!" [૧૭૧]

વસોની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા દરબાર ગોપાળદાસ (૧૮૮૭-૧૯૫૧) પણ એમના પ્રાથમિક શિક્ષણ દરમ્યાન 'એ જમાનાના પરીક્ષા વખતના શિક્ષક-શિષ્ય વચ્ચે ચાલતા સાંકેતિક સહકારભર્યા વ્યવહારને કારણે' પાસ થઇ જતા હોવાની અને બહારથી આવનાર કેળવણી-ખાતાના પરીક્ષકોને પણ એમના દાદા અંબાઇદાસની શરમના કારણે 'પરિણામપત્રકમાં થતા છેલ્લી વખતના સુધારાવધારા પ્રત્યે આંખમિચામણાં કરવાં પડતાં' હોવાની નોંધ 'દરબાર ગોપાળદાસ સ્મારકગ્રંથ'માં લેવાઇ છે. [૧૭૨]

ચરિતસાહિત્યમાં થયેલા ઉપર્યુક્ત ઉલ્લેખો પરથી જણાય છે કે કેળવણી-ખાતા મારફત પરીક્ષાઓ લેવાનું શરૂ થયા પછી, શિક્ષક-વિદ્યાર્થીઓ વચ્ચેનો સાંકેતિક વ્યવહાર ઉત્તરોત્તર વ્યાપક થયો હશે. સંભવત: ઉપર જણાવ્યું તેમ પરીક્ષાનાં પરિણામો પરથી અનુદાનની રકમ મુકરર થતી હોવાથી કેળવણી-ખાતા દ્વારા પરીક્ષાનાં કડક ધોરણો

અપનાવ્યા હશે અને તેના પ્રત્યાઘાત-રૂપે ઉપર્યુકત પ્રથા વ્યાપક બની હશે. શિક્ષકો દ્વારા પરીક્ષા લેવાતી ત્યારે અને તત્પશ્ચાત્ ન્યાયાધીશો દ્વારા વિદ્યાર્થીઓની સામુદાયિક સિદ્ધિની ચકાસણી થતી ત્યારે આ પ્રથમ અસ્તિત્વમાં નહિ જ હોય, એ સમજી શકાય તેમ છે. આમ શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે પરીક્ષા વખતે થતો ઉપર્યુકત સાંકેતિક વ્યવહાર ઇ.સ. ૧૮૬૫-૬૬થી શાળાઓના પ્રત્યેક વિદ્યાર્થીની પ્રત્યેક વિષયની પરીક્ષા કેળવણી ખાતાના અધિકારીઓ દ્વારા લેવાતી થઇ ત્યારથી શરૂ થયો હશે. શાળાઓ અને વિદ્યાર્થીઓની સંખ્યા ઉત્તરોત્તર વધતાં આર્થિક કરકસર માટે ય પરીક્ષાનાં ધોરણો કડક બનાવાયાં હોય તો નવાઇ નહિ.

દરબાર ગોપાળદાસના દૃષ્ટાંત પરથી જણાય છે કે કેળવણી ખાતાના અધિકારીઓય એનાથી અજાણ નહોતા જ. તેમને પણ કયારેક પરીક્ષાઓમાં ચાલતી આવી ગેરરીતિઓ નિભાવી લેવાની ફરજ પડતી.

ઉપર્યુકત કિસ્સાઓ એતદ્કાલીન વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કેળવણીખાતાના અધિકારીઓનું માનસ સમજવામાં પણ સહાયભૂત થાય છે. એ દર્શાવે છે કે વિદ્યાર્થીઓને પરીક્ષા પસાર કરવામાં સહાયભૂત થાય એવા શિક્ષકો ગમતા અને એમાં સહાયભૂત નહીં થનાર શિક્ષકો પ્રત્યે અભાવો રહેતો, શિક્ષકોને પોતાના વધારે વિદ્યાર્થીઓ પરીક્ષામાં પસાર થાય અને એ દ્વારા પોતાનું ગૌરવ વધે એમાં રસ રહેતો અને કેળવણી ખાતાના અધિકારીઓ 'જાણ્યું છતાં અજાણ્યું' કરી કેટલાંક માનવીય સ્ખલનો નિભાવી લેતા. વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ, અધિકારીઓ એ સહુ આખરે તો માનવો છે અને માનવીય વ્યવહારો હંમેશાં અશિશુદ્ધ રહે, એવું ભાગ્યે જ બને. પરીક્ષા એ પણ એક માનવીય વ્યવહાર છે અને તેમાં પણ કેટલાંક સ્ખલનો તો રહેવાના જ.

રમણલાલ વસંતલાલ દેસાઇ, પરીક્ષાઓમાં ગેરરીતિઓ વિશે વિદ્યાર્થીઓના વિચારો અને વ્યવહારો કેવા હતા એની રજૂઆત નીચેના શબ્દોમાં કરે છે :

> "પરીક્ષામાં ન આવડતુ હોય તે બીજા પાસે ચાલતી પરીક્ષાએ જોઇ જાણી લેવું એને વિદ્યાર્થીઓ આજની માફક કોપી નહિ, પણ ચોરી જ કહેતા. ચોરીમાં પકડાનારને સજા થાય જ એવા નિર્ણયને તેઓ માન્ય પણ રાખતા. છતાં વગર પકડાયે આવી વિદ્યાચોરીમાં કંઇક ભયાનક પાપ છે એવું સહુને બહુ લાગતું નહિ. અલબત્ત, મોટાભાગના બીકણ વિદ્યાર્થીઓ

પકડાવાના ભયથી ચોરી કરતા જ નહિ. પરંતુ કોઇ આવડતવાળો વિદ્યાર્થી ચોરી કરનાર અણઆવડતવાળા વિદ્યાર્થીને સરળતાપૂર્વક પોતાના ઉત્તરપત્રો જોવા દેવામાં જાણીબૂજીને હરકત કરતો માલૂમ પડે તો આખો વર્ગ એ ચાંપલાશ માટે તેને તિરસ્કારી કાઢતો'."[73]

ઉપર્યુકત ટાંચણ પરથી લાગે છે કે અધ્યેયકાલ દરમ્યાન પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં, ગેરરીતિઓ આચરનારાઓનું પ્રમાણ ઘણું જ ઓછું હશે. વળી એવી ગેરરીતિઓ પણ બીજા વિદ્યાર્થીઓ પાસેથી, નિરીક્ષકની નજર ચૂકાવીને જોઇ-જાણીલેવા પૂરતી મર્યાદિત રહેતી હશે. આવી સામાન્ય ગેરરીતિઓ આચરવામાં વિદ્યાર્થીઓને કશું અજુગતું લાગતું નહોતું, એ પણ એમાંથી ફલિત થાય છે. પૂર્વોકત સામાન્ય ગેરરીતિઓ આચરનાર પણ સજાપાત્ર લેખાતા હશે, એમ પણ એમાં સૂચિત થયું છે. ઉત્તરપત્રો બતાવવામાં જાણીબૂજીને હરકત કરનાર વિદ્યાર્થી એની 'ચાંપલાશ' માટે વિદ્યાર્થી-વર્ગમાં તિરસ્કારને પાત્ર બનતો એ મનોવૈજ્ઞાનિક ઘટના ગણાય. એતદ્કાલીન વિદ્યાર્થીઓના મનોવ્યાપારો એમાં પ્રતિબિંબિત થાય છે. ગમે તેમ પણ પરીક્ષાઓમાં આચરવામાં આવતી ગેરરીતિઓ અધ્યેયકાલ દરમ્યાન ગંભીર સ્વરૂપની કહી શકાય એવી નહોતી, તે આના પરથી ફલિત થાય છે.

બ. <u>માધ્યમિક શિક્ષણસ્તર</u>

ગુજરાતમાં માધ્યમિક સ્તરની શિક્ષણ-સંસ્થાઓ- અંગ્રેજી શાળાઓની સ્થાપનાનો પ્રારંભ, ઇ.સ. ૧૮૪૨માં બોર્ડ ઓફ એજ્યુકેશન (૧૮૪૦-૧૮૫૪)ના વહીવટ દરમ્યાન થયો. એ વખતે જાહેર પરીક્ષાઓ યોજી નવીકેળવણીને લોકપ્રિય બનાવવાનો પ્રયત્ન શરૂ થઇ ચૂકયો હતો, એની નોંધ પ્રાથમિક શાળાઓની પરીક્ષણ વ્યવસ્થાની સમીક્ષા કરતાં લેવામાં આવી છે. તદનુસાર અંગ્રેજી શાળાઓના વિદ્યાર્થીઓની પરીક્ષા પણ ન્યાયાધીશ જેવા મોભાદાર અધિકારીઓ દ્વારા લેવાતી. એની પાછળનો પ્રમુખ ઉદ્દેશ આગળ જોયું તેમ નવી કેળવણીને લોકપ્રિય બનાવી એનો વ્યાપ વધારવાનો હતો.

ઇ.સ. ૧૮૪૨માં, સુરતમાં શરૂ થયેલી 'નવી ઇંગ્રેજી સ્કૂલ'ની પરીક્ષા સુરતની અદાલતના મુખ્ય ન્યાયાધીશ દ્વારા લેવામાં આવી હોવાનો ઉલ્લેખ મહીપતરામ તથા દુર્ગારામ બન્નેના જીવનચરિત્રોમાં થયો છે, જેની નોંધ આ અગાઉ લેવાઇ ગઇ છે.

એમાં દર્શાવ્યા પ્રમાણે વિદ્યાર્થીઓને થોડું વાચન કરાવ્યા પછી એ શાળાના આચાર્ય દાદોબાએ વિદ્યાર્થીઓને વ્યાકરણ તથા ભૂગોળમાં ચકાસવાની વિનંતી કરતાં ન્યાયાધીશે 'વ્યાકરણ અને ભૂગોળવિદ્યા કાળા લોકને શાં !' એમ કહી એમની વિનંતી ઠુકરાવેલી.[૧૭૪] ન્યાયાધીશની પરીક્ષા લેવાની એ આખી રીત ઘણી સૂચક છે. એના પરથી ફલિત થાય છે કે એ પ્રારંભિક પરીક્ષાઓ મૌખિક સ્વરૂપની જ હતી એટલું જ નહિ, પરંતુ તે ઘણી અવ્યવસ્થિત પણ રહેતી. હકીકતમાં એમાં પ્રત્યેક વિદ્યાર્થીની જુદાજુદા વિષયોની જ્ઞાનલબ્ધિને ચકાસવાનું શકય જ નહોતું. એ પરીક્ષાઓના સંદર્ભમાં નર્મદના જીવનચરિત્રમાં નવલરામ નોંધે છે કે "વાર્ષિક પરીક્ષામાં છોકરાવાર કોઇ અભ્યાસ જોતું નહિ, પણ વર્ગે સામાન્ય દેખાવ કેવો દીધો તે ઉપર જ શિક્ષક સારો નઠારો કહેવાતો."[૧૭૫] આમ, આ પરીક્ષા વિશેષતઃ વિદ્યાર્થીઓ કરતાં શિક્ષકોની જ એમની કામગીરીની જ કસોટી બની રહેતી. આવી બાહ્ય પરીક્ષાઓ યોજવાથી શિક્ષકો બરાબર કામ પણ કરે અને નવી શિક્ષણપ્રથાને પ્રતિષ્ઠા પણ મળે એવા આશય એની પાછળ અંતર્નિહિત હોય એમ જણાય છે. પરંતુ નવી શિક્ષણપ્રથામાં, બાહ્ય પરીક્ષાઓનું બીજારોપણ આનાથી થયું એની અત્રે નોંધી લેવી ઘટે.

કેળવણી-ખાતાની રચના (ઇ.સ. ૧૮૫૪) પછી, નવી શિક્ષણપ્રથામાં પરીક્ષાનું વર્ચસ્વ દિનપ્રતિદિન વધતું ગયું. ઇ.સ.૧૮૬૫-૬૬માં કેળવણી-ખાતાએ પરીક્ષાના પરિણામો પર શાળાઓને અનુદાન આપવાની નીતિ અપનાવી એનો નિર્દેશ પૂર્વે કરવામાં આવ્યો છે. ફલતઃ પ્રાથમિક શાળાઓની જેમ માધ્યમિક શાળાઓનું પરીક્ષણતંત્ર પણ કેળવણીખાતાના અધિકારીઓને હસ્તક મૂકાયું. શાળાઓમાં ધીમે ધીમે પરીક્ષાનું સામ્રાજ્ય જામતું ગયું. આ પ્રકારની વ્યવસ્થા માધ્યમિક શિક્ષણ કક્ષાએ ઇ.સ.૧૯૦૩ સુધી અમલમાં હતી.[X]

ઇ.સ. ૧૮૫૭માં મુંબઇ વિશ્વવિદ્યાલયની સ્થાપના થઇ ત્યારે મુંબઇ પ્રાંતમાં બિનધંધાકીય ઉચ્ચ શિક્ષણ આપતી માત્ર બે જ સંસ્થાઓ હતી : (૧) એલ્ફિન્સ્ટન કોલેજ, મુંબઇ અને (૨) ડેકકન કોલેજ, પૂના. આ કોલેજો હાઇસ્કૂલના છેલ્લા વર્ષના

------------

X Government of Bombay : A Review of Education in Bombay State, Poona, 1958.

વિદ્યાર્થીઓની પ્રવેશક પરીક્ષા લઇ તેમને કૉલેજમાં પ્રવેશ આપતી. અધ્યયન ચરિત-કૃતિઓના કેટલાક ચરિતનાયકો (મોહનલાલ રણછોડભાઇ ઝવેરી, નર્મદ વગેરે) એ તે પ્રાવેશિક પરીક્ષાઓ પસાર કરી એલ્ફિન્સ્ટન કૉલેજમાં પ્રવેશ મેળવેલો. મુંબઇ વિશ્વવિદ્યાલયે સંલગ્ન કૉલેજોમાં પ્રવેશ માટેની પ્રાવેશિક પરીક્ષા તરીકે, ઇ.સ. ૧૮૫૯ થી મેટ્રિકયુલેશનની પરીક્ષા લેવાનો પ્રારંભ કર્યો. આમ છતાં, ઇ.સ. ૧૮૬૫-૬૬ સુધી કૉલેજોએ પણ પ્રાવેશિક પરીક્ષાઓ લેવાનું ચાલુ રાખ્યું. એટલે ઇ.સ. ૧૮૬૫-૬૬ સુધી મેટ્રિકયુલેશન પરીક્ષામાં કે કૉલેજોની પ્રાવેશિક પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થનારાઓને કૉલેજોમાં પ્રવેશ મળતો રહ્યો. ત્યાર બાદ, પ્રાવેશિક પરીક્ષાઓ રદ કરી કેવળ મેટ્રિકયુલેશનમાં સફળ થનારને જ પ્રવેશ આપવાનો ઠરાવ કરવામાં આવ્યો. ત્યારથી મેટ્રિકયુલેશનની પરીક્ષા દ્વિવિધ કામગીરી બજાવતી રહી છે : (૧) માધ્યમિક શાળાન્ત પરીક્ષા તરીકેની અને (૨) ઉચ્ચ શિક્ષણ માટેની પ્રાવેશિક પરીક્ષા તરીકેની.

મેટ્રિકયુલેશનની પરીક્ષાના પ્રારંભ પહેલાં, કેળવણી ખાતાએ હાઇસ્કૂલોના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ માટે જાહેર પરીક્ષાઓ યોજવાનો શિરસ્તો શરૂ કરેલો એની નોંધ, પણ અત્રે લેવી ઘટે. એ પરીક્ષાનો ઉલ્લેખ આશારામ દલીચંદ શાહ (૧૮૪૨-૧૯૨૧)ના જીવનચરિત્રમાં નીચે પ્રમાણે થયો છે :

"રાજકોટની અંગ્રેજી શાળામાં આ કૉલેજ એન્ટ્રન્સ પરીક્ષા પ્રથમ પહેલી ઇ.સ. ૧૮૫૯ના આરંભમાં લેવાઇ. મુંબઇથી આવેલા છાપેલા પ્રશ્નપત્રકોના જવાબ ઉમેદવારો એ પોલિટિકલ એજંટ કરનલ જે. ટી. બાર સાહેબની કોઠીએ પોલીસના ચોકી-પ્હેરા તળે બેસીને લખ્યાં, અને હેડમાસ્તર સાહેબે દફતરદાર સાહેબની નિગેહબાનીમાં દરેક ઉમેદવારનો જવાબ બરાબર સીલ કરીને મુંબઇ મોકલાવ્યા. પરીક્ષાને એટલું ગૌરવ અપાતું કે તે ચાલતી હતી તે દરમિયાન બાર સાહેબ જાતે આંટો મારી જતા તથા છોકરાઓ અંગ્રેજી વાતચીતમાં કેવા છે તે જાણવાને જાતે તેમની સાથે સામાન્ય સવાલજવાબ કરતા. જેથી છોકરાઓ ખૂબ જ રાજી થઇ ઘેર આવતાં એ અક્ષરે અક્ષર પ્રશ્નોત્તર ન્હાનાં મોટાં મંડળોમાં બડી છટાથી સંભળાવતા" [૧૭૬]

ઉપર્યુકત પરીક્ષા, લેખિત સ્વરૂપની સર્વ પ્રથમ જાહેર પરીક્ષા હતી અને

એનાં પ્રશ્નપત્રો શિક્ષણ નિયામકની કચેરીમાંથી દરેક માધ્યમિક શાળાઓને મોકલવામાં આવતાં. પૂર્વોક્ત મેટ્રિકયુલેશનની પરીક્ષાનાં ઘણાં લક્ષણો એમાં વિદ્યમાન હતાં. એ પરીક્ષાને ખૂબ જ મહત્ત્વ અપાતું, તે પોલિટિકલ એજંટને સોંપાયેલી એતદ્‌વિષયક જવાબદારી પરથી જણાય છે. ભારતીય અધિકારીઓને જવાબદારીપૂર્ણ કાર્યો સોંપવાની અંગ્રેજોની અનિચ્છા કે એવાં કાર્યો કરવાની ભારતીયોની શક્તિ અને નિષ્ઠા વિશે સેવાતી આશંકાનાં દર્શન પણ એમાં થાય છે. આ પરીક્ષાનું એક સારું લક્ષણ એ હતું કે તે માધ્યમિક શાળાના અંતિમ ધોરણ સુધીનું શિક્ષણ કાર્ય કરતી દરેક શાળાના સ્થળ પર જ થતી. વિદ્યાર્થીઓને અને વાલીઓને એનાથી એ જમાનામાં ઘણી અનુકૂળતા રહેલી હશે એમ કહેવાની જરૂરભાગ્યે જ રહે છે. તળ ગુજરાતમાં મેટ્રિકયુલેશનની પરીક્ષા માટે અધ્યેયકાલ દરમ્યાન એક માત્ર કેન્દ્ર અમદાવાદ હતું જે ઇ.સ. ૧૮૭૮માં સ્થપાયું. ત્યાં સુધી એ પરીક્ષાઓ માટેનું એક માત્ર કેન્દ્ર મુંબઇ રહેલું. વાહનવ્યવહારની અલ્પ સુવિધાઓ ધરાવતા એ જમાનામાં એ પરીક્ષાઓ આપવા ઉક્ત કેન્દ્રોમાં જતા વિદ્યાર્થીઓને નડતી અનેક મુશ્કેલીઓનું વર્ણન ચરિત્ર-સાહિત્યમાં થયું છે. એ જોતાં લાગે છે કે કેળવણીખાતા દ્વારા યોજિત પરીક્ષાઓ પસાર કરનારને કોલેજોમાં પ્રવેશ આપવાની નીતિ લાંબો સમય અમલમાં રહી હોત તો તે વધુ લોકપ્રિય બની હોત. પ્રારંભમાં એમાં ઉત્તીર્ણ થનારને પણ કોલેજમાં પ્રવેશ મળતો એવો સંકેત આશારામ દલીચંદ શાહના જીવનચરિત્રમાંથી પ્રાપ્ત થાય છે."[૧૭૭]

એક જાહેર પરીક્ષા તરીકે મેટ્રિકયુલેશનની પરીક્ષાનું ઘણું જ મહત્ત્વ હોવાથી આત્મકથાઓ અને જીવનચરિત્રોમાં એને લગતા ઘણા ઉલ્લેખો થયા છે. એને આધારે અધ્યેયકાલ દરમ્યાનની મેટ્રિકયુલેશન પરીક્ષાનું સ્વરૂપ, કઠિનતા, ત્રુટિઓ વગેરે કેવાં હતાં એની સમીક્ષા હવે કરીશું.

ગોવર્ધનરામે ઇ.સ. ૧૮૭૧-૭૨માં મેટ્રિકયુલેશનની પરીક્ષા આપી 'તે વખતે મેટ્રિકયુલેશનની પરીક્ષામાં સંસ્કૃતની પરીક્ષા લિખિત તેમ જ મૌખિક બન્ને લેવાતી હતી' એવો ઉલ્લેખ એમના જીવનચરિત્રમાં થયો છે.[૧૭૮] ઇ.સ. ૧૮૭૬માં એમાં સામેલ થનાર કલ્યાણરાય જેઠાભાઇ બક્ષીએ પણ સંસ્કૃતની લેખિત અને મૌખિક બન્ને પરીક્ષાઓ આપેલી એવો નિર્દેશ એમના જીવનચરિત્રમાંથી પ્રાપ્ત થાય છે.[૧૭૯] લેખિત અને મૌખિક ઉભય સ્વરૂપની પરીક્ષાઓને તેના આગવા ગુણદોષ છે, જેની ચર્ચા અત્રે

અપ્રસ્તુત ગણાય. અહીં તો માત્ર એટલું જ નોંધવું બસ થઇ પડશે કે મેટ્રિકયુલેશન જેવી જાહેર પરીક્ષાના પ્રારંભના વર્ષોમાં સંસ્કૃતની મૌખિક પરીક્ષા લેવાની પ્રથા વિદ્યમાન હતી.

અધ્યેયકાલ દરમ્યાન અંગ્રેજીને મેટ્રિકયુલેશનની પરીક્ષામાં વધુ પડતું પ્રભુત્વ મળ્યું હોવાનો અને તેની વિદ્યાર્થીઓની અન્ય વિષયોની સજ્જતા પર વિપરીત અસર થતી હોવાનો નિર્દેશ, ભાઇલાલભાઇ દ્યાભાઇ પટેલના જીવનચરિત્રમાંથી મળે છે. ચરિતનાયક ઇ.સ. ૧૯૦૭માં મેટ્રિકયુલેશનની પરીક્ષા માટે તૈયારી કરતા હતા, તેના સંદર્ભમાં ચરિતલેખક નીચેની નોંધ લે છે :

> "અભ્યાસના ટાઇમ ટેબલમાં અંગ્રેજી વિષયને અર્ધોઅર્ધ વખત આપવો પડતો હતો. કારણ, તે વખતે એવો નિયમ હતો કે જે વિદ્યાર્થી અંગ્રેજીના પેપરમાં પાસ થાય તેના જ બીજા પેપરો જોવામાં આવતા. બાકી જે અંગ્રેજીમાં નપાસ થાય તેના બીજા વિષયો ગમે તેટલા સારા હોય પણ જોવાની કોઇ વ્યર્થ મહેનત લેતું નહિ ! એવો વહીવટ હતો એટલે સ્વાભાવિક રીતે અંગ્રેજી ઉપર જ મુખ્ય ધોરણ રહેતું." [૧૮૦]

મેટ્રિકયુલેશનની પરીક્ષામાં અંગ્રેજીને આપવામાં આવેલા આટલા બધા મહત્ત્વનું મૂળ, નવી શિક્ષણપ્રથાએ સ્વીકારેલી પાયાની નીતિમાં રહેલું છે. અંગ્રેજી ભાષા દ્વારા પશ્ચિમના સાહિત્ય અને વિજ્ઞાનનો ભારતીય પ્રજામાં ફેલાવો કરવો એ નવી શિક્ષણ-પ્રથાનો મૂળભૂત ઉદ્દેશ હતો. શાસક પ્રજા હંમેશાં પોતાના હિતની દૃષ્ટિએ જ વિચારે એ દેખીતું છે. વહીવટમાં ઉપયોગી થાય એવા, સારું અંગ્રેજી જાણનારા નીચલી પાયરીઓના અધિકારીઓનો વર્ગ ઊભો કરવાનો આશય પણ એમાં જણાય છે. મેટ્રિકયુલેશનની પરીક્ષામાં અંગ્રેજીને મળેલા આવા અનહદ મહત્ત્વને લીધે માધ્યમિક શાળાઓમાં અન્ય વિષયોના શિક્ષણ પર પણ વિપરીત અસર થઇ. ગુજરાતી જેવા વિષય પર તો ભાગ્યે જ કોઇ ધ્યાન આપતું એનો નિર્દેશ માધ્યમિક શાળાઓના શિક્ષણક્રમની સમીક્ષા કરતાં કરવામાં આવ્યો છે.

મોતીભાઇ અમીન ઇ.સ. ૧૮૯૦માં મેટ્રિકયુલેશનની પરીક્ષામાં બેઠા ત્યારે અમદાવાદ સેન્ટરમાં બેઠેલા ૫૬૨ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૬૨ જ પાસ થયા હોવાનો ઉલ્લેખ એમના જીવનચરિત્રમાં થયો છે. [૧૮૧]

અધ્યેયકાલ દરમ્યાન મુંબઈ વિશ્વવિદ્યાલયની મેટ્રિકયુલેશનની પરીક્ષાનાં ધોરણો ઘણાં ઊંચાં હતાં અને એમાં સફળતા પ્રાપ્ત કરવી ઘણી કઠિન હતી, એમ દર્શાવતા ઘણા સંદર્ભો ચરિત્રસાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. રતિલાલ નારણદાસ ગાંધી (૧૮૪૦-૧૯૪૨)ના જીવનચરિત્રના લેખક ચરિતનાયકને મેટ્રિકયુલેશનની પરીક્ષામાં મળેલી નિષ્ફળતાના સંબંધમાં નોંધે છે કે "યુનિવર્સિટી સ્થપાયાને આજ[X] ચાર વીશી વીતી ગઈ છે, છતાં મેટ્રિકની પરીક્ષાને લોટરીની ટીકીટ માનનાર નપાસ થનાર વિદ્યાર્થીઓમાં મોટો વર્ગ હોય છે."[૧૮૨] રવિશંકર રાવળ, એમના મોટાભાઈ ઈ.સ. ૧૯૦૬માં મેટ્રિકયુલેશનની પરીક્ષામાં નિષ્ફળ ગયા એનો ઉલ્લેખ પોતાની આત્મકથામાં કરતાં વિદ્યાર્થીઓને મેટ્રિકની પરીક્ષા કેવી જણાતી તે નીચેના શબ્દોમાં વર્ણવે છે :

> "મેટ્રિકનો ખાડો વિદ્યાર્થી આલમમાં મહાન અડફેટ અને આપત્તરૂપ હતો. પડયા પછી બીજે વર્ષે બહુ થોડાને ભણવાનો ઉત્સાહ રહેતો. એના એ વિષયો સળંગ ફરી પાકા કરવાના અને દરકેમાં પાસ માર્ક લાવવાના. એ દૂષણ ઘણા વર્ષે પરીક્ષકોને સમજાયું ત્યારે - 'એકઝેમ્પશન' (પાસ વિષયોમાંથી મુકિત)ની પ્રથા દાખલ કરવામાં આવી."[૧૮૩]

'એકઝેમ્પશન'ની પ્રથા કયારથી દાખલ કરવામાં આવી તે દર્શાવતું નિશ્ચિત પ્રમાણ ચરિત્રસાહિત્યમાંથી મળતું નથી, પરંતુ એ પરીક્ષાના પ્રારંભ પછી ઘણા લાંબા સમય સુધી એકાદ વિષયમાં અનુત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને પણ અન્ય વિષયમાં સારા ગુણ હોવા છતાં બધા જ વિષયોની પરીક્ષા પુન: આપવાની રહેતી, એમ આના પરથી કહી શકાય. અનુત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને પુન:પરીક્ષા આપવામાં નાહિંમત કરનારું આ એક મોટું દૂષણ હતું એમ જણાય છે.

ચન્દ્રવદન મહેતા મેટ્રિકયુલેશનની પરીક્ષાએ વિદ્યાર્થી-આલમમાં ઊભા કરેલા 'હાઉ'ની નોંધ એમની લાક્ષણિક શૈલીમાં નીચે પ્રમાણે લે છે :

---

X કૃતિ પ્રકાશન વર્ષ : ઈ.સ. ૧૯૪૩

"મેટ્રિક ! ૧૯૧૮-'૧૯ નું એ જીવલેણ વરસ ! જાણે કાળ સામે આવીને ઊભો રહેવાનો હોય, જીવન મરણનો સવાલ થઈ પડવાનો હોય ! શી માયા ઊભી કરી છે આપણા યુનિવર્સિટીના ખેરખાંઓએ ! કેવો ધાક પેદા કર્યો છે આપણા શિક્ષક વર્ગે અને કેવી ઇન્દ્રજાળ રચી છે આપણા વડીલોએ, માબાપો એ ! પરીક્ષાનો હાઉ જેટલો ભયંકર આપણે ત્યા ખડો કરવામાં આવ્યો છે, એવો બીજા કોઈ સુધરેલા દેશમાં જાણ્યામાં નથી." [૧૮૪]

ચરિતલેખકો અને ચરિતનાયકો દ્વારા મેટ્રિકયુલેશનની પરીક્ષા માટે વપરાયેલા 'લૉટરીની ટિકિટ', 'ખાડો', 'જીવલેણ વરસ' જેવા શબ્દો વિદ્યાર્થીઓના મનમાં અધ્યેયકાલ દરમ્યાન મેટ્રિકયુલેશનની પરીક્ષાએ ઊભી કરેલી ભીતિ સૂચવે છે. મુંબઈ વિશ્વવિદ્યાલયની મેટ્રિકયુલેશનની પરીક્ષાથી કંટાળી- કેટલાક વિદ્યાર્થીઓ અન્ય વિશ્વ-વિદ્યાલયોનો આશ્રય લેતા હશે, એમ દર્શાવતાં પ્રમાણો પણ ચરિતસાહિત્યમાંથી મળે છે. [૧૮૫] અતિશય આકરા પરિણામોએ સર્જેલો હાઉ માત્ર કનિષ્ઠ કે મધ્યમ જ્ઞાનલબ્ધિ ધરાવનારા વિદ્યાર્થીઓની જ નહીં, પરંતુ તેજસ્વી વિદ્યાર્થીઓની શ્રદ્ધા પણ ડગાવી દેતો. એમાં ભાઈલાલ વિશ્વનાથ વ્યાસ (૧૮૭૫-૧૯૨૦)નો કિસ્સો વિશેષ રીતે નોંધનીય જણાય છે :

"હાઈસ્કૂલમાં હું (અંગ્રેજી) છઠ્ઠા ધોરણ સુધી પહેલા નંબરનો વિદ્યાર્થી હતો. હું મેટ્રિકમાં આવ્યો એટલે બોર્ડિંગમા રહેવા લાગ્યો. ત્યાં મને કેટલાક પાટીદાર મિત્રોનો સહવાસ થયો. એ બધા જ મિત્રો અભ્યાસથી લગભગ કંટાળેલા હતા. અવારનવાર તેઓ મારી પાસે આવે અને કહે, 'ભાઈલાલ, તું આટલો બધો હોશિયાર છે, છતાં મેટ્રિકનું સંસ્કૃત તો એટલું બધું અઘરું છે કે, તારા જેવાને પણ એ ખાડો ઓળંગતાં નિદાન બે વર્ષ તો લાગે જ.' આની અસર મારા મન પર બહુ માઠી થઈ, તે એટલે સુધી કે હું પણ અભ્યાસથી કંટાળ્યો અને શાળાજીવનને તિલાંજલિ આપી બેઠો. મેટ્રિક પાસ થવામાં મને કશો જ બાધ નહિ આવે એમ માસ્તરે મને બહુ સમજાવ્યો, છતાં મારા નિરુત્સાહી મનનો કાંટો ઉત્સાહના ધ્રુવ-તારક પ્રત્યે ન

ખસ્યો તે નજ ખસ્યો"[૧૮૬]

ઉપર્યુકત કિસ્સાને મળતો બીજો એક કિસ્સો છોટાલાલ નરભેરામ ભટ્ટનો છે. અલબત્ત, તે માધ્યમિક શાળાના નિયમિત વિદ્યાર્થી નહોતા, પરંતુ પ્રાથમિક શાળાના એક પ્રતિભાશાળી શિક્ષક અને સાહિત્યકાર પણ હતા. બહારના વિદ્યાર્થી તરીકે મુંબઇ વિશ્વવિદ્યાલયની મેટ્રિકયુલેશનની પરીક્ષા આપવાની તૈયારી ઇ.સ. ૧૮૭૫ના અરસામાં તેઓ કરી રહયા હતા. એ દરમ્યાન મદ્રાસ યુનિવર્સિટીનાં કડક પરિણામોના સમાચાર વાંચતાં 'પાસ થવાની આશા રાખવી એ મિથ્યા છે' એમ માની એમણે પરીક્ષા આપવાનું માંડી વાળેલું.[૧૮૭]

મેટ્રિકયુલેશન જેવી જાહેર પરીક્ષાનાં ધોરણો ઊંચા રહે, એવી અપેક્ષા સહુ કોઇ રાખે એ સાચું, પરંતુ એ તેજસ્વી વિદ્યાર્થીઓ સહિત સમગ્ર વિદ્યાર્થી-આલમને માટે અતિશય ચિંતા પ્રેરનારી અને એમને હતોત્સાહ કરનારી બની રહે એ દુ:ખદ ગણાય. વિદ્યાર્થીઓ પર એની માઠી માનસિક અસરો થાય એ તો દેખીતું જ છે. શારદાબહેન કહે છે તેમ "યુનિવર્સિટી પ્રવેશની પાયરી પર ચઢવાના પહેલા જ પ્રયાસમાં જે બાળકો નિષ્ફળ જાય છે તેમનાં હૃદય બેશુમાર ઘવાય છે, અને તેનું પરિણામ કોઇ વાર જીવનભર વિપરીત આવે છે."[૧૮૮] મુંબઇ વિશ્વવિદ્યાલયની મેટ્રિકયુલેશનની પરીક્ષાઓએ અધ્યેયકાલના અંત સુધી આમ અનેક વિદ્યાર્થીઓને ભારે માનસિક પરિતાપમાંથી પસાર કર્યા હતા, એમ જણાય છે.

ઉકત પરીક્ષાના પરીક્ષણતંત્રની કેટલીક ત્રુટિઓનો અણસાર પણ ચરિત્ર-સાહિત્યમાંથી ઉપલબ્ધ થાય છે. ઇ.સ. ૧૯૧૯ સુધી મેટ્રિકયુલેશનની પરીક્ષાનું સંપૂર્ણ નિયંત્રણ મુંબઇ વિશ્વવિદ્યાલયને હસ્તક જ હતું અને બહુધા ઉચ્ચ કોટિના પ્રાધ્યાપકો ધ્વારા તેનું પરીક્ષણ કાર્ય થતું. એ પ્રાધ્યાપકો માધ્યમિક શાળાઓની અને તેમાં થતા શિક્ષણકાર્યની વાસ્તવિક પરિસ્થિતિથી અનભિજ્ઞ જ હતા. ફલત: વિદ્યાર્થીઓ પાસેની તેમની અપેક્ષાઓ ઘણી ઊંચી રહેતી. સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસીના જીવનચરિત્રમાંથી એનો નિર્દેશ નીચે પ્રમાણે મળે છે :

> "શેઠ વિઠ્ઠલદાસની મેટ્રિકયુલેશનની પરીક્ષા ઇ.સ. ૧૮૯૧ના નવેમ્બર માસની ૧૬મી તારિખે શરૂ થઇ ૨૦મી તારિખે પૂરી થઇ હતી. પરીક્ષાના પરિણામની વાટ આતુરતાથી તેઓ જોયા કરતા હતા.

પોતાના મિત્રો સાથે પરીક્ષકોની લાયકાત અને ખાસિયતોની ચર્ચા કરવામાં તેમને રસ પડતો હતો, એવું જણાય છે. અંગ્રેજી ભાષાના પરીક્ષક ડૉ. પિટર્સન અને પ્રો. ડબ્લ્યુ. એચ. શાર્પની કોઇવાર વાતો થતી, તો કોઇ વાર ગણિતના પરીક્ષક જમશેદજી અરદેશર દલાલની ચીવટતા સમ્બન્ધી, તો કોઇ વાર ગુજરાતી ભાષાના પરીક્ષક શ્રીયુત ગોવર્ધનરામ ત્રીપાઠીની અતિ ભાષાશુધ્ધિની ધૂન માટેની અને કદિ કદિ વિજ્ઞાન-પરીક્ષક પ્રો. ત્રિભુવનદાસ ગજ્જરના વિજ્ઞાનપ્રેમની ચર્ચાને મિત્રગુંજનનો વિષય તેઓ બનાવતા હતા." [૫૮૯]

પરીક્ષણતંત્ર સંપૂર્ણતયા વિશ્વવિદ્યાલયને હસ્તક રહેવાથી, મેટ્રિકયુલેશનની પરીક્ષા માટે માધ્યમિક શાળાઓ દ્વારા મોકલવામાં આવતા પરીક્ષાર્થીઓની વાસ્તવિક સિધ્ધિ અને પરીક્ષકોની અપેક્ષાઓ વચ્ચે ઘણું અંતર રહેતું. ઇ.સ. ૧૯૧૯માં - મેટ્રિકયુલેશનની પરીક્ષા માટે 'સંયુકત પરીક્ષા બોર્ડ'ની રચના કરવામાં આવી ત્યાં સુધી આ પરિસ્થિતિ ચાલુ રહેવા પામી હતી. ઉકત બોર્ડમાં દસ સભ્યો પૈકી બે માન્ય માધ્યમિક શાળાઓના શિક્ષકો રહેતા. એનાથી માધ્યમિકશાળાઓમાં થતા વાસ્તવિક શિક્ષણકાર્ય અને એના વિદ્યાર્થીઓની કક્ષા તથા મેટ્રિકયુલેશનની પરીક્ષા વચ્ચે જે ખાઇ હતી, તે ધીમે ધીમે પુરાવા લાગી.

શારદાબહેન મહેતા, તેમનાં 'જીવન સંભારણા'માં મેટ્રિકયુલેશનની પરીક્ષાની કેટલીક નબળી કડીઓનો નિર્દેશ કરે છે. અલબત્ત, તેઓ ઇ.સ. ૧૯૨૬માં ઉકત પરીક્ષાના પરીક્ષક તરીકેના પોતાના અનુભવના સંદર્ભમાં એની નોંધ લે છે, પરંતુ અધ્યેયકાલ દરમ્યાન પ્રવર્તમાન પરિસ્થિતિને પણ એ કંઇક અંશે લાગુ પડે છે. પરીક્ષણની અવિશ્વસનીયતા વિશેનું તેમનું અવલોકન વિશેષત: ઉલ્લેખનીય છે, જે નીચે પ્રમાણે છે.

"અમુક વખતમાં પરીક્ષકોએ બધું જ કામ પુરૂં કરી નાખવું જોઇએ જ, એને પરિણામે બિચારા વિદ્યાર્થીઓને ન્યાય કેવી રીતે આપી શકાય ? ગમે એટલું મગજ ટેવાઇ જાય તે છતાં મગજ શકિતને પણ હદ હોય છે. એટલે આ પરિસ્થિતિમાં પ્રશ્ન તપાસવા એ એક ફાર્સરૂપ છે. અને પંજાબ મેલ કરતાં પણ વધારે ઝડપથી મગજ અને કલમ

ચલાવવાં પડે છે. પરિણામે સાંજને પહોર તપાસાયલા પેપરવાળા કાંતો ફાવી જાય અથવા તો નુકશાનીમાં આવી જાય- થાકેલા મગજ સાથે પરીક્ષકની પ્રકૃતિને આશરે ધોરણ રહે છે ! "૧૯૦

લેખિકાએ દર્શાવેલું ઉપર્યુક્ત દૂષણ હજુ આજેય ચાલુજ રહ્યું છે. વાસ્તવમાં, તે પરંપરામાં પ્રાપ્ત થયેલી વિકૃતિ છે.

માધ્યમિક કક્ષાએ થતી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો પરીક્ષકો વગેરે દ્વારા અધ્યેયકાલ દરમ્યાન જાળવવામાં આવતી પ્રમાણિકતાનો નિર્દેશ પણ ચરિત્ર -સાહિત્યમાં થયો છે. ઓગણીસમી સદીના નવમા દાયકામાં નડિયાદની સરકારી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા ભાઈલાલ વિશ્વનાથ ભટ્ટની એતદ્સંબંધી ઘટના, તત્કાલીન પરિસ્થિતિ પર સારો પ્રકાશ ફેંકે છે. 'પરીક્ષા ખંડમાં કાગળ વગેરે રાખવાં ચોરી ગણાશે અને એમ કરનારને પરીક્ષાખંડમાંથી બહાર કાઢવામાં આવશે' એ નિયમ નિરીક્ષકે કહી સંભળાવ્યો, તેની ચરિતનાયક પર શી અસર થઈ તેનું વર્ણન એમના જીવનચરિત્રમાં આ રીતે મળે છે :

"સ્વ. ભાઈલાલભાઈ પાસે એક ભૂમિતિના સિદ્ધાંતનો ઉતારો હતો, તેથી ઉપરનો શિક્ષકે કહેલો નિયમ સાંભળતાં તેમને ભય લાગ્યો. તેમના પગ થર થર ધ્રૂજવા લાગ્યા, જેને પરિણામે મેજનાં પાટિયાં પણ હાલવા લાગ્યાં, અને પાસે બેઠેલા વિદ્યાર્થીઓને લખવામાં પણ અડચણ પડી. ઘોંઘાટ થયો. શિક્ષકે કારણ પૂછ્યું. તરત જ ભાઈલાલભાઈએ કહ્યું કે "મારી પાસે અમુક સિદ્ધાંત લખેલો છે. મેં એમાંથી કોપી કરી નથી, પરંતુ હું નિયમ પ્રમાણે દોષવાન છું." આ પરથી કાયદા પ્રમાણે તેમને પરીક્ષામાંથી કાઢી મૂકવામાં આવ્યા. તેઓએ પોતાના પિતાને તરત પત્ર લખ્યો કે "હું ચોરી કરતાં પકડાયો છું અને મને શિક્ષા કરવામાં આવી છે". આવા સંદિગ્ધ લખાણનો પત્ર પહોંચતાં તેમના પિતાશ્રી ગભરાયા........પછી તેઓ નિશાળના મુખ્ય શિક્ષક પાસે આવ્યા. અહીં તેમને પૂછતાં ઉપર જણાવેલી હકીકત માલમ પડી. ભાઈલાલ તો શરમના માર્યા ખાધાપીધા વગર હાટકેશ્વરના મંદિરમાં છાનામાના છુપાઈ ગયા હતા, એટલે

તેમના પિતાને તેમની શોધ કરતાં ઘણો વખત લાગ્યો.........
જાગતાં વેંત જ પિતાને દેખી રડી દીધું, સત્ય હકીકત કહી દીધી,
અને પોતાના દોષને લીધે પોતાને હવે ઉપલા વર્ગમાં નહિ ચડાવે
એવા ભયને લીધે અત્યંત દિલગીર થયા. પિતા આશ્વાસન દઇ
તેમને હેડમાસ્તર પાસે લઇ ગયા. ભાઇલાલભાઇ સાધારણ વિદ્યાર્થી
ન હતા. વર્ગમાં બીજો નંબર રાખતા હતા. તેમનાં સત્ય અને
સરળતા માટે શિક્ષકનો તેમના પર પ્રેમ હતો, એટલે હેડમાસ્તરે
તેમને સાંત્વન આપ્યું અને ઉપલા વર્ગમાં ચઢાવવાને કહ્યું."[૧૯૧]

ઉપર્યુકત કિસ્સો વ્યકિતગત અને ફલત: આત્મલક્ષી ગણાય એ ખરું, પરંતુ એના પરથી માધ્યમિક શાળાઓમાં પરીક્ષાની બાબતમાં જળવાતી પ્રમાણિકતાનો અણસાર મળી રહે છે. ભાઇલાલભાઇ જેવા, સત્ય અને સરળતા માટે શિક્ષકોનો પ્રેમ સંપાદન કરનાર હોશિયાર વિદ્યાર્થીને પણ, પાસે રાખવામાં આવેલા ઉતારાનો ઉપયોગ કર્યો છે કે નહિ, તેનીય ચોકસાઇ કર્યા સિવાય પરીક્ષાખંડ છોડી દેવાની ફરજ પાડવામાં આવે, એ પરીક્ષાઓમાં જળવાતી કડકાઇ અને શુદ્ધિનું સૂચન કરે છે. ભાઇલાલભાઇએ અનુભવેલી અસ્વસ્થતા, એમણે અનુભવેલી શરમ એમના પિતાનો ગભરાટ વગેરે આવી ઘટનાઓની અસામાન્યતા સૂચવે છે. એમનો સ્વદોષએકરાર, રુદન, દિલગીરી વગેરે પ્રમાણિક વિદ્યાર્થીઓનાં 'કોપી' કરવા સંબંધી વલણો સૂચવે છે. આખીય ઘટના પરથી એમ ફલિત થાય છે કે માધ્યમિક શાળાઓમાં અધ્યેયકાલ દરમ્યાન પરીક્ષાઓમાં નીતિનાં ધોરણો ઠીક ઠીક ઊંચાં હશે.

રમણલાલ વસંતલાલ દેસાઇ એમની મેટ્રિકયુલેશનની પરીક્ષા (ઇ.સ.૧૯૦૮)ના સંદર્ભમાં એ જમાનામાં પરીક્ષાની બાબતમાં જળવાતી પ્રમાણિકતાનું કંઇક વ્યાપક ચિત્ર નીચે પ્રમાણે આલેખે છે :

"ત્યારે હાઇસ્કૂલ-કોલેજની પરીક્ષાઓ અને પરીક્ષકો દેવમંદિર સરખાં
પવિત્ર, અસ્પર્શ્ય અને પરમપૂજય ગણાતાં. દેવમંદિરના અરણસ્પર્શ,
મંગળસ્નાન, સુખડી અને ભેટની પ્રથા આજની[X] જ યુનિવર્સિટીની

------------

X કૃતિ પ્રકાશન વર્ષ : ઇ.સ. ૧૯૫૦

પરીક્ષાઓએ અને પરીક્ષકોએ જે સ્વીકારી છે, અગર સ્વીકારી છે એમ કહેવાય છે અગર મનાય છે, તેનું સ્વપ્ન પણ તે યુગને, તે યુગના વિદ્યાર્થીઓને અને તે યુગના પરીક્ષકોને આવ્યું ન હતું. મતલબ કે હું પ્રામાણિકપણે પાસ થયો હતો એમ હું માનું છું. ચોરી કરવાની માનવસુલભ ઇચ્છા હશે તો તે તેને માટે હિંમત ન હતી અને મારી આસી બેઠેલા સહપરીક્ષકોXમાંથી કોઇ અરસપરસ પરિચય માટે ઈંતેજાર પણ ન હતા."[૧૯૨]

ક. ઉચ્ચશિક્ષણસ્તર : મુંબઈ વિશ્વવિદ્યાલયની સ્થાપના ઇ.સ. ૧૮૫૭માં થઇ, ત્યારથી માંડીને લગભગ અધ્યેયકાલના અંત સુધી તેનું સ્વરૂપ મુખ્યત્વે ઉચ્ચશિક્ષણની સંસ્થાઓને જોડાણ આપતા વિશ્વવિદ્યાલયનું જ રહ્યું હતું. ફલતઃ તેની મુખ્ય કામગીરી પણ સંલગ્ન સંસ્થાઓના વિદ્યાર્થીઓની વિવિધ પરીક્ષાઓ લઇ, તેમને પ્રમાણપત્રો કે પદવીઓ આપવા પૂરતી મર્યાદિત રહી હતી. પ્રત્યક્ષ શિક્ષણકાર્ય, સંશોધન આદિ વિષયક દાયિત્વો ઉપાડવાની શરૂઆત તો એણે ઇ.સ.૧૯૧૨માં બ્રિટિશ સરકારે એને ઉદાર આવર્તક અને અનાવર્તક અનુદાનો આપવા માંડયાં, તે પછી કરી.

મુંબઈ વિશ્વવિદ્યાલય દ્વારા લેવાતી મેટ્રિકયુલેશનની પરીક્ષાની ચર્ચા આ અગાઉ થઇ ગઇ છે. એ પરીક્ષાનો પ્રારંભ ઇ.સ. ૧૮૫૯માં થયો હતો. મુંબઈ વિશ્વવિદ્યાલયનો સ્નાતક કક્ષા સુધીનો શિક્ષણક્રમ પ્રારંભમાં ત્રણ વર્ષનો હતો. એટલે મેટ્રિકયુલેશનમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓની બી.એ.ની પરીક્ષા સર્વપ્રથમ ૧૮૬૨માં લેવાઇ, જેમાં બેઠેલા છ વિદ્યાર્થીઓમાંથી ચારને ઉત્તીર્ણ થયેલા જાહેર કરવામાં આવ્યા હતા.[૧૯૩] તત્પશ્ચાત્ વિશ્વવિદ્યાલયના શિક્ષણક્રમોમાં પણ વૈવિધ્ય આવ્યું અને એની વિવિધ પરીક્ષાઓમાં બેસનારાઓની સંખ્યા પણ ઉત્તરોત્તર વધતી ગઇ. ચરિત્રસાહિત્યમાંથી એને લગતી વિગતવાર માહિતી ઉપલબ્ધ ન થાય એ સ્વાભાવિક છે. અહીં એની વિગતોમાં ઉતરવાનું ઉદ્દિષ્ટ પણ નથી. અહીં તો ચરિતસાહિત્યને

-------------

X સંદર્ભ પરથી સૂચવાય છે તેમ 'સહપરીક્ષકો' એ શબ્દ લેખકે 'સહપરીક્ષાર્થીઓના' અર્થમાં પ્રયોજ્યો છે.

આધારે, યુનિવર્સિટીની પરીક્ષાઓની જે સિદ્ધિ-મર્યાદાઓ સૂચિત થાય છે, તેનું જ નિરૂપણ કરીશું.

મુંબઇ વિશ્વવિદ્યાલયની મેટ્રિકયુલેશનની પરીક્ષાનાં ધોરણો ઘણાં કડક હતાં અને તેથી અધ્યેયકાલ પર્યંત ઉચ્ચ કોટિના વિદ્યાર્થીઓ જ કોલેજોમાં પ્રવેશ કરતા હશે, એ સમજી શકાય તેમ છે. હકીકતમાં, એ યુગમાં ઉચ્ચશિક્ષણની તકો ઘણી ઓછી હતી અને ભણવાની લગનીવાળા વિદ્યાર્થીઓજ કોલેજોમાં જતા. આવા - વિદ્યાર્થીઓને પણ પરીક્ષાની ભીતિ કેવી રહેતી તેનો નિર્દેશ, મોરારજી દેસાઇ (જ. ૧૮૯૬)ની આત્મકથામાં થયો છે. વીસમી સદીના બીજા દાયકામાં, એમણે આપેલી યુનિવર્સિટી-પરીક્ષાઓના અનુભવો વર્ણવતાં તેઓ નીચે મુજબ નોંધ લે છે :

"આ રીતની મૂંઝવણનો અનુભવ આ (ઇન્ટરમીડિએટ) પરીક્ષામાં થયો એની અસર બી.એ.ની પરીક્ષા સુધી રહી. બી.એ.નાં બે વર્ષોમાં મેં કેમિસ્ટ્રી અને ફિઝિક્સના વિષયો લીધા હતા. પ્રેક્ટિકલમાં મેં સારું ધ્યાન આપ્યું હતું અને બે વર્ષો દરમ્યાન વાચન પણ ઠીક ઠીક કરી શક્યો હતો. જો કે વાંચવાનો જેટલો વિચાર કર્યો હતો એટલું વાંચી શક્યો ન હતો. પરીક્ષાના પંદર દિવસ અગાઉથી જ મારા મનમાં ધ્રાસકો પડયો. મને કંઇ આવડતું નથી એવું જ મને મનમાં વસી ગયું. પરિણામે છેલ્લા દસ દિવસ હું કંઇ વાંચી જ ન શકયો કારણ કે મૂંઝવણ અને ત્રાસની દશામાં આખો દિવસ પસાર થતો હતો."[૧૯૪]

બી.એ.ની પરીક્ષાના દિવસો દરમ્યાનની પોતાની મનો-શારીરિક સ્થિતિનું વર્ણન કરતાં દેસાઇ પોતાના સહપરીક્ષાર્થીઓની સ્થિતિનોય આછો નિર્દેશ કરે છે :

"જે દિવસે પરીક્ષા શરૂ થઇ તે દિવસે સવારે હું જમી પણ ન શકયો. જમવા જતાં ઊલટી થવાનો ભાવ થતો હતો. એટલે જમ્યા વગર જ પરીક્ષા આપવા ગયો. પરીક્ષાના સમય કરતાં વહેલો ગયો હતો અને સામાન્ય રીતે બને છે તેમ ઘણા વિદ્યાર્થીઓ ફિકર અનુભવતા હતા અને વંચાયું નથી એટલે પરીક્ષામાં સારું કરી શકાશે નહીં એમ વાતો કરતા મેં ઘણાને સાંભળ્યા. આની અસર મારા પર સારી

પડી કારણ કે મને એમ લાગ્યું કે હું કોઈ અસામાન્ય સ્થિતિમાં નથી પણ બધાના જેવો જ છું. દસ દિવસ વાંચી ન શકયો એને પરિણામે અનિચ્છાએ પણ મગજને આરામ મળ્યો. એથી પણ ઠીક શાંતિ જળવાઈ રહી. પરીક્ષાનું પેપર જેવું હાથમાં આવ્યું તેવું પહેલા સવાલથી જવાબો લખવાનું શરૂ કરી દીધું અને ત્રણ કલાક સુધી જવાબો સારી રીતે લખી શકયો એટલે મન શાંત થયું." ૧૯૫

શ્રી દેસાઈનો ઉપર્યુકત અનુભવ વિરલ હશે, એમ માનવાને કોઈ કારણ નથી. ઘણા વિદ્યાર્થીઓને આવો અનુભવ થતો હશે. અલબત્ત, એવા અનુભવોમાં વૈયકિતક ભિન્નતા પણ હશે જ, પરંતુ એનું પ્રેરક તત્ત્વ પરીક્ષાનો 'હાઉ' જ રહેતું હશે. પ્રેકટીકલમાં સારું ધ્યાન આપવા છતાં અને વાચન પણ સારું કર્યું હોવા છતાં શ્રી દેસાઈને થતી મૂંઝવણ સારી તૈયારીઓ કરનારનેય પરીક્ષાનો હાઉ સતાવતો હતો એમ સૂચવે છે. અત્રે યાદ રહે કે શ્રી દેસાઈ તેમના વિદ્યાકાળ દરમ્યાન એક હોશિયાર વિદ્યાર્થી હતા અને પાછળથી એમની 'ફેલો' તરીકે પણ નિમણૂક થઈ હતી. શ્રી દેસાઈ, એમના સહપરીક્ષાર્થીઓ પણ પરીક્ષાની ભીતિ અનુભવતા હતા એમ દર્શાવે છે. એના પરથી જણાય છે કે આવી ભીતિ ઘણી સામાન્ય હશે.

અધ્યેયકાલ દરમ્યાન મુંબઈ વિશ્વવિદ્યાલયની પરીક્ષણવ્યવસ્થામાં રહેવા પામેલી કેટલીક મર્યાદાઓનો નિર્દેશ પણ કેટલાક ચરિતકારોએ કર્યો છે. એમાં પરીક્ષકોના અંગત પૂર્વગ્રહને લીધે લેવાતો વિદ્યાર્થીઓનો ભોગ મુખ્ય છે. અલબત્ત, ચરિતસાહિત્યમાંથી ઉપલબ્ધ થતાં એતદ્ વિષયક પ્રમાણો ઘણાં અલ્પ છતાંય સૂચક છે.

ઈ.સ. ૧૮૯૦માં એમ.એ.ની પરીક્ષામાં બેઠેલા કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીને એક પારસી પરીક્ષકે 'ફારસી ભાષા આવડે કાં તો પારસીને, કાંતો મુસલમાનને, હિંદુ તો તેમાં ચંચુપ્રવેશ પણ કરી શકે નહિ' એવા ખ્યાલથી દોરવાઈને નાપાસ કરેલા. એનો નિર્દેશ કૃષ્ણલાલ ઝવેરી એમનાં 'સંસ્મરણો'માં નીચે પ્રમાણે કરે છે:

"બીજા પેપરોમાં જવાબ બરાબર આપેલા એટલે તેમાં મને નાપાસ કરવાનો અવકાશ ન હતો, પરંતુ અંગ્રેજીમાંથી ફારસીમાં ભાષાંતર કરવાના પેપરોમાં તો ઓછાવધતા માર્ક આપી શકાય, તેવી સગવડ જોઈને તેમણે (પરીક્ષકે) સોમાંથી પચીસથી પણ ઓછા માર્ક આપી મને

નાપાસ કરી, પોતાની ભાવનાને સંતોષી. હવે પરીક્ષકોની આખરની મીટિંગમાં મુંબઇના (અંગ્રેજીના પરીક્ષક) લૉર્ડ બિશપે મારા ફર્સ્ટ કલાસ માકર્સની વાત ઉલ્લેખી મારાં વખાણ કર્યાં. ફારસીમાં એક બે માર્ક ઓછા એટલે હું નાપાસ ઠર્યો. પેલા પારસી ગૃહસ્થે પોતાની ભૂલ જોઇ કે એક આવા સારા વિદ્યાર્થી માટે માત્ર પૂર્વગ્રહથી પોતે દોરાઇ ગયા હતા. તેમણે મીટિંગમાં પોતાની ભૂલ સુધારવા માટે વધારે માર્ક આપવાની ઇચ્છા જણાવી, પણ તે વખતે તેમ કરવા માટે બહુ મોડું થયું હતું અને હું નાપાસ થયો."[૧૯૬]

અત્રે યાદ રાખવું ઘટે કે કૃષ્ણલાલ ઝવેરી ફારસી ભાષાના પણ એક અચ્છા વિદ્યાર્થી હતા. વળી, તે એ સમય દરમ્યાન 'ફેલો' તરીકે પ્રીવિયસ અને ઇન્ટરના વર્ગોમાં એ ભાષાનું અધ્યાપનકાર્ય પણ કરતા હતા. આમ, કેવળ પરીક્ષકના પૂર્વગ્રહનો જ તે ભોગ બન્યા હોય એમ લાગે છે. વળી, પરીક્ષક દ્વારા વિદ્યાર્થીને થયેલો આવો અન્યાય સુધારવાની એની તૈયારી છતાં, પરિણામની જાહેરાત પહેલાંય વિશ્વવિદ્યાલય માટે એમ કરવામાં 'ઘણું મોડું થઇ ગયું' હોવાનો ચરિતનાયકનો નિર્દેશ ઘણો સૂચક છે. કદાચ વિશ્વવિદ્યાલય માટે એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન હોય તો, વિદ્યાર્થી માટેય એ જીવનનો પ્રશ્ન હતો. વહીવટીતંત્રની જડતાએ આમ બીજા ઘણા વિદ્યાર્થીઓનો ભોગ લીધો હોય, બનવાજોગ છે.

ઉપરની જેવી છતાં એનાથી સહેજ જુદી ઘટના હીરાલાલ વ્રજલાલ શ્રોફની બાબતમાં બનેલી. એમની એમ.એ.ની પરીક્ષા વખતે વેદાંતના પ્રશ્નપત્રમાં "શ્રી બાદરાયણનાં બ્રહ્મસૂત્રોમાં શંકરના કેવલાદ્વૈત કરતાં રામાનુજના વિશિષ્ટાદ્વૈતનો સિદ્ધાંત વિશેષ સયુક્તિક અને બંધબેસતો છે એમ સાબિત કરી બતાવો" એવો એક પ્રશ્ન પૂછાયેલો. એ પ્રશ્નના ઔચિત્ય વિશે એમને પરીક્ષક સાથે મતભેદ પડેલો. પરીક્ષક 'વિશિષ્ટાદ્વૈતવાદી હતા અને તેમને તેમના મતની શ્રેષ્ઠતા કબૂલ કરાવવી હતી તેથી તેમણે પ્રશ્ન બદલવાની' ના પાડેલી. પરિણામે હીરાલાલ પરીક્ષા આપ્યા સિવાય પરીક્ષાખંડ છોડીને ચાલ્યા ગયેલા.[૧૯૭]

અલબત્ત, પ્રશ્નપત્રના ઉત્તરો લખ્યા સિવાય વર્ગખંડ છોડીને ચાલ્યા જવા માટે પરીક્ષાર્થી હીરાલાલ પણ દોષિત ખરા જ. એમણે માગ્યા પ્રમાણે ઉત્તરો

આપવા પ્રયત્ન કરવો જોઇતો હતો. પરંતુ અહીં જે નોંધનીય છે, તે એ કે પ્રશ્નપત્રો પણ કયારેક પરીક્ષકોની અંગત માન્યતાઓ, આગ્રહો વગેરેથી દૂષિત બનતાં હતાં.

મુંબઇ વિશ્વવિદ્યાલયની પરીક્ષાઓમાં પરીક્ષકો દ્વારા અધ્યેયકાલ દરમ્યાન જળવાતી પ્રમાણિકતાના કેટલાક નિર્દેશો પણ ચરિત્રસાહિત્યમાંથી મળે છે. મોરારજી દેસાઇ પોતાની બી.એ.ની પરીક્ષાનો ઉલ્લેખ કરતાં એમના પરીક્ષક-પ્રાધ્યાપકના બિનપક્ષપાતી વલણની નોંધ નીચે પ્રમાણે લે છે :

> "(પ્રો. હેમ્લે) એટલા બધા નિયમપાલનવાળા હતા કે હું એમનો માનીતો વિદ્યાર્થી હોવા છતાં પરીક્ષાનું પરિણામ જે દિવસે જાહેર થવાનું હતું તે દિવસે પણ મને એમણે તે કહેલું નહીં. પ્રેક્ટિકલ પરીક્ષા વખતે એમણે મને એક મુશ્કેલ પ્રયોગ આપ્યો હતો અને એ રીતે મારી સખત કસોટી કરી હતી. એમની સાથે જે બીજા પરીક્ષકો હતા તેમના મત પ્રમાણે એમણે જે પ્રયોગ મને આપ્યો હતો તે બરાબર થઇ શકે એવો ન હતો અને એની ચર્ચા એમની બેઉની વચ્ચે થઇ હતી. પ્રો. હેમ્લેએ કહ્યું હતું કે એ થઇ શકે, અને એ પુરવાર કરવા માટે એમણે મને જ એ પ્રયોગ પરીક્ષામાં કરવા સોંપ્યો."[૧૯૮]

પોતાના માનીતા વિદ્યાર્થીની પણ પરીક્ષા વખતે આકરામાં આકરી કસોટી કરવાની પ્રાધ્યાપકની રીત, એમના બિનપક્ષપાતી વલણ અને પ્રમાણિકતાની દ્યોતક ગણાય. વાસ્તવમાં આવા પરીક્ષકો સમગ્ર અધ્યેયકાલપર્યંત દુર્લભ નહોતા અને - પરીક્ષાઓનું ગૌરવ સહુ કોઇ જાળવતું. એનો નિર્દેશ રમણલાલ વસંતલાલ દેસાઇએ કરેલો છે, જેની નોંધ લેવાઇ ચૂકી છે. ઓગણીસમી સદીના અંતિમ અને વીસમી સદીના પ્રારંભિક દાયકાઓમાં મુંબઇ વિશ્વવિદ્યાલયની વિવિધ કોલેજોમાં પ્રાધ્યાપક અને પરીક્ષક તરીકેની કામગીરી બજાવનાર પ્રા. બળવંતરાય ઠાકોર, ઇ.સ.૧૯૪૪માં અપાયેલા તેમના એક વ્યાખ્યાનમાં, એ સમયે પરીક્ષાક્ષેત્રે વધતી જતી બદીઓનો નિર્દેશ કરી પોતાના જમાનાના પરીક્ષકોની પ્રમાણિકતાને નીચેના શબ્દોમાં બિરદાવે છે :

"અમારા ઝમાનાના પરીક્ષકોનેય ઉમેદવારો અને તેમના લાગતા વળગતા વગવસાદિ વડે અનુકૂલ કરી લેવાને તો ઇચ્છતા હશે. પરંતુ હું ખાતરીપૂર્વક કહું છું કે અમારા કોઇ આગળ એવી વાત સરખી ઊચરવાનું ભારે થઇ પડતું. હું જાતે ઓળખતો એવા પરીક્ષકોમાંથી સંખ્યાબંધ એ પરીક્ષાના કામકાજની મોસમ દરમિયાન, ન કોઇને મળવા આવવા દેતા, ન પોતાની ટપાલ પણ પોતે વાંચતા, અંદરથી નંબર નામ વગેરેની વીગત ગાળી નાખીને જ ભાઇ કે પત્ની કાગળોનો બીજો મજકૂર પરીક્ષકને જણાવતાં. વગેરે વગેરે અમારી જાણીની કડકતાને પરિણામે વગસગ વગેરે દબાણો પણ ઓછાં થઇ જતાં. નવા જમાનામાં આવા પરીક્ષકો વિરલ થયા લાગે છે, બલકે રહ્યા હશે જ ભાગ્યે, એમ અહીં થયેલી ચર્ચા ઉપરથી જાણવા મળે છે."[૧૯૯]

મોરારજી દેસાઇ, રમણલાલ દેસાઇ તથા પ્રો. બળવંતરાય ઠાકોર વગેરેની રજૂઆત પરથી પરીક્ષકો દ્વારા, પરીક્ષાઓમાં જળવાતી પ્રમાણિકતાનો ખ્યાલ મળે છે. ઉકત પ્રમાણિકતા સાચેજ પ્રશંસનીય ગણાય. પરીક્ષાઓની પ્રતિષ્ઠા અને ગૌરવ વધારવામાં આવી પ્રમાણિકતા સહાયભૂત થાય જ એ નિર્વિવાદ છે. પરંતુ બધા જ પરીક્ષકો અણિશુધ્ધ પ્રમાણિકતા જાળવતા હશે,એમ એના પરથી સિધ્ધ થતું નથી. અધ્યેયકાલ પર્યંત પરીક્ષામાં પ્રમાણિકતા જાળવનારા પ્રાધ્યાપકોનું પ્રમાણ ઘણું સારું હતું, એટલું જ એના પરથી કહી શકાય.

## ૫.૬ સમાપન :

કેળવણીના ઉદ્દેશો એની સમગ્ર ઘટમાળાના નિર્માણમાં નિર્ણાયક ભાગ ભજવે એ સ્વાભાવિક છે. વાસ્તવમાં કેળવણીની સમગ્ર યોજના-શિક્ષણક્રમ, પાઠયપુસ્તકો, શિક્ષણપધ્ધતિઓ, પરીક્ષણ આદિ- પર એની દૂરગામી અસરો થતી હોય છે. ભારતમાં નવી કેળવણીની બુનિયાદ રચવા પાછળનો શાસકોનો પ્રધાન ઉદ્દેશ કામગરા કારકુનો અને કહ્યાગરી રૈયત પેદા કરીને બ્રિટિશ રાજયતંત્રને સંગીન અને સુદૃઢ બનાવવાનો હતો. એનો વિગતે ઉલ્લેખ ચોથા પ્રકરણમાં થયો છે. એમાં જોઇ ગયા તેમ, ભારતમાં નવી કેળવણીનો પ્રારંભ અને વિકાસ આ રીતે એક રાજકીય કરામત રૂપે થયો

M. S. UNIVERSITY OF BARODA



હતો. નવી કેળવણીના શિક્ષણક્રમ, શિક્ષણપદ્ધતિઓ, પરીક્ષણવ્યવસ્થા વગેરે પર એની ઘેરી અસર જોવા મળે છે.

નવી કેળવણીએ પ્રાથમિક શિક્ષણસ્તરથી માંડી ઉચ્ચશિક્ષણ-સ્તર સુધી ક્રમિક વિકાસ પામતો શિક્ષણક્રમ અધ્યેયકાલ દરમ્યાન વિકસાવ્યો, અને એ માટેનાં પાઠ્યપુસ્તકો, શિક્ષણસાધનો આદિ તૈયાર થતાં સમગ્ર ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે એક નવ-પ્રસ્થાનનો આરંભ થયો. ધીમે ધીમે સારાય ગુજરાતમાં શિક્ષણવિષયક એકરૂપતા સ્થપાવા લાગી. અંગ્રેજોના રાજ્યઅમલના પ્રારંભમાં, ગુજરાતમાં પ્રવર્તમાન શૈક્ષણિક પશ્ચાદભૂ જોતાં નવી કેળવણીની આ સિદ્ધિ નાનીસૂની ન જ ગણાય. પરંતુ આ નવી કેળવણીનું લક્ષ મુખ્યત્વે વિવિધ દરજ્જાની નોકરીઓ માટેનો કાર્યકારી ગણ ઊભો કરવા તરફ રહ્યું હોઇ, એના શિક્ષણક્રમમાં મહદ્અંશે વાચન-લેખન-ગણનનો વિકાસ સાધતા વિદ્યાકીય વિષયોને જ પ્રધાન સ્થાન મળ્યું. બીજા શબ્દોમાં કહીએ તો આ કેળવણી એ ઘડેલા શિક્ષણક્રમમાં વિદ્યાર્થીઓના મનની જ માવજત થઇ, પરંતુ શરીર અને આત્માની બહુધા ઉપેક્ષા જ થતી રહી. અલબત્ત, અધ્યેયકાલના અંતિમ દાયકાઓમાં શારીરિક કેળવણી, ચિત્રકલા આદિ જેવા વિષયોને પ્રાથમિક-માધ્યમિક શિક્ષણસ્તરના શિક્ષણકાર્યમાં સ્થાન મળ્યું ખરું, પરંતુ પરીક્ષણમાં એનું સ્થાન બિનમહત્ત્વનું હોવાથી એની અવહેલના જ થતી રહી. અંગ્રેજી ભાષાને શિક્ષણક્રમમાં પ્રાપ્ત થયેલું સામ્રાજ્ઞીપદ, માતૃભાષાની ઉપેક્ષા વગેરે દ્વારા ભારતીય યુવકોને અંગ્રેજોના માનસપુત્રો બનાવવાનો નવી કેળવણીનો ઇરાદો ખુલ્લો પડે છે. વિદ્યાર્થીઓનું સર્વાંગીણ ઘડતર કરવામાં આવો શિક્ષણક્રમ નિષ્ફળ જ જાય એમ કહેવાની જરૂર રહેતી નથી. નવી કેળવણી 'કારકુનિયા કેળવણી' અને 'પુસ્તિકિયા શિક્ષણ'નાં નામાભિધાનો પામી વગોવાવા લાગી એ માટે એનો ઉપર્યુક્ત અસમતુલ શિક્ષણક્રમ પણ ઓછો જવાબદાર નથી. એની સામે વીસમી સદીના પ્રારંભિક દાયકાઓમાં જે વિરોધનો સૂર પેદા થયો, એનાં મૂળ એના સંકુચિત ઉદ્દેશોના સ્વાભાવિક પરિપાકરૂપે ઘડાયેલા અસમતોલ શિક્ષણક્રમમાં રહેલાં છે.

શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોની દૃષ્ટિએ વિચારી એ તો જણાય છે કે નવી કેળવણીએ એ દિશામાં પણ કેટલીક સિદ્ધિઓ હાંસલ કરી હતી. અધ્યેયકાલ દરમ્યાન પ્રવર્તમાન ગામઠી શાળાઓનાં શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોમાં, સર્વથા

FACULTY OF EDUCATION AND PSYCHOLOGY

વિદ્યાર્થીઓને ભોગે પાઠયક્રમની પ્રતિષ્ઠા થતી જોવા મળે છે. એનો વિગતે વિચાર ત્રીજા પ્રકરણમાં રજૂ થયો છે. નવી કેળવણીએ એ દિશામાં કેટલીક વૈચારિક ક્રાંતિ આણી. નવલરામ અને નંદશંકરની એતદ્વિષયક વિચારસરણીઓમાં વિદ્યાર્થીની કક્ષા અને પ્રકૃતિને લક્ષમાં રાખીને શીખવવા પર ભાર મુકાતો જોવા મળે છે એટલું જ નહીં, પરંતુ તેમની સાથેના વ્યવહારમાં એમના સ્વમાનના રક્ષણની પણ હિમાયત થઇ છે. નવી કેળવણીની પ્રાથમિક-માધ્યમિક સ્તરની શિક્ષણસંસ્થાઓમાં અમલી બનેલાં શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોમાં પણ ઉકત વિચારસરણીઓનાં કેટલાંક ઉમદા તત્ત્વો અનુસ્યૂત થયેલાં જોવા મળે છે. શૈક્ષણિક સાધનોનો ઉપયોગ, ઇનામ-બક્ષિસો-શિષ્યવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓની થતી કદર અને એમને પૂરી પાડવામાં આવતી ઉત્પ્રેરણા વગેરે એનાં સારાં તત્ત્વો છે, એનો ઇન્કાર થઇ શકે એમ નથી. વિદ્યાર્થીઓને વિષયવસ્તુ સારી રીતે સમજાય અને રસ પડે એ રીતે વિવિધ વિષયો શીખવતા કેટલાક શિક્ષકો શિક્ષણના પ્રત્યેક સ્તરે હતા એનીય ના નહિ, પરંતુ એ બધાંના કેન્દ્રમાં તો વિદ્યાર્થી વિષયવસ્તુ સારી રીતે અવગત કરે એ જ દૃષ્ટિ હતી. એમનો સર્વાંગીણ વિકાસ સધાય એ દૃષ્ટિએ શિક્ષણક્રમની સંરચના ભાગ્યે જ થઇ હોવાથી આમ બનવું ઘણું સ્વાભાવિક પણ હતું. ફલત: નવી કેળવણીનાં શિક્ષણ-પદ્ધતિઓ અને વ્યવહારોમાં પણ બહુધા, વિદ્યાર્થીની નહિ, પરંતુ વિષયની જ પ્રતિષ્ઠા થતી જોવા મળે છે. શિક્ષણના ત્રણેય સ્તરે અધ્યયન-અધ્યાપનમાં શિક્ષક-શિષ્ય વચ્ચેનો એકમાર્ગી વ્યવહાર, ગોખણપટ્ટીને મળતું ઉત્તેજન, મહદ્અંશે અપાતું શાબ્દિક શિક્ષણ, પ્રાથમિક અને માધ્યમિક સ્તરે શૈક્ષણિક પ્રગતિમાં જણાતી કચાશ માટે શારીરિક શિક્ષાનો બહોળો ઉપયોગ વગેરે શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારોના આવા વિષયકેન્દ્રી ઝોકની શાખ પૂરે છે.

આગળ જોયું તેમ, પ્રારંભમાં નવી કેળવણીને જાહેર પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય એ દૃષ્ટિએ બાહ્યિક પરીક્ષાઓનો પ્રારંભ થયો. કેળવણીખાતાની સ્થાપના પછી પરીક્ષાઓનાં પરિણામો સાથે અનુદાનનો નાતો જોડાતાં પરીક્ષાને લગતાં નિયંત્રણો વધુ ચુસ્ત બન્યાં. વિવિધ શિક્ષણક્રમમાં પ્રવેશ માટેની લઘુતમ મર્યાદાઓ અને વિવિધ પાયરીની નોકરીઓ માટેની યોગ્યતાઓનું પણ પરીક્ષાઓના પરિણામો સાથે સાહચર્ય સધાતાં જાહેર પરીક્ષાઓની સંકુલતા અને પ્રતિષ્ઠા વધી. એ સાથે એનાં દૂષણો પણ બહાર

આવતાં ગયાં. ધીમે ધીમે શિક્ષણની આખી ઘટમાળ પરીક્ષાકેન્દ્રી બની ગઇ ! પરીક્ષાઓ મુખ્યત્વે વિદ્યાર્થીઓની યાદદાસ્તની ચકાસણી કરતી હોઇ વિદ્યાર્થીઓ ગમે તે ભોગે શિક્ષણક્રમના વિવિધ વિષયોનું વસ્તુ - માહિતી - યાદ રાખે એ રીતે શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો ઘડાતાં ગયાં. ટૂંકમાં, પરીક્ષા શિક્ષણના તમામ શુભ પ્રયત્નોની ધ્રુવતારક બની. અધ્યેયકાલ દરમ્યાન શિક્ષણના વિવિધ સ્તરે પ્રવર્તમાન પરીક્ષાઓમાં કેટલાંક દૂષણોએ પ્રવેશ કર્યો. એમ છતાંય એકંદરે એની પવિત્રતા અને પ્રતિષ્ઠા જળવાઇ રહયાં.

નવીકેળવણીના શિક્ષણક્રમ, શિક્ષણપદ્ધતિઓ અને વ્યવહારો, પરીક્ષણવ્યવસ્થા વગેરેમાં આમ કેટલાંક શુભાશુભ તત્ત્વોનું સંમિશ્રણ થયેલું જોવા મળે છે. પરંતુ ગુજરાતમાં ગામઠી શિક્ષણવ્યવસ્થા જયારે અવનત બની ચૂકી હતી ત્યારે, જાહેર શિક્ષણની આ નવી પ્રણાલી એની અનેક મર્યાદાઓ સાથેય- ગુજરાતની જનતા માટે આશીર્વાદ બનીને આવી હતી, એ ભૂલાવું જોઇએ નહિ.

## સંદર્ભસૂચિ


૧. શાહ, મૂળચંદ આશારામ : આશારામ દલીચંદ શાહ અને તેમનો સમય, અમદાવાદ, પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૩૪, પૃ. ૨૬-૨૭.

૨. મોદી, જગજીવન દયાળજી : વિદ્યાભૂષણ હીરાલાલ વ્રજભૂખણદાસ શ્રોફ એઓશ્રીનું જીવનચરિત્ર અને લેખકસંગ્રહ, વડોદરા, ધી મેમોરિયલ એજ્યુકેશન ટ્રસ્ટ, ૧૯૬૬, પૃ. ૧૬.

૩. મહેતા, વિનાયક નંદશંકર, (સંપા. ત્રિવેદી, ભૂપેન્દ્ર બાલકૃષ્ણ) : નંદશંકર જીવનચિત્ર, મુંબઈ, એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૯૬૧, પૃ. ૩૮.

૪. મુનશી કનૈયાલાલ માણેકલાલ : અડધે રસ્તે, અમદાવાદ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૧૯૪૩, પૃ. ૧૧૮.

૫. કિશનસિંહ ચાવડા અને અન્ય : શ્રી અંબુભાઇ પુરાણી (ષષ્ટિપૂર્તિ અભિનંદનગ્રંથ), વડોદરા, શ્રી અંબુભાઇ ષષ્ટિપૂર્તિ સમારંભ સમિતિ, ૧૯૫૫, પૃ. ૨૭.

૬. રામલાલ નવનીતલાલ : 'રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન, અર્વાચીન ગુજરાતી શિક્ષણનાં સવાસો વર્ષ, સૂરત, પ્રકાશક : લેખક સ્વયં, વર્ષ : અપ્રાપ્ય, પૃ. ૨૭.

૭. એજન., પૃ. ૨૭.

૮. એજન., પૃ. ૨૭.

૯. એજન., પૃ. ૨૭.

૧૦. એજન., પૃ. ૨૯.

૧૧. મહેતા, વિનાયક નંદશંકર : ઉપર્યુક્ત, પૃ. ૩૭.

૧૨. ત્રિપાઠી, ગોવર્ધનરામ માધવરામ, (સંપા. ડૉ. રમણલાલ જોષી) : સ્વ. સાક્ષર નવલરામ લક્ષ્મીરામનું જીવનવૃત્તાંત, મુંબઈ, એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૯૬૬, પૃ. ૫.

૧૩. રામલાલ નવનીતલાલ : 'રણછોડદાસ ગીરધરભાઈનું જન્મચરિત્ર', ઉપર્યુકત., પૃ. ૧૫.

૧૪. રામલાલ નવનીતલાલ : રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન, ઉપર્યુકત., પૃ. ૨૯.

૧૫. પંડયા, નવલરામ લક્ષ્મીરામ, (સંપા. ડૉ. રમણલાલ જોષી) : કવિજીવન, મુંબઈ, એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૯૬૬, પૃ.૧૨૦.

૧૬. શાહ, મૂળચંદ આશારામ : ઉપર્યુકત., પૃ. ૨૧.

૧૭. રામલાલ નવનીતલાલ : 'રણછોડદાસ ગીરધરભાઈનું જન્મચરિત્ર' ઉપર્યુકત., પૃ. ૧૭.

૧૮. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : મહીપતરામ, વડોદરા, શ્રી સયાજી સાહિત્યમાળા - પુષ્પ ૧૭૪મું, ૧૯૩૦, પૃ. ૩૧.

૧૯. રામલાલ નવનીતલાલ : 'રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન' ઉપર્યુકત., પૃ. ૪૫.

૨૦. ભટ્ટ, છોટાલાલ નરભેરામ, (સંપા. ભટ્ટ ગોવિંદલાલ હરગોવિંદ) : આત્મવૃત્તાન્ત, વડોદરા, શ્રી સયાજી સાહિત્યમાળા - પુષ્પ ૩૧૪મું, ૧૯૫૩, પૃ. ૭.

૨૧. રામલાલ નવનીતલાલ : 'રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન' ઉપર્યુકત., પૃ. ૪૫-૪૬.

૨૨. એજન., પૃ. ૪૬.

૨૩. ભટ્ટ, છોટાલાલ નરભેરામ : ઉપર્યુકત., પૃ. ૮.

૨૪. મહેતા, ભાનુસુખરામ નિર્ગુણરામ : ઉપર્યુકત., પૃ. ૧૦૨.

૨૫. પંડયા, નવલરામ લક્ષ્મીરામ (સંપા. પરીખ નરહરિ દ્વારકાદાસ) : નવલ ગ્રંથાવલિ, અમદાવાદ, નવજીવન પ્રકાશન મંદિર, પ્રકાશન વર્ષ: અપ્રાપ્ય,

પૃ. ૩૫૨.

૨૬. ગુજરાત વિદ્યાપીઠ : વિનીત જોડણીકોશ, અમદાવાદ, ગુજરાત વિદ્યાપીઠ સ્વયં, ૧૯૫૪, પૃ. ૪.

૨૭. જોષી, મૂળશંકર પ્રાણશંકર અને દવે, હરિપ્રસાદ રામચંદ્ર : પ્રાણલાલ કીરપારામ દેસાઈ સન્માનગ્રંથ, ચીતળ (સૌરાષ્ટ્ર) દવે, ગિરિજાશંકર રામચંદ્ર, ૧૯૪૮, પૃ. ૯૪.

૨૮. ધ્રુવ, આનંદશંકર બાપુભાઈ (સંપા. રામનારાયણ વિ. પાઠક અને ઉમાશંકર જે. જોષી) : દિગ્દર્શન, અમદાવાદ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ૧૯૪૨, પૃ. ૨૬૫-૭૪.

૨૯. દેસાઈ, રમણલાલ વ. : ગઈકાલ, મુંબઈ, આર. આર. શેઠની કંપની, ૧૯૫૦, પૃ. ૧૫.

૩૦. એજન., પૃ. ૩૭.

૩૧. રાવળ, રવિશંકર મ. આત્મકથાનક : ખંડ:૧, અમદાવાદ, કુમાર કાર્યાલય લિ., ૧૯૬૭, પૃ. ૨૮-૨૯.

૩૨. દેસાઈ, રમણલાલ વ. ઉપર્યુક્ત., પૃ. ૪૪.

૩૩. મહેતા, ચંદ્રવદન ચી. બાંધ ગઠરિયાં (ભાગ - ૧), સુરત, ગાંડીવ સાહિત્યમંદિર, ૧૯૫૪, પૃ. ૫૯.

૩૪. એજન., પૃ. ૫૯-૬૦.

૩૫. રાવળ, રવિશંકર મ. : ઉપર્યુક્ત., પૃ. ૮-૯.

૩૬. એજન., પૃ. ૧૨૨.

૩૭. એજન., પૃ. ૧૨૩.

૩૮. એજન., પૃ. ૧૧૪.

૩૯. એજન., પૃ. ૧૧૫.

૪૦. એજન., પૃ. ૧૧૬.

૪૧. દેસાઇ, રમણલાલ વ. : ઉપર્યુકત., પૃ. ૨૨૭.

૪૨. રાવળ, રવિશંકર મ. : ઉપર્યુકત., પૃ. ૧૩૫.

૪૩. દવે, નર્મદાશંકર લાલશંકર : મારી હકીકત અથવા નર્મદનું સ્વાત્મચરિત્ર (ભાગ :૧) મુંબઇ, ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ, ૧૯૬૬, પૃ. ૨૬.

૪૪. એજન., પૃ. ૨૭.

૪૫. પંડયા, નવલરામ લક્ષ્મીરામ (સંપા. ડાૅ. રમણલાલ જોષી) ઉપર્યુકત., પૃ. ૧૧૦-૧૧૨.

૪૬. જોષી, મૂળશંકર પ્રાણશંકર અને દવે હરિપ્રસાદ રામચંદ્ર : ઉપર્યુકત., પૃ. ૨૦૭.

૪૭. ભટ્ટ, વિશ્વનાથ મગનલાલ : વીર નર્મદ, જલાલપુરષ, પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૪૬, પૃ. ૧૧.

૪૮. પંડયા, નવલરામ લક્ષ્મીરામ (સંપા. ડાૅ. રમણલાલ જોષી) ઉપર્યુકત., પૃ. ૧૧૨.

૪૯. ગોપાળદાસ પટેલ : શ્રી રાજચંદ્ર (જીવનયાત્રા અને વિચારરત્નો), અમદાવાદ, જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ, ૧૯૩૫, પૃ.૧૯.

૫૦. ઇશ્વર પેટલીકર : વિદ્યાનગરના વિશ્વકર્મા, મુંબઇ, આર. આર. શેઠની કંપની, ૧૯૬૪, પૃ. ૩૧-૪૧.

૫૧. રાવળ, રવિશંકર મ. : ઉપર્યુકત., પૃ. ૧૫૪.

૫૨. પંડયા, કાન્તિલાલ છ. (સંપા. પંડયા, ઉપેન્દ્ર છ.) : શ્રીયુત ગોવર્ધનરામ, મુંબઇ, એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૯૬૫, પૃ. ૨૦.

૫૩. નીલકંઠ, સુશ્રુત રમણભાઇ : સ્વ. સર રમણભાઇ મહીપતરામ નીલકંઠ, અમદાવાદ, પ્રકાશક : સંપાદક સ્વયં, ૧૯૩૪, પૃ. ૭૮.

૫૪. રામલાલ નવનીતલાલ : 'દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનાં સંસ્મરણો' ઉપર્યુક્ત., પૃ. ૭૨.

૫૫. સુમંત મહેતા (સંપા. ભોગીલાલ ગાંધી) : આત્મકથા, અમદાવાદ, મહાકવિ શ્રી નાનાલાલ સ્મારક ટ્રસ્ટ, ૧૯૭૧, પૃ. ૨૯.

૫૬. ગાંધી, મોહનદાસ કરમચંદ : સત્યના પ્રયોગો અથવા આત્મકથા, અમદાવાદ નવજીવન પ્રકાશન મંદિર, ૧૯૬૨, પૃ. ૧૭-૧૮.

૫૭. દેસાઈ, રમણલાલ વ. ઉપર્યુક્ત., પૃ. ૩૨૦.

૫૮. પંડયા, કાન્તિલાલ છ. (સંપા. પંડયા ઉપેન્દ્ર છ.) ઉપર્યુદ્ધૃત.

૫૯. પટેલ, દેસાઈભાઈ નાથાભાઈ અને અન્ય : કરુણાશંકર : શિક્ષકવિભૂતિ, વડોદરા, ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ., ૧૯૬૨, પૃ. ૨૩૨.

૬૦. જોષી, મૂળશંકર પ્રાણશંકર અને દવે, હરિપ્રસાદ રામચંદ્ર : ઉપર્યુક્ત., પૃ. ૩૭.

૬૧. મહેતા, ચંદ્રવદન સી. ઉપર્યુક્ત., પૃ. ૧૩૬.

૬૨. દવે, નર્મદાશંકર લાલશંકર : ઉપર્યુક્ત., પૃ. ૧૩૨.

૬૩. એજન., પૃ. ૧૩૫.

૬૪. રામલાલ નવનીતલાલ : 'રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન' ઉપર્યુક્ત., પૃ. ૩૫.

૬૫. એજન., પૃ. ૩૪.

૬૬. દવે, નર્મદાશંકર લાલશંકર : ઉપર્યુક્ત., પૃ. ૩૦.

૬૭. એજન.,

૬૮. એજન., પૃ. ૩૪.

૬૯. રામલાલ નવનીતલાલ : રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન' ઉપર્યુક્ત., પૃ. ૩૪.

૭૦. દવે, નર્મદાશંકર લાલશંકર : ઉપર્યુકત., પૃ. ૪૨.

૭૧. એજન., પૃ. ૩૦.

૭૨. રામલાલ નવનીતલાલ : 'રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન' ઉપર્યુકત., પૃ. ૩૫.

૭૩. પંડયા, કાન્તિલાલ છ. (સંપા. પંડયા, ઉપેન્દ્ર છ.) ઉપર્યુકત., પૃ. ૨૮.

૭૪. એજન., પૃ. ૩૧.

૭૫. રામલાલ નવનીતલાલ : 'દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનાં સંસ્મરણો' ઉપર્યુકત., પૃ. ૭૨-૭૩.

૭૬. ત્રિવેદી, અશ્વિન મા., શાહ, સાંકળચંદ જે. અને શાહ, રસિકલાલ કે. : પ્રો. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરની જીવનકથા, પ્રાચ્ય વિદ્યામંદિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા, ૧૯૬૦, પૃ. ૬૭.

૭૭. એજન.,

૭૮. ધીરુભાઇ ઠાકર : મણિલાલ નભુભાઇ - જીવનરંગ, અમદાવાદ, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૧૯૫૭, પૃ. ૩૮.

૭૯. દેસાઇ, રમણલાલ વ. : મધ્યાહ્નનાં મૃગજળ, મુંબઇ, આર. આર. શેઠની કંપની, ૧૯૫૬, પૃ. ૧૯.

૮૦. મહેતા, ચંદ્રવદન ચી. : બાંધ ગઠરિયા : ભાગ-૨, અમદાવાદ, ગ્રંથલોક, ૧૯૭૨, પૃ. ૨૬.

૮૧. એજન., પૃ. ૨૮.

૮૨. ઇન્દુલાલ યાજ્ઞિક : આત્મકથા (જીવનવિકાસ : ભાગ-પહેલો) અમદાવાદ, રવાણી પ્રકાશન ગૃહ, ૧૯૫૫, પૃ. ૧૫૪.

૮૩. શિવનન્દન કાશ્યપ : વિનાયકની આત્મકથા, મુંબઇ, એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૯૬૯, પૃ. ૪૬.

૮૪. નીરા દેસાઇ અને અન્ય : શ્રી દૂરકાળજીનું જીવન-દર્શન, અમદાવાદ, દૂરકાળજી ૭૫મી જયન્તી સમિતિ, ૧૯૫૬, પૃ. ૨૫.

૮૫. ત્રિપાઠી, ગોવર્ધનરામ માધવરામ (સંપા. ડૉ. રમણલાલ જોષી) : સ્વ.સાક્ષર નવલરામ લક્ષ્મીરામનું જીવનવૃત્તાંત, મુંબઇ, એન. એમ. ત્રિપાઠી પ્રા.લિ., ૧૯૬૬, પૃ. ૫૯.

૮૬. એજન., પૃ. ૬૦.

૮૭. એજન.

૮૮. પંડયા, નવલરામ લક્ષ્મીરામ (સંપા. પરીખ, નરહરિ દ્વારકાદાસ): ઉપર્યુકત., પૃ. ૧૦૫.

૮૯. ત્રિપાઠી, ગોવર્ધનરામ માધવરામ (સંપા.ડૉ. રમણલાલ જોષી) : ઉપર્યુકત., પૃ. ૬૦-૬૧.

૯૦. મહેતા, વિનાયક નંદશંકર (સંપા. ત્રિવેદી ભૂપેન્દ્ર બાલકૃષ્ણ) ઉપર્યુકત., પૃ. ૨૩૭.

૯૧. એજન.

૯૨. એજન., પૃ. પૃ. ૨૩૭-૩૮.

૯૩. નીલકંઠ, સુમન્ત રમણભાઇ : ઉપર્યુકત., પૃ. ૩૧૯.

૯૪. દેસાઇ, રમણલાલ વ. : ઉપર્યુકત., ('ગઇકાલ'), પૃ. ૧૮-૧૯.

૯૫. રામલાલ નવનીતલાલ : 'રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન' ઉપર્યુકત., પૃ. ૧૫.

૯૬. ભટ્ટ, છોટાલાલ નરભેરામ (સંપા. ભટ્ટ, ગોવિંદલાલ હરગોવિંદ) : ઉપર્યુકત., પૃ.૬.

૯૭. રામલાલ નવનીતલાલ : 'રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન' ઉપર્યુકત., પૃ. ૨૭.

૯૮. એજન., પૃ. ૩૦-૩૧.

૯૯. રાવળ, રવિશંકર મ. : ઉપર્યુકત., પૃ. ૧૯૪.

૧૦૦. રામલાલ નવનીતલાલ : 'રા. બા. મોહનલાલ રણછોડદાસ ઝવેરીનું આત્મકથન' ઉપર્યુકત., પૃ. ૪૮.

૧૦૧. દવે, નર્મદાશંકર લાલશંકર : ઉપર્યુકત., પૃ. ૩૬.

૧૦૨. ઠાકોર, બલવંતરાય ક. (સંપા. કિશનસિંહ ચાવડા) 'મિતાક્ષર નોંધ' પંચોતેરમે', મુંબઇ, એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૯૪૬, પૃ. ૫૭-૫૮.

૧૦૩. દેસાઇ, રમણલાલ વ. : ઉપર્યુકત., ('ગઇકાલ'), પૃ. ૨૬-૨૭.

૧૦૪. જોષી, કલ્યાણરાય નથુભાઇ : સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરસી, મુંબઇ, માધવજી દામોદર ઠાકરસી, ૧૯૩૨, પૃ. ૨૩-૨૪.

૧૦૫. દેસાઇ, રમણલાલ વ. : ઉપર્યુકત., ('ગઇકાલ'), પૃ. ૨૪.

૧૦૬. એજન., પૃ. ૨૭.

૧૦૭. એજન., પૃ. ૨૦.

૧૦૮. મુનશી, કનૈયાલાલ માણેકલાલ : ઉપર્યુકત., પૃ. ૮૬.

૧૦૯. રાવળ, રવિશંકર મ. : ઉપર્યુકત., પૃ. ૬૧.

૧૧૦. મહેતા, ચંદ્રવદન ચી. : ઉપર્યુકત., (ભાગ-૧) પૃ. ૪૧-૪૨.

૧૧૧. એજન., પૃ. ૪૩.

૧૧૨. દેસાઇ, રમણલાલ વ. : ઉપર્યુકત ('ગઇકાલ'), પૃ. ૧૩.

૧૧૩. એજન.

૧૧૪. Government of Bombay : A Review of Education in Bombay State (1855-1955), Poona, 1958, p.154.

૧૧૫. ઇન્દુલાલ યાજ્ઞિક : ઉપર્યુક્ત., પૃ. ૮૬.

૧૧૬. રાવળ, રવિશંકર મ. : ઉપર્યુક્ત., પૃ. ૧૨૭.

૧૧૭. બક્ષી, હિંમતલાલ કલ્યાણરાય : રા. રા. કલ્યાણરાય જેઠાભાઇ બક્ષીનું જીવનવૃત્તાંત, વડોદરા, પ્રકાશક : લેખક સ્વયં, ૧૯૪૭, પૃ. ૧૦.

૧૧૮. દવે, નર્મદાશંકર લાલશંકર : ઉપર્યુક્ત., પૃ.૩૫.

૧૧૯. ત્રિવેદી, અશ્વિન મા., શાહ, સાંકળચંદ જે. અને શાહ, રસિકલાલ કે. : ઉપર્યુક્ત., પૃ. ૩-૪.

૧૨૦. દવે, નર્મદાશંકર લાલશંકર : ઉપર્યુક્ત., પૃ.૨૬.

૧૨૧. એજન.

૧૨૨. મહેતા, ચંદ્રવદન ચી. : ઉપર્યુક્ત., (ભાગ-૧) પૃ. ૧૮૫.

૧૨૩. મોદી, જગજીવન દયાળજી : ઉપર્યુક્ત., પૃ. ૨૬૯.

૧૨૪. કાન્તિલાલ શાહ : ઠક્કરબાપા, દિલ્હી, ઠક્કરબાપા સ્મારક સમિતિ, ૧૯૫૫, પૃ. ૨૬૯.

૧૨૫. મોદી, જગજીવન દયાળજી : ઉપર્યુક્ત., પૃ. ૨૬.

૧૨૬. એજન., પૃ. ૨૫૧.

૧૨૭. ત્રિવેદી, અશ્વિન મા., શાહ, સાંકળચંદ જે. અને શાહ, રસિકલાલ કે. : ઉપર્યુક્ત., પૃ. ૧૩૭.

૧૨૮. મોરારજી દેસાઇ : મારું જીવનવૃત્તાંત (ભાગ : પહેલો), અમદાવાદ, નવજીવન પ્રકાશન મંદિર, ૧૯૭૨, પૃ. ૭-૮.

૧૨૯. દેસાઈ, રમણલાલ વ. : ઉપર્યુક્ત ('ગઇકાલ'), પૃ. ૨૧૧-૨૧૨.

૧૩૦. મોદી, જગજીવન દયાળજી : ઉપર્યુક્ત., પૃ. ૨૫૭.

૧૩૧. નિરંજન વર્મા : 'કર્મવીર ફૂલચંદભાઇ' જીવન શિલ્પીઓ, મુંબઇ - અમદાવાદ, ભારતી સાહિત્ય સંઘ, ૧૯૪૩, પૃ. ૬૧.

૧૩૨. મુનશી, કનૈયાલાલ માણેકલાલ : ઉપર્યુક્ત., પૃ. ૧૧૧-૧૨.

૧૩૩. ગાંધી, મોહનદાસ કરમચંદ : ઉપર્યુક્ત., પૃ. ૧૭.

૧૩૪. રાવળ, રવિશંકર મ. : ઉપર્યુક્ત., પૃ. ૧૯૩.

૧૩૫. મુનશી, કનૈયાલાલ માણેકલાલ : ઉપર્યુક્ત., પૃ. ૧૨૧.

૧૩૬. મહેતા, ચંદ્રવદન ચી. : ઉપર્યુક્ત., (ભાગ-૧) પૃ. ૯૫.

૧૩૭. એજન.

૧૩૮. નાનાભાઇ ભટ્ટ : ઘડતર અને ચણતર (ભાગ : ૧-૨) આંબલા (સૌરાષ્ટ્ર) સર્વોદય સહકારી પ્રકાશન સંઘ લિમિટેડ, ૧૯૫૯, પૃ. ૪૦.

૧૩૯. દવે, નર્મદાશંકર લાલશંકર : ઉપર્યુક્ત., પૃ. ૩૨.

૧૪૦. મોરારજી દેસાઇ : ઉપર્યુક્ત., પૃ. ૨૮.

૧૪૧. દેસાઇ, રમણલાલ વ. : ઉપર્યુક્ત (મધ્યાહનનાં મૃગજળ)., પૃ. ૯-૧૦.

૧૪૨. એજન., પૃ. ૧૦.

૧૪૩. એજન., પૃ. ૧૧.

૧૪૪. એજન., પૃ. ૧૧-૧૨.

૧૪૫. શારદાબહેન મહેતા : જીવનસંભારણાં, વડોદરા, પ્રકાશક : લેખિકા સ્વયં, ૧૯૩૮, પૃ. ૪૬.

૧૪૬. એજન., પૃ. ૪૭.

૧૪૭. એજન., પૃ. ૪૮.

૧૪૮. મોદી, જગજીવન દયાળજી : ઉપર્યુકત., પૃ. ૨૫૫.

૧૪૯. ગાંધી મોહનદાસ કરમચંદ : ઉપર્યુકત., પૃ. ૩૬.

૧૫૦. દેસાઇ, રમણલાલ વ. : ઉપર્યુકત ('મધ્યાહ્નનાં મૃગજળ'), પૃ. ૩૫.

૧૫૧. અંબાલાલ પુરાણી : શ્રી અરવિંદ જીવન, પોંડિચેરી, અરવિંદ આશ્રમ, ૧૯૬૬, પૃ. ૫૦.

૧૫૨. દેસાઇ, રમણલાલ વ. : ઉપર્યુકત ('મધ્યાહ્નનાં મૃગજળ'), પૃ. ૧૩-૧૪.

૧૫૩. એજન.પૃ. ૧૪-૧૫.

૧૫૪. એજન., પૃ. ૧૫.

૧૫૫. એજન., પૃ. ૪૫-૪૬.

૧૫૬. અંબાલાલ પુરાણી : ઉપર્યુકત., પૃ. ૫૨.

૧૫૭. મહેતા, ચંદ્રવદન ચી. : ઉપર્યુકત. (ભાગ-૨), પૃ. ૮૭.

૧૫૮. અંબાલાલ પુરાણી : ઉપર્યુધ્ધૃત.

૧૫૯. રામલાલ નવનીતલાલ : 'દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનાં સંસ્મરણો' ઉપર્યુકત., પૃ. ૭૭-૭૮.

૧૬૦. ઇન્દુલાલ યાજ્ઞિક : ઉપર્યુકત., પૃ. ૧૫૨.

૧૬૧. દેસાઇ, રમણલાલ વ. : ઉપર્યુકત ('મધ્યાહનનાં મૃગજળ'), પૃ. ૭૬-૭૭.

૧૬૨. દવે, નર્મદાશંકર લાલશંકર : ઉપર્યુકત., પૃ. ૨૧-૨૨.

૧૬૩. પંડયા, નવલરામ લક્ષ્મીરામ (સંપા. ડાૅ. રમણલાલ જોષી) ઉપર્યુકત., પૃ. ૧૧૧.

૧૬૪. Government of Bombay : op. cit. p. 118.

૧૬૫. ભટ્ટ, છોટાલાલ નરભેરામ (સંપા.ભટ્ટ ગોવિંદલાલ હરગોવિંદ) : ઉપર્યુકત., પૃ. ૫૫.

૧૬૬. એજન., પૃ. ૫૪.

૧૬૭. એજન, પૃ. ૫૬.

૧૬૮. એજન., પૃ. ૫૭.

૧૬૯. એજન, પૃ. ૫૯.

૧૭૦. દેસાઇ, રમણલાલ વ. : ઉપર્યુકત ('ગઇકાલ')., પૃ. ૨૮.

૧૭૧. એજન., પૃ. ૨૮-૨૯.

૧૭૨. પટેલ, રામભાઇ કાશીભાઇ : દરબાર ગોપાળદાસ સ્મારકગ્રંથ, વસો, દરબાર સ્મારક સમિતિ, ૧૯૫૫, પૃ. ૧૦.

૧૭૩. દેસાઇ, રમણલાલ વ. : ઉપર્યુકત ('ગઇકાલ')., પૃ. ૨૮.

૧૭૪. મહેતા, વિનાયક નંદશંકર (સંપા. ત્રિવેદી ભૂપેન્દ્ર બાલકૃષ્ણ) : ઉપર્યુકત., પૃ. ૧૧-૧૨.

૧૭૫. પંડયા, નવલરામ લક્ષ્મીરામ (સંપા. ડૉ. રમણલાલ જોષી): ઉપર્યુદ્ધૃત.

૧૭૬. શાહ, મૂળચંદ આશારામ : ઉપર્યુકત., પૃ. ૩૧-૩૨.

૧૭૭. એજન., પૃ. ૩૨-૩૩.

૧૭૮. પંડયા, કાન્તિલાલ છ. (સંપા.પંડયા, ઉપેન્દ્ર છ.) : ઉપર્યુકત., પૃ.૨૦.

૧૭૯. બક્ષી, હિંમતલાલ કલ્યાણરાય : ઉપર્યુદ્ધૃત.

૧૮૦. ઇશ્વર પેટલીકર : ઉપર્યુકત., પૃ. ૨૮.

૧૮૧. પટેલ, ઇશ્વરભાઇ જે. : ચરોતરનું મોતી : મોતીભાઇ અમીન, વડોદરા, એમ. સી. કોઠારી, ૧૯૬૩, પૃ. ૧૪.

૧૮૨. પરીખ, શંકરલાલ દ્વારકાદાસ : જ્ઞાતિરત્ન રતિલાલ ગામી, અમદાવાદ, શ્રી ખડાયતા કેળવણી મંડળ, ૧૯૪૩, પૃ. ૨૦.

૧૮૩. રાવળ, રવિશંકર મ. : ઉપર્યુકત., પૃ. ૧૯૯.

૧૮૪. મહેતા, ચંદ્રવદન ચી. : ઉપર્યુકત. (ભાગ-૧), પૃ. ૧૯૩.

૧૮૫. પટેલ, રામભાઇ કાશીભાઇ : ઉપર્યુકત., પૃ. ૧૨.

૧૮૬. શુકલ, દયાશંકર ભાઇશંકર : ભાઇલાલ વ્યાસનાં સંસ્મરણો, સુરત, સ્વ. ભાઇલાલ વિશ્વનાથ વ્યાસ સ્મારક સમિતિ, ૧૯૩૧, પૃ. ૧૩૯-૪૦.

૧૮૭. ભટ્ટ, છોટાલાલ નરભેરામ (સંપા.ભટ્ટ, ગોવિંદલાલ હરગોવિંદ) : ઉપર્યુકત., પૃ. ૭૯.

૧૮૮. શારદાબહેન મહેતા : ઉપર્યુકત., પૃ. ૩૨૭.

૧૮૯. જોષી, કલ્યાણરાય નથુભાઇ : ઉપર્યુકત., પૃ. ૩૬.

૧૯૦. શારદાબહેન મહેતા : ઉપર્યુકત., પૃ. ૩૨૬.

૧૯૧. શુકલ, દયાશંકર ભાઇશંકર : ઉપર્યુકત., પૃ. ૬૩-૬૪.

૧૯૨. દેસાઇ, રમણલાલ વ. : ઉપર્યુકત ('ગઇકાલ'), પૃ. ૩૯૮.

૧૯૩. Government of Bombay : op. cit. 237.

૧૯૪. મોરારજી દેસાઇ : ઉપર્યુકત., પૃ. ૨૯.

૧૯૫. એજન., પૃ. ૨૯-૩૦.

૧૯૬. રામલાલ નવનીતલાલ : 'દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનાં સંસ્મરણો' ઉપર્યુકત., પૃ. ૮૦.

૧૯૭. મોદી, જગજીવન દયાળજી : ઉપર્યુકત., પૃ. ૪-૫.

૧૯૮. મોરારજી દેસાઇ : ઉપર્યુકત., પૃ. ૨૨.

૧૯૯. ઠાકોર, બળવંતરાય ક. (સંપા. કિશનસિંહ ચાવડા) : 'મિતાક્ષર નોંધ' ઉપર્યુકત., પૃ. ૮૫.

o-o-o-o-o

"મન અને આત્માની પ્રગતિની સાથે વિજ્ઞાન અને ટેક્નોલોજીની પ્રગતિનો આપણે સહચાર સાધી શકીએ તો આપણે વિજ્ઞાનને બેવફા બની ન શકીએ, કારણ કે વિજ્ઞાન આજે જીવનની એક બુનિયાદી હકીકત બની ગયું છે, પણ સાથે સાથે જીવનનાં મહાન મૂલ્યો જેને માટે ભારત સદીઓથી મથતું આવ્યું છે તેનેય બેવફા બની ન શકીએ. તો પછી આપણે ઔદ્યોગિક વિકાસ માટે આપણી તમામ શક્તિ અને મનોબળ લગાવી દઈએ, પણ સાથે સાથે આપણે એટલુંય યાદ રાખીશું કે સહિષ્ણુતા, દયા અને ડહાપણ વગર ભૌતિક સંપત્તિ ધૂળ અને રાખમાં મળી જશે."

-- જવાહરલાલ નેહરુ

o-o-o-o-o